| ૪૦ | ૫૩૯ ઉત્તરાર્ધ | પણુ૦ | ધણુ૦ |
| ,, | ૫૪૧ ,, | પુવ્વારો | પુવ્વરો |
| ૪૪ | ૬૦૦ પૂર્વાર્ધ | અટ્ઠુત્તર | અટ્ઠુત્તર |
| ૪૬ | ૬૨૦ ,, | સેવ્વે | સવ્વે |
| ૪૭ | ૬૪૪ ,, | જોયણુ | જોયણા |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ऐँ नमः

श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः

पूज्य तपागच्छीयाचार्य श्री विजयदान-प्रेम-जम्बूसूरिगुरुभ्यो नमः ।



# બૃહત્ક્ષેત્ર સમાસ

(જૈનદૃષ્ટિએ મહા ભૂગોળ)

## ભાગ બીજો

## પ્રથમ જંબૂદ્વીપ અધિકાર-(ચાલુ)

હવે મહાવિદેહ ક્ષેત્રનું સ્વરૂપ કહે છે.

**पुव्वविदेहं मेरुस्स, पुव्वओ सीयानइं परिच्छिन्नं।**
**अवरेण वरविदेहं, सीओयाए परिच्छिन्नं॥३६१॥**

છાયા—पूर्वविदेहा मेरोः पूर्वतः शीतानद्या परिच्छिन्नाः ।
अपरस्यां अपरविदेहाः शीतोदया परिच्छिन्ना ॥३६१॥

**અર્થ**—મેરુપર્વતની પૂર્વતરફ શીતા નદીથી વિભાગ થયેલ પૂર્વ વિદેહ અને પશ્ચિમ તરફ શીતોદા નદીથી વિભાગ થયેલ પશ્ચિમ વિદેહ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—અહીં મૂલગાથામાં '**पुव्वविदेहं**' નપુંસક પ્રયોગ પ્રાકૃત હોવાથી કરેલ છે. પાણિની પ્રાકૃત લક્ષણમાં કહ્યું છે કે '**पाकृतलक्षणे लिङ्गं व्यभिचार्यपि**' પ્રાકૃતલક્ષમાં લિંગનો ફેરફાર પણ થાય છે.' આથી ગ્રંથકારે નપુંસક લિંગ કરેલ છે.

બે વિભાગમાં મહાવિદેહ ક્ષેત્ર છે. એક પૂર્વ મહાવિદેહ અને બીજું પશ્ચિમ મહાવિદેહ તેમાં મેરુપર્વતથી પૂર્વ દિશા તરફ વિદેહ છે તે પૂર્વ વિદેહ કહેવાય છે. શીતા મહાનદીથી તેના બે વિભાગ થયેલા છે. તે આ પ્રમાણે એક ઉત્તર તરફનું પૂર્વ મહાવિદેહ અને બીજુ દક્ષિણ તરફનું પૂર્વ મહાવિદેહ.

જે મેરુપર્વતથી પશ્ચિમ દિશામાં છે તે પશ્ચિમ મહાવિદેહ કહેવાય છે. શીતોદા મહાનદીથી તેના બે વિભાગ થયેલા છે તે આ પ્રમાણે–એક ઉત્તર તરફનું પશ્ચિમ મહાવિદેહ અને બીજું દક્ષિણ તરફનું પશ્ચિમ મહાવિદેહ. ૩૬૧

હવે સામાન્યથી વિજયો જણાવે છે.

**सीयासीओयाणं, वासहराणं च मज्झयारम्मि।**
**विजयावक्खारागिरी, अंतरनइवणमुहा चउरो॥३६२॥**

છાયા—शीताशीतोदयोर्वर्षधरयोश्च मध्यकारे ।
विजया वक्षस्कारगिरयः अन्तरनद्यो वनमुखानि चत्वारि ॥३६२॥

**અર્થ**—શીતા–શીતોદા નદી અને વર્ષધર પર્વતોની વચમાં વિજયો, વક્ષસ્કાર પર્વતો, અંતરનદીઓ અને ૪ વનમુખો છે.

**વિવેચન**—શીતા મહાનદી, શીતોદા મહાનદી અને નિષધપર્વત, નિલવંત પર્વતની વચમા ૩૨ વિજયો, ૧૬ વક્ષસ્કાર પર્વતો, ૧૨ અંતરનદીઓ અને ૪ વનમુખો આવેલા છે.

શીતા મહાનદી સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં એક ઉત્તર કાંઠે, એક દક્ષિણ કાંઠે તથા શીતોદા મહાનદી સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં એક ઉત્તરકાંઠે, એક દક્ષિણ કાંઠે એમ કુલ ૪ વનમુખો છે. ૩૬૨

હવે વિજયોની લંબાઈ લાવવાની રીત કહે છે.

**वइदेहा विक्खंभा, नइमाणं पंच जोयणसयाइं।**
**सोहित्ता तस्सद्धं, आयामो तेसिमो होइ॥२६३॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—वैदेहाद् विष्कम्भात् नदीमानं पञ्च योजनशतानि ।
शोधयित्वा तस्यार्धं आयामस्तेषामयं भवति ॥३६३॥

**અર્થ**—વિદેહના વિષ્કંભમાંથી નદીઓનું પ્રમાણ પાંચસો યોજન બાદ કરી તેનું અડધું કરતાં તેની આ પ્રમાણે લંબાઇ થાય.

**વિવેચન**—જો કે અહીં શીતા મહાનદી અથવા શીતોદા મહાનદીનો ૫૦૦ યોજન જેટલો વિસ્તાર સમુદ્રમાં પ્રવેશ વખતે જ હોય છે. તે સિવાય બીજે તો ઓછો-ઓછો હોય છે તો પણ કચ્છ આદિ વિજયની પાસે બંને કિનારા ઉપરના મનોહર પ્રદેશને આશ્રીને ૫૦૦ યોજનનો વિસ્તાર પ્રાપ્ત થાય છે. તે અપેક્ષાએ આ રીત બરાબર છે.

મહાવિદેહ ક્ષેત્રની જે પહોળાઈ છે તેમાંથી શીતા મહાનદી અથવા શીતોદા મહાનદીના ૫૦૦ યોજન બાદ કરવા. જે બાકી રહે તેનું અડધું કરવું. જે આવે તે વિજયોની લંબાઈ જાણવી. તે આ પ્રમાણે થાય. તે કહીએ છીએ. ૩૬૩

**पंच सए बाणउए, सोलससहस्स दो कलाओ य।**
**विजयावक्खाराणं, अंतरनइवणमुहाणं च ॥३६४॥**

છાયા—पञ्च शतानि द्विनवति (अधिकानि) षोडशसहस्राणि द्वे कले च ।
विजयवक्षस्काराणां अन्तरनदीनां वनमुखानां च ॥३६४॥

**અર્થ**—વિજયો, વક્ષસ્કાર પર્વતો, અંતરનદીઓ અને વનમુખોનો વિસ્તાર સોળ હજાર પાંચસો બાણું યોજન બે કલા છે.

**વિવેચન**—વિજયો, વક્ષસ્કાર પર્વતો, અંતરનદીઓ અને વનમુખોનો વિસ્તાર ૧૬૫૯૨ યોજન અને એક યોજનના ૧૯ ભાગ કરીએ તેવા બે ભાગ-૨ કલા થાય છે. તે આ પ્રમાણે.

મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર ૩૩૬૮૪ યોજન ૪ કલા છે. આમાંથી નદીના ૫૦૦ યોજન ઓછા કરવા.

૩૩૬૮૪ યોજન ૪ કલા
— ૫૦૦ યોજન નદીનો વિસ્તાર

૩૩૧૮૪ યોજન ૪ કલા બાકી રહ્યા. આના અડધા કરતાં ૧૬૫૯૨ યોજન ૨ કલા ગાથામાં કહ્યા મુજબ જાણવી. ૩૬૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે વિજયોનો વિસ્તાર લાવવાની રીત કહે છે.

**चउणउए पंच सए, चउसट्ठि सहस्स दीववित्थारो।**
**सोहिय सोलसभइए, विजयाणं होइ विक्खंभो ॥३६५॥**

છાયા—चतुर्नवति (अधिकानि) पञ्चशतानि चतुःषष्टि सहस्राणि द्वीपविस्तारात् ।
शोधयित्वा षोडशभिर्भक्ते विजयानां भवति विष्कम्भः ॥३६५॥

**અર્થ**—દ્વીપના વિસ્તારમાંથી ચોસઠ હજાર પાંચસો ચોરાણું ઓછા કરી, સોળથી ભાગવાથી વિજયોનો વિસ્તાર થાય છે.

**વિવેચન**—અહીં મહાવિદેહ ક્ષેત્રમાં દેવકુરુ, ઉત્તરકુરુ, મેરુપર્વત, ભદ્રશાલવન, વક્ષસ્કાર પર્વતો, અંતરનદીઓ અને વનમુખો મુકીને બાકીના ભાગમાં વિજયો છે.

આ વિજયો પૂર્વ–પશ્ચિમ પહોળાઇમાં સરખા વિસ્તારવાળી હોવાથી આ અપેક્ષાએ આ રીતે મળી રહે છે. માત્ર શીતા મહાનદી અને શીતોદા મહાનદીના કીનારા ઉપર રહેલા વનમુખનો ઉત્કૃષ્ટ વિસ્તાર લીધો છે. જ્યાં મહાવિદેહ ક્ષેત્રનો પુરે પુરો વિસ્તાર પ્રાપ્ત થાય છે. માટે શીતા મહાનદી અને શીતોદા મહાનદીના બંને કિનારાને આશ્રીને આ રીત જાણવી.

તેમાં એક બાજુ દક્ષિણભાગમાં અને ઉત્તર ભાગમાં ૮–૮ વક્ષસ્કાર પર્વતો આવેલા છે. આ દરેક પર્વતો ૫૦૦ યોજન પહોળા છે એટલે આઠ પર્વતોની પહોળાઇ ૮×૫૦૦=૪૦૦૦ યોજન થાય.

અંતરનદીઓ ૬–૬ છે તે દરેક નદી ૧૨૫ યોજન પહોળી છે. એટલે ૬×૧૨૫=૭૫૦ યોજન થાય.

વનમુખ બે છે. એક વનમુખની પહોળાઈ ૨૯૨૨ યોજન છે. ૨×૨૯૨૨= ૫૮૪૪ યોજન થાય.

મેરુ પર્વતનો વિસ્તાર ૧૦૦૦૦ યોજન છે.

ભદ્રશાલ વનનો એકબાજુનો વિસ્તાર ૨૨૦૦૦ યોજન છે એટલે બંને બાજુ થઇને ૪૪૦૦૦ યોજન થાય.

આ બધાનો સરવાળો કરતાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૪૦૦૦ | યોજન | ૮ | વક્ષસ્કાર પર્વતોના |
| ૭૫૦ | ,, | ૬ | અંતર નદીઓના |
| ૫૮૪૪ | ,, | ૨ | વનમુખના |
| ૧૦૦૦૦ | ,, | | મેરુપર્વતના |
| ૪૪૦૦૦ | ,, | ૨ | ભદ્રશાલવનના |
| ૬૪૫૯૪ | યોજન થયા. | | |

૬૪૫૯૪ યોજન જંબૂદ્વીપના વિસ્તાર ૧૦૦૦૦ યોજનમાંથી બાદ કરવા.

```
     ૧૦૦૦૦
બા– ૬૪૫૯૪
    ------
    ૩૫૪૦૬  યોજન
```

મેરુ પર્વતથી ઉત્તર અથવા દક્ષિણ તરફ પૂર્વ વિદેહમાં અને પશ્ચિમ વિદેહમાં થઈ ૧૬–૧૬ વિદેહો છે. એટલે ૧૬ થી ભાગતા એક વિજયની પહોળાઇ આવે.

```
૧૬)૩૫૪૦૬(૨૨૧૨ યોજન ઉપર ૧૪/૧૬ ભાગ આવ્યા.
   ૩૨
   ---
   ૦૩૪
    ૩૨
    ---
    ૦૨૦
     ૦૧૬
     ---
      ૦૪૬
       ૩૨
       ---
       ૧૪
```

એટલે એક વિજયની પહોળાઈ ૨૨૧૩ યોજનમાં કંઈક ન્યૂન જાણવી. ૩૬૫

હવે વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર જાણવાની રીત કહે છે.

**छन्नवइ सहस्साइं. जंबूद्दीवा विसोहइत्ताणं।**
**सेसं अट्ठहिं भइए, लद्धो वक्खारविक्खंभो ॥३६६॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—षट्नवति सहस्राणि जम्बूद्वीपात् विशोधयित्वा ।
शेषोऽष्टभिर्भक्ते लब्धो वक्षस्कारविष्कम्भः ॥३६६॥

**અર્થ**—જંબૂદ્વીપના વિસ્તારમાંથી છન્નુ હજાર બાદ કરીને બાકીનાને આઠ વડે ભાગતાં જે આવે તે વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર.

**વિવેચન**—મહાવિદેહ ક્ષેત્રમાં વિજયો, અંતરનદીઓ, વનમુખ અને મેરુ સિવાય બાકીના ભાગ જેટલામાં વક્ષસ્કાર પર્વતો આવેલા છે. તે પૂર્વ–પશ્ચિમ બધે એક સરખા પહોળા છે. તેથી આ રીત બરાબર છે.

| | | |
|---|---|---|
| ૩૫૪૦૬ | યોજન | ૧૬ વિજયોનો વિસ્તાર |
| ૭૫૦ | ,, | ૬ અંતરનદીઓનો વિસ્તાર |
| ૧૦૦૦૦ | | મેરુપર્વતનો વિસ્તાર |
| ૪૪૦૦૦ | | ભદ્રશાલવન પૂર્વ–પશ્ચિમ |
| ૫૮૪૪ | ,, | ૨ વનમુખનો વિસ્તાર |
| ૯૬૦૦૦ | યોજન | |

૯૬૦૦૦ યોજન જંબૂદ્વીપના વિસ્તારમાંથી ઓછા કરવા.

૧૦૦૦૦૦ યોજન જંબૂદ્વીપનો વિસ્તાર
૯૬૦૦૦
૪૦૦૦ બાકી રહ્યા

દક્ષિણ અથવા ઉત્તરમાં આઠ આઠ વક્ષસ્કાર પર્વતો છે તેથી ૮ થી ભાગવા.

૮)૪૦૦૦(૫૦૦ યોજન
૪૦
૦૦૦૦ દરેક વક્ષસ્કાર પર્વત ૫૦૦ યોજન વિસ્તારવાળા જાણવા. ૩૬૬

હવે અંતર નદીઓનો વિસ્તાર જાણવાની રીત કહે છે.

**नवनउइ सहस्साई, अड्ढाइज्जे सए य सोहित्ता ।**
**सेसं छक्कविहत्तं, लद्धो सलिलाण विक्खंभो ॥३६७॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—नवनवति सहस्राणि अर्धतृतीयशतानि च शोधयित्वा ।
शेषं षट्कविभक्तं लब्धः सलिलानां विष्कम्भः ॥३६७॥

**અર્થ**—નવાણું હજાર બસો પચાસ ઓછા કરીને બાકી રહે તેને ૭ થી ભાગવા. જે આવે તે નદીઓનો વિસ્તાર.

**વિવેચન**—આની રીત પણ પહેલાની જેમ જાણવી. એટલે પૂર્વ–પશ્ચિમ ભદ્રશાલવન અને મેરુપર્વતનો વિસ્તાર ૫૪૦૦૦ યોજન, ૧૬ વિજયોનો વિસ્તાર ૩૫૪૦૬ યોજન, ૮ વક્ષસ્કાર પર્વતોનો વિસ્તાર ૪૦૦૦ યોજન, બે વનમુખનો વિસ્તાર ૫૮૪૪ યોજન બધા મળીને.

| | | |
|---|---|---|
| ૩૫૪૦૬ | યોજન | ૧૬ વિજયોનો વિસ્તાર |
| ૪૦૦૦ | ,, | ૮ વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર |
| ૫૮૪૪ | ,, | ૨ વનમુખનો વિસ્તાર |
| ૫૪૦૦૦ | ,, | મેરુ સહિત ભદ્રશાલવનનો વિસ્તાર |
| ૯૯૨૫૦ | યોજન | જંબૂદ્વીપના વિસ્તારમાંથી બાદ કરવા. |

```
  ૧૦૦૦૦
૦–૯૯૨૫૦
  ૦૦૭૫૦ યોજન. અંતરનદીઓ ૬ હોવાથી આને ૬ થી ભાગવા.

૬ ) ૭૫૦ ( ૧૨૫ યોજન
    ૬
    ૧૫
    ૧૨
     ૩૦
     ૩૦
     ૦૦
```

એક અંતર નદીનો વિસ્તાર ૧૨૫ યોજન જાણવો. ૩૬૭

હવે શીતા અને શીતોદા નદીની નજીકના વનમુખનો વિસ્તાર લાવવાની રીત કહે છે.

**चउनवइ सहस्साइं, छप्पण्ण सयं च सोहु दीवाओ।**
**दोहि विभत्ते सेसं; सीयासीओयवणमाणं ॥३६८॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—चतुर्नवतिः सहस्राणि षट्पञ्चाशत् (अधिकं) शतं च शोधयित्वा द्वीपात् ।
द्वाभ्यां विभक्तं शेषं शीताशीतोदयोर्वनमानम् ॥३६८॥

**અર્થ**—ચોરાણું હજાર એકસોને છપ્પન દ્વીપમાંથી બાદ કરીને બેથી ભાગવા. બાકી રહે તે શીતા અને શીતોદા નદીના વનમુખનું પ્રમાણ જાણવું.

**વિવેચન**—૯૪૧૫૬ યોજન જંબૂદ્વીપના વિસ્તાર ૧૦૦૦૦ માંથી બાદ કરવા. આની રીત પણ પહેલાની જેમ જાણવી એટલે

૧૬ વિજયોનો વિસ્તાર ૩૫૪૦૬ યોજન.
૮ વક્ષસ્કારનો પર્વતોનો વિસ્તાર ૪૦૦૦ યોજન
૬ અંતરનદીઓનો વિસ્તાર ૭૫૦ યોજન
પૂર્વ–પશ્ચિમ ભદ્રશાલવનનો વિસ્તાર ૫૪૦૦૦ યોજન
૯૪૧૫૬ યોજન

જંબૂદ્વીપનો વિસ્તાર ૧૦૦૦૦
બા— ૯૪૧૫૬
૦૫૮૪૪ યોજન રહ્યા. આને બેથી ભાગવા.

```
२) ५८४४ (२९२२ યોજન
   ४
   --
   १८
   १८
   --
   ००४
     ४
   ---
    ०४
     ४
    --
     ०
```

શીતા મહાનદી અને શીતોદા મહાનદીની પાસે વનમુખનો વિસ્તાર ૨૯૨૨ યોજન જાણવો. ૩૬૮

હવે મેરુ પર્વત અને પૂર્વ–પશ્ચિમ ભદ્રશાલવનની લંબાઈની રીત જણાવે છે.

**छायालीसं सहस्स, जंबूद्दीवा विसोहइत्ताणं।**
**सेसं एगाविहत्तं, मंदरवणमाणयं जाण ॥३६९॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—षट्चत्वारिंशत् सहस्राणि जम्बूद्वीपात् विशोधयित्वा ।
शेषं एकविभक्तं मन्दरवनमानकं जानीहि ॥३६९॥

**અર્થ**—છેંતાલીસ હજાર જંબૂદ્વીપમાંથી ઓછા કરીને બાકી રહે તેને એક વડે ભાગવા. તે મેરુપર્વત અને વનનું પ્રમાણ જાણવું.

**વિવેચન**—આ રીત પણ પૂર્વની જેમ જાણવી એટલે.

| | |
|---|---|
| ૧૬ વિજયોનો વિસ્તાર | ૩૫૪૦૬ યોજન |
| ૮ વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર | ૪૦૦૦ યોજન |
| ૨ વનમુખનો વિસ્તાર | ૫૮૪૪ યોજન |
| ૬ અંતર નદીઓના વિસ્તાર | ૭૫૦ યોજન |
| | ૪૬૦૦૦ |

જંબૂદ્વીપના વિસ્તારમાંથી બાદ કરવા.

૧૦૦૦૦૦ જંબૂદ્વીપનો વિસ્તાર
બા—૪૬૦૦૦ યોજન

૫૪૦૦૦ યોજન. એકથી ભાગતા એ ને એજ રહે એટલે.

મેરુ પર્વત અને પૂર્વ પશ્ચિમ ભદ્રશાલ વનનો વિસ્તાર ૫૪૦૦૦ યોજન જાણવો. ૩૬૯

હવે આ રીત પ્રમાણે પ્રાપ્ત થયેલ વિજયાદિના વિસ્તારનું માપ કહે છે.

## विजयाणं विक्खंभो, बावीस सयाइ तेरसहियाइं ।
## पंच सए वक्खारा, पणवीससयं च सलिलाआ ॥३७०॥

છાયા—विजयानां विष्कम्भो द्वाविंशति शतानि त्रयोदशाधिकानि ।
पञ्चशतानि वक्षस्कारानां पञ्चविंशति (अधिकं) शतं च सलिलानाम् ॥३७०॥

**અર્થ**—વિજયોનો વિસ્તાર બાવીસસો તેરથી અધિક, વક્ષસ્કાર પર્વતનો પાંચસો અને નદીઓનો વિસ્તાર એકસો પચીસ યોજનનો છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—દરેક વિજયોનો વિસ્તાર ૨૨૧૩ યોજનમાં કંઇક ન્યૂન છે. એટલે ૨૨૧૨$\frac{૧૪}{૧૯}$ યોજન છે. વક્ષસ્કાર, પર્વતનો વિસ્તાર ૫૦૦ યોજનનો છે અને નદીઓનો વિસ્તાર ૧૨૫ યોજનનો છે. ૩૭૦

હવે વક્ષસ્કાર પર્વતનું સ્વરૂપ કહે છે.


**जत्तो वासहरगिरी, तत्तो जोयणसयं समोगाढा।**
**चत्तारि जोयणसए, उव्विद्धा सव्वरयणमया ॥३७१॥**
**जत्तो पुण सलिलाओ, तत्तो पंचसयगाउ ओगाढा।**
**पंचेव जोयणसए, उव्विद्धा आसखंध निभा ॥३७२॥**

છાયા—यत्र वर्षधरगिरिस्तत्र योजनशतं समवगाढाः ।
चत्वार योजनशतानि उद्विद्धाः सर्वरत्नमयाः ॥३७१॥
यत्र पुनः सलिलास्तत्र पञ्चशतगव्यूतावगाढाः ।
पञ्चैव योजनशतान्युद्विद्धा अश्वस्स्कन्धनिभाः ॥३७२॥

**અર્થ**—જ્યાં વર્ષધર પર્વત છે ત્યાં એકસો યોજન ભૂમિમાં છે, ચારસો યોજન ઉંચા સર્વરત્નમય છે, વળી જ્યાં નદી છે ત્યાં પાંચસો ગાઉ જમીનમાં અને પાંચસો યોજન ઉંચા છે ઘોડાના સ્કંધના આકાર સમાન છે.

**વિવેચન**—બધા વક્ષસ્કાર પર્વતો–સોળે સોળ વક્ષસ્કાર પર્વતો સર્વ રત્નમય છે. જે દિશામાં વર્ષધર પર્વત એટલે નિષધ પર્વત અગર નિલવંત પર્વત રહેલો છે તે તરફ આ પર્વતો ૧૦૦ યોજન ભૂમિમાં છે અને ૪૦૦ યોજન ઉંચા છે. પછી ક્રમસર થોડા થોડા વધતા વધતા શીતા મહા નદી કે શીતોદા મહા નદી પાસે ૫૦૦ ગાઉ એટલે ૧૨૫ યોજન ભૂમિમાં અને ૫૦૦ યોજન ઉંચા છે. આથી આ પર્વતો ઘોડાએ ડોક ઉંચી કરેલી હોય તેના સરખા દેખાય છે. ૩૭૧–૩૭૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



હવે પર્વતોના નામો કહે છે.

## चित्ते य बंभकूडे, नलिणीकूडे य एगसेले य।
## तिउडे वेसमणे वा, अंजणे मायंजणे चेव ॥३७३॥
## अंकावइ पम्हावइ, आसीविस तह सुहावहे चंदे।
## सूरे नागे देवे, सोलस वक्खारगिरिनामा ॥३७४॥

છાયા—चित्रश्च ब्रह्मकूटो नलिनीकूटाश्च एकशैलश्च ।
त्रिकूटो वैश्रमणो वा अञ्जनः मातञ्जनश्चैव ॥३७३॥
अङ्कावती पक्ष्मावती आशीविषस्तथा सुखावहश्चन्द्रः ।
सूरो नागो देवः षोडश वक्षस्कारगिरिनामानि ॥३७४॥

અર્થ—ચિત્રકૂટ, બ્રહ્મકૂટ, નલિનીકૂટ, અને એકશૈલકૂટ, ત્રિકૂટ, વૈશ્રમણકૂટ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંજનકૂટ, અને માતંજનકૂટ, અંકાવતીકૂટ, પક્ષ્માવતીકૂટ, આશીવિષકૂટ, તથા સુખાવહકૂટ, ચંદ્રકૂટ, સૂરકૂટ, નાગકૂટ, અને દેવકૂટ આ સોળ વક્ષસ્કાર પર્વતોના નામો છે.

**વિવેચન**—૧૬ વક્ષસ્કાર પર્વતોના નામો આ પ્રમાણે છે. તેમાં અહીં ઉત્તર કુરુ ક્ષેત્રથી પૂર્વ દિશામાં રહેલ કચ્છ વિજયની નજીકમાં રહેલ વક્ષસ્કાર પર્વતથી શરૂઆત કરીને પ્રદક્ષિણાને ક્રમે આ નામો જાણવા.

પહેલો વક્ષસ્કાર પર્વત ચિત્રકૂટ નામનો છે, બીજો બ્રહ્મકૂટ નામનો, ત્રીજો નલિનીકૂટ નામનો, ચોથો એકશૈલકૂટ નામનો, પાંચમો ત્રિકૂટ નામનો, છઠ્ઠો વૈશ્રમણકૂટ નામનો, સાતમો અંજનકૂટ નામનો, આઠમો માતંજનકૂટ નામનો, નવમો અંકાવતીકૂટ નામનો, દશમો પક્ષ્માવતીકૂટ નામનો, અગીયારમો આશીવિષકૂટ નામનો, બારમો સુખાવહકૂટ નામનો, તેરમો ચંદ્રકૂટ નામનો, ચૌદમો સૂરકૂટ નામનો, પંદરમો નાગકૂટ નામનો અને સોળમો દેવકૂટ નામનો વક્ષસ્કાર પર્વત છે.

પહેલા વક્ષસ્કાર પર્વતની ઉપર ચિત્ર નામનો દેવ, એક પલ્યોપમના આયુષ્યવાળો અને વિજયદેવની સમાન મહાર્ધિક પર્વતનું અધિપતિપણું કરે છે, તેથી આ વક્ષસ્કાર પર્વતનું નામ ચિત્રકૂટ કહેવાય છે.

આ પ્રમાણે દરેક વક્ષસ્કાર પર્વત ઉપર જે જે દેવ અધિપણું કરે છે તેના નામ ઉપરથી તે તે વક્ષસ્કાર પર્વત તે તે નામથી ઓળખાય છે.

શીતા મહા નદી અને શીતોદા મહા નદીની દક્ષિણ તરફ રહેલા વક્ષસ્કાર પર્વતોના અધિપતિ દેવોની રાજધાની મેરુ પર્વતથી દક્ષિણ દિશા તરફ બીજા જંબૂનામના દ્વીપમાં ૧૨૦૦૦ યોજન અંદર યથાયોગ્ય સ્થાને આવેલી છે, જ્યારે શીતા મહા નદી અને શીતોદા મહા નદીની ઉત્તર તરફ રહેલા વક્ષસ્કાર પર્વતોના અધિપતિ દેવોની રાજધાની મેરુ પર્વતથી ઉત્તર દિશામાં બીજા જંબૂ નામના દ્વીપમાં ૧૨૦૦૦ યોજન અંદર યથા યોગ્ય સ્થાને આવેલી છે. ૩૭૩–૩૭૪

હવે અંતર નદીઓના નામ કહે છે.

**गाहावई दहवई, वेगवई तत्त मत्त उम्मत्ता।**
**खीरोय सीयसोया, तह अंतोवाहिणी चेव॥३७५॥**
**उम्मीमालिणि गंभीर–मालिणी फेणमालिणी चेव।**
**एया कुंडप्पवहा, उव्वेहो जोयणा दसओ॥३७६॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—गाहावती हृदावती वेगवती तप्ता मत्ता उन्मत्ता ।
क्षीरोदा शीतस्रोता तथा अन्तर्वाहिनी चैव ॥३७५॥
ऊर्मिमालिनी गम्भीरमालिनी फेनमालिनी चैव ।
एताः कुण्डप्रवहा उद्वेधो योजनानि दश ॥३७६॥

**અર્થ**—ગાથાવતી, દ્રહવતી, વેગવતી, તપ્તા, મત્તા, ઉન્મત્તા, ક્ષીરોદા, શીતસ્રોતા, અંતર્વાહિની, ઉર્મિમાલિની, ગંભીરમાલીની અને ફેનમાલીની આ બધી કુંડમાંથી નીકળે છે અને દશ યોજન ઉંડાઇવાળી છે.

**વિવેચન**—આ ૧૨ નદીઓના નામો સુકચ્છ વિજયની પૂર્વમાં રહેલી અંતર નદીને પહેલી ગણીને પ્રદક્ષિણા પ્રમાણે ક્રમસર જાણવા. તે નામો આ પ્રમાણે—

પહેલી ગાહાવતી નામની નદી, બીજી દ્રહાવતી નામની નદી, ત્રીજી વેગવતી નામની નદી, ચોથી તપ્તા નામની નદી, પાંચમી મત્તા નામની નદી, છઠ્ઠી ઉન્મત્તા નામની નદી, સાતમી ક્ષીરોદા નામની નદી, આઠમી શીતસ્રોતા નામની નદી, નવમી અંતર્વાહિની નામની નદી, દશમી ઉર્મિમાલિની નામની નદી, અગીઆરમી ગંભીર-માલિની નામની નદી અને બારમી ફેનમાલિની નામની નદી છે.

આ બારે અંતર નદીઓ નિષધ વર્ષધર પર્વતની તથા નિલવંત વર્ષધર પર્વતની નજીકમાં રહેલા પોતપોતાના નામના કુંડોમાંથી નીકળે છે.

સઘળી અંતર નદીઓના કુંડો ૧૨૦ યોજન લાંબા પહોળા, ૩૮૦ યોજનમાં કંઈક ન્યૂન પરિધિવાળા અને ૧૦ યોજન ઉંડા છે.

દરેક કુંડના બરાબર મધ્ય ભાગમાં નદીના નામનો એક એક દ્વીપ આવેલો છે. તે આ પ્રમાણે—

ગાહાવતી કુંડમાં ગાહાવતી નામનો દ્વીપ, દ્રહાવતી કુંડમાં દ્રહાવતી નામનો કુંડ, એ પ્રમાણે દરેક કુંડમાં કુંડના નામનો દ્વીપ રહેલો છે.

આ સઘળા દ્વીપો ૧૬ યોજન લાંબા-પહોળા-ગોળાકારે અને ૫૦ યોજનથી અધિક પરિધિવાળા છે. તથા સઘળા દ્વીપો પાણીથી બે ગાઉ ઉંચા છે, દરેક દ્વીપ ઉપર એક એક પદ્મવર વેદિકા અને એક એક વનખંડ રહેલું છે.

દ્વીપના મધ્ય ભાગમાં પોતપોતાની નદીની અધિપતિ દેવીને યોગ્ય એક એક સુંદર ભવન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ભવનો એક ગાઉ લાંબા, ૦ાા ગાઉ પહોળા અને ૧૪૪૦ ધનુષ ઉંચા, વિવિધ પ્રકારના રત્નમય થાંભલાથી યુક્ત છે. તેમાં દેવીની યોગ્ય એક એક શયન રહેલું છે. એટલે ગાહાવતી દ્વીપમાં ગાહાવતી દેવીને યોગ્ય ભવન, તેની અંદર ગાહાવતી દેવીને યોગ્ય શયન આ પ્રમાણે દરેક દ્વીપમાં નદીના નામના દ્વીપ, ભવન, શયન રહેલું છે.

આ નદીઓ કુંડમાંથી નીકળે છે. અને શીતા મહા નદી તથા શીતોદા મહાનદીમાં મળતાં સુધી એક સરખી પહોળાઈ અને એક સરખી ઉંડાઇ હોય છે. એટલે ૧૨૫ યોજન પહોળી અને પહોળાઇના ૫૦ મે ભાગે– ૨ાા યોજન ઉંડી હોય છે. ૩૭૫–૩૭૬

હવે વિજયોનું સ્વરૂપ કહે છે.

**विजयाणं बत्तीसं, आसन्नं मालवंतसेलस्स।**
**काऊण पयाहीणा, इमाणि नामाणि अणुकमसो ॥३७७॥**

છાયા—विजया द्वात्रिंशत् आसन्नं माल्यवंत शैलस्य ।
कृत्वा प्रदक्षिण्या अमुनि नामानि अनुक्रमशः ॥३७७॥

**અર્થ**—માલ્યવંત પર્વતની નજીકની વિજયને મુખ્ય ગણીને પ્રદક્ષિણા પ્રમાણે ક્રમસર આ નામવાળી વિજયો છે.

**વિવેચન**—ચક્રવર્તિઓને વિશેષે કરીને સંપૂર્ણપણે જીતવા યોગ્ય તે વિજયો, તે એક એક કચ્છ આદિ વિજયો ચક્રવર્તિઓ સર્વ રીતે જીતતા હોય છે. તેથી વિજયો કહેવાય છે.

અનાદિ કાળથી આ પ્રવાહ ચાલ્યો આવે છે. તેથી 'વિજય' એ પ્રમાણે નામ સંજ્ઞા છે. તેથી આ અન્વય માત્ર બનાવ્યું છે પણ સાક્ષાત પવૃત્તિ નિમિત્ત બતાવ્યું નથી.

આવી બત્રીસ વિજયો છે. તેના નામો માલ્યવંત ગજદંત વક્ષસ્કાર પર્વતની નજીકની વિજયને પહેલી ગણીને પ્રદક્ષિણા પ્રમાણે આ કહેવામાં આવતા ક્રમસર જાણવા. ૩૭૭

હવે તેના નામો કહે છે.

**कच्छ सुकच्छ महाक-च्छए य कच्छावई चउत्थेऽत्थ।**
**आवत्त मंगलावत्त, पुक्खले पुक्खलावइ य ॥३७८॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वच्छ सुवच्छ महाव–च्छए य वच्छावई चउत्थोऽत्थ।
रम्मे य रम्मएऽवि य, रमणिज्जे मंगलावइए ॥३७९॥
पम्ह सुपम्ह महाप–म्हए य पम्हावई चउत्थोऽत्थ।
संखे नलिणे कुमुए, नलिणावइ अट्ठमे भणिए ॥३८०॥
वप्प सुवप्प महाव–प्पए य वप्पावई चउत्थोऽत्थ।
वग्गु सुवग्गू गंधिल, गंधावई अट्ठमे भणिए ॥३८१॥

છાયા—कच्छः सुकच्छो महाकच्छश्च कच्छावती चतुर्थोऽत्र ।
आवर्तो मङ्गलावर्तः पुष्कलः पुष्कलावती च ॥३७८॥
वत्सः सुवत्सो महावत्सश्च वत्सावती चतुर्थोऽत्र ।
रम्यो रम्यकोऽपि च रमणीयो मङ्गलावती च ॥३७९॥
पक्ष्मः सुपक्ष्मो महापक्ष्मकश्च पक्ष्मावती चतुर्थोऽत्र ।
शङ्खो नलिनः कुमुदो नलिनावती अष्टमो भणितः ॥३८०॥
वप्रः सुवप्रो महावप्रकश्च वप्रावती चतुर्थोऽत्र ।
वल्गुः सुवल्गुर्गंधिलो गन्धिलावती अष्टमो भणितः ॥३८१॥

**અર્થ**—કચ્છ, સુકચ્છ, મહાકચ્છ, અને ચોથી કચ્છાવતી, આવર્ત, મંગલાવર્ત, પુષ્કલ અને પુષ્કલાવતી.

વત્સ, સુવત્સ, મહાવત્સ અને ચોથી વત્સાવતી, રમ્ય અને રમ્યક્ રમણીય અને મંગલાવતી પણ.

પક્ષ્મ, સુપક્ષ્મ, મહાપક્ષ્મ અને ચોથી પક્ષ્માવતી, શંખ, નલિન, કુમુદ, આઠમી નલિનાવતી કહી છે.

વપ્ર, સુવપ્ર, મહાવપ્ર અને ચોથી વપ્રાવતી, વલ્ગુ, સુવલ્ગુ, ગંધિલ, આઠમી ગંધિલાવતી કહેલ છે.

**વિવેચન**—આ આઠ નામો ગજદંત આકારવાળા માલ્યવંત વક્ષસ્કાર પર્વતથી નજીકની વિજયને પહેલી ગણીને ક્રમસર પૂર્વાભિમુખ રહેલી આઠ વિજયોના જાણવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહેલી કચ્છ વિજય. બીજી સુકચ્છ વિજય, ત્રીજી મહાકચ્છ વિજય, પછી માલ્યવંત પર્વતથી પૂર્વ દિશામાં રહેલી વિજયોમાં મધ્ય ભાગમાં ચોથી કચ્છાવતી વિજય, પાંચમી આર્વત વિજય, છટ્ઠી મંગલાવર્ત વિજય, સાતમી પુષ્કલ વિજય અને આઠમી પુષ્કલાવતી નામની વિજય છે.

હવે શીતા મહા નદીની દક્ષિણ દિશા તરફ રહેલી અને વનમુખથી પશ્ચિમ તરફ ક્રમસર આઠ વિજયોના નામો આ પ્રમાણે જાણવા.

(૯) પહેલી વત્સ વિજય, (૧૦) બીજી સુવત્સ વિજય, (૧૧) ત્રીજી મહાવત્સ વિજય, (૧૨) શીતા મહા નદીની દક્ષિણ દિશામાં રહેલી આઠ વિજયોમાંની મધ્યમાં ચોથી વત્સાવતી વિજય, (૧૩) પાંચમી રમ્ય વિજય, (૧૪) છઠ્ઠી રમ્યક વિજય, (૧૫) સાતમી રમણીય વિજય અને (૧૬) આઠમી મંગલાવતી નામની વિજય છે.

હવે આ વિજયો વિદ્યુતપ્રભ ગજદંત પર્વતની પશ્ચિમમાં અને શીતોદા મહા-નદીની દક્ષિણ તરફ રહેલી આઠ વિજયોના ક્રમસર નામો જાણવા. તે આ પ્રમાણે–

(૧૭) પહેલી વિદ્યુતપ્રભની બાજુમાં પક્ષ્મ વિજય, (૧૮) બીજી સુપક્ષ્મ વિજય, (૧૯) ત્રીજી મહાપક્ષ્મ વિજય. (૨૦) શીતોદા મહા નદીની દક્ષિણ દિશા તરફ રહેલી આઠ વિજયોમાં મધ્ય ભાગે ચોથી પક્ષ્માવતી વિજય, (૨૧) પાંચમી શંખ વિજય, (૨૨) છટ્ઠી નલિન વિજય, (૨૩) સાતમી કુમુદ વિજય, અને (૨૪) આઠમી નલિના-વતી વિજય કહી છે.

હવે આ વિજયો શીતોદા મહા નદીની ઉત્તર દિશામાં રહેલી અને વનમુખથી પૂર્વ દિશા તરફ આઠ વિજયોના નામ ક્રમસર આ પ્રમાણે છે.

(૨૫) પહેલી વપ્રવિજય, (૨૬) બીજી સુવપ્ર વિજય, (૨૭) ત્રીજી મહાવપ્ર વિજય, (૨૮) શીતોદા મહા નદીની ઉત્તર દિશા તરફ રહેલી વિજયોમાં મધ્ય ભાગે ચોથી વપ્રાવતી વિજય. (૨૯) પાંચમી વલ્ગુ વિજય, (૩૦) છઠ્ઠી સુવલ્ગુ વિજય, (૩૧) સાતમી ગંધિલ વિજય અને (૩૨) આઠમી ગંધિલાવતી નામની વિજય કહેલી છે.

વર્તમાન કાલમાં ૮ મી પુલ્કલાવતી નામની વિજયમાં શ્રી સીમંધર સ્વામિ નામના શ્રી તીર્થંકર ભગવાન, ૯ મી વત્સ નામની વિજયમાં શ્રી યુગમંધર સ્વામી, ૨૪ મી નલિનાવતી નામની વિજયમાં શ્રી બાહુજિન અને ૨૫ મી વપ્રનામની વિજયમાં શ્રી સુબાહુ નામના જિનવર વિચરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણે વિજયો, વક્ષસ્કાર પર્વતો, અંતર નદીઓ કહી હવે વિજયો વગેરે જે ક્રમ પૂર્વક રહેલી છે, તે સરળતાથી મંદમતિને પણ સમજવામાં આવે તે પ્રમાણે નીચે મુજબ જણાવેલ છે. તે આ પ્રમાણે–

ગજદંત–માલ્યવંત વક્ષસ્કાર પર્વતની નજીક પૂર્વ દિશામાં પ્રથમ કચ્છ નામની વિજય પછી તેની પૂર્વમાં ચિત્ર નામનો વક્ષસ્કાર પર્વત, તે પછી પૂર્વમાં સુકચ્છ નામની વિજય, તેની પૂર્વમાં ગાથાવતી નામની અંતર નદી, તેની પૂર્વમાં મહાકચ્છ નામની વિજય, તેની પૂર્વમાં પક્ષ્મકૂટ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પૂર્વમાં કચ્છાવતી નામની વિજય તેની પૂર્વમાં દ્રહાવતી નામની અંતર નદી, તેની પૂર્વમાં આવર્ત નામની વિજય, તેની પૂર્વમાં નલિનકૂટ નામનો વક્ષસ્કાર પર્વત તેની પૂર્વમાં વેગવતી નામની અંતર નદી, તેની પૂર્વમાં પુષ્કલ નામની વિજય, તેની પૂર્વમાં એકશૈલ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પૂર્વમાં પુષ્કલાવતી નામની વિજય અને તેની પૂર્વમાં વનમુખ અને પછી જંબૂદ્વીપની જગતી આવેલી છે.

હવે તેની સામે–વનમુખની સામે શીતા મહા નદીની દક્ષિણ બાજુ બીજું વનમુખ, તેની નજીકમાં પશ્ચિમ દિશા તરફ વત્સા નામની વિજય, તેની પશ્ચિમમાં ત્રિકૂટ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પશ્ચિમમાં સુવત્સ નામની વિજય, તેની પશ્ચિમમાં તપ્તા નામની અંતર નદી, તેની પશ્ચિમમાં મહાવત્સ નામની વિજય, તેની પશ્ચિમમાં વૈશ્રવણ કૂટ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પશ્ચિમમાં વત્સાવતી નામની વિજય, તેની પશ્ચિમમાં મત્તા નામની અંતર નદી, તેની પશ્ચિમમાં રમ્ય નામની વિજય, તેની પશ્ચિમમાં અંજનગિરિ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પશ્ચિમમાં રમ્યક્ નામની વિજય, તેની પશ્ચિમમાં ઉન્મત્તા નામની અંતર નદી, તેની પશ્ચિમમાં રમણીય નામની વિજય તેની પશ્ચિમમાં માતંજન નામનો વક્ષસ્કાર પર્વત, તેની પશ્ચિમમાં મંગલાવતી નામની વિજય તેની બાજુમાં જ પશ્ચિમ તરફ ગજદંત આકારનો સૌમનસ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પશ્ચિમમાં દેવકુરુ ક્ષેત્ર તેની પશ્ચિમમાં ગજદંત આકારનો વિદ્યુતપ્રભ નામનો વક્ષસ્કાર પર્વત (એટલે સૌમનસ ગજદંત પર્વત અને વિદ્યુતપ્રભ ગજદંત પર્વતની વચમાં દેવકુરુ ક્ષેત્ર આવેલું છે.)

તેની બાજુમાં પશ્ચિમમાં પક્ષ્મ નામની વિજય, તેની પશ્ચિમમાં અંકાવતી નામનો વક્ષસ્કાર પર્વત તેની પશ્ચિમમાં સુપક્ષ્મ નામની વિજય તેની પશ્ચિમમાં ક્ષીરોદા નામની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંતરનદી, તેની પશ્ચિમમાં મહાપક્ષ્મ નામની વિજય. તેની પશ્ચિમમાં પક્ષ્માવતી નામનો વક્ષસ્કાર પર્વત, તેની પશ્ચિમમાં પક્ષ્માવતી નામની વિજય, તેની પશ્ચિમમાં શીતસ્રોતા નામની અંતર નદી, તેની પશ્ચિમમાં શંખ નામની વિજય, તેની પશ્ચિમમાં આશીવિષ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પશ્ચિમમાં નલિન નામની વિજય, તેની પશ્ચિમમાં અંતરવાહિની નામની અંતરનદી, તેની પશ્ચિમમાં કુમુદ નામની વિજય, તેની પશ્ચિમમાં સુખાવહ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પશ્ચિમમાં, નલિનાવતી નામની વિજય, તેની પશ્ચિમમાં વનમુખ–શીતોદા મહાનદીની દક્ષિણ દિશા તરફ રહેલું, તેની પશ્ચિમમાં જંબૂદ્વીપની જગતી. તેની પાસે શીતોદા મહા નદીની ઉત્તર દિશા તરફ રહેલું બીજું વનખંડ આવેલું છે.

આ વનખંડની તરતજ પૂર્વ દિશા તરફ વપ્ર નામની વિજય, તેની પૂર્વમાં ચંદ્ર નામનો વક્ષસ્કાર પર્વત, તેની પૂર્વમાં સુવપ્ર નામની વિજય, તેની પૂર્વમાં ઉર્મિમાલિની નામની અંતર નદી, તેની પૂર્વમાં મહાવિપ્ર નામની વિજય તેની પૂર્વમાં સૂર નામનો વક્ષસ્કાર પર્વત, તેની પૂર્વમાં વપ્રાવતી નામની વિજય, તેની પૂર્વમાં ગંભીરમાલિની નામની અંતર નદી, તેની પૂર્વમાં વલ્ગુ નામની વિજય, તેની પૂર્વમાં નાગ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પૂર્વમાં ફેનમાલિની નામની અંતર નદી, તેની પૂર્વમાં ગંધિલ નામની વિજય, તેની પૂર્વમાં દેવ નામનો વક્ષસ્કાર પર્વત, તેની પૂર્વમાં ગંધિલાવતી નામની વિજય, તેની પછી તુરત પૂર્વમાં ગજદંત આકારનો ગંધમાદન નામનો વક્ષપર્વત, તેની પૂર્વમાં ઉત્તરકુરુ ક્ષેત્ર અને તેની પૂર્વમાં ગજદંત આકારનો માલ્યવંત નામનો વક્ષસ્કાર પર્વત આવેલો છે. (એટલે ગંધમાદન ગજદંત પર્વત અને માલ્યવંત ગજદંત પર્વતની વચમાં ઉત્તર કુરુક્ષેત્ર છે.) ૩૭૮–૩૭૯–૩૮૦–૩૮૧.

મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ વિજયો, ૧૬ વક્ષસ્કાર પર્વતો, ૬ અંતર નદીઓ, ૪ ગજદંત પર્વતો, દેવકુરુક્ષેત્ર, ઉત્તરકુરુક્ષેત્ર, અને ૪ વનખંડોનો ક્રમ ઉપર મુજબ છે, હવે વિજયોમાં જે શાશ્વત નગરી છે તેના નામો કહે છે.


**(नवजोयणपिहुलाओ, बारसदीहा पवरनयरीओ।**
**अद्धविजयाण मज्झे, इमेहिं नामेहिं नायव्वा॥[1])**

છાયા—नवयोजनपृथुला द्वादशदीर्घाः प्रवरनगर्यः ।
अर्धविजयानां मध्ये अमुभिर्नामभिर्ज्ञातव्याः ॥

૧–આ ગાથા કોઈ પ્રતમાં ટીકા વિનાની જોવામાં આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાવિદેહ ક્ષેત્ર સ્થાપના—( ગાથા ૧૪૯ )



**અર્થ**—અર્ધ વિજયોની મધ્ય ભાગમાં નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી શ્રેષ્ઠ નગરીઓ આ પ્રમાણેના નામવાળી જાણવી.

**खेमा खेमपुरी वि य, अरिट्ठ रिट्ठावई य नायव्वा।**
**खग्गी मंजूसा वि य, उसहिपुरी पुंडरगिणि य ॥३८२॥**
**सुसीमा कुंडला चेव, अवरावई तहा य पहंकरा।**
**अंकावइ पम्हावइ, सुहा रयणसंचया ३८३॥**
**आसपुरी सीहपुरी, महापुरी चेव होइ विजयपुरी।**
**अवराजिया य अवरा असोगा तह वीयसोगा य ॥३८४॥**
**विजया य वेजयंती, जयंती अपराजिया य बोधव्वा।**
**चक्कपुरी खग्गपुरी, हवइ अवज्झा य अउज्झा य ॥३८५॥**

છાયા—क्षेमा क्षेमपुरी अपि अरिष्टा रिष्टावती च ज्ञातव्या।
खड्गी मञ्जुषाऽपि च औषधिपुरी पुण्डरकिणी ॥३८२॥
सुशीमा कुण्डला चैव अपरावती तथा च प्रभङ्करा।
अङ्कावती पक्ष्मावती शुभा रत्नसंचया ॥३८३॥
अश्वपुरी सींहपुरी महापुरी चैव भवति विजयपुरी।
अपराजिता च अपरा अशोका तथा वीतशोका च ॥३८४॥
विजया च वैजयन्ती जयन्ती अपराजिता च बोधव्या।
चक्रपुरी खड्गपुरी भवति अवध्या च अयोध्या ॥३८५॥

**અર્થ**—ક્ષેમા, ક્ષેમપુરી, અરિષ્ટા, રિષ્ટાવતી, ખડ્ગી, મંજુષા, ઔષધિપુરી અને પુંડરિકીણી જાણવી. સુસીમા, કુંડલા, અપરાવતી, પ્રભંકરા, અંકાવતી, પક્ષ્માવતી, શુભા, રત્નસંચયા, અશ્વપુરી, સિંહપુરી, મહાપુરી, અને વિજયપુરી છે, અપરાજિતા અને અપરા, અશોકા તથા વીતશોકા, વિજયા અને વૈજયન્તી, જયંતી અને અપરાજિતા, જાણવી. ચક્રપુરી. ખડ્ગપુરી અવધ્યા અને અયોધ્યા નગરી હોય છે.

**વિવેચન**—આ નગરીઓ પૂર્વે કહેલ કચ્છાદિ વિજયના ક્રમથી મુખ્ય નગરીઓ જાણવી. તે આ પ્રમાણે—


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| નંબર | વિજયનું નામ | | મુખ્ય નગરીનું નામ |
|---|---|---|---|
| ૧ | કચ્છ | વિજય | ક્ષેમા નગરી |
| ૨ | સુકચ્છ | ,, | ક્ષેમપુરી નગરી |
| ૩ | મહાકચ્છ | ,, | અરિષ્ઠા નગરી |
| ૪ | કચ્છાવતી | ,, | અરિષ્ટાવતી નગરી |
| ૫ | આવર્ત | ,, | ખડ્ગી નગરી |
| ૬ | મંગલાવર્ત | ,, | મંજૂષા નગરી |
| ૭ | પુષ્કલ | ,, | ઔષધિપુરી નગરી |
| ૮ | પુષ્કલાવતી | ,, | પુંડરિકિણી નગરી |
| ૯ | વત્સ | ,, | સુસીમા નગરી |
| ૧૦ | સુવત્સ | ,, | કુંડલા નગરી |
| ૧૧ | મહાવત્સ | ,, | અપરાવતી નગરી |
| ૧૨ | વત્સાવતી | ,, | પ્રભંકરા નગરી |
| ૧૩ | રમ્ય | ,, | અંકાવતી નગરી |
| ૧૪ | રમ્યક | ,, | પક્ષ્માવતી નગરી |
| ૧૫ | રમણીય | ,, | શુભા નગરી |
| ૧૬ | મંગલાવતી | ,, | રત્નસંચયા નગરી |
| ૧૭ | પક્ષ્મ | ,, | અશ્વપુરી નગરી |
| ૧૮ | સુપક્ષ્મ | ,, | સિંહપુરી નગરી |
| ૧૯ | મહાપક્ષ્મ | ,, | મહાપુરી નગરી |
| ૨૦ | પક્ષ્માવતી | ,, | વિજયપુરી નગરી |
| ૨૧ | શંખ | ,, | અપરાજિતા નગરી |
| ૨૨ | નલિન | ,, | અપરા નગરી |
| ૨૩ | કુમુદ | ,, | અશોકા નગરી |
| ૨૪ | નલિનાવતી | ,, | વીતશોકા નગરી |
| ૨૫ | વપ્ર | ,, | વિજયા નગરી |
| ૨૬ | સુવપ્ર | ,, | વૈજયન્તી નગરી |
| ૨૭ | મહાવપ્ર | ,, | જયંતિ નગરી |
| ૨૮ | વપ્રાવતી | ,, | અપરાજિતા નગરી |
| ૨૯ | વલ્ગુ | ,, | ચક્રપુરી નગરી |
| ૩૦ | સુવલ્ગુ | ,, | ખડ્ગપુરી નગરી |
| ૩૧ | ગંધિલ | ,, | અવધ્યા નગરી |
| ૩૨ | ગંધિલાવતી | ,, | અયોધ્યા નગરી |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીંયા એક એક વિજય ગંગા મહા નદી અને સિંધુ મહા નદી વડે અથવા રક્તા મહા નદી અને રક્તવતી મહા નદી વડે તથા વૈતાઢ્ય પર્વત વડે છ છ વિભાગવાળી થયેલી છે અર્થાત્ ૬–૬ ખંડ થાય છે.

## મહાવિદેહ ક્ષેત્રની એક વિજય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક એક વિજયના ૬-૬ વિભાગ જેવી રીતે બને છે તે જણાવે છે.

કચ્છ વિજયના મધ્ય ભાગમાં વૈતાઢ્ય પર્વત પૂર્વ-પશ્ચિમ લાંબો અને દક્ષિણ-ઉત્તર પહોળો રહેલો છે. તેનાથી કચ્છ વિજયના બે વિભાગ થયા, એક દક્ષિણ કચ્છાર્ધ વિજય અને બીજી ઉત્તર કચ્છાર્ધ વિજય.

એક એક કચ્છાર્ધ વિજય ૮૨૭૧ યોજન ૧ કલા પ્રમાણ છે. તે આ પ્રમાણે.

આખી કચ્છ વિજયની લંબાઈ ૧૬૫૯૨ યોજન ૨ કલા પ્રમાણે છે. તેમાંથી વૈતાઢ્ય પર્વતની પહોળાઈ ૫૦ યોજન બાદ કરતાં—

| | |
|---|---|
| ૧૬૫૯૨ યોજન ૨ કલા<br>બા— ૫૦ યો. વૈતાઢ્ય પર્વત<br>૧૬૫૪૨ યોજન. ૨ કલા. | ૧૬૫૪૨ યો. ૨ કલાકના અડધા કરતાં ૮૨૭૧ યોજન ૧ કલા કચ્છાર્ધની લંબાઈ આવી. તથા એક એક વિજયની પહોળાઈ ૨૨૧૩ યોજનમાં કંઇક ન્યૂન છે. |

ઉત્તર કચ્છાર્ધ વિજયમાં ગજદંત આકારવાળા માલ્યવંત નામના વક્ષસ્કાર પર્વતની પૂર્વ દિશામાં, વૃષભકૂટ પર્વતની પશ્ચિમ દિશામાં અને નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં છેડે ખૂણા ઉપર સિન્ધુકુંડ નામનો કુંડ આવેલો છે. આ કુંડ ૬૦ યોજન લાંબો-પહોળો ગોળાકારે અને ૧૯૦ યોજનમાં કંઇક ન્યૂન પરિધિવાળો અને ૧૦ યોજન ઉંડો શીતલ જલથી ભરપુર છે.

સિન્ધુ કુંડના મધ્ય ભાગમાં ૮ યોજન વિસ્તારવાળો, ૨૫ યોજનથી અધિક પરિધિવાળો, અને પાણીથી બે ગાઉ ઉંચો સિન્ધુ નામનો દ્વીપ આવેલો છે. તેના મધ્ય ભાગમાં ૧ ગાઉ લાંબુ, ૦॥ ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ ઉંચુ, અનેક મણિમય સ્તંભોથી યુક્ત સિન્ધુ દેવીને યોગ્ય ભવન છે. તેના મધ્ય ભાગમાં મણિમય પીઠિકા છે અને તેના ઉપર સિન્ધુ દેવીને યોગ્ય શયન રહેલું છે.

આ કુંડને ચાર બાજુ ફરતી વલયાકારે એક એક વેદિકા અને એક એક વનખંડ રહેલું છે. વેદિકાને ત્રણ દિશામાં એટલે પર્વત સિવાયની દિશામાં એક એક કુલ ત્રણ દ્વાર છે. ત્યાં ત્રિસોપન-ત્રણ પગથિયા તેની આગળ એક એક એમ ત્રણ તોરણો રહેલા છે. એટલે તોરણમાં થઈને ત્રિસોપાન ચઢાય એ રીતે રહેલાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ તોરણો ૬। યોજન પહોળા, વિવિધરત્નમય અનેક સ્તંભોથી યુકત પણ ઉઘાડવા ઢાંકવા માટે બારણા–કમાડ વિનાના સદાકાળ ખુલ્લા દરવાજા જેવાં છે. એમાં પૂર્વ દિશા તરફ અને પશ્ચિમ દિશા તરફ જે બે તોરણે છે. તે નીચે નક્કર ભૂમિવાળા છે અને દક્ષિણ દિશા તરફનું જે તોરણ છે તેની નીચેથી સિન્ધુ વગેરે નદીનો પ્રવાહ તોરણની પહોળાઈ જેટલો ૬। યોજન પ્રમાણ પાણીનો પ્રવાહ બહાર નીકળે છે.

વળી આ કુંડો ૧૦ યોજન ઉંડા છે અને પાણીની ઉપલી સપાટી કુંડના કિનારાને અડીને રહેલી છે. અર્થાત્ કુંડના ઉપલા કિનારી સુધી પાણી ભરેલું છે.

કુંડની ભીંતો વજ્રના પાષાણવાળી અને તળીયું વજ્રમય છે.

કુંડના પાણીમાં પ્રવેશ કરવો હોય તો સુખપૂર્વક પ્રવેશ કરી શકાય અને સુખપૂર્વક બહાર નીકળી શકાય એવા ઓવારા તથા ઉતારા છે અને નીચે સુધી ગોતીર્થજળ એટલે અનુક્રમે ઉંડાઇ વધતી જાય છે. એટલે કુંડના કિનારે ઉંડાઇ ૧૦ યોજન નહિ પણ અતિ મધ્ય ભાગે ૧૦ યોજનની ઉંડાઇ હોય છે.

કુંડમાં અનેક પ્રકારના વનસ્પતિ કમળો, તથા જળચર જીવો પણ હોય છે.

આ કુંડના દક્ષિણ દિશાના તોરણમાંથી સિન્ધુ નદી નીકળી છે. તે ઉત્તર કચ્છાર્ધ વિજયના મધ્યમાં થઇને દક્ષિણ તરફ આગળ વધતી અને વચમાં અનેક નદીઓથી ભરાતી વૈતાઢ્ય પર્વત પાસે આવતા સુધીમાં ૭૦૦૦ નદીઓ સિન્ધુ નદીમાં ભેગી થાય છે. પછી તમિસ્રા ગુફાની પશ્ચિમ દિશા બાજુથી વૈતાઢ્ય પર્વતને નીચેથી ભેદીને બહાર નીકળી દક્ષિણ કચ્છાર્ધ વિજયમાં દક્ષિણાભિમુખ આગળ વધે છે. અને વચમાં બીજી અનેક નદીઓ ભેગી થાય છે. અને શીતા મહા નદીને મળતાં દક્ષિણ કચ્છાર્ધની બીજી ૭૦૦૦ નદીઓ ભેગી મળે છે. એટલે કુલ ૧૪૦૦૦ નદીઓ સાથે સિન્ધુ નદી શીતા મહા નદીને મળે છે.

આ સિન્ધુ નદી કુંડમાંથી નીકળતાં ૬। યોજન પહોળી અને ૦।। ગાઉ ઉંડી હોય છે. અને પછી ક્રમસર પહોળાઈ અને ઉંડાઈમાં વધતી વધતી શીતા મહા નદીને મળતાં ૬૨।। યોજન પહોળી અને ૧। યોજન ઉંડી હોય છે.

સિન્ધુ કુંડથી પૂર્વ તરફ વૃષભકૂટ અને તેની પૂર્વ તરફ ગંગાકુંડ આવેલો છે. એટલે બે કુંડની વચ્ચે વૃષભ કૂટ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૃષભ કૂટ ૮ યોજન ઉંચો, ૧૨ યોજન નીચે વિસ્તારવાળો અને ૪ યોજન ઉપર વિસ્તારવાળો, જાંબૂનદ—સુવર્ણમય કંઇક રક્તવર્ણવાળો છે. તેના ઉપર ૦॥ ગાઉ લાંબો, ૦॥ ગાઉ પહોળો અને એક ગાઉ ઉંચો સમચોરસ પ્રાસાદ છે, વૃષભકૂટનો અધિપતિ વૃષભ નામનો વ્યંતર દેવ એક પલ્યોપમના આયુષ્યવાળો છે અને તેની રાજધાની બીજા જંબૂનામના દ્વીપમાં આવેલી છે.

ચક્રવર્તિ દિગ્વિજય કરીને આ ઋષભકૂટ પાસે આવતા પોતાનું નામ કાકીણી-રત્ન વડે લખે છે.

સિન્ધુકુંડમાંથી સિન્ધુ નદી નીકળે છે, તેમ ગંગાકુંડમાંથી ગંગાનદી નીકળે છે. તે પણ સિન્ધુનદીની માફક ઉત્તર કચ્છાર્ધમાં થઇને ખંડપ્રપાત ગુફાની પૂર્વ તરફથી વૈતાઢ્ય પર્વતને નીચેથી ભેદીને દક્ષિણ કચ્છાર્ધમાં આવીને શીતા મહાનદીને મળે છે. સિન્ધુ નદીની માફક ગંગાનદીને પણ ૭૦૦૦—૭૦૦૦ કુલ ૧૪૦૦૦ નદીઓ ભેગી થાય છે.

સિન્ધુ નદી અને ગંગા નદીના યોગે ઉત્તર કચ્છાર્ધમાં ત્રણ વિભાગ પડે છે તે પ્રમાણે દક્ષિણ કચ્છાર્ધમાં પણ ત્રણ વિભાગો પડે છે. આમ એક કચ્છ વિજયમાં ૭ વિભાગ—ખંડ થાય છે. ચક્રવર્તિ આ છ ખંડો જીતે છે.

જેમ કચ્છ વિજયમાં ઉપર મુજબ ૬ વિભાગ થાય છે તેમ બત્રીસે વિજયમાં ૭—૭ વિભાગો થાય છે.

કચ્છ વિજય આદિ ૧ થી ૮ વિજયોમાં તથા પક્ષ્મ વિજય આદિ ૧૭ થી ૨૪ નંબરની વિજયોમાં સિન્ધુ નદી અને ગંગા નદી છે.

૧ થી ૮ વિજયોની સિન્ધુ નદી અને ગંગાનદી નીલવંત પર્વત પાસેના કુંડમાંથી નીકળી શીતા મહાનદીને મળે છે, જયારે ૧૭ થી ૨૪ વિજયોની સિન્ધુ નદી અને ગંગાનદી નિષધ પર્વત પાસેના કુંડમાંથી નીકળી શીતોદા મહાનદીને મળે છે.

વત્સ વિજય આદિ ૯ થી ૧૬ વિજયોમાં તથા વપ્ર વિજય આદિ ૨૫ થી ૩૨ વિજયોમાં રક્તાનદી અને રક્તવતી નામની નદીઓ છે.

૯ થી ૧૬ વિજયોની રક્તાનદી અને રક્તવતી નદી નિષધ પર્વત પાસેના

૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુંડમાંથી નીકળી શીતા મહાનદીને મળે છે. જ્યારે ૨૫ થી ૩૨ વિજયોની રક્તાનદી અને રક્તવતી નદી નીલવંત પર્વત પાસેના કુંડમાંથી નીકળી શીતોદા મહાનદીને મળે છે. ૩૮૨ થી ૩૮૫

આ વિભાગ જણાવતાં કહે છે.

## सीयाए उइन्नेसु, सीओयाए उ जम्मविजएसुं।
## गंगासिंधुनईओ, इयरेसु य रत्तरत्तवई ॥३८६॥

છાયા—शीताया उदीच्येषु शीतोदायास्तु याम्यविजयेषु ।
गङ्गासिन्धुनद्यः इतरेषु च रक्तारक्तवत्यः ॥३८६॥

**અર્થ**—શીતા નદીની ઉત્તરમાં અને શીતોદા નદીની દક્ષિણમાં રહેલી વિજયોમાં ગંગા અને સિંધુ નદીઓ છે જ્યારે બાકીની વિજયોમાં રક્તા અને રક્તવતી નદીઓ છે.

**વિવેચન**—શીતા મહાનદીની ઉત્તરમાં રહેલી ૮ વિજયો, ૧–કચ્છ, ૨–સુકચ્છ, ૩–મહાકચ્છ, ૪–કચ્છાવતી, ૫–આવર્ત, ૬–મંગલાવતી, ૭–પુષ્કલ અને ૮–પુષ્કલાવતી વિજયો તથા શીતોદા મહાનદીની દક્ષિણમાં રહેલી ૮ વિજયો–૧૭–પક્ષ્મ ૧૮–સુપક્ષ્મ, ૧૯–મહાપક્ષ્મ, ૨૦–પક્ષ્માવતી, ૨૧–શંખ, ૨૨–નલિન, ૨૩–કુમુદ અને ૨૪ નલિનાવતી વિજયો. આ ૧૬ વિજયોમાં દરેક વિજયમાં એક ગંગાનદી અને એક સિંધુનદી છે એટલે કુલ ૧૬ ગંગાનદીઓ છે અને ૧૬ સિંધુનદીઓ છે.

આ સિવાયની વિજયોમાં એટલે શીતામહાનદીની દક્ષિણમાં રહેલી ૮ વિજયો–૯–વત્સ, ૧૦–સુવત્સ, ૧૧–મહાવત્સ, ૧૨–વત્સાવતી, ૧૩–રમ્ય, ૧૪–રમ્યક, ૧૫–રમણીય અને ૧૬–મંગલાવતી વિજયો તથા શીતોદા મહાનદીની ઉત્તરમાં રહેલી ૮ વિજયો–૨૫–વપ્ર, ૨૬–સુવપ્ર, ૨૭–મહાવપ્ર, ૨૮–વપ્રાવતી, ૨૯–વલ્ગુ, ૩૦–સુવલ્ગુ, ૩૧–ગંધિલ, અને ૩૨–ગંધિલાવતી વિજયો. આ ૧૬ વિજયોમાં દરેક વિજયમાં એક રક્તાનદી, અને એક રક્તવતી નામની નદીઓ છે. એટલે કુલ ૧૬ રક્તાનદીઓ અને ૧૬ રક્તવતી નામની નદીઓ છે. ૩૮૬

અહીં મહાવિદેહ ક્ષેત્રમાં–૩૨ વિજયો, ૧૬ વક્ષસ્કાર પર્વતો, અને ૬ અંતર નદીઓ બધે સરખા વિસ્તારવાળી છે, જ્યારે જે વનમુખો છે. તે વનમુખો નિષધ પર્વત પાસે અને નીલવંત પર્વત પાસે થોડા વિસ્તારવાળા છે અને શીતા મહાનદી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને શીતોદા મહાનદીના બંને કિનારા પાસે પહોળા–વધારે વિસ્તારવાળા છે. કેમકે જગતીથી રુંધાવાથી આ પ્રમાણે છે.

પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં નિષધ પર્વત અથવા નીલવંત પર્વત પાસેથી આરંભીને જગતી વક્રગતિથી શીતા મહાનદી અને શીતોદા મહાનદી પાસે પહોંચેલી છે, અને જગતીને સ્પર્શીને વનમુખો રહેલા છે. તેથી વર્ષધર પર્વત પાસે થોડી પહોળાઈ અને શીતા–શીતોદા નદી પાસે ઘણી પહોળાઇવાળા છે.

હવે આના સ્વરુપની વિવક્ષા કરવાની ઇચ્છાથી કહે છે. ૩૮૬

**सीयासीओयाणं, उभओ कूलेसु वणमुहा चउरो।**
**उत्तरदाहिणदीहा, पाईणपईणाविच्छिन्ना ॥३८७॥**

છાયા—शीताशीतोदयोरुभयोः कूलेषु वनमुखानि चत्वारि।
उत्तरदक्षिणदीर्घाणि प्राचीनप्रतिचीनविस्तीर्णानि ॥३८७॥

**અર્થ**—શીતા અને શીતોદાના બંને કિનારા ઉપર દક્ષિણ–ઉત્તર લાંબા અને પૂર્વ–પશ્ચિમ પહોળા ચાર વનમુખો છે.

**વિવેચન**—શીતા મહાનદી અને શીતોદા મહાનદીના બંને કિનારા ઉપર એક એક એટલે કુલ ૪ વનમુખો છે. તે આ પ્રમાણે–

એક શીતા મહાનદી અને નીલવંત પર્વતની વચમાં બીજુ શીતા મહાનદી અને નિષધ પર્વતની વચમાં ત્રીજું શીતોદા મહાનદી અને નીલવંત પર્વતની વચમાં અને ચોથું શીતોદા મહાનદી અને નીલવંત પર્વતની વચમાં રહેલા છે.


આ ચારે વનમુખો દક્ષિણ–ઉત્તર લાંબા છે અને પૂર્વ–પશ્ચિમ પહોળા છે. ૩૮૭

તેમાં નિષધ અને નીલવંત પાસે પહોળાઈનું માપ કહે છે.

**अउणावीसइभागं, रुंदा वासहरपव्वयंतेणं।**
**अउणत्तीस सया पुण, बावीसहिया नईजुत्तो ॥३८८॥**

છાયા—एकोनविंशतिभागं रुन्दानि वर्षधरपर्वतांतेन।
एकोनत्रिंशत् शतानि पुनः द्वाविंशत्यधिकानि नदीयुक्ता ॥३८८॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




મહાવિદેહ ક્ષેત્રમાં વનમુખનો દેખાવ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ—વર્ષધર પર્વતના છેડે ઓગણીસમો ભાગ પહોળા છે, જ્યારે નદી પાસે ઓગણત્રીસસો બાવીસ અધિક છે.

વિવેચન—વર્ષધર પર્વતના અંતે એટલે નીષધ પર્વત તથા નીલવંત પર્વતના છેડા-પાસે વનમુખોની પહોળાઇ એક યોજનના ૧૯ મા ભાગ જેટલી પહોળી છે. એટલે ૧ કલા જેટલી પહોળી છે. તે આ પ્રમાણે-

નિષધ પર્વત્રની જીવા ૯૪૧૫૬ યોજન ૨ કલા છે. તેમાંથી નીચે મુજબનાં વિજયાદિના યોજન બાદ કરવા.

| | | |
|---|---|---|
| ૧૬ વિજયોની પહોળાઈ | ૩૫૪૦૬ | યોજન |
| ૮ વક્ષસ્કાર પર્વતોની „ | ૪૦૦૦ | „ |
| ૬ અંતરનદીઓની „ | ૭૫૦ | „ |
| ૨ ગજદંત પર્વતની „ | ૧૦૦૦ | „ |
| દેવકુરુની જીવા | ૫૩૦૦૦ | „ |
| | ૯૪૧૫૬ | |

૯૪૧૫૬ યોજન ૨ કલા
બ—૯૪૧૫૬ યોજન ૦ કલા
૦૦૦૦૦ ૨ કલા

બે કલાની અડધી કરતાં ૧ કલા આવી. એટલે વર્ષધર પર્વત પાસે વનખંડની પહોળાઈ ૧ કલા હોય છે.

જે દિશામાં શીતા મહા નદી અથવા શીતોદા મહા નદી છે, તે તરફ ૨૯૨૨ યોજનના વિસ્તારવાળા વનમુખો છે. ૩૮૮

હવે કહેવાની રીત ઉપયોગી હોવાથી પહેલા કહેલી હોવા છતાં પણ લંબાઇનું માપ ફરીથી કહે છે.

**पंच सए बाणउए, सोलस य हवंति जोयणसहस्सा ।**
**दो य कला अवराओ, आयामेणं मुणेयव्वा ॥३८९॥**

છાયા—पञ्चशतानि द्विनवति (अधिकानि) षोडशश्च भवन्ति योजनसहस्राणि ।
द्वे च कले अपरे आयामेन ज्ञातव्या ॥३८९॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—સોળ હજાર પાંચસો બાણું યોજન અને બે કલા લંબાઇ હોય છે. એમ જાણવું.

**વિવેચન**—ચારે વનમુખો દરેક વનમુખની લંબાઈ ૧૬૫૯૨ યોજન ૨ કલા પ્રમાણ લાંબા છે. એમ જાણવું. ૩૮૯

હવે વનમુખમાં ઇચ્છિત સ્થાનની પહોળાઇ જાણવાની રીત કહે છે.

**जत्थिच्छसि विक्खंभं, सीयाए वणमुहस्स नाउं जे।**
**अउणत्तीससएहिं, बावीसाहिएहिं तं गुणिए ॥३९०॥**
**तं चेव पुणो रासिं, अउणावीसाइ संगुणेऊणं।**
**सुन्निंदियदुगपंचय-एक्कग तिगभागहारो से ॥३९१॥**
**भइएण रासिणा ते-ण एत्थ जं होइ भागलद्धं तु।**
**सो सीयाए वणमुहे, तहिं तहिं होइ विक्खंभो ॥३९२॥**

છાયા—यत्रेच्छसि विष्कम्भं शीताया वनमुखस्य ज्ञातुम् ।
एकोनत्रिंशत् शतैर्द्वाविंशत्यधिकः तत् गुणिते ॥३९०॥
तं चैव पुन राशिमेकोनविंशत्या संगुण्य ।
शून्येन्द्रियद्विकपञ्चकैकक त्रिकभागहारस्तस्य ॥३९१॥
भक्तेन राशिना तेन अत्र यत् भवति भागलब्धं तु ।
स शीताया वनमुखे तत्र तत्र भवति विष्कम्भः ॥३९२॥

**અર્થ**—શીતાના વનમુખમાં જ્યાંનો વિસ્તાર જાણવાની ઇચ્છા હોય તેને ઓગણત્રીસસો બાવીસથી ગુણવા, જે આવે તેને ઓગણીસથી ગુણીને ત્રણ-એક-પાંચ-બે-પાંચ અને શૂન્ય (૩૧૫૨૫૦) થી ભાગવા. જે ભાગાકાર થાય તે ત્યાં ત્યાંનો શીતા નદીના મુખનો વિસ્તાર થાય.

**વિવેચન**—શીતા મહા નદી અથવા શીતોદા મહા નદીની પાસેના વનમુખની પહોળાઈ જાણવાની ઇચ્છા હોય, એટલે નિષધ પર્વત અથવા નીલવંત પર્વતથી શીતા નદી અથવા શીતોદા નદી તરફ જેટલા યોજને ગયા બાદ ત્યાં વનમુખની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેટલી પહોળાઈ? તે જાણવાની ઈચ્છા હોય તે માટે આ પ્રમાણે રીત કરવાથી જાણી શકાશે.

ગાથામાં જ 'जे' શબ્દ મૂકયો છે. તે પાદપૂરણમાં છે, અર્થાત્ તેનો કોઈ અર્થ નથી. વરરુચિએ પોતાના પ્રાકૃત લક્ષણમાં કહ્યું છે કે '**इजेराः पादपूरणे**' ઇ, જે, અને ર પાદપૂર્તિમાં છે.

જેટલા યોજને ગયા ત્યાંનો વિસ્તાર જાણવા,

૧. તેટલા યોજનને ૨૯૨૨ થી ગુણવા.

૨. જે આવે તેની કલારાશી કરવા ૧૯ થી ગુણવા.

૩. જે આવે તેને ૩૧૫૨૫૦ થી ભાગવા.

૪. જે આવે તે ત્યાંનો વિસ્તાર જાણવો.

અહીંયા શૂન્ય, ઇન્દ્રિય આદિથી ભાગવાનું શું તાત્પર્ય છે?

જે લંબાઈની સંખ્યા ૧૬૫૯૨ યોજન ૨ કલા છે. તે ૧૬૫૯૨ યોજનની કલા કરવા માટે ૧૯ થી ગુણીને, પછી ઉપરની ૨ કલા ઉમેરવાથી ૩૧૫૨૫૦ કલા થાય તે ભાગાકાર રાશી જાણવી.

દા. ત., નીષધ પર્વત અથવા નીલવંત પર્વતથી ૧૬૫૯૨ યોજન ૨ કલા દૂર શીતા–શીતોદા નદી પાસે વનમુખનો કેટલો વિસ્તાર હોય તે જાણવો છે. તો પહેલા ૨૯૨૨ થી ગુણવા.

| | |
|---|---|
| ૧૬૫૯૨ યોજન<br>× ૨૯૨૨<br>———<br>૩૩૧૮૪<br>૩૩૧૮૪×<br>૧૪૯૩૨૮××<br>૩૩૧૮૪×××<br>———<br>૪૮૪૮૧૮૨૪ | ૨ કલા<br>× ૨૯૨૨<br>———<br>૫૮૪૪ |

કલા રાશીને ૧૯ થી ગુણવા.

| | |
|---|---|
| ૪૮૪૮૧૮૨૪<br>× ૧૯<br>———<br>૯૨૧૧૫૪૬૫૬ | ૯૨૧૧૫૪૬૫૬<br>+ ૫૮૪૪<br>———<br>૯૨૧૧૬૦૫૦૦<br>આને ૩૧૫૨૫૦ થી ભાગવા. |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |

૩૧૫૨૫૦) ૯૨૧૧૬૦૫૦૦ (૨૯૨૨
૬૩૦૫૦૦
૨૯૦૬૬૦૫
૨૮૩૭૨૫૦
૦૦૬૯૩૫૫૦
૬૩૦૫૦૦
૦૬૩૦૫૦૦
૬૩૦૫૦૦
૦૦૦૦૦૦

નીષધ—નીલવંત પર્વતથી ૧૬૫૯૨ યોજન ૨ કલાએ શીતા–શીતોદા નદી પાસે વનમુખનો વિસ્તાર ૨૯૨૨ યોજન જાણવો. આ પ્રમાણે જે સ્થાનનો વિસ્તાર જાણવો હોય ત્યાં આ પ્રમાણે રીત કરવી. ૩૯૦–૩૯૧–૩૯૨

હવે વિદેહનું સ્વરૂપ કહે છે.

**अविरहियं जिणवरचक्कवट्टिबलदेववासुदेवेहिं ।**
**एयं महाविदेहं, बत्तीसाविजयपविभत्तं ॥३९३॥**

છાયા—अविरहितं जिनवरचक्रवर्तिबलदेववासुदेवैः ।
एतद् महाविदेहं द्वात्रिंशद्विजयप्रविभक्तम् ॥३९३॥

**અર્થ**—જિનેશ્વર, ચક્રવર્તિ, બલદેવ અને વાસુદેવોથી અવિરહિત, બત્રીસ વિજયોના વિભાગવાળુ આ મહાવિદેહ છે.

**વિવેચન**—આ હમણાં વર્ણન કરેલ સ્વરૂપવાળું મહાવિદેહ ક્ષેત્ર ૩૨ વિજયોના વિભાગવાળું, શ્રી જિનેશ્વર, ચક્રવર્તિ, બલદેવ, વાસુદેવોથી અવિરહિત એટલે કાયમ હાજરીવાળુ છે. એટલે ૩૨ વિજયોમાંથી કોઇને કોઈ વિજયમાં અવશ્ય તીર્થંકર, ચક્રવર્તિ, બલદેવ, વાસુદેવ હોય છે જ.

તેમાં જઘન્યથી તીર્થંકરો ૪, ચક્રવર્તિ ૪, બલદેવો ૪ અને વાસુદેવો ૪ તો હોય છે જ. અને ઉત્કૃષ્ટથી તીર્થંકરો ૩૨, ચક્રવર્તિ ૨૮, બલદેવ ૨૮ અને વાસુદેવ ૨૮ હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે આખા જંબૂદ્વીપમાં જઘન્યથી તીર્થંકર, ચક્રવર્તિ, બળદેવ અને વાસુદેવ ૪-૪ તો હોય છે જ, અને ઉત્કૃષ્ટથી તીર્થંકરો ૩૪, ચક્રવર્તિ ૩૦, બલદેવ ૩૦, વાસુદેવ ૩૦ હોય છે,

કહ્યું છે કે 'जंबूद्दीवे णं भंते दीवे जहन्नपए उक्कोसपए वा केवइया तित्थयरा सव्वग्गेणं पन्नत्ता ? गोयमा ! जहन्नपए चत्तारि उक्कोसपए चोत्तीसं तित्थयरा सव्वग्गेणं पन्नत्ता। जंबूद्दीवे णं भंते दीवे केवइया जहन्नपए उक्कोसपए वा चक्कवट्टी सव्वग्गेणं पन्नत्ता ? गोयमा ! जहन्नपए चत्तारि उक्कोसपए तीसं चक्कवट्टी सव्वग्गेणं पन्नत्ता । बलदेवा तत्तिया चेव जत्तिया चक्कवट्टी । वासुदेवाऽवि तत्तिया चेव ।'

હે ભગવન્ ! જંબૂદ્વીપમાં જઘન્ય અથવા ઉત્કૃષ્ટ પદે બધા થઈને કેટલા તીર્થંકરો હોય ? હે ગૌતમ ! જઘન્યથી ૪ અને ઉત્કૃષ્ટથી બધા થઈને ૩૪ તીર્થંકરો હોય છે.

હે ભગવન્ ! જંબૂદ્વીપમાં જઘન્ય અથવા ઉત્કૃષ્ટથી બધા થઈને કેટલા ચક્રવર્તિઓ હોય ? હે ગોતમ ! જઘન્યથી ૪ અને ઉત્કૃષ્ટથી બધા થઈને ૩૦ ચક્રવર્તિઓ હોય છે. આ પ્રમાણે બલદેવો અને વાસુદેવો પણ જઘન્યથી ૪-૪ અને ઉત્કૃષ્ટથી ૩૦-૩૦ હોય છે. ૩૯૩

હવે મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યોનું સ્વરૂપ કહે છે.

## मणुयाण पुव्वकोडी, आऊ पंचूसियाधणुसयाइं ।
## दुसमसुसमाणुभावं, अणुहवंति नरा नियय कालं ॥३९४॥

છાયા—मनुष्याणां पूर्वकोटिरायुः पञ्चोच्छ्रितधनुःशतानि ।
दुषमसुषमानुभावं अनुभवन्ति नरा नियतकालम् ॥३९४॥

**અર્થ**—મનુષ્યો પૂર્વક્રોડ વર્ષનાં આયુષ્યવાળા અને પાંચસો ધનુષ ઉંચા હોય છે. મનુષ્યો હંમેશા દુષમસુષમભાવને અનુભવે છે.

**વિવેચન**—મહાવિદેહ ક્ષેત્રની વિજયોમાં મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષ ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦ વર્ષનું હોય છે અને મનુષ્યોનું શરીર ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ = ૨૦૦૦ હાથ ઉંચાઇવાળું હોય છે. તથા હંમેશા દુષમસુષમા-ચોથા આરાના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવને-દુઃખ થોડું અને સુખ ઘણું. એવા કાળનો અનુભવ ક્ષેત્રસ્વભાવે કરે છે, અર્થાત્ મહાવિદેહ ક્ષેત્રમાં કાયમ એક સરખો ચોથો આરો હોય છે.

ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં ૧ થી ૬ અને ૬ થી ૧ એમ અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના ૬-૬ આરાના ભાવો બદલાયા કરે છે. અર્થાત્ કાયમ એક સરખો કાળ હોતો નથી. આનુ વર્ણન પહેલા ભાગમાં કહી ગયા છીએ. (જુઓ ગાથા ૧૯૫ પૃષ્ઠ ૨૬૬ થી) ૩૯૪

આ પ્રમાણે મહાવિદેહ ક્ષેત્રનું સ્વરૂપ કહ્યું, આ કહેવાથી જંબૂદ્વીપની ક્ષેત્ર પ્રરુપણા થઇ. હવે જંબૂદ્વીપમાં જ ચંદ્ર આદિની સંખ્યા અને તેનું સ્વરૂપ કહે છે.

**दो चंदा दो सूरा, नक्खत्ता खलु हवंति छप्पन्ना।**
**छावत्तरं गहसयं, जंबूद्दीवे वियारी णं ॥३९५॥**
**एगं च सयसहस्सं, तेत्तीसं खलु भवे सहस्सा य।**
**नव य सया पन्नासा, तारागणकोडिकोडीणं ॥३९६॥**

છાયા—द्वौ चन्द्रौ द्वौ सूर्यौ नक्षत्राणि खलु भवन्ति षट्पञ्चाशत् ।
षट्सप्तति (अधिकं) ग्रहशतं जम्बूद्वीपे विचारिणाम् ॥३९५॥
एकं च शतसहस्रं त्रयत्रिंशत् खलु भवन्ति सहस्राणि च।
नव च शतानि पञ्चाशत् (अधिकानि) तारागणकोटिकोटीनाम् ॥३९६॥

**અર્થ**—જંબૂદ્વીપમાં ફરવાવાળા બે ચંદ્ર, બે સૂર્ય, છપ્પન નક્ષત્રો, અને એકસો છોંતેર ગ્રહો છે. તથા એક લાખ તેત્રીસ હજાર નવસો પચાસ કોટાકોટી તારાનો સમુહ રહેલો છે

**વિવેચન**—ભરત આદિ ક્ષેત્રોમાં જેમ મનુષ્યો રહે છે, તેમ ચંદ્ર, સૂર્ય ગ્રહ, નક્ષત્ર અને તારા, આ પાંચને જ્યોતિષચક્ર કહેવાય છે અને તેમાં દેવો નિવાસ કરે છે. તેઓનું શરીર ૭ હાથનું હોય છે.

ચંદ્ર વિમાનમાં રહેલા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ અને એક લાખ વરસનું હોય છે જ્યારે દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૦॥ પલ્યોપમ અને ૫૦૦૦૦ વર્ષનું હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂર્ય વિમાનમાં રહેતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ અને એક હજાર વર્ષનું હોય છે. જ્યારે દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૦ાા પલ્યોપમ અને ૫૦૦ વર્ષનું હોય છે.

ગ્રહ વિમાનમાં રહેતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમનું અને દેવીઓનું ૦ાા પલ્યોપમનું આયુષ્ય હોય છે.

નક્ષત્ર વિમાનમાં રહેતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૦ાા પલ્યોપમનું અને દેવીઓનું ઉત્કૃષ્ટ ૦। પલ્યોપમનું આયુષ્ય હોય છે.

તારાના વિમાનમાં રહેતા દેવોનું ઉત્કૃષ્ટ આયુરય ૦। પલ્યોપમનું અને દેવીઓનું ઉત્કૃષ્ટ ૧/૮ પલ્યોપમનું આયુષ્ય હોય છે.

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર વિમાનમાં રહેતા દેવોનું જઘન્ય આયુષ્ય ૦। પલ્યોપમનું હોય છે. જ્યારે તારાના વિમાનની દેવીઓનું જઘન્ય આયુષ્ય પણ ૧/૮ પલ્યોપમનું હોય છે.

જ્યોતિષ દેવોનું વિશેષ વિસ્તારપૂર્વક સ્વરૂપ બૃહત્સંગ્રહણી ગ્રંથમાં આપેલું છે.

મનુષ્યક્ષેત્રમાં જે ચંદ્ર–સૂર્યાદિ છે તેમના વિમાનો ફરવાવાળા છે, અર્થાત્ સતત પરિભ્રમણ કરનારા છે. જ્યારે મનુષ્ય ક્ષેત્રની બહાર રહેલા ચંદ્ર–સૂર્યાદિના વિમાનો સ્થિર છે અને પ્રમાણમાં અડધા છે.

## જ્યોતિષિના વિમાનનું પ્રમાણ

| | મનુષ્ય ક્ષેત્રમાં | મનુષ્ય ક્ષેત્રની બહાર |
|---|---|---|
| ચંદ્ર | ૫૬/૬૧ યોજન | ૨૮/૬૧ યોજન |
| સૂર્ય | ૪૮/૬૧ યોજન | ૨૪/૬૧ યોજન |
| ગ્રહ= | ૨ ગાઉ | ૧ ગાઉ |
| નક્ષત્ર | ૧ ગાઉ | ૦ાા ગાઉ |
| તારા | ૦ાા ગાઉ | ૦। ગાઉ |

એક યોજનના ૬૧ ભાગ કરીએ તેના ૫૬–૪૮ ભાગ પ્રમાણ ચંદ્ર–સૂર્યનું વિમાન છે. ઉંચાઇમાં બધે વિસ્તારથી અડધા પ્રમાણવાળા હોય છે.

વિમાનનો આકાર અર્ધા કોઠનો ફળ સમાન નીચેથી ગોળ અને ઉપરના ભાગે

= ગ્રહમાં રાહુનું વિમાન બે ગાઉનું છે, મતાંતરે એક યોજન છે.

Jain Education International 	For Personal & Private Use Only 	www.jainelibrary.org

સરખા. ◡ દગસ્ફટિકરત્નમય અને પ્રકાશમય છે. તેથી આટલે દૂરથી આપણે જોઈ શકીએ છીએ.

જંબૂદ્વીપમાં સતત પરિભ્રમણ કરતા ફરતા બે ચંદ્રો, બે સૂર્યો, ૧૭૬ ગ્રહો ૫૬ નક્ષત્રો અને ૧૩૩૯૫૦ કોટાકોટી (૧૩૩૯૫ ઉપર ૧૫ મીંડાં એટલે ૧૩૩૯૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ આટલી સંખ્યા જેટલા તારાનો સમુહ છે.

ઋધ્ધિ વગેરેની અપેક્ષાએ જોતાં ચંદ્ર મહર્દ્ધિક છે. તેથી સામાન્ય ક્રમ પ્રમાણે તો ચંદ્રમંડલો વગેરેનું સ્વરૂપ પ્રથમ કહેવું જોઇએ, તો પણ સમય, અવલિકા, મુહૂર્ત, દિવસ, પક્ષ, મહિનો, અયન, સંવત્સર વગેરે કાળનું માન સૂર્યની ગતિને અવલંબીને રહેલું હોવાથી તેમજ સૂર્યમંડલોનો અધિકાર વિસ્તારવાળો હોવાથી પ્રથમ સૂર્યમંડલના સ્વરૂપનો પ્રારંભ કરવામાં આવે છે.

જ્યોતિષચક્ર સમભૂતલા પૃથ્વીથી ઉંચે ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીમાં એટલે ૧૧૦ યોજનમાં રહેલું છે. તેમાં સમભૂતલાથી ૭૯૦ યોજન ઉંચે તારા, ૮૦૦ યોજન ઉંચે સૂર્ય, ૮૮૦ યોજન ઉંચે ચંદ્ર, ૮૮૪ યોજન ઉંચે નક્ષત્રમંડલ, ૮૮૮ યોજન ઉંચે બુધ આદિ, ૮૯૧ યોજન ઉંચે શુક્ર આદિ, ૮૯૪ યોજન ઉંચે ગુરુ આદિ, ૮૯૭ યોજન ઉંચે મંગલ આદિ અને ૯૦૦ યોજન ઉંચે શનિ આદિ ગ્રહો આવેલા છે.

વળી જ્યોતિષ ચક્ર મેરુ પર્વતથી ઓછામાં ઓછું ૧૧૨૧ યોજન દૂર રહીને મેરુ પર્વતને ફરતું પ્રદક્ષિણાએ ફરે છે.

અહીં સૂર્ય પરિભ્રમણની પ્રરુપણામાં પાંચ દ્વારો છે. ૧–મંડલક્ષેત્રની પ્રરુપણા ૨–મંડલની સંખ્યાની પ્રરુપણા, ૩–અબધા પ્રરુપણા, ૪–મંડલાંતર પ્રરુપણા અને ૫–મંડલમાં ચાર પ્રરુપણા.

**૧. મંડલ ક્ષેત્રની પ્રરુપણા**—મંડલ ક્ષેત્ર એટલે સૂર્યનું સર્વ અભ્યંતર મંડલથી છેલ્લા માંડલા–બાહ્યમંડલ સુધીનું આકાશ–જગ્યા. સૂર્યનું મંડલ ક્ષેત્ર–ચક્રવાલ પહોળાઈ ૫૧૦ ૪૮/૬૧ યોજન એટલે પાંચસો દશ યોજન અને એક યોજનના ૬૧ ભાગ કરીએ તેવા ૪૮ ભાગ જેટલું છે, તે આ પ્રમાણે–

સૂર્યના કુલ માંડલા ૧૮૪ છે. એક એક માંડલું ૪૮/૬૧ યોજન પ્રમાણ છે. એટલે ૪૮/૬૧ ને ૧૮૪ થી ગુણવા.

૪૮/૬૧ × ૧૮૪ = ૮૮૩૨/૬૧ યોજન થયા. આના યોજન કરવા ૬૧ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬૧) ૮૮૩૨ (૧૪૪ યોજન
૬૧
―――
૨૭૩
૨૪૪
―――
૦૨૯૨
૨૪૪
―――
૦૪૮

૧૪૪ $\frac{૪૮}{૬૧}$ યોજન થયા.

કુલ ૧૮૪ માંડલા છે એટલે તેના આંતરા ૧૮૩ થાય. બધે જેટલા માંડલા હોય તેના આંતરા એક ન્યૂન હોય. જેમ ૪ આંગળીયોના આંતરા ૩ પ્રસિદ્ધ છે. તેમ ૧૮૪ માંડલાના આંતરા ૧૮૩ જાણવા.

હવે એક માંડલાથી બીજા માંડલાનું અંતર બે યોજનનું છે. કહ્યું છે કે,

**" सूरमंडलस्स णं भंते ! सुरमंडलस्स केवइए अबाहाए अंतरे पन्नत्ते ? गोयमा ! दो जोयणाइं अबाहाए अंतरे पन्नत्ते । "**

હે ભગવન્! સૂર્ય મંડલથી સૂર્ય મંડલનું બાધા વિના કેટલું અંતર કહ્યું છે? હે ગૌતમ! સૂર્યમંડલથી સૂર્યમંડલનું અંતર બાધા વિનાનું બે.યોજનનું છે. અબાધા એટલે વ્યાઘાત વિના.

૧૮૩ આંતરા બે બે યોજનના છે એટલે ૧૮૩ × ૨ = ૩૬૬ યોજન થયા.

માંડલાની પહોળાઇ અને માંડલાનું અંતર ભેગુ કરતાં ચાર ક્ષેત્ર થાય. તે આ પ્રમાણે—

માંડલાનું અંતર ૩૬૬ યોજન
„ ની પહોળાઈ + ૧૪૪ $\frac{૪૮}{૬૧}$ યોજન
―――――
૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન.

સૂર્યનું મંડલ ચાર ક્ષેત્ર ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન જાણવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂર્ય મંડલનું મંડપ ક્ષેત્ર લાવવાની બીજી રીત.

સૂર્ય વિમાનનો વિષ્કંભ ૪૮/૬૧ યોજન પ્રમાણ હોવાથી અને સૂર્ય મંડલો ૧૮૪ હોવાથી, તે મંડલ સંખ્યાના એકસઠિયા ભાગ કાઢવા એક મંડલના એકસઠિયા ૪૮ ભાગથી ગુણવા. જે આવે તે સંખ્યા એક બાજુ મૂકવી.

પછી ૧૮૪ માંડલાના ૧૮૩ આંતરાના એકસઠિયા ભાગ કાઢવા. પ્રત્યેક અંતરનું પ્રમાણ બે યોજન છે તેના તે આંતરા સાથે ગુણવા. પછી અંતરના ક્ષેત્રના એકસઠિયા ભાગોની જે સંખ્યા આવે તેમાં પહેલા કાઢેલ ૧૮૪ મંડલો સંબંધી વિષ્કંભના એકસઠિયા ભાગો ઉમેરવા. જે સંખ્યા આવે તેના યોજન કરવા માટે ૬૧ થી ભાગવા. જે આવે તે સૂર્યનું મંડલક્ષેત્ર. તે આ પ્રમાણે.

૧૮૪ × ૪૮ = ૮૮૩૨ ભાગો વિમાનના વિસ્તારના

૧૮૩ × ૨ = ૩૬૬ યોજન અંતર ક્ષેત્ર વિસ્તારના.

એકસઠિયા ભાગ કરવા ૩૬૬ને ૬૧ થી ગુણતા.

```
   ૩૬૬
 ×  ૬૧
 ------
   ૩૬૬
 ૨૧૯૬×
 ------
 ૨૨૩૨૬  એકસઠિયા ભાગ

૬૧) ૩૧૧૫૮ (૫૧૦ યોજન
    ૩૦૫
    ----
    ૦૦૬૫
      ૬૧
    ----
     ૦૪૮
```

```
    ૮૮૩૨
 + ૨૨૩૨૬
 --------
   ૩૧૧૫૮  એકસઠિયા ભાગ
```

યોજન કરવા ૬૧ થી ભાગવા.

સૂર્ય મંડલનું ચાર ક્ષેત્ર

૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન આવે

**મંડલ એટલે શું ?** સૂર્ય કે ચંદ્ર મેરુ પર્વતથી ઓછામાં ઓછા ૪૪૮૨૦ યોજન દૂર રહીને મેરુ પર્વતને પ્રદક્ષિણાના ક્રમથી સંપૂર્ણ ફરી રહે. તે પ્રદક્ષિણાની પંક્તિને એક મંડલ કહેવાય છે.

આ સૂર્ય કે ચંદ્રના મંડલો ત્યાં ને ત્યાં જ રહેવાવાળા કાયમી મંડલો જેવા સ્વતંત્ર મંડલો નથી. પણ સમભૂતલા પૃથ્વીથી સૂર્ય ૮૦૦ યોજન ઉંચે રહીને અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org


ચંદ્ર ૮૮૦ યોજન ઉંચે રહીને એટલે એટલી ઉંચાઈએ પોત પોતાના વિમાનની પહોળાઇના પ્રમાણ જેટલું ક્ષેત્ર રોકતા જાય અને જે વલય વડે તે વલયને મંડલ કહેવાય. અર્થાત્ સૂર્ય-ચંદ્રનો મેરુ પર્વતને પ્રદક્ષિણા આપવા પૂર્વક ફરવાનો જે ચક્રાકારે જે નિયત માર્ગ તે મંડલ કહેવાય.

સૂર્યના આવા ૧૮૪ મંડલો છે અને ચંદ્રના ૧૫ મંડલો છે.

દક્ષિણાયન અને ઉત્તરાયન વિભાગો, દિવસ અને રાત્રીના પ્રમાણમાં ઓછા-વત્તાપણું, સૌરમાસ, ચંદ્રમાસ, વગેરેની વ્યવસ્થા વગેરે આ સૂર્ય-ચંદ્રના મંડલોને આધારે ઉત્પન્ન થાય છે.

## સૂર્ય-ચંદ્રના મંડલ ક્ષેત્રનું ચિત્ર

(સર્વ અભ્યન્તર મંડલથી સર્વ બાહ્ય મંડલ સુધી ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન)




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**૨. મંડલ સંખ્યા પ્રરુપણા**—હવે મંડલની સંખ્યા કેટલી છે? તેની પ્રરુપણા થાય છે.

બધા થઇને સૂર્યના ૧૮૪ મંડલો છે. કહ્યું છે કે—

**'कइणं भंते सूरमंडला पन्नत्ता ? गोयमा ! चउरासीए मंडलसए पन्नत्ते ।'**

હે ભગવન્! સૂર્ય મંડલો કેટલાં કહ્યાં છે? હે ગૌતમ! ૧૮૪ મંડલો કહ્યા છે. તેમાં ૬૫ મંડલો જંબૂદ્વીપમાં છે અને બાકીના ૧૧૯ મંડલો લવણ સમુદ્રમાં છે. કહ્યું છે કે—

**'जंबूद्दीवेणं भंते दीवे केवइयं ओगाहित्ता केवइया सूरमंडला पन्नत्ता? गोयमा! जंबूद्दीवे णं असीयं जोयणसयं ओगाहित्ता एत्थ णं पन्नट्ठी सूरमंडला पन्नत्ता। लवणे णं भंते! समुद्दे केवइयं ओगाहित्ता केवइया सूरमंडला पन्नत्ता ? गोयमा ! लवणे णं समुद्दे तिन्नि तीसे जोयण सए ओगाहित्ता एत्थ णं एगुणवीसे मंडलसए पन्नत्ते। एवमेव सपुव्वावरेण जंबूद्दीवे लवणे समुद्द एगे चुलसीए मंडलसए भवतीति मक्खायं ॥'**

હે ભગવન્! જંબૂદ્વીપમાં કેટલું અવગાહીને સૂર્યના મંડલો છે?

હે ગૌતમ! જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અવગાહીને સૂર્યના ૬૫ મંડલો રહેલા છે.

હે ભગવન્! લવણ સમુદ્રમાં કેટલું અવગાહીને સૂર્યના મંડલો રહેલા છે?

હે ગૌતમ! લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન અવગાહીને સૂર્યના ૧૧૯ મંડલો રહેલા છે.

આ પ્રમાણે જંબૂદ્વીપમાં અને લવણ સમુદ્રમાં પૂર્વથી પશ્ચિમ દિશા સુધીમાં સૂર્યના કુલ ૧૮૪ મંડલો છે.

અહીં શંકા થશે કે જંબૂદ્વીપમાં સૂર્યના ૬૫ મંડલો કહ્યા છે. તો તેના આંતરા ૬૪ થાય. હવે ૬૪ આંતરા અને સૂર્યનો વિષ્કંભ ભેગો કરીએ તો—

$$૪૮/૬૧ \times ૬૫ = ૩૧૨૦/૬૧ = ૫૧\frac{૯}{૬૧} \text{ યોજન} \quad ૬૪\times૨=૧૨૮$$

$$૫૧\frac{૯}{૬૧} + ૧૨૮ = ૧૭૯\frac{૯}{૬૧}$$ યોજન થાય છે. જ્યારે અહીં ૧૮૦ યોજન કહ્યા, તો તે કેમ ઘટે?

સમાધાનમાં એમ સમજવું કે ૬૫મું મંડલ પૂર્ણ કયા સ્થાને થાય છે? તો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org


જંબૂદ્વીપની ૪ યોજન પહોળી એવી જે પર્યંત જગતીના ૫૨/૬૧ ભાગ બાકી રહે ત્યાં પૂર્ણ થાય છે અને ત્યાં સુધીમાં તો ૧૭૯$\frac{૯}{૬૧}$ યોજન ક્ષેત્ર થાય.

હવે ૬૫ મું મંડલ પૂર્ણ થયું અને જંબૂદ્વીપની જગતી ઉપર જ ૬૬ માં મંડલનો પ્રારંભ થયો તથા જગતી ઉપર ૫૨/૬૧ યોજન ફરે ત્યાં જગતી પૂર્ણ થાય. અને જંબૂદ્વીપની જગતીથી ૧$\frac{૯}{૬૧}$ યોજન જેટલું લવણ સમુદ્રમાં દૂર જાય ત્યાં ૬૬મું મંડલ પૂર્ણ થયું કહેવાય. (૬૬ મા મંડલનું જંબૂદ્વીપની જગતીનાં ૫૨/૬૧ ભાગ ક્ષેત્ર અને લવણ સમુદ્રગત ૧$\frac{૯}{૬૧}$ ભાગ ક્ષેત્ર મેળવતાં ૬૫માં મંડલથી ૬૬મા મંડલ વચ્ચેનું ૨ યોજન ક્ષેત્ર મળી રહેશે.)

## સૂર્યમંડલ અને તેના આંતરા

### (૧૮૪ મંડલ ૧૮૩ આંતરા)

જંબૂદ્વીપમાં–૬૫, લવણ સમુદ્રમાં ૧૧૮ માંડલા




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વે ૬૫ મંડલોનું જંબૂદ્વીપગત થતું ક્ષેત્ર ૧૭૯ $\frac{૯}{૬૧}$ યોજન તેમાં ૬૬માં મંડલથી રોકાતું જગતીનું ક્ષેત્ર ૫૨/૬૧ યોજન ઉમેરતાં ૧૮૦ યોજન પૂર્ણ થાય.

આ પ્રમાણે બાકીના ૧૧૯ સૂર્યમંડલો (૧૧૯ × ૨$\frac{૪૮}{૬૧}$ = ૩૩૧ $\frac{૩૯}{૬૧}$ − $\frac{૫૨}{૬૧}$ = ૩૩૦ $\frac{૪૮}{૬૧}$ ) લવણ સમુદ્રગત ૩૩૦ $\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્ર રોકીને રહેલા છે. જંબૂદ્વીપગત અને લવણસમુદ્રગત મંડલોની સંખ્યાનો અને બન્નેવર્તિ ક્ષેત્રનો સરવાળો કરીએ તો ૧૮૪ મંડલોનું ૫૧૦$\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્ર બરાબર મળી રહે છે.

૨. **અબાધા પ્રરુપણા**—અહીં અબાધા ત્રણ પ્રકારે કહેવાની છે.

(૧) મેરુ પર્વતની અપેક્ષાએ સામાન્યથી સૂર્યમંડલની અબાધા,

(૨) મેરુ પર્વતની અપેક્ષાએ દરેક મંડલની અબાધા,

(૩) બન્ને સૂર્યની પરસ્પર મંડલની અબાધા.

**(૧) મેરુ પર્વતની અપેક્ષાએ સામાન્યથી અબાધા**—મેરુ પર્વતની અપેક્ષાએ સામાન્યથી મંડલક્ષેત્રની અબાધાનું સ્વરૂપ આ પ્રમાણે છે—

આ જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી સૂર્યનું સર્વ અભ્યંતર એટલે સૌથી નજીકનું મંડલ. જગતીથી અંદરના ભાગમાં ૧૮૦ યોજને રહેલું છે. તેથી એક બાજુના ૧૮૦ યોજન અને બીજી બાજુના ૧૮૦ યોજન કુલ ૩૬૦ યોજન જંબૂદ્વીપના વિસ્તારમાંથી બાદ કરવા.

```
      ૧૦૦૦૦૦ યોજન જંબૂદ્વીપનો વિસ્તાર
બા—      ૩૬૦  ,,
      ───────
      ૦૯૯૬૪૦  ,,
```

મેરુ પર્વતનો વિસ્તાર ૧૦૦૦૦ યોજન પ્રમાણ છે. પણ જોકે મંડલની સમશ્રેણીએ તો (એટલ સમભૂતલા પૃથ્વીથી સૂર્યના મંડલ ૮૦૦ યોજન ઉંચે છે.) ત્યાં મેરુ પર્વતનો વિસ્તાર ૧૦૦૦૦ યોજન હોતો નથી પણ ઓછો હોય છે. કેમ કે કહ્યું છે કે એક એક યોજન ઉંચે ૧/૧૧ યોજન પ્રમાણ વિસ્તાર ઓછો થતો જાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે ૮૦૦ યોજન ઉંચે ૭૨ $\frac{૮}{૧૧}$ યોજન ૧૦૦૦૦ યોજન વિસ્તારમાંથી ઓછા થાય.

એટલે ૯૯૨૭ $\frac{૩}{૧૧}$ યોજન વિસ્તાર મેરુ પર્વતનો હોય છતાં પણ જમીન ઉપર તો ૧૦૦૦૦ યોજન વિસ્તાર છે. તેથી વ્યવહારથી ૧૦૦૦૦ યોજનની વિવક્ષા કરવામાં આવી છે. એટલે ૯૯૬૪૦માંથી ૧૦૦૦૦ યોજન ઓછા કરવા.

 ૯૯૬૪૦
— ૧૦૦૦૦

૮૯૬૪૦ યોજન રહ્યા. આના અડધા કરતાં ૪૪૮૨૦ યોજન આવ્યા.

આથી મેરુ પર્વતથી સર્વ અભ્યંતર મંડલ ૪૪૮૨૦ યોજન દૂર રહેલું છે. એટલે મેરુ પર્વતથી ૪૪૮૨૦ યોજન અબાધા છે. (આનાથી નજીક સૂર્ય—ચંદ્ર—ગ્રહ—નક્ષત્ર આવતા નથી પણ તારાના વિમાનોની અબાધા તો ૧૧૨૧ યોજન કહેલી છે તેથી તારાના વિમાનો ૧૧૨૧ યોજનથી વધુ નજીક હોતા નથી.) અર્થાત્ તારાના વિમાનો ઓછામાં ઓછા મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂર હોય છે.

ઉપર જણાવેલ જગતીથી ૧૮૦ યોજન અંદર અને મેરુ પર્વતથી ૪૪૮૨૦ યોજન દૂર સર્વ અભ્યંતર મંડલ છે. અને તે સર્વ અભ્યંતર મંડલની ઉત્પત્તિ ક્ષણે જ પ્રાપ્ત થાય છે એમ સમજવું. પણ ચારે બાજુએ યથાર્થ ન સમજવું પણ બીજે બધે થોડું થોડું અંતર વધતું જાય છે.

આથી એ સ્પષ્ટ થાય છે કે જ્યારે સર્વ અભ્યંતર મંડલનો (ઉત્તરાયણને સમાપ્ત કરીને દક્ષિણાયનના પહેલા મંડલને આરંભતા) ભરતક્ષેત્રનો ભારત સૂર્ય મેરુ પર્વતથી અગ્નિ ખૂણામાં નિષધ પર્વત ઉપર મેરુ પર્વતથી ૪૪૮૨૦ યોજન દૂર રહ્યો હોય ત્યારે તેની સામી બાજુમાં વાયવ્ય ખૂણામાં તીરછી સમશ્રેણીએ ઐરવતક્ષેત્રનો ઐરવતસૂર્ય નીલવંત પર્વત ઉપર મેરુપર્વતથી ૪૪૮૨૦ યોજન દૂર હોય છે. કહ્યું છે કે,

**'जंबूद्दीवे णं भंते दीवे मंदरस्स पव्वयस्स केवइयं अबाहाए सव्वब्भंतरे सूरमंडले पन्नत्ते ? गोयमा ! चत्तालीसं जोयणसहस्साइं अट्ठ सए वीसे जोयणस्स अबाहाए सव्वब्भंतरे (सूरमंडले) पन्नत्ते ॥'**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ભગવન્! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલે દૂર સૂર્યનું સર્વ અભ્યંતર મંડલ છે?

હે ગૌતમ! સૂર્યનું સર્વ અભ્યંતર મંડલ (મેરુ પર્વતથી) ૪૪૮૨૦ યોજન દૂર છે.

**(૨) મેરુ પર્વતથી દરેક મંડલનું અંતર**—સામાન્યથી મેરુ પર્વતથી જે સર્વ અભ્યંતર મંડલનું અંતર ૪૪૮૨૦ યોજન કહ્યું છે, તે જ પહેલું મંડલ છે. સર્વ અભ્યંતર મંડલ એ મંડલક્ષેત્રની મર્યાદા કરનારું છે.

સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલનું અંતર મેરુ પર્વતથી ૪૪૮૨૨$\frac{૪૮}{૬૧}$યોજનછે.

સર્વ અભ્યંતર મંડલથી ત્રીજા મંડલનું અંતર મેરુ પર્વતથી ૪૪૮૨૫$\frac{૩૫}{૧૬}$યોજનછે.

આ પ્રમાણે દરેક મંડલથી બીજા મંડલનું અંતર ૨$\frac{૪૮}{૬૧}$ યોજન પ્રમાણ છે.

એટલે મેરુ પર્વતથી ૪૪૮૨૦ યોજન અંતરમાં દરેક મંડલમાં ૨$\frac{૪૮}{૬૧}$ યોજન ઉમેરતાં મેરુ પર્વતથી તે મંડલનું અંતર આવે. યાવત્ છેલ્લું સર્વ બાહ્ય મંડલનું અંતર મેરુ પર્વતથી ૪૫૩૩૦ યોજનથી અધિક છે.

એક મંડલથી બીજા મંડલનું અંતર ૨$\frac{૪૮}{૬૧}$ યોજન કહેવાનું કારણ એ છે કે સર્વ અભ્યંતર મંડલના અંતીમ ભાગથી લઇને બીજું મંડલ ૨ યોજન દૂર છે અને બીજા મંડલનો સૂર્ય વિમાનનો ૪૮/૬૧મો ભાગ આંતરામાં ભેગો લેવાનો છે, તેથી એક મંડલથી બીજા મંડલનું અંતર ૨$\frac{૪૮}{૬૧}$ યોજન વધારતા જવું. એમ છેલ્લું મંડલ મેરુ પર્વતની ૪૫૩૩૦$\frac{૪૮}{૬૧}$ યોજનના અંતરે આવે. તે સર્વ બાહ્ય મંડલના પ્રથમ ક્ષણે જાણવું.

આ વખતે એટલે ભારત સૂર્ય સર્વ બાહ્ય મંડલે મેરુ પર્વતથી ૪૫૩૩૦ યોજન દૂર અગ્નિ ખૂણે હોય ત્યારે તેની બરાબર સામે વાયવ્ય ખૂણે ઐરવત સૂર્ય પણ મેરુ પર્વતથી ૪૫૩૩૦ યોજન દૂર હોય છે. કહ્યું છે કે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'जंबूद्दीवे णं भंते दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्वबाहिरे सूरमंडले पन्नत्ते ? गोयमा ! पणयालीसं जोयणसहस्साइं तिन्नि य तीसे जोयणसए अबाहाए सव्वबाहिरे सूरमंडले पन्नत्ते ॥'

હે ભગવન્! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલા અંતરે સૂર્યનું સર્વ બાહ્યમંડલ છે?

હે ગૌતમ! સૂર્યનું સર્વ બાહ્યમંડલ ૪૫૩૩૦ યોજન દૂર છે.

(૩) **બન્ને સૂર્યની પરસ્પર મંડલની અબાધા**—હવે મંડલે મંડલે સૂર્યનું પરસ્પર અંતર–એટલે દરેક મંડલે એક સૂર્યથી બીજા સૂર્યનું અંતર કેટલું હોય છે તે કહે છે.

જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં પ્રવેશ કરીને ગતિનો પ્રારંભ કરે છે ત્યારે એક સૂર્ય મેરુ પર્વતથી અગ્નિ ખૂણામાં હોય ત્યારે બીજો સૂર્ય મેરુ પર્વતથી વાયવ્ય ખૂણામાં હોય છે, ત્યારે સમશ્રેણીએ એક સૂર્યથી બીજા સૂર્યનું સર્વ અભ્યંતર મંડલે અંતર ૯૯૬૪૦ યોજન હોય છે. તે આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| મેરુ પર્વતથી ભારત સૂર્યનું અંતર | ૪૪૮૨૦ | યોજન |
| ,, ,, ઐરવત ,, ,, | ૪૪૮૨૦ | ,, |
| ,, ,, નો વિસ્તાર | ૧૦૦૦૦ | ,, |
| | ૯૯૬૪૦ | ,, |

એક સૂર્યથી બીજા સૂર્યનું અભ્યંતર મંડલે ૯૯૬૪૦ યોજનનું અંતર હોય છે. તે પછી બીજા મંડલમાં પ્રવેશે ત્યારે એક બાજુના ૨$\frac{૪૮}{૬૧}$ યોજન અને બીજી તરફના ૨$\frac{૪૮}{૬૧}$ યોજન સૂર્ય દૂર જાય, એટલે બન્ને બાજુના થઇને ૫$\frac{૩૫}{૬૧}$ યોજન અંતર વધે. દરેક મંડલે મંડલે ૫$\frac{૩૫}{૬૧}$ યોજન અંતર વધતું[૧] જાય.

૧–જ્યારે સૂર્ય વિમાનો ઉત્તર–દક્ષિણમાં રહેલા હોય ત્યારે કંઈક અધિક અંતરવાળા હોય છે, કેમ કે પૂર્વ–પશ્ચિમવર્તિ સૂર્ય પોતપોતાના મંડલના સ્થાનેથી પ્રથમ ક્ષણે ગતિ કરે ત્યારે કોઇ એવા પ્રકારનાં ગતિ કરતા દૂર–દૂર ખસતા–ગમન કરતા હોય છે કે, ત્રીજે દિવસે બાજુના મંડલની કિનારી ઉપર બે યોજન દૂર પહોંચી જાય છે. જો આવા પ્રકારની ગતિ કરતા ન હોય તો, જે સ્થાનેથી ગતિ કરી તે જ સ્થાને પાછા ગોળાકારે ફરીને આવી જાય. પણ આમ બનતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભ્યંતર મંડલથી બીજા મંડલે હોય ત્યારે ૯૯૬૪૫$\frac{૩૫}{૬૧}$ યોજન અંતર,

" " ત્રીજા " " " ૯૯૬૫૧$\frac{૯}{૬૧}$ " "

" " ચોથા " " " ૯૯૬૫૬$\frac{૪૪}{૬૧}$ " "

યાવત્ ૧૮૪માં સર્વ બાહ્ય મંડલે બન્ને સૂર્ય ગતિ કરતા હોય ત્યારે એક સૂર્યથી બીજા સૂર્યનું અંતર ૧૦૦૬૬૦ યોજન હોય છે. તે આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| મેરુ પર્વતથી ભારત સૂર્ય સર્વ બાહ્ય મંડલે | ૪૫૩૩૦ | યોજને છે. |
| " " ઐરવત " " " " | ૪૫૩૩૦ | " |
| " " ના | ૧૦૦૦૦ | " |
| | ૧૦૦૬૬૦ | " |

સર્વ બાહ્યમંડલે એક સૂર્યથી બીજા સૂર્યનું અંતર ૧૦૦૬૬૦ યોજન હોય છે.

મંડલના પ્રારંભથી ૪૫૩૩૦ યોજન દૂર જાય ત્યારે જ આ અંતર આવે. ભારત સૂર્ય મેરુ પર્વતથી ૪૫૩૩૦ યોજન દૂર હોય ત્યારે ઐરવત સૂર્ય પણ મેરુ પર્વતથી ૪૫૩૩૦ યોજન દૂર હોય ત્યારે ઉત્કૃષ્ટ અંતર સમજવું. કેમ કે છેલ્લા મંડલ ક્ષેત્રનું પ્રમાણ જે ૪૮/૬૧ યોજન સૂર્યના વિમાનથી રોકાય છે, તે ગણવાનું નહિ હોવાથી ૧૮૩–૧૮૩ મંડલે બન્ને બાજુનું ક્ષેત્ર ૫૧૦+૫૧૦=૧૦૨૦ યોજન ક્ષેત્ર થાય. તેમાં મેરુ પર્વતની અપેક્ષાએ વ્યાઘાતિક સર્વ અભ્યંતર મંડલનું અંતર જે ૯૯૬૪૦ યોજન છે તે ઉમેરતાં ૧૦૦૬૬૦ યોજન થાય. તે આ પ્રમાણે

૧૦૨૦+૯૯૬૪૦=૧૦૦૬૬૦ યોજન.

સર્વ બાહ્ય મંડલે એક સૂર્યથી બીજા સૂર્યનું અંતર ૧૦૦૬૬૦ યોજન જાણવું. આ વખતે ભારત સૂર્ય મેરુ પર્વતથી અગ્નિ ખૂણામાં ૪૫૩૩૦ યોજન લવણ સમુદ્ર ઉપર સર્વ બાહ્યમંડલે હોય છે. અને ઐરવત સૂર્ય સમશ્રેણીએ મેરુ પર્વતથી વાયવ્ય ખૂણામાં મેરુ પર્વતથી ૪૫૩૩૦ યોજન લવણ સમુદ્ર ઉપર હોય છે.

આ રીતે સર્વ બાહ્યમંડલે બન્ને બાજુએ રહેલા લવણ સમુદ્રગત સૂર્યો જ્યારે પાછા ફરે એટલે અંદરના મંડલમાં પ્રવેશે ત્યારે દરેક મંડલે મંડલે ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંતર ઓછું થાય, એટલે ૫$\frac{૩૫}{૬૧}$ યોજનની હાની કરવી. મેરુ પર્વતના વ્યાઘાત સાથે

૧૦૦૬૬૦ યોજન સર્વ બાહ્યમંડલે અંતર

— ૫$\frac{૩૫}{૬૧}$

૧૦૦૬૫૪$\frac{૩૫}{૬૧}$ યોજન ૧૮૩માં મંડલે અંતર હોય.

આ પ્રમાણે મંડલે મંડલે ૫$\frac{૨૬}{૬૧}$ યોજન હાની કરતા કરતા યાવત્ સર્વ અભ્યંતર મંડલે સૂર્યથી સૂર્યનું અંતર ૯૯૬૪૦ યોજનનું આવે.

(૪) **મંડલાંતર પ્રરુપણા**—હવે એક મંડલથી બીજા મંડલના અંતરની પ્રરૂપણ કરાય છે. તેમાં મંડલનું અંતર બે યોજન છે. તે આ પ્રમાણે—

સૂર્યના મંડલો ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજનમાં રહેલા છે.

સૂર્યના ૧૮૪ મંડલો છે. ૪૮/૬૧ યોજન સૂર્યના વિમાનના માપને મંડલ સંખ્યા ૧૮૪ થી ગુણીને ચાર ક્ષેત્રમાંથી બાદ કરીને જે શેષ રહે તેને આંતરાની સંખ્યા ૧૮૩ થી ભાગતા જે આવે તે અંતર સમજવું.

૫૧૦ યોજનના એકસઠિયા ભાગ કરવા ૬૧ થી ગુણવા અને ૪૮ ઉમેરવા.

| | |
|---|---|
| ૫૧૦<br>× ૬૧<br>———<br>૫૧૦<br>૩૦૬૦×<br>———<br>૩૧૧૧૦<br>+ ૪૮<br>———<br>૩૧૧૫૮ ચાર ક્ષેત્રના એકસઠિયા ભાગ. | ૧૮૪<br>× ૪૮<br>———<br>૧૪૭૨<br>૭૩૬×<br>———<br>૮૮૩૨ માંડલાઓમાં વિમાનથી રોકાતા ક્ષેત્રના એકસઠિયા ભાગ, ચાર ક્ષેત્રમાંથી બાદ કરવા. |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
  ૩૧૧૫૮
 ૭– ૮૮૩૨
 ───────
```

૨૨૩૨૬ ક્ષેત્રાંશ થયા. આંતરા ૧૮૩ હોવાથી દરેકનું અંતર લાવવા માટે ૧૮૩ થી ભાગવા. તેટલા એકસઠિયા ભાગ જાણવા.

```
૧૮૩) ૨૨૩૨૬ (૧૨૨   એકસઠિયા ભાગ આના યોજન કરવા
     ૧૮૩          ૬૧ થી ભાગવા.
     ────
     ૦૪૦૨              ૬૧) ૧૨૨ (૨ યોજન
      ૩૬૬                  ૧૨૨
     ────                  ───
      ૦૩૬૬                 ૦૦૦
       ૩૬૬
      ────
       ૦૦૦
```

દરેક મંડલનું અંતર ૨ યોજન જાણવું.

**૫. મંડલગતિ પ્રરુપણા**—મંડલચાર પ્રરુપણાના સાત દ્વારો છે. ૧–પ્રતિવર્ષ મંડલમાં સૂર્ય ગતિની સંખ્યા, ૨–વર્ષમાં દરરોજ રાત્રિ દિવસનું પ્રમાણ, ૩–દરેક મંડલે ક્ષેત્ર વિભાગથી દિવસ–રાત્રિનું પ્રમાણ, ૪–મંડલની પરિધિનું પ્રમાણ, ૫–મંડલે મંડલે પ્રતિમુહૂર્તગતિની પ્રરુપણા, ૬–પ્રતિમંડલે દષ્ટિપથની પ્રરુપણા, અને ૭–અર્ધ મંડલમાં સૂર્યની સ્થિતિ.

**(૧) પ્રતિવર્ષ મંડલમાં સૂર્યગતિની સંખ્યા**—અહીં જ્યારે સર્વ અભ્યંતર મંડલના બીજા મંડલમાં આવીને સૂર્ય ગતિ કરે છે, ત્યારે સૂર્ય સંવત્સરનો પહેલો દિવસ થાય છે. કહ્યું છે કે,


**‘ से निक्खममाणे सूरिए नवसंवच्छरं आरभमाणे पढमम्मि अहोरत्तम्मि अभिंतरानंतरे मंडले उवसंकमित्ता चारं चरइ ॥ ’**

સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાંથી નીકળીને બાજુના મંડલમાં પ્રવેશ કરીને ગતિ કરે છે ત્યારે નૂતન વર્ષનો આરંભ કરતી પહેલી અહોરાત્રી થાય છે. એટલે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાંથી બહાર નીકળે છે અને બીજા મંડલમાં પ્રવેશે છે, ત્યારે નૂતન વર્ષનો સૂર્ય સંવત્સરનો પ્રારંભ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાર પછી એક એક અહોરાત્રિએ એક એક બાજુ બાજુના મંડલમાં સૂર્ય પ્રવેશ કરતાં જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલમાં આવે છે. એટલે અભ્યંતર મંડલની અપેક્ષાએ બીજું, ત્રીજું મંડલ ગણતા ૧૮૩માં મંડલમાં સૂર્ય ગતિ કરતો હોય છે ત્યારે સૂર્ય-સંવત્સરના પહેલા છ મહિના પ્રતિપૂર્ણ થાય છે.

ત્યાર પછી બીજી અહોરાત્રિએ સર્વ બાહ્યમંડલમાંથી અંદરની બાજુના મંડલમાં બીજા મંડલમાં સૂર્ય સંક્રાંત થાય એટલે બીજા મંડલમાં સૂર્ય આવે ત્યારે સૂર્યસંવત્સરના બીજા છ મહિનાનો પહેલો દિવસ થાય. ત્યાર પછી એક એક અહોરાત્રિએ






Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાજુ બાજુના મંડલમાં અંદર આવતો–પ્રવેશ કરતો સૂર્ય જ્યારે સર્વ અભ્યંતર મંડલમાં–એટલે સર્વ બાહ્ય મંડલથી ગણતા ૧૮૩ માં મંડલમાં પ્રવેશ કરે ત્યારે પ્રતિપૂર્ણ એક સૂર્યસંવત્સર થાય છે.

આવા એક સૂર્યસંવત્સરમાં ૩૬૬ દિવસમાં સર્વ અભ્યંતર મંડલ અને સર્વ–બાહ્ય મંડલ–(આ બે મંડલ)માં સૂર્ય એકજ વાર ગતિ કરે છે, જ્યારે બાકીના ૧૮૨ મંડલોમાં એક વાર જવાના અને એકવાર પાછા આવવા રૂપ બે બે વાર ગતિ કરે છે. એટલે એકવાર મંડલમાંથી નીકળે ત્યારે અને એકવાર મંડલમાં પ્રવેશે ત્યારે એમ બે વાર ગતિ કરે. જ્યારે પહેલા મંડલમાં નીકળવારૂપ અને છેલ્લામાં પ્રવેશ કરવા રૂપ એકવાર ગતિ કરે છે. કહ્યું છે કે,–

**'जया णं सूरिए सव्वब्भंतराओ मंडलाओ सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, सव्वबाहिराओ य मंडलाओ सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ। एस णं अद्धाकेवइणं राइंदियग्गेणं आहियत्तिवएज्ञा ता तिन्नि छावट्ठे राइंदियसए राइंदियग्गेणं आहियत्तिवएज्ञा ता एयाए णं अद्धाए सूरिए कइ मंडलाइं चरति सा चुलसीयं मंडलसयं चरइ बासी य मंडलसयं दुक्खत्तो चरइ तं जहा निक्खममाणे चेव पविसमाणे चेव। दुवे य खलु मंडलाइं सइ चरति, तं जहा सव्वब्भंतरं चेव मंडलं सव्वबाहिरं चेव मंडलं।'**


જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાંથી સર્વબાહ્ય મંડલમાં જઇને ગતિ કરે અને સર્વબાહ્ય મંડલમાંથી સર્વ અભ્યંતર મંડલમાં આવીને ગતિ કરે છે. આમાં કેટલી રાત્રી–દિવસનો કાળ થાય ? ત્યારે ૩૬૬ રાત્રિ–દિવસનો કાળ થાય.

આટલા કાળમાં સૂર્ય કેટલા મંડલોમાં ફરે છે ? તેટલા કાળમાં ૧૮૪ મંડલમાં સૂર્ય ફરે છે. તેમાં ૧૮૨ મંડલોમાં સૂર્ય બે વાર ફરે છે. એક વખત નીકળતા અને એક વાર પ્રવેશતાં જ્યારે સર્વ અભ્યંતર મંડલમાં અને સર્વ બાહ્ય મંડલમાં આ બે મંડલમાં સૂર્ય એકવાર ફરે છે.

સર્વ અભ્યંતર મંડલમાં એક સૂર્ય નિષધ પર્વત ઉપર એટલે મેરુ પર્વતની અપેક્ષાએ અગ્નિ ખૂણામાં હોય છે, ત્યારે તે સૂર્ય મેરુ પર્વતથી દક્ષિણ દિશા તરફ રહેલા ભરતાદિ ક્ષેત્રોને પ્રકાશિત કરે છે. અને બીજો સૂર્ય તે વખતે તેની સામે નીલવંત પર્વત ઉપર વાયવ્ય ખૂણામાં હોય છે ત્યારે તે સૂર્ય મેરુ પર્વતથી ઉત્તર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ભારત સૂર્ય અને ઐરવત સૂર્ય
### દક્ષિણાયન કરતા
### [અભ્યન્તર મંડળથી બાહ્યમંડળે જતા]




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિશા તરફ રહેલા ઐરવત આદિ ક્ષેત્રોને પ્રકાશિત કરે છે. અને ક્રમસર આગળ–આગળના ક્ષેત્રોને પ્રકાશિત કરતા કરતા આગળ–આગળ ગતિ કરે છે.

આ બન્ને સૂર્યો પોત–પોતાના મંડલોની દિશા તરફ પોત–પોતાના સ્થાનથી મંડલનો પ્રારંભ કરે અને એ સર્વ અભ્યંતર મંડલમાં એક સૂર્ય એક અહોરાત્રિમાં અડધું મંડલ ફરે છે. આથી પ્રત્યેક સૂર્ય એક આખું મંડલ બે અહોરાત્રિમાં ફરી રહે છે.

આ સર્વ અભ્યંતર મંડલનું પ્રથમ અહોરાત્ર તે ઉત્તરાયણનું અંતિમ અહોરાત્ર કહેવાય. આ પ્રમાણે બન્ને સૂર્યો બે અહોરાત્રિએ સર્વ અભ્યંતર મંડલને પૂર્ણ કરીને જ્યારે બન્ને સૂર્યો બીજા મંડલમાં પ્રથમ ક્ષણે પ્રવેશ કરે, ત્યારે તે મંડલ પણ પૂર્વવત એટલે એક અહોરાત્રમાં અર્ધમંડલ પુરુ કરે અને આખું મંડલ પૂર્ણ કરતા બે અહોરાત્રિ જેટલો સમય લાગે છે.

આ પ્રમાણે આ બીજા મંડલનું જે અહોરાત્ર તે શાસ્ત્રીય નૂતન વર્ષનો પ્રથમ દિવસ–શાસ્ત્રીય[1] શ્રાવણ વદ–૧, ગુજરાતી અષાઢ વદ–૧ મે નૂતન વર્ષનો પ્રારંભ થાય છે.

આથી જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલે આવી, સર્વ બાહ્ય મંડલમાંથી નીકળીને બીજા મંડલમાં અર્થાત્ મેરુથી ૧૮૩ માં મંડલમાં છેલ્લેથી બીજા (૧૮૩ મા) મંડલમાં પ્રથમ ક્ષણે પ્રવેશ કરી જે અહોરાત્ર વડે એ મંડલ પૂર્ણ કરે, તે અહોરાત્ર ઉત્તરાયણના પ્રારંભ કાળનું પ્રથમ અહોરાત્ર કહેવાય છે.

જેમ દક્ષિણાયનનો પ્રારંભ સર્વ અભ્યંતર મંડલ વર્જીને બીજા મંડલથી ગણાય છે. તેમ ઉત્તરાયણનો પ્રારંભ સર્વ બાહ્ય મંડલ વર્જીને બીજા મંડલથી ગણાય છે. આ રીતે દક્ષિણાયન અને ઉત્તરાયણનના ૬–૬ મહિનાનો કાળ પ્રાપ્ત થાય છે.

અહીં એટલું વિશેષમાં સમજવું કે દરેક વર્ષે બન્ને સૂર્યોનું સર્વ અભ્યંતર મંડલ અને સર્વ બાહ્ય મંડલ–એટલે પહેલું મંડલ અને છેલ્લું ૧૮૪ મું મંડલ આ બે મંડલ સિવાયના ૧૮૨ મંડલોમાં દક્ષિણાયન પ્રસંગે જતાં અને ઉત્તરાયન પ્રસંગે

---

૧–હાલમાં વ્યવહારમાં નૂતન વર્ષનો પ્રારંભ કોઈ સ્થાને કાર્તિક સુદ ૧, કોઈક સ્થાને ચૈત્ર સુદ ૧થી થાય છે. કાર્તિક સુદ ૧થી નૂતન વર્ષનો પ્રારંભ વિક્રમ રાજાના સમયથી વિક્રમ સંવત ચાલુ થયો. અને શ્રી મહાવીર પ્રભુનું મોક્ષગમન આસો વદ ०))સે થવાથી બીજે દિવસ કાર્તિક સુદ ૧થી વીર સંવતની ગણના ચાલુ થયેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવતાં એમ બે વાર જવા–આવવાનું થાય છે, જ્યારે પહેલા મંડલમાં અને ૧૮૪માં મંડલમાં તો આખા વર્ષ દરમ્યાન એક જ વાર ગમન કરે છે. કેમકે–સર્વ બાહ્ય મંડલથી આગળ ફરવા માટે બીજું મંડલ છે જ નહિ કે જેથી સૂર્યોને આગળનું મંડલ ફરીને સર્વ બાહ્ય મંડલે બીજી વાર આવવાનું થાય. તેવી જ રીતે સર્વ અભ્યંતર મંડલની અંદર બીજું મંડલ નથી જેથી ત્યાં જઈને સૂર્યોને સર્વ અભ્યંતર મંડલમાં આવવાનું થાય. માટે પહેલા અને છેલ્લા મંડલમાં સૂર્યો વર્ષ દરમ્યાન એક જ વાર ગમન કરે છે.

આ પ્રમાણે તે બંને સૂર્યોનો સર્વ અભ્યંતર મંડલ અને સર્વ બાહ્ય મંડલના આ બે મંડલની બે અહોરાત્રિ, અને વચ્ચેના ૧૮૨ મંડલોમાં સૂર્યનું વર્ષ દરમ્યાન બે વાર આવતા હોવાથી દરેક મંડલ આશ્રીને બે બે અહોરાત્રિ થતી હોવાથી ૧૮૨×૨= ૩૬૪ દિવસો અને પહેલા–છેલ્લા મંડલનો એક એક દિવસ એમ કુલ ૩૬૬ દિવસનું [1]એક સૂર્ય સંવત્સર થાય છે.

**શંકા**—બન્ને સૂર્યો જો સ્વતંત્ર રીતે મંડલોમાં પુરા ફરે તો પ્રતિમંડલની બે અહોરાત્રિ ગણતા સર્વ અભ્યંતર પછીના બીજા મંડલથી આરંભી સર્વ બાહ્ય મંડલમાં ફરી પાછા સર્વ અભ્યંતરમાં આવે તો ૩૬૬ મંડલ પુરા કરાતા પ્રત્યેક સૂર્યને ૭૩૨ દિવસ લાગે. જ્યારે અહીંતો ૩૬૬ દિવસ કહ્યા તે કેમ ?


**સમાધાન**—ઐરવત ક્ષેત્રમાં વર્ષની આદિ જે સૂર્ય કરે છે તે નીલવંત પર્વતથી નિષધ પર્વત સુધી આવે ત્યાં સુધીનું અર્ધ મંડલ, અને ભરત ક્ષેત્રમાં વર્ષની આદિ જે સૂર્ય કરે તે નિષધ પર્વતથી નીલવંત પર્વત સુધી આવે ત્યાં સુધીનું અર્ધમંડલ, આ પ્રમાણે બન્ને સૂર્યનું અર્ધ–અર્ધ મંડલ થઇ એક મંડલ એક અહોરાત્રિમાં થાય, આ રીતે ૩૬૬ અહોરાત્રમાં ૩૬૬ મંડલ બન્ને સૂર્યો ભેગા મળીને કરે છે. માટે ઉપરની શંકાને સ્થાન રહેતું નથી.

સૂર્યો દક્ષિણાભિમુખ ગમન કરતા સર્વ અભ્યંતર મંડલના બીજા મંડલથી લઈ સર્વ બાહ્ય મંડલના અંતિમ ૧૮૪ માં મંડલે પહોંચે છે. અહીં સર્વ બાહ્ય મંડલ દક્ષિણે હોવાથી સૂર્યની દક્ષિણાભિમુખ ગતિને અંગે થતાં ૬ મહિનાના કાળને

૧–કાર્તિક મહિનાથી શરૂ થતાં વર્ષારંભના દિવસે યુગમર્યાદા પ્રમાણે દા.ત. પહેલા(૨૦૩૦ વર્ષે, ૧૦૪માં મંડલે, બીજા (૨૦૩૧) વર્ષે ૧૨૩માં મંડલે, ત્રીજા (૨૦૩૨) વર્ષે ૧૧૧માં મંડલે, ચોથા (૨૦૩૩) વર્ષે ૧૦૦મા મંડલે અને પાંચમા(૨૦૩૪) વર્ષે ૧૧૮માં મંડલે સૂર્ય હોય. આ સ્થૂલ ગણુતરી હોવાથી કવચિત ૧–૨ મંડલથી વધુ તફાવત પ્રાયઃ પડે નહિ.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સર્વબાહ્ય મંડળે વર્તતાં પૂર્વ પશ્ચિમ દિશાવર્તી બન્ને સૂર્યોનું પુનઃ સર્વાભ્યન્તર મંડળે આગમન





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વાભ્યન્તર મંડળેથી સર્વબાહ્યમંડળે અને સર્વબાહ્ય મંડળેથી સર્વાભ્યન્તર મંડળે પશ્ચિમ સૂર્યનું આગમન





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

|| સર્વાભ્યન્તર મંડળેથી સર્વબાહ્ય મંડળે જતા પૂર્વ અને પશ્ચિમ દિશાના [બે] સૂર્યો ||



સર્વાભ્યન્તર મંડળેથી સર્વબાહ્ય મંડળે ગમન અને સર્વ-
-બાહ્ય મંડળેથી પુનઃ સર્વાભ્યન્તર મંડળે પૂર્વ દિશાના
એકજ સૂર્યનું આગમન ||




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દક્ષિણાયન કહેવાય છે. આ દક્ષિણાયનનો આરંભ થવા માંડે ત્યારથી સૂર્ય સર્વ બાહ્ય મંડલ તરફ જતો હોવાથી ક્રમે-ક્રમે સૂર્યનો પ્રકાશ તે તે ક્ષેત્રમાં ઘટતો જાય છે. આપણે તેના તેજની પણ મંદતા જોઈએ છીએ. અર્થાત્ દિનમાન ઓછું થતું જાય છે. અને રાત્રિ મોટી થતી જાય છે. આપણે જો બરાબર ધ્યાન આપીશું તો સૂર્ય દક્ષિણાયનમાં દરરોજ દક્ષિણ દિશા તરફ ખસતો-ખસતો જોવામાં આવશે અને ઉત્તરાયનમાં સૂર્ય દરરોજ દક્ષિણથી ઉત્તર તરફ ખસતો-ખસતો જોવામાં આવશે.

આ પ્રમાણે સૂર્યો સર્વ બાહ્ય મંડલમાંથી પુનઃ પાછા ફરતા બીજા મંડલથી માંડી ઉત્તરાભિમુખ ગમન કરતા જંબૂદ્વીપમાં પ્રવેશીને સર્વ અભ્યંતર મંડલમાં-પ્રથમ મંડલમાં આવે ત્યારે સર્વ બાહ્યના બીજા મંડલથી ૧૮૩ માં મંડલ સુધીનો કાળ-૬ મહિનાનો કાળ ઉત્તરાયન કહેવાય છે.

દક્ષિણાયન પૂર્ણ થાય એટલે અંતિમ મંડલ વર્જીને બીજા મંડલથી ઉત્તરાયનનો પ્રારંભ થાય છે. ત્યાંથી સૂર્ય સર્વ અભ્યંતર મંડલ તરફ જેમ જેમ આવતો જાય તેમ તેમ સૂર્યના તેજમાં વૃદ્ધિ-એટલે ક્રમે ક્રમે દિવસ વધતો જાય અને પ્રકાશ ક્ષેત્ર પણ વધતું જાય છે. દિનમાન વધતું જાય અને રાત્રી ઘટતી જાય છે.

વિશેષમાં સમજવું કે સૌરમાસ, સૂર્ય સંવત્સર, ઉત્તરાયન, અવસર્પિણી, ઉત્સર્પિણી, યુગ, પલ્યોપમ, સાગરોપમ વગેરે સર્વ કાળ ભેદોને સમાપ્ત થવાનો પ્રસંગ સર્વ અભ્યંતર મંડલ પૂર્ણ થતાં જ એટલે ઉત્તરાયનના મકરસંક્રાંતિના અંતિમ દિવસે અષાડ સુદ ૧૫ મે આવે છે.

વળી સર્વ પ્રકારના કાળ ભેદોનો પ્રારંભ સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલે એટલે દક્ષિણાયનના ૬ મહિનાના કાળના પ્રથમ દિવસના પ્રારંભ સાથે જ ગુજરાતી અષાડ વદ ૧ મે અભિજિત્ નક્ષત્રના યોગે વર્ષાઋતુના આરંભમાં ભરત ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રમાં દિવસની આદિમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં રાત્રીના પ્રારંભમાં યુગની શરુઆત થાય છે.

**(૨) વર્ષમાં પ્રતિ અહોરાત્રીએ દિવસ રાત્રીનું પ્રમાણ**—જ્યારે સર્વ અભ્યંતર મંડલમાં સૂર્ય ગતિ કરતો હોય છે, ત્યારે સર્વથી ઉત્કૃષ્ટ ૧૮ મૂહૂર્ત પ્રમાણ દિવસ થાય છે અને સર્વ જઘન્ય ૧૨ મૂહૂર્ત પ્રમાણ રાત્રી થાય છે.

ત્યાર બાદ સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાંથી નીકળીને નવા વર્ષને ગ્રહણ કરતો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે નૂતન વર્ષ સંબંધી પહેલી અહોરાત્રી એટલે સર્વ અભ્યંતર મંડલની બાજુના બીજા મંડલમાં સંક્રમે-પ્રવેશે ગતિ કરે ત્યારે ૧૮ મુહૂર્તમાં ૨/૬૧ મુહૂર્ત ભાગ ઓછો દિવસનું પ્રમાણ અને ૨/૬૧ ભાગ અધિક ૧૨ મુહૂર્ત પ્રમાણ રાત્રી થાય છે.

જ્યારે સર્વ અભ્યંતર મંડલના ત્રીજા મંડલમાં અને નૂતન વર્ષની બીજી અહોરાત્રીએ સૂર્ય સંક્રમે ત્યારે ૪/૬૧ ભાગ ન્યૂન ૧૮ મુહુર્ત પ્રમાણ દિવસ અને ૪/૬૧ ભાગ અધિક ૧૨ મુહુર્ત પ્રમાણ રાત્રી થાય છે.


આ પ્રમાણે એક એક મંડલમાંથી બીજા બીજા મંડલમાં સૂર્ય પ્રવેશતો જાય તેમ તેમ દિવસ પ્રમાણ ૧૮ મુહૂર્તમાં ૨/૬૧-૨/૬૧ મુહુર્ત પ્રમાણ ઘટતું જાય અને રાત્રી પ્રમાણ ૧૨ મુહૂર્ત ઉપર ૨/૬૧-૨/૬૧ મુહૂર્ત પ્રમાણ વધતું જાય છે. એટલે સૂર્ય અભ્યંતર મંડલમાંથી જેમ જેમ બાહ્ય મંડલ તરફ જતો જાય તેમ તેમ દિવસ ઘટતો જાય-નાનો થતો જાય અને રાત્રી વધતી-મોટી થતી જાય છે. યાવત્ સર્વ બાહ્ય મંડલમાં નૂતનવર્ષની ૧૮૩મી અહોરાત્રીએ પ્રવેશીને ગતિ કરતો હોય ત્યારે ૩૬૬/૬૧ મુહૂર્ત પ્રમાણ એટલે ૧૮ મુહૂર્તમાં ૬ મુહૂર્ત પ્રમાણ દિવસ નાનો અને ૩૬૬/૬૧ મૂહુર્ત પ્રમાણ ૧૨ મુહુર્તમાં ૬ મુહુર્ત પ્રમાણ રાત્રી મોટી થાય છે. અર્થાત્ સર્વ જઘન્ય ૧૨ મુહુર્ત પ્રમાણ દિવસ અને સર્વ ઉત્કૃષ્ટ ૧૮ મુહુર્ત પ્રમાણ રાત્રી હોય છે.

આ ઉત્કૃષ્ટ માપ પ્રથમ છ મહિનાની અંતે છેલ્લે દિવસે હોય છે.

ત્યાર પછી જ્યારે બીજા છ મહિનાની પહેલી અહોરાત્રીએ સર્વ બાહ્ય મંડલથી આગળના બીજા મંડલમાં સૂર્ય આવે ત્યારે ૨/૬૧ મુહૂર્ત પ્રમાણ ૧૨ મુહુર્તના દિવસમાં વૃદ્ધિ થાય. એટલે ૧૨ $\frac{૨}{૬૧}$ મુહુર્ત પ્રમાણ દિવસ અને ૧૮ મુહુર્ત રાત્રીમાં ૨/૬૧ મુહુર્ત પ્રમાણ હાની થાય, એટલે રાત્રી ૧૭ $\frac{૫૯}{૬૧}$ મુહુર્ત પ્રમાણ થાય.


તે પછીના આગળના મંડલમાં એટલે છેલ્લેથી ત્રીજા મંડલમાં સૂર્ય પ્રવેશે ત્યારે ૪/૬૧ મૂહુર્ત પ્રમાણ દિવસના ૧૨ મુહુર્તમાં વૃધ્ધિ થાય અને ૪/૬૧ મુહુર્ત પ્રમાણ રાત્રીના ૧૮ મુહુર્તમાં હાની થાય. એમ એક એક મંડલમાંથી બીજા બીજા મંડલમાં પ્રવેશે તેમ તેમ દિવસ ૨/૬૧-૨/૬૧ મુહુર્ત મોટા મોટા અને રાત્રી ૨/૬૧-૨/૬૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુહુર્ત નાની નાની થતી જાય છે. એટલે દિવસ મોટો–મોટો અને રાત્રી નાની–નાની થતી જાય છે. યાવત્ સર્વ અભ્યંતર મંડલમાં સૂર્ય સંવત્સરના છેલ્લા દિવસે ૩૬૬ મી અહોરાત્રીએ સૂર્ય સંક્રમે ત્યારે ૩૬૬/૬૧ મૂહુર્ત ૧૮ મુહુર્ત રાત્રીમાં ઓછા થાય છે અને ૧૨ મુહુર્ત પ્રમાણ દિવસમાં ૩૬૬/૬૧ મુહુર્ત પ્રમાણ વૃદ્ધિ થાય છે. ત્યારે સર્વ ઉત્કૃષ્ટ ૧૮ મૂહુર્તનો દિવસ થાય છે અને સર્વ જઘન્ય ૧૨ મુહુર્તની રાત્રી થાય છે.

આ વખતે સૂર્ય સંવત્સરનો છેલ્લો દિવસ હોય છે.

આ એક સૂર્ય સંવત્સર દરમ્યાન એકવાર ૧૮ મુહુર્તનો દિવસ અને એક વાર ૧૮ મુહુર્તની રાત્રી થાય છે. તથા એકવાર સર્વ જઘન્ય ૧૨ મુહુર્તનો દિવસ અને એકવાર સર્વજઘન્ય ૧૨ મુહુર્તનો દિવસ અને એકવાર સર્વ જઘન્ય ૧૨ મુહુર્તની રાત્રી થાય છે.

પહેલા છ મહિનામાં ૧૮ મુહુર્તની રાત્રી હોય છે. પણ ૧૮ મુહુર્તનો દિવસ હોતો નથી. તથા ૧૨ મુહુર્તનો દિવસ હોય છે પણ ૧૨ મુહુર્તની રાત્રી હોતી નથી.

જ્યારે બીજા છ મહિનામાં ૧૮ મુહુર્તનો દિવસ હોય છે પણ ૧૮ મુહુર્તની રાત્રી હોતી નથી. તથા ૧૨ મુહુર્તની રાત્રી હોય છે પણ ૧૨ મુહુર્તનો દિવસ હોતો નથી. કહ્યું છે કે—

**'इह खलु तस्सेवं आइच्चसंवच्छरस्स सइं (सकृतं) अट्ठारसमुहुत्ते दिवसे भवइ, सइं अट्ठारसमुहुत्ता राई भवइ, सइं दुवालसमुहुत्तो दिवसो भवइ, सई दुवालसमुहुत्ता राई भवति । ता पढमे छम्मासे अत्थि अट्ठारसमुहुत्ता राई, नत्थि अट्ठारसमुहुत्ते दिवसे, अत्थि दुवालसमुहुत्ते दिवसे, नत्थि दुवालसमुहुत्ता राई । दुच्चे छम्मासे अत्थि अट्ठारसमुहुत्ते दिवसे, नत्थि अट्ठारसमहुत्ता राई, अत्थि दुवालसमुहुत्ता राई, नत्थि दुवालसमुहुत्ते दिवसे ।'**

(૩) **ક્ષેત્ર વિભાગથી દિવસ–રાત્રીનું સ્વરુપ**—ભરત ક્ષેત્ર સિવાય બીજા બીજા અન્ય ક્ષેત્રોમાં દિવસ અને રાત્રીના પ્રમાણના ફેરફારને અંગે અને તેથી બીજા ઉત્પન્ન થતાં અનેક ફેરફારોના કારણોને અંગે પ્રત્યેક ક્ષેત્રાશ્રયી નિયમિત પણે ઉદય અસ્ત વગેરે કાર્યનું વર્ણન કરી શકાય એમ નથી. કેમકે વાસ્તવિક રીતે તો સૂર્ય પોતે તો કાયમ ચોવિસે કલાક પ્રકાશિત જ હોય છે. તેને તો ઉદય થવાનું કે અસ્ત થવાનું હોતું નથી. પણ 'સૂર્ય દૂર જવાથી પ્રકાશ બંધ થવાથી સૂર્ય અસ્ત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પામ્યો અને સૂર્ય દેખાય એટલે સૂર્ય ઉદય થયો.' એમ સૂર્ય સાથેનો વ્યવહાર કરીએ છીએ છતાં એટલું તો સિધ્ધ છે કે સર્વ ઠેકાણે સૂર્યનો એક જ વખતે ઉદય કે એક જ વખતે અસ્ત હોતો નથી. પરંતુ સૂર્યની ગતિ જેમ જેમ આગળ–આગળ થતી જાય તેમ તેમ આગળ–આગળના ક્ષેત્રોમાં સૂર્યનો પ્રકાશ પડે તે વખતે ત્યાં ત્યાં સૂર્યનું ઉદયપણું અને પાછળ–પાછળના ક્ષેત્રોમાં સૂર્ય દૂર–દૂર થતો હોવાથી ત્યાં ત્યાં સૂર્યનું અસ્તપણું થતું હોય છે.

**શંકા**—જ્યારે સૂર્યનું આવું અનિયમિતપણું જણાવ્યું તો શું દરેક ક્ષેત્રાશ્રયી સૂર્યનો ઉદય અને અસ્ત અનિયમિત જ હોય ને?

**સમાધાન**—હા. અનિયમિતપણું જ છે. સમભૂતલાથી ૮૦૦ યોજન ઉંચે રહેલો સૂર્ય જેમ જેમ સમયે સમયે જે જે ક્ષેત્રોથી આગળ આગળ વધતો જાય તેમ તેમ તે તે ક્ષેત્રોની પાછળના દૂર દૂર ક્ષેત્રોમાં સૂર્યનો પ્રકાશ ઘટતો જવાથી તે તે ક્ષેત્રોમાં રાત્રી આરંભાતી જાય અને આગળ આગળના ક્ષેત્રોમાં પ્રકાશ વધતો જવાથી, ત્યાં ત્યાં દિવસ થતો જાય છે. આથી સૂર્યના સર્વ સામુદાયિક ક્ષેત્રાશ્રયી સૂર્યનું ઉદય અને અસ્તનું અનિયમિતપણું જ છે. પણ જો સ્વ–સ્વ ક્ષેત્રાશ્રયી વિચારીએ તો ઉદય તથા અસ્ત લગભગ નિયમિત હોય છે. કેમકે આપણે પણ જો ભરતક્ષેત્રના મધ્ય ભાગમાં ઉભા રહીને જોઇશું તો ભરત ક્ષેત્રમાં આજે જે સમયે સૂર્ય ઉદયને પામ્યો અને જે સમયે અસ્ત પામ્યો, હવે બીજે દિવસે સૂર્યને જોઇશું તોપણ ગઇ કાલના ઉદય–અસ્તનો જે સમય હતો તે જ સમય લગભગ આજના સૂર્ય ઉદય–અસ્તનો હોય. પણ આવું જ્યારે સૂર્ય અમુક મંડલમાં હોય ત્યારે અમુક દિવસ સુધી આવું એક જ ટાઇમે સૂર્યનું ઉદયપણું અને સૂર્યનું અસ્તપણું થાય. પરંતુ ત્યાર બાદ ક્રમે ક્રમે સૂર્યના ઉદય અને અસ્ત–પણામાં હંમેશાં વધઘટ થયા કરે છે. એટલે જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં હોય ત્યારે દિવસનો ઉદય વહેલો થવા પામે અને અસ્ત પણ મોડો હોવાથી રાત્રી નાની હોય અને દિવસ મોટો હોય તથા જ્યારે સૂર્ય બાહ્ય મંડલમાં હોય ત્યારે ઉદય મોડો અને અસ્ત વહેલો થાય તેથી રાત્રિ મોટી અને દિવસ ટુંકો થાય છે. આથી સૂર્યના ઉદય–અસ્તપણામાં અનિયમિતપણું અને તેથી તે તે રાત્રિ–દિવસો નાના–મોટા,–ઓછા–વત્તા મુહુર્ત પ્રમાણવાળા થાય છે. બાકી ઉદય અને અસ્ત ક્ષેત્રાશ્રયી તો લગભગ નિયમિત હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ કારણથી એ તો ચોક્કસ થાય છે, કે સૂર્ય જેમ જેમ આગળ-આગળ વધતો જાય અને તેથી જે જે ક્ષેત્રોમાં પ્રકાશ થતો જાય તે તે ક્ષેત્રોના માણસો ક્રમે-ક્રમે 'આપણે ત્યાં સૂર્ય ઉદય થયો,' એમ બોલે છે, અને જ્યારે સૂર્ય ક્રમે ક્રમે આગળ વધતો જાય અને પ્રકાશ ઘટતો જાય ત્યારે તે ક્ષેત્રવર્તિ માણસો પ્રકાશના અભાવે ક્રમે ક્રમે 'સૂર્ય અસ્ત થયો.' એમ કહે છે. શ્રી ભગવતીજી સૂત્રની ટીકામાં કહ્યું છે કે—

**जह जह समये समये पुरओ संचरइ भक्खरो गयणे ।**
**तह तह इओवि नियमा जायइ रयणीय भावत्थो ॥१॥**
**एवं च सइ नराणं उदयत्थमणाइं होंतऽनिययाइ ।**
**सइ देसभेए कस्सइ किंची ववदिस्सए नियमा ॥२॥**
**सइ चेव य निद्दिहो भद्दमुहुत्तो कमेण सव्वेसिं ।**
**केसिं चीदाणिंपि य विसयपमाणे रवी जेसिं ॥३॥**

**ભાવાર્થ**—સમયે સમયે સૂર્ય જેમ જેમ આકાશમાં આગળ વધે છે, તેમ તેમ પાછળ નિયમા રાત્રિ થતી જાય છે.

આ સ્થિતિ હોવાથી જુદા જુદા ક્ષેત્રોના મનુષ્યો માટે ઉદય અને અસ્તનો કાલ પણ જુદો જુદો હોય છે.

ક્ષેત્રનો ભેદ હોવાથી એક જ સમયે કયાંક દિવસ તો કયાંક રાત્રિ, કયાંક પ્રભાત તો કયાંક સંધ્યા અને મધ્યાહ્ન કહેવાય છે.

બધાય ક્ષેત્રોમાં ક્રમસર ભદ્રમુહુર્ત (પ્રાયઃ સૂર્યના ઉદય પૂર્વેનું બે ઘડી પ્રમાણ બ્રહ્મમુહુર્ત) એક અહોરાત્રિમાં એક જ વાર કહ્યું છે. હમણાં એટલે આ ગ્રંથના પઠન સમયે પણ જેઓનું ક્ષેત્ર સૂર્યનો વિષય બનવાની તૈયારીમાં છે, તે મનુષ્યોને ભદ્ર-મુહુર્ત (બ્રહ્મમુહુર્ત વર્તે છે.)

આથી એકંદરે જે બાજુ સૂર્ય દેખાય તે તે ક્ષેત્રોની અથવા જોનારની તે પૂર્વ દિશા, અને જે ક્ષેત્રોમાં જે બાજુ સૂર્ય અસ્ત થાય તે તેની પશ્ચિમ દિશા હોય, અર્થાત્ કોઇ માણસ ઉદય પામેલા સૂર્ય સામો ઉભો રહે ત્યારે તેની સામેની પૂર્વ દિશા, પાછળની પશ્ચિમ દિશા, જમણી બાજુની દક્ષિણ દિશા અને ડાબી બાજુની ઉત્તર દિશા કહેવાય છે, આ ચાર મુખ્ય દિશા, ખૂણાનો ભાગ વિદિશા-ખૂણા જમણી તરફથી ગણતા પૂર્વ અને દક્ષિણ વચ્ચેનો અગ્નિ ખૂણો, દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો નૈઋત્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખૂણો, પશ્ચિમ અને ઉત્તર વચ્ચેનો વાયવ્ય ખૂણો, ઉત્તર અને પૂર્વ વચ્ચેનો ઈશાન ખૂણો. ઉપરની ઉર્ધ્વ દિશા અને નીચેની અધો દિશા આમ ૧૦ દિશાઓ સૂર્યની અપેક્ષાએ થાય છે.

જ્યારે મેરુ પર્વતની પૂર્વ દિશા અને પશ્ચિમ દિશાને વિષે સૂર્ય હોય એટલે મહાવિદેહ ક્ષેત્રમાં દિવસ હોય, ત્યારે દક્ષિણ દિશા અને ઉત્તર દિશામાં ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રમાં સૂર્ય નહિ હોવાથી રાત્રિ હોય છે. એટલે જ્યારે પૂર્વ–પશ્ચિમ વિદેહ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ દિવસ ૧૮ મુહુર્ત પ્રમાણ હોય ત્યારે ભરત–ઐરવત ક્ષેત્રમાં પણ દિવસ ૧૮ મુહુર્ત પ્રમાણ હોય અને રાત્રિ સર્વ જઘન્ય ૧૨ મુહુર્ત પ્રમાણ હોય.

આ કારણથી જ્યાં રાત્રિ સર્વ જઘન્ય હોય ત્યારે તે તે ક્ષેત્રગત દિવસ સર્વ ઉત્કૃષ્ટ પ્રમાણવાળો હોય અને જે જે મંડલે જે જે કાળે રાત્રિ અથવા દિવસનું પ્રમાણ જે જે ક્ષેત્રમાં જેટલા જેટલા અંશે વધઘટવાળું હોય ત્યારે તે જ ક્ષેત્રમાં તે કાળે રાત્રિ અથવા દિવસનું પ્રમાણ પણ વધઘટવાળું હોય. એટલે દિવસનું માન વધે તો રાત્રિનું માન ઘટે અને રત્રિનું માન વધે તો દિવસનું માન ઘટે.

આથી કોઇ પણ મંડલે, કોઇ પણ ક્ષેત્રમાં અહોરાત્ર પ્રમાણ એટલે દિવસ અને રાત્રિનું ભેગું પ્રમાણ તો ૩૦ મુહુર્તનું જ હોય છે, પણ તેમાં વધઘટ થતી નથી.

**શંકા**—'ભરત–ઐરવત ક્ષેત્રમાં ૧૮ મુહુર્ત જેટલો સૂર્યનો પ્રકાશ હોય ત્યારે પૂર્વ–પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં માત્ર ૧૨ મુહુર્ત પ્રમાણવાળી (સૂર્ય નહિ હોવાથી) રાત્રિ હોય.' એમ તમે કહ્યું તો ૧૨ મુહુર્ત પ્રમાણ રાત્રિ પૂર્ણ થાય ત્યારે ત્યાં કયો કાળ હોય ? કેમકે એ બન્ને વિદેહમાં રાત્રિ પૂર્ણ થયે ત્યાં ન હોય સૂર્યનો પ્રકાશ કે ન હોય રાત્રિકાળ, કેમકે વિદેહમાં રાત્રિ ભલે વીતિ ગઈ પણ હજુ ભરત–ઐરવતમાં દિનમાન ૧૮ મુહુર્ત હોવાથી ત્યાં રાત્રિ પૂર્ણ થાય ત્યારે અહીં ૩ મુહુર્ત દિવસ બાકી ઘટે એટલે સૂર્યને હજુ ૩ મુહુર્ત પ્રકાશ આપવાનો છે. તો પછી પૂર્વ–પશ્ચિમ વિદેહમાં રાત્રિ કાળ વીતે કયો કાળ સમજવો ?

**સમાધાન**—આ શંકાના સમાધાનમાં સમજવું કે સૂર્ય એકદમ ભરત ક્ષેત્રમાંથી વિદેહમાં પહોંચી જતો નથી, પણ ક્રમસર ક્ષણે–ક્ષણે ખસતો ખસતો ગતિ કરતો જાય છે. એટલે ભરત ક્ષેત્ર કે ઐરવત ક્ષેત્રમાં ૧૫ મુહુર્ત પ્રમાણ દિનમાન પૂર્ણ કરે અર્થાત્ ભરત ઐરવત ક્ષેત્રમાં ૩ મુહુર્ત પ્રમાણ સુધી પ્રકાશ આપવાનો બાકી રહે ત્યારે પૂર્વ બાજુથી ખસતા અને પશ્ચિમ તરફના ક્ષેત્રમાં દુર દુર પ્રકાશ કરતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂર્યના પ્રકાશે હજુ વિદેહ ક્ષેત્રમાં નહિ પણ વિદેહ ક્ષેત્રની નજીક સ્પર્શ કર્યો, જ્યારે આ બાજુ તે વખતે વિદેહમાં પણ હજુ રાત્રિ પૂર્ણ થઇ નથી. પણ પૂર્ણ થવાથી તૈયારી તરફ આવી ચૂકી છે અને આ વખતે ભરત–ઐરવત ક્ષેત્રમાં સૂર્ય સંપૂર્ણ ૧૫ મુહુર્ત પૂર્ણ કરતો આગળ વધે કે તુરત જ તેનો પ્રકાશ પણ તેટલો દુર દુર આગળ ફેંકાતો જાય છે. અને પાછળ પાછળથી ખસતો જાય. કેમકે સૂર્ય પ્રકાશની પૂર્વ–પશ્ચિમની લંબાઇરૂપ પહોળાઈ જો કે ક્ષણે ક્ષણે પરાવર્તન સ્વભાવવાળી છે. પરંતુ બે પડખે તો કાયમ સરખા પ્રમાણવાળી રહે છે. તેથી સૂર્ય જેમ જેમ ખસતો જાય તેમ તેમ જ્યાં જ્યાં સૂર્યકીરણો પહોંચી શકે એવા આગળ આગળના ક્ષેત્રમાં પ્રકાશ થતો જાય છે.

આ નિયમ હોવાથી અત્યાર સુધી ૧૫ મુહુર્ત કાળ પૂર્ણ થવા આવ્યો હતો (વિદેહની અંદર નહિ પણ) જે છેડે પ્રકાશ આપી રહ્યો હતો. ત્યાં ૧૫ મુહુર્ત પૂર્ણ થયે હવે તેના તે જ સૂર્યના પ્રકાશે વિદેહમાં પ્રવેશ કર્યો અર્થાત્ ભરત–ઐરવત ક્ષેત્રમાં ૧૮ મુહુર્તના દિનમાન પૈકી અંતીમ ૩ મુહુર્ત સુધી દિવસ હોય ત્યારે ત્યાંના સૂર્યોદયના કાળના પ્રારંભમાં (પ્રભાતના) ૩ મુહુર્ત હોય.

આથી એ નક્કી થયું કે 'ભરત–ઐરવતક્ષેત્રના અસ્ત સમય પૂર્વનો ૩ મુહુર્ત પ્રમાણ જે કાળ તે બન્ને દિશાગત પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહમાં સૂર્યોદયમાં કારણરૂપ હોવાથી તે જ કાળ ત્યાં ઉદયરૂપે સમજવો. મહાવિદેહેમાં જ્યાં પ્રકાશનું પડવું થાય તે સ્થાન તે મહાવિદેહના મધ્ય ભાગની અપેક્ષાએ સમજવું. વિદેહની પહોળાઇના જે મધ્ય ભાગની સીમા તેના મધ્યે ભાગે એટલે વિદેહની પહોળાઇનો જે મધ્ય[1]ભાગ, તે લેવાનો પણ લંબાઇનો મધ્ય ભાગ નહિ.

સૂર્યના ઉદય–અસ્ત સ્થાનને જોવાની અપેક્ષા ભરત ક્ષેત્રના મધ્ય ભાગથી (અયોધ્યા)થી ગણવાનો હોય છે. તેમ વિદેહમાં પણ સમજવું. પણ વિદેહમાં મધ્ય ભાગ કયો લેવો તેનું સ્પષ્ટ વિધાન નથી.

---

૧–મહાવિદેહ ક્ષેત્રમાં મધ્ય ભાગમાં એક બાજુ સીતા મહાનદી, બીજી બાજુ શીતોદા મહાનદી ઉભી પડેલી છે. તેના પહોળાઇનું મધ્યબિંદુનું સ્થાન ગણુતરીમાં લેવું કે વિજયોની રાજધાની રૂપ મધ્ય ભાગ ગણુતરીમાં લેવો ? તેનો સ્પષ્ટ ખુલાસો નહિ હોવાથી યથા સંભવ મધ્ય ભાગ વિચારવો. (મહાવિદેહનું મધ્ય સીતા–સીતોદાના મધ્ય ભાગે સંભવે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શંકા**—તમોએ ઉપર મુજબ સમાધાન કર્યું તેના કરતાં મહા વિદેહમાં રાત્રિ હોય ત્યારે ચંદ્રનું અસ્તિત્વ કેમ સ્વીકાર્યું નહિ ? શું સૂર્યનો પ્રકાશ ન હોય ત્યારે જ રાત્રિ કાળ થાય અને ચંદ્રના અસ્તિત્વને અંગે રાત્રિ કાળ નહિ ?

**સમાધાન**—દિવસ અથવા રાત્રિને કરવામાં ચંદ્રને કોઈ પણ પ્રકારે લાગતું વળગતું નથી, અર્થાત્ સૂર્ય મંડળોથી થતી રાત્રિ-દિવસની સિદ્ધિમાં ચંદ્ર મંડળોનું કંઈ પ્રયોજન હોતું નથી. કેમકે ચંદ્ર મંડળોનું અલ્પ સંખ્યા, (માત્ર ૧૫ મંડળ,) મંડળોનું વધારે અંતર, ચંદ્રની મંદગતિ, મુહુર્તગતિ આદિમાં સર્વ પ્રકારે વિપર્યાસ વિચિત્ર પ્રકારે થતો હોવાથી સૂર્યમંડળની ગતિ સાથે સાહચર્ય મળતું કયાંથી આવે ? કે જેથી તે ચંદ્ર રાત્રિ કે દિવસને કરવામાં નિમિત્તરૂપ બને. આથી ચંદ્રના ઉદય અને અસ્ત ઉપર કંઇ રાત્રિનો ઉદય-અસ્તનો આધાર છે એમ તો છે જ નહિ, તેમજ રાત્રિનો ઉદય-અસ્તનો આધાર ચંદ્ર છે એમ પણ નથી.

જો ચંદ્રના ઉદય-અસ્તના યોગે રાત્રિકાળનું સંભવિતપણું સ્વીકારાતું હોય તો ભરત વગેરે ક્ષેત્રોમાં શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષમાં પણ હંમેશને માટે સૂર્યાસ્ત થયા બાદ ચંદ્રનું દર્શન અવશ્ય થાત જ, જ્યારે એ પ્રમાણે બનતું તો નથી. પણ વધુમાં પ્રત્યેક તિથિએ ચંદ્રનું દર્શન સૂર્યાસ્ત પછી મોડું મોડું (બે બે ઘડી મોડું) થતું જાય છે. વળી ખરી રીતે વિચારીએ તો હંમેશાં આખી રાત્રિ પૂર્ણ થતાં સુધી ચંદ્રનું અસ્તિત્વ હોવું જ જોઇએ; છતાં એમ ન થતાં અહીં તો શુક્લપક્ષમાં અમુક અમુક પ્રમાણ રાત્રિકાળ રહેવાવાળો ચંદ્ર સૂર્યોદય પછી ઓછેવત્તે કાળે પણ દેખાતો અને તે તે તિથિએ અમુક-અમુક કાળ રહેનારો ચંદ્ર હોય છે. આથી શુક્લપક્ષમાં ચંદ્ર આશ્રયી રાત્રિકાળ કેમ ન હોય તે શંકા રહેતી નથી.

કૃષ્ણપક્ષમાં તો દરેક તિથિએ બે બે ઘડી (૪૮-૪૮ મિનિટ) મોડું મોડું ચંદ્ર દર્શન થતું હોઈ ચંદ્રોદય સાથે રાત્રિનો સબંધ ન હોય તે સ્પષ્ટ સમજાય તેમ છે.

આથી સૂર્યાસ્ત થયા બાદ (યથા યોગ્ય અવસરે તે તે દિવસોમાં) ચંદ્રના ઉદયો હોય છે જ તેમ નથી. જો સૂર્યાસ્ત થયા બાદ ચંદ્રના ઉદયો થતાં જ હોત અને સ્વીકારાતા હોત તો સૂર્ય પ્રકાશ આપતો હોત ત્યારે દિવસે પણ ઝાંખો ચંદ્ર દેખી શકીએ છીએ તે દેખી શકત નહિ.

આવા આવા ઘણા કારણોથી રાત્રિકાળ કરવામાં ચંદ્રોદય કારણ નથી. તેથીજ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદ્રના અસ્તિત્વવાળો કાળ તે રાત્રિકાળ એમ નહિ પણ સૂર્યના પ્રકાશના અભાવ-વાળો કાળ તે રાત્રિકાળ કહેવાય છે.

સૂર્ય સાથે ચંદ્રમાનું કોઇ પણ પ્રકારનો (ખાસ કરીને) સંબંધ ન ધરાવવામાં કારણભૂત ચંદ્રમાનું પોતાનું જ સૂર્યથી જુદી જ રીતે મંડળમાં ફરવાપણું છે. તેના યોગે તો સૂર્ય અને ચંદ્ર બન્નેનો જ્યારે રાશિ–નક્ષત્રનો સહયોગ સરખો હોય છે, ત્યારે તે બન્ને એક જ [1]મંડળમાં અમાસના દિવસે આવે છે અને તે જ દિવસ અમાવાસ્યા તરીકે પ્રસિદ્ધ છે. કહ્યું છે કે—

**सूरेण समं उदओ चंदस्स अमावसी दिणे होइ ।**
**तेसिं मंडलमिक्किक रासिरिक्खं तहिक्कं च ॥**

સૂર્યની સાથે ચંદ્રનો ઉદય અમાવાસ્યાના દિવસે થાય છે. તેમનું મંડળ એક જ હોય છે તથા રાશી અને નક્ષત્રનું ત્યાં મંડળ એક હોય છે.

બીજે દિવસે ચંદ્ર પુનઃ મંદગતિ આદિના કારણે હંમેશાં એક એક મુહૂર્ત (બે–બે ઘડી) પાછળ પડતો જાય છે. અને પાછા અમાસના દિવસે એક જ મંડળમાં આવી જાય છે.

આ પ્રમાણે પૂર્વ–પશ્ચિમ વિદેહમાં સૂર્યાસ્તના ત્રણ મુહુર્ત બાકી રહ્યાં હોય ત્યારે ભરત–ઐરવત ક્ષેત્રમાં સૂર્યોદય થઇ જાય. (તેમ ભરત–ઐરવત ક્ષેત્રમાં સૂર્યાસ્તના ત્રણ મુહુર્ત બાકી રહ્યાં હોય ત્યારે પૂર્વ–પશ્ચિમ વિદેહમાં સૂર્યોદય થઈ જાય).

એટલે બન્ને વિદેહગત ઉદયકાળનાં (રાત્રિ આરંભની પહેલાંના) જે ત્રણ મુહુર્ત તે જ ભરત–ઐરવત ક્ષેત્રના અસ્તકાળનાં ત્રણ મુહુર્ત. તેમ ભરત–ઐરવત ક્ષેત્રના અસ્તકાળનાં જે ત્રણ મુહુર્ત તે જ પૂર્વ–પશ્ચિમ વિદેહ ક્ષેત્રના ઉદયકાળના કારણ રૂપ હોય છે.

આ પ્રમાણે જ્યારે દક્ષિણ અને ઉત્તર દિશાગત (ભરત–ઐરવત) ક્ષેત્રોમાં સૂર્યો પ્રભાત કરી રહ્યા હોય તે પ્રભાતકાળના ત્રણ મુહુર્તકાળ વીત્યા પછી પૂર્વ અને પશ્ચિમ દિશાગત (પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહ) ક્ષેત્રોમાં જઘન્ય રાત્રિનો પ્રારંભ થાય છે. એ પ્રમાણે જ્યારે ભરત–ઐરવત ક્ષેત્રોમાં સૂર્યાસ્ત થવાના (બપોર પછીના)

---

૧–આથી અમાવાસ્યાનું બીજું નામ '**सूर्येन्दुसंगम**' પડેલું છે, તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે—
"**अमा सह वसतोऽस्यां चन्द्रार्कौ इत्यमावस्या**"

૨–૨ા ઘડી=૧ કલાક, ૧૨ કલાકનો દિવસ, એટલે ૧૨ કલાક, ૩૦ ઘડી કે ૧૫ મુહૂર્ત આ ત્રણે સરખા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ મુહુર્ત બાકી રહ્યા હોય ત્યારે બન્ને વિદેહગત ક્ષેત્રોમાં પ્રભાત થઇ જાય. આ ત્રણ મુહુર્ત વીત્યા પછી તે તે દિશાઓમાં સૂર્ય પોતાની ગતિને અનુસાર ક્રમે ક્રમે દિવસ પૂરો થતો જાય છે.

સાથે સાથે એ પણ સમજવું કે જ્યારે ૧૫ મુહુર્ત=૩૦ [૨]ઘડીનો દિવસ અને ૧૫ મુહુર્ત=૩૦ ઘડીની રાત્રિ એટલે દિવસ અને રાત્રિ બન્ને સરખા પ્રમાણવાળા હોય ત્યારે તો મહાવિદેહ ક્ષેત્રના ત્રણ મુહુર્ત સંબંધી કંઇ પણ વિચારણા કરવાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ આવા દિવસ તો વર્ષમાં બે વાર જ આવે છે— જ્યારે સૂર્ય સર્વઅભ્યંતર મંડળના બીજા મંડળનો પ્રારંભ કરે ત્યારે યુગના પહેલા વર્ષે (ગુજરાતી અષાડ વદ ૧) ૨/૬૧ ભાગ ન્યૂન ૧૮ મુહુર્તનું દિનમાન અને ૨/૬૧ ભાગ મુહુર્ત અધિક ૧૨ મુહુર્તનું રાત્રિમાન હોય. જેમ જેમ સૂર્ય આગળ-આગળના મંડળમાં જતો જાય તેમ તેમ દિનમાન ઘટે અને રાત્રિમાન વધે. એમ જ્યારે સૂર્ય ૯૧ાામા મંડળે ૧૮૪ મંડળના મધ્ય ભાગે આવે ત્યારે ત્રણ મુહુર્ત દિનમાન સર્વ અભ્યંતર મંડળની અપેક્ષાએ ઘટયું. જ્યારે રાત્રિમાન ત્રણ મુહુર્ત પ્રમાણ વધ્યું. તે દિવસનું દિનમાન ૧૫ મુહુર્તનું પૂરેપૂરું હોય અને રાત્રિમાન પણ ૧૫ મુહુર્તનું હોય અને આગળ વધતાં સૂર્ય સર્વ બાહ્યમંડળે પહોંચીને પાછા ઉત્તરાયણમાં આવતા ૯૨ાામા મંડળમાં આવે ત્યારે પણ રાત્રિમાન-દિનમાન સરખા હોય છે.

આ પ્રમાણે રાત્રિમાન અને દિનમાન સરખા ૧૫-૧૫ મુહુર્તના એક વર્ષમાં બે વાર જ થાય છે.

સૂર્ય બાહ્ય મંડળમાં ઘણે દૂર ગયા હોય ત્યારે ભરત-ઐરવત ક્ષેત્રમાં ૧૫ મુહુર્તનું દિનમાન પૂર્ણ થાય ત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ૧૫ મુહુર્ત પ્રમાણ રાત્રિ પણ સમાન હોવાથી ત્યાં રાત્રિ પ્રારંભાય. તેમ જ્યારે મહાવિદેહમાં રાત્રિ પ્રારંભાય ત્યારે ભરત-ઐરવતમાં સૂર્યોદયનો પ્રારંભ થાય. આ પ્રમાણે સરખા પ્રમાણના દિનમાન-રાત્રિમાન હોય ત્યારે મુહુર્તની વધઘટ નહિ હોવાથી કંઈ પણ જાતની હરકત નડતી નથી.

જ્યારે એ જ સૂર્યો ૯૧ાામા મંડળથી આગળ વધતા વધતા સર્વ બાહ્યમંડળે પ્રથમ ક્ષણે પહોંચે ત્યારે તદાશ્રયી ૧૮ મુહુર્ત પ્રમાણ અને રાત્રિ ૧૨ મુહુર્ત પ્રમાણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિનમાન આવી રહે છે. એ પ્રમાણે જ્યારે સર્વ બાહ્ય મંડળેથી અંદર અભ્યંતર મંડળ તરફ સૂર્યો આવતા જાય ત્યારે પ્રતિમંડળે દિનમાન વૃદ્ધિ અને રાત્રિમાનમાં હાની કરતા કરતા ૯૧ાામા મંડલમાં ફરી આવે ત્યારે પુનઃ એ ઉત્તરાયણમાં ૧૫ મુહુર્તનું દિનમાન અને ૧૫ મુહુર્તનું રાત્રિમાન થાય છે. ઉત્તરાયણમાં આગળ જતાં સર્વ અભ્યંતર મંડળમાં પ્રથમ ક્ષણે આવે ત્યારે ૧૮ મુહુર્તપ્રમાણ દિવસ અને ૧૨ મુહુર્તપ્રમાણ રાત્રિ હોય છે. આ પ્રમાણે એક સંવત્સરકાળ પૂર્ણ થાય.

આ પ્રમાણે એક અહોરાત્રિ ૯૧ાામા મંડળે દક્ષિણાયનમાં અને પુનઃ પાછો ફરતાં ૯૨ાામા મંડળે એક અહોરાત્રિ ઉત્તરાયનમાં, એ બે અહોરાત્રિ એક સંવત્સરમાં તથા ૧૦ અહોરાત્રિ જુદી જુદી માસ–તિથિવાળા એક યુગમાં સમાન પ્રમાણવાળી હોય છે. આખા સંવત્સર દરમ્યાન આ બે અહોરાત્રિ છોડીને કોઈપણ દિવસ–રાત્રિ સરખા પ્રમાણવાળી હોતી નથી. અર્થાત્ દિવસ કે રાતમાં થોડી થોડી પણ વધઘટ હોય છે.

અહીં ભરતક્ષેત્રમાં જે ૧૮ મુહુર્તપ્રમાણ દિવસ કહ્યો છે તે ભરતક્ષેત્રના કોઇપણ એક વિવક્ષિત વિભાગમાં સૂર્યોદયથી સૂર્યાસ્તના સમય સુધીના કાળની અપેક્ષાએ લેવાના છે. આજ પ્રમાણે ૧૫ મુહુર્ત, ૧૨ મુહુર્ત વગેરેના કાળ પણ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો જ ગણવાનો હોય છે.

નિષધ પર્વત ઉપર જ્યારે સૂર્ય આવે ત્યારે દક્ષિણ ભરતક્ષેત્રના મધ્ય ભાગમાં રહેલી અયોધ્યા નગરીના અને તેની આજુબાજુની અમુક અમુક પ્રમાણ હદમાં રહેનારાઓને ૧૮ મુહુર્ત સુધી તે સૂર્યનું દેખાવું થાય, ત્યારબાદ મેરુ પર્વતને સ્વભાવ-સિદ્ધ ગોળાકારે, પ્રદક્ષિણા આપતો સૂર્ય જ્યારે નિષધ પર્વતથી ભરતક્ષેત્ર તરફ વલયાકારે આગળ વધે છે ત્યારે એટલે પ્રથમ જે અયોધ્યાની હદમાં જ પ્રકાશ પાડતો હતો તે હવે આગળના ક્ષેત્રમાં (મૂલ સ્થાનથી જેટલું ક્ષેત્ર સૂર્ય વલયાકારે આ બાજુ જેટલો ખસ્યો તેટલા જ પ્રમાણ પ્રકાશ આ બાજુ આગળ આવ્યો.) પ્રકાશ પડવા માંડે છે.

એ સૂર્યે આગળ કયું ક્ષેત્ર પ્રકાશ્યું?

ભરત ક્ષેત્રની અપેક્ષાએ ભારત સૂર્ય નિષધ પર્વત ઉપર ઉદય પામ્યો હોય ત્યારે સૂર્યના તેજની લંબાઇ અયોધ્યા સુધી હોવાથી અયોધ્યાના પ્રદેશમાં રહેતા માણસોને તે સૂર્ય ઉદય રૂપે દેખાય, જ્યારે અયોધ્યાની અંતીમ હદે એટલે જ્યાં સુધી સૂર્યના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકાશવાળુ ક્ષેત્ર હોય છે તે ક્ષેત્ર છોડીને ત્યાંથી આગળના આજુબાજુના સમગ્ર ભાગમાં (ભરતક્ષેત્રના સૂર્યાસ્ત સુધીના પાશ્ચાત્ય પ્રદેશોમાં) સર્વત્ર અંધકાર હોય છે.

આ પ્રશ્ન પૂર્વક સમાધાન આપવાનું કારણ એ છે કે આપણે અહીં સૂર્યોદય થાય છે. ત્યારે અમુક પ્રાશ્ચાત્ય દેશોમાં અંધકાર હોય છે. તથા અમુક જુદા જુદા પ્રદેશોમાં રાત્રિ અથવા દિવસના અમુક અમુક વાગ્યા હોય છે, આ પ્રમાણે આપણી અપેક્ષાના સૂર્યોદય અને સૂર્યાસ્ત ત્યાં ત્યાંના કાળની અપેક્ષાએ ઘણા અંતરવાળા હોય છે. તેમાં કારણ શું ? તે ખ્યાલમાં લાવવા માટે છે.

પૂર્વ નિષધ પર્વત ઉપર રહેલો ભારત સૂર્ય ભરતક્ષેત્ર (અયોધ્યામાં) જયારે ઉદય પામે ત્યારે પાશ્ચાત્ય દેશો–એટલે અત્યારના દષ્ટિગોચર તથા અદષ્ટિગોચર સર્વસ્થાને અંધકાર હોય, કેમ કે ભારત સૂર્ય હજુ ભરતમાં (અયોધ્યામાં) ઉદય પામ્યો છે. તેથી (અયોધ્યાથી) આગળ તો તે સૂર્યના તેજની લંબાઈ સમાપ્ત થવાથી આગળ પ્રકાશ આપી શકતો નથી, તેમ ઐરવત સૂર્ય તો ઐરવત ક્ષેત્ર તરફ ઉદય પામેલો હોવાથી તે આ બાજુ પશ્ચિમના કોઈ અનાર્યો દેશો તરફ કોઈ પ્રકાશ આપી શકે તેમ નથી એટલે ભરતક્ષેત્રથી પશ્ચિમ દિશા તરફના ક્ષેત્રોમાં અને ઐરવત ક્ષેત્રાશ્રયી પશ્ચિમ તાપ દિશા તરફના ક્ષેત્રોમાં એમ બન્ને દિશાગત ક્ષેત્રમાં બન્ને સૂર્યમાંથી કોઇપણ સૂર્યનો પ્રકાશ નહિ હોવાથી રાત્રિકાળ વર્તતો હોય છે

આથી એ સ્પષ્ટ થાય છે કે ભરતક્ષેત્રમાં (અયોધ્યા)માં સૂર્યોદય હોય તે કાળે અન્ય પ્રદેશોમાં સર્વત્ર અંધકાર હોવાથી પાશ્ચાત્ય દેશોમાં જે સૂર્યોદય–સૂર્યાસ્તનું અંતર પડે છે. તેમાં કંઇ નવાઈ જેવું નથી.

હવે ભરતમાં શાસ્ત્રીય (અયોધ્યામાં) ઉદય પામતો સૂર્ય જ્યારે તે વિવક્ષિત મંડળ સ્થાનના પ્રથમ ક્ષણથી આગળ–આગળ નિષધ સ્થાનેથી ખસવા માંડયો એટલે અંધકાર ક્ષેત્રની આદિના પ્રથમ ક્ષેત્રોમાં (અયોધ્યા)ની હદ છોડી નજીકના ક્ષેત્રોમાં અર્થાત્ સૂર્ય જેમ જેમ નિષધ પર્વતથી જેટલો જેટલો ખસવા માંડે તેમ તેમ તેટલા તેટલા પ્રમાણ ક્ષેત્રોમાં સ્વપ્રકાશની સ્પર્શના કરતો જાય.) પ્રકાશ પડવો શરૂ થાય. (પુનઃ હજુ તેથી આગળના પશ્ચિમગત સર્વ ક્ષેત્રોમાં અંધકાર છે.) એમ ભારત સૂર્ય તેથી પણ આગળ ભરત ક્ષેત્ર તરફ આવતો જાય. ત્યારે જેટલું આગળ વધી આવ્યો તેટલા પ્રમાણમાં અંધકારવાળા ક્ષેત્રોને પ્રકાશિત કરતો જાય. તેથી પાછળના ક્ષેત્રોમાં અંધકાર થતો જાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણે સૂર્ય જેમ જેમ ભરતક્ષેત્ર તરફ આવતો જાય તેમ તેમ પાશ્ચાત્ય વિભાગોમાં તે તે ક્ષેત્રને ક્રમે ક્રમે પ્રકાશિત કરતો જાય, આ પ્રમાણે ભરતના સૂર્યોદય સમયે અમુક વિભાગમાં તદ્દન અંધકાર હોય અથવા ભરતના સૂર્યોદય સમયે તે તે ક્ષેત્રોમાં દિવસના અથવા રાત્રિના અમુક અમુક વાગ્યા હોય છે. તેનું કારણ અહીં ટુંકમાં બતાવ્યું.

આ પ્રમાણ ક્ષેત્ર વિભાગથી દિવસ–રાત્રિનું પરિમાણ કહ્યું.

**(૪) હવે પ્રતિમંડલની પરિધિનું પ્રમાણ કહે છે.**

સર્વ અભ્યંતર મંડલ ૯૯૬૪૦ યોજન લંબાઈ પહોળાઇવાળું છે. તે આ પ્રમાણે.

સર્વ અભ્યંતર મંડલ એક બાજુ ૧૮૦ યોજન જંબૂદ્વીપની અંદર રહેલું છે, તેમ બીજી બાજુ પણ ૧૮૦ યોજન જંબૂદ્વીપની અંદર રહેલું છે. તે ડબલ કરતાં ૩૬૦ યોજન જંબૂદ્વીપના વિસ્તારમાંથી ઓછા કરવા.

૧૦૦૦૦૦ જંબૂદ્વીપનો વિસ્તાર
બ— ૩૬૦
૯૯૬૪૦

અભ્યંતર મંડલનો ૯૯૬૪૦ યોજન વિસ્તાર થયો. તેની પરિધિ ૩૧૫૦૮૯ યોજનથી અધિક થાય. આ પરિધિ '**विक्खंभवग्गदहगुण**'ની રીત પ્રમાણે આવે. અથવા જંબૂદ્વીપના વિસ્તારમાંથી એક બાજુ ૧૮૦ યોજન, તે પ્રમાણે બીજી બાજુના ૧૮૦ યોજન. બન્ને બાજુના થઇને ૩૬૦ યોજનની પરિધિ ૧૧૩૮ યોજનથી અધિક થાય. આ ૧૧૩૮ યોજન જંબૂદ્વીપની પરિધિમાંથી ઓછા કરવા.

જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન
બ— ૧૧૩૮ યોજન
૩૧૫૦૮૯ યોજન પરિધિ ઉપર કહ્યા મુજબ આવી ગઇ.

સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલનો વિસ્તાર ૯૯૬૪૫$\frac{૩૫}{૬૧}$ યોજન છે. તે આ પ્રમાણે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક બાજુ સર્વ અભ્યંતર મંડલ પછીનું મંડલ ૨$\frac{૪૮}{૬૧}$ યોજન અંતર મૂકીને દૂર રહેલું છે. તેથી બન્ને બાજુના ગણતાં ૫$\frac{૩૫}{૬૧}$ યોજન જેટલો વિસ્તાર પૂર્વ મંડલના વિસ્તારમાં વધે છે. એટલે સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલની પરિધિ ૩૧૫૧૦૭ યોજન થાય છે. તે આ પ્રમાણે—

પૂર્વ મંડલના વિસ્તારથી આ બીજા મંડલનો વિસ્તાર ૫$\frac{૩૫}{૬૧}$ યોજન વધે છે. તેની પરિધિ ગણતાં ૧૭$\frac{૩૮}{૬૧}$ યોજનથી અધિક થાય પણ વ્યવહારથી પુરેપુરા ૧૮ યોજનની વિવિક્ષા કરવામાં આવી છે. કહ્યું છે કે—

" **सत्तरस जोयणाइं अट्ठतीसं च एगसट्ठिभागा ।**
**एयंति निच्छएण संववहारेण पुण अट्ठारस जोयणाइं ॥** "

૫$\frac{૩૫}{૬૧}$ યોજનની પરિધિ ૧૭$\frac{૩૮}{૬૧}$ યોજન ભાગ નિશ્ચયથી છે, પણ વ્યવહારથી ૧૮ યોજન ગણવા.

દરેક મંડલે મંડલે પૂર્વ–પૂર્વ મંડલની પરિધિમાં ૧૮–૧૮ યોજન ઉમેરતા તે પછીના મંડલની પરિધિ જાણવી.

સર્વ અભ્યંતર મંડલથી ત્રીજા મંડલનો વિસ્તાર ૯૯૬૫૧ $\frac{૯}{૬૧}$યોજન થાય અને તેની પરિધિ ૩૧૫૧૨૫ યોજનમાં કંઈક ન્યૂન હોય છે.

આ પ્રમાણે દરેક મંડલે મંડલે વિસ્તારમાં ૫$\frac{૩૫}{૬૧}$ યોજન વધારવા અને પરિધિમાં ૧૮ યોજન વધારવા. યાવત્ આ પ્રમાણે વધારતા સર્વ બાહ્ય મંડલ સુધી કરતા, સર્વ બાહ્ય મંડલનો વિસ્તાર ૧૦૦૬૬૦ યોજન થાય અને તેની પરિધિ ૩૧૮૩૧૫ યોજનમાં કંઈક ન્યૂન થાય.

આ પ્રમાણે દરેક મંડલની પરિધિ કહી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૫) હવે મંડલે મંડલે પ્રતિ મુહૂર્તની ગતિનું પ્રમાણ—

જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં ફરતો હોય છે, ત્યારે તે એક મુહૂર્તમાં ૫૨૨૧$\frac{૨૯}{૬૦}$ યોજન ગતિ કરે છે.

આ કેવી રીતે સમજાય ? તો કહે છે.

અહીં આખું મંડલ એક અહોરાત્રિમાં બે સૂર્યો કરે છે. એટલે દરેક સૂર્યને એક મંડલ પુરું કરતાં બે અહોરાત્રિ થાય છે.

એક અહોરાત્રિના ૩૦ મુહુર્ત છે એટલે બે અહોરાત્રિના ૬૦ મુહુર્ત થાય. હવે સર્વ અભ્યંતર મંડલની પરિધિ ૩૧૫૦૮૯ યોજન છે. આને ૬૦થી ભાગતાં એક મુહુર્તની ગતિ આવે.

```
    | | | |
૬૦) ૩૧૫૦૮૯ (૫૨૫૧ યોજન
    ૩૦૦
    ---
     ૧૫૦
     ૧૨૦
     ---
      ૩૦૮
      ૩૦૦
      ---
      ૦૦૮૯
        ૬૦
      ----
        ૨૯
```

૫૨૫૧$\frac{૨૯}{૬૦}$ યોજન એક મુહુર્તમાં સૂર્ય ગતિ કરે.

સર્વ અભ્યંતર મંડલમાં સૂર્ય એક મુહુર્તમાં ૫૨૫૧$\frac{૨૯}{૬૦}$ યોજન ગતિ કરે છે.

આ પ્રમાણે દરેક મંડલમાં જે પરિધિ હોય તેને ૬૦ થી ભાગવા. જે આવે તેટલી તે મંડલમાં એક મુહુર્તમાં સૂર્ય ગતિ કરે.

જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલ પછીના મંડલમાં પ્રવેશેલો હોય ત્યારે એક મુહુર્તમાં ૫૨૫૧$\frac{૪૭}{૬૦}$ યોજન ગતિ કરે છે. તે આ પ્રમાણે—

બીજા મંડલની પરિધિ ૩૧૫૧૦૭ યોજન છે, તેને ૬૦ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
   | | | |
૬૦) ૩૧૫૧ ૦ ૭ (૫૨૫૧ યોજન
    ૩૦૦
    ----
    ૦૧૫૧
     ૧૨૦
    ----
     ૦૩૧૦
      ૩૦૦
     ----
     ૦૧૦૭
       ૬૦
     ----
       ૪૭
```

બીજા મંડલમાં સૂર્ય એક મુહુર્તમાં ૫૨૫૧ $\frac{૪૭}{૬૦}$ યોજન ગતિ કરે છે.

આ પ્રમાણે દરેક મંડલની પરિધિનો વિચાર કરી તેને ૬૦ થી ભાગવા જે આવે તેટલી એક મુહુર્તની સૂર્યની ગતિ આવે.

પૂર્વ મંડલની પરિધિ હોય તેના પછીના મંડલની પરિધિ ૧૮ યોજનમાં કંઈક ન્યૂન વધે છે, પણ દરેક મંડલે પરિધિ ૧૮ યોજન વધારવાનું પૂર્વે કહી ગયા છીએ.

૧૮ યોજનને ૬૦ થી ભાગી શકાય નહિ, માટે યોજનના ૬૦ ભાગો કરી ૬૦ થી ભાગતા ૧૮/૬૦ યોજન આવે. તે આ પ્રમાણે-

૧૮×૬૦=૧૦૮૦ સાઈઠીયા ભાગ થયા તેને ૬૦ થી ભાગતા.

```
૬૦) ૧૦૮૦ (૧૮
    ૬૦
    ---
     ૪૮૦
     ૪૮૦
     ---
     ૦૦૦
```

૧૮/૬૦ યોજન આવ્યા. એટલે દરેક મંડલે મંડલે સૂર્ય એક મુહુર્તમાં ૧૮/૬૦ મુહુર્ત અધિક ગતિ કરે છે.

આ ગતિ વ્યવહારથી જાણવી. નિશ્ચયથી તો કંઈક ઓછી ગતિ કરે છે. આગળ આગળના મંડલમાં પૂર્વ મંડલની સૂર્યની ગતિમાં ૧૮/૬૦ યોજનની વૃદ્ધિ કરતાં તે તે મંડલમાં સૂર્યની એક મુહુર્તની ગતિ આવે. આ પ્રમાણે વૃદ્ધિ કરતાં અભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં પ્રવેશીને સૂર્ય ગતિ કરતો હોય ત્યારે એક મુહુર્તમાં ૫૨૫૨ $\frac{૫}{૬૦}$ યોજન ગતિ કરતો હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં પણ પૂર્વે કહ્યા મુજબ મંડલે-મંડલે ૧૮/૬૦ યોજન વૃદ્ધિ કરતા ઉપર કહેલું પરિમાણ આવે.

આ પ્રમાણે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાંથી બહાર નીકળતાં મંડલે-મંડલે પૂર્વ-પૂર્વના મંડલની જે ગતિ હોય તેમાં ૧૮/૬૦ યોજન ૧૮/૬૦ યોજનની વૃદ્ધિ કરતાં ત્યાં સુધી વધારવા કે યાવત્ સર્વ બાહ્ય મંડલે આવે.

જ્યારે સર્વ બાહ્ય મંડલમાં સૂર્ય ફરતો હોય ત્યારે એક મુહુર્તમાં $૫૩૦૫\frac{૧૫}{૬૦}$ યોજન ગતિ કરતો હોય છે. તે આ પ્રમાણે—

સર્વ બાહ્ય મંડલની પરિધિ ૩૧૮૩૧૫ યોજનની છે. તેને ૬૦ થી ભાગવા.

```
     | | | |
૬૦) ૩૧૮૩૧૫(૫૩૦૫ યોજન
    ૩૦૦
    ----
    ०१८३
     १८०
    -----
    ००३१५
      ३००
     -----
       १५
```

સર્વ બાહ્ય મંડલમાં સૂર્યની ગતિ એક મુહુર્તમાં $૫૩૦૫\frac{૧૫}{૬૦}$ યોજન જાણવી.

જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલની બાજુના (છેલ્લેથી બીજા) મંડલમાં આવીને ગતિ કરતો હોય ત્યારે એક મુહુર્તમાં $૫૩૦૪\frac{૫૭}{૬૦}$ યોજન ગતિ કરે છે.

અહીં સર્વ બાહ્ય મંડલમાં મુહુર્તની ગતિની અપેક્ષાએ ૧૮/૬૦ યોજન ઓછા થાય છે.

સર્વ બાહ્ય મંડલની પરિધિમાં આ મંડલની પરિધિ ૧૮ યોજન ઓછી છે તેથી મુહુર્તની ગતિ ૧૮/૬૦ યોજન ઓછી પ્રાપ્ત થાય છે.

$$૫૩૦૫\frac{૧૫}{૬૦}$$

$$-\ ૧૮/૬૦$$

$૫૩૦૪\frac{૫૭}{૬૦}$ યોજન એક મુહુર્તમાં સૂર્ય ગતિ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે સર્વ બાહ્ય મંડલથી આગળના ત્રીજા મંડલમાં આવીને સૂર્ય ગતિ કરતો હોય ત્યારે એક મુહુર્તમાં ૫૩૦૪$\frac{૩૯}{૬૦}$ યોજન ગતિ કરે છે.

આ પ્રમાણે અંદર પ્રવેશ કરતાં સૂર્યની મંડલે મંડલે મુહુર્તની ગતિમાં ૧૮/૬૦ યોજન ઓછા કરતાં જવું, યાવત્ સર્વ અભ્યંતર મંડલમાં સૂર્ય આવે. ત્યારે એક મુહુર્તમાં ૫૨૫૧$\frac{૨૯}{૬૦}$ યોજન ગતિ કરે છે.

આ પ્રમાણે મંડલે મંડલે સૂર્યની મુહુર્તમાં ગતિ જાણવી.

**(૬) હવે દૃષ્ટિપથ–સૂર્યનું દેખાવું.**

જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં આવીને ગતિ કરતો હોય ત્યારે અહીં રહેલા મનુષ્યોને ૪૭૨૬૩$\frac{૨૧}{૬૦}$ યોજન દૂરથી સૂર્ય દૃષ્ટિપથમાં એટલે જોવામાં આવે છે. ત્યારે તે વખતે સર્વ ઉત્કૃષ્ટ ૧૮ મુહુર્ત પ્રમાણ દિવસ હોય છે અને સર્વ જઘન્ય ૧૨ મુહુંતની રાત્રિ હોય છે. કર્ક સંક્રાંતિનો દિવસ સૌથી મોટામાં મોટો હોય છે.

જ્યારે સર્વ અભ્યંતર મંડલમાંથી બીજા મંડલમાં આવીને સૂર્ય ગતિ કરતો હોય ત્યારે ૪૭૧૭૯$\frac{૫૭}{૬૦}$ – $\frac{૧૯}{૬૧}$ યોજન દૂરથી અહીં રહેલા મનુષ્યો સૂર્યને જોઈ શકે છે. ત્યારે દિવસ ૧૮ મુહુર્તમાં ૨/૬૧ મુહુર્ત પ્રમાણ ઓછો હોય છે અને રાત્રિ ૧૨ $\frac{૨}{૬૧}$ મુહુર્ત પ્રમાણ હોય છે.

| ૭૬૮૯૦–૫૩ | ૩૮૪૪૫–૨૬ાા | | ચંદ્ર | ૫૧૦૩—૨૬૩૪ |
| ૭૪૬૮૬–૫૪ | ૩૭૩૪૩–૨૭ | | ચંદ્ર–નક્ષત્ર | ૫૧૦૬–૧૨૨૮૯ |
| ૭૨૪૮૦–૫૫ | ૩૬૨૪ –૨૭ાા | | ચંદ્ર–સૂર્ય–નક્ષત્ર | ૫૧૧૦—૮૨૧૯ |
| ૭૦૨૭૬–૫૬ | ૩૫૧૩૮–૨૮ | | ,, | ૫૧૧૪–૪૧૪૯ |
| ૬૮૦૭૨–૫૭ | ૩૪૦૩૬–૨૮ાા | | ,, | ૫૧૧૮—૧૪૦૫ |
| ૬૫૮૬૬–૫૮ | ૩૨૯૩૩–૨૯ | | ,, | ૫૧૨૧–૧૧૦૬૦ |
| ૬૩૬૬૩– ૦ | ૩ ૮૩૧–૩૦ાા | | ચંદ્ર–સૂર્ય– .ક્ષત્ર | ૫૧૨૫—૬૯૯૦ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# જંબૂદ્વીપમાં સૂર્ય-ચંદ્રના ૨૭ દ્વાર

| ક્રમ | વિષય | સૂર્ય | ચંદ્ર |
|---|---|---|---|
| ૧ | જંબૂદ્વીપમાં સૂર્ય—ચંદ્ર | ૨ | ૨ |
| ૨ | મંડલ ક્ષેત્રનો વિસ્તાર | ૫૧૦—૪૮/૬૧ યોજન | ૫૧૦—૫૬/૬૧ યોજન |
| ૩ | જંબૂદ્વીપમાં મંડલક્ષેત્ર | ૧૮૦ યોજન | ૧૮૦ યોજન |
| ૪ | લવણસમુદ્રમાં ,, | ૩૩૦—૪૮/૬૧ યોજન | ૩૩૦—૫૬/૬૧ યોજન |
| ૫ | કુલ મંડલો | ૧૮૪ | ૧૫ |
| ૬ | જંબૂદ્વીપમાં મંડલો | ૬૫ | ૫ |
| ૭ | લવણસમુદ્રમાં મંડલો | ૧૧૯ | ૧૦ |
| ૮ | મંડલરેખાની પહોળાઈ | ૪૮/૬૧ યોજન | ૫૬/૬૧ યોજન |
| ૯ | મંડલથી મંડલનું અંતર | ૨ યોજન | ૩૫—૩૦/૬૧—૪/૭ |
| ૧૦ | મેરુથી દૂર અભ્યંતરમંડલ | ૪૪૮૨૦ યોજન | ૪૪૮૨૦ યોજન |
| ૧૧ | ,, બાહ્ય મંડલ | ૪૫૩૩૦ યોજન | ૪૫૩૩૦ યોજન |
| ૧૨ | અભ્યંતર મંડલની પરિધિ | ૩૧૫૦૮૯ યોજન | ૩૧૫૦૮૯ યોજન |
| ૧૩ | બાહ્યમંડલની પરિધિ | ૩૧૮૩૧૫ યોજન | ૩૧૮૩૧૫ યોજન |
| ૧૪ | મંડલે મંડલે પરિધિમાં વૃદ્ધિહાની | ૧૮ યોજનમાં કંઈક ન્યૂન | ૨૩૦ યોજન લગભગ |
| ૧૫ | અભ્યંતર મંડલે પરસ્પર અંતર | ૯૯૬૪૦ યોજન | ૯૯૬૪૦ યોજન |
| ૧૬ | પ્રતિ ,, ,, ,, | ૫—૩૫/૬૧ યોજન | ૭૨—૫૧/૬૧—૧/૭ |
| ૧૭ | બાહ્ય મંડલે પરસ્પર અંતર | ૧૦૦૬૬૦ યોજન | ૧૦૦૬૬૦ યોજન |
| ૧૮ | અભ્યંતર મંડલે ઉદય અસ્ત અંતર | ૯૪૫૨૬—૪૨/૬૦ યોજન | ૯૪૫૨૬—૪૨/૬૦ યોજન |
| ૧૯ | બાહ્યમંડલે ,, ,, | ૬૩૬૬૩ યોજન | ૬૩૬૬૩ યોજન |
| ૨૦ | અભ્યંતર મંડલે દૃષ્ટિગોચર | ૪૭૨૬૩—૨૧/૬૦ યોજન | ૪૭૨૬૩—૩૦/૬૦ યોજન |
| ૨૧ | બાહ્યમંડલે ,, | ૩૧૮૩૧—૩૦/૬૦ યોજન | ૩૧૮૩૧—૨૧/૬૦ યોજન |
| ૨૨ | અભ્યંતર મંડલે દિન-રાત્રિમાન | ૧૮ મુહૂર્ત દિવસ | ૧૨ મુહૂર્ત રાત્રિ |
| ૨૩ | બાહ્ય ,, ,, | ૧૨ ,, ,, | ૧૮ ,, |
| ૨૪ | પ્રતિમંડલે દિન-રાત્રિમાનમાં હાની-વૃદ્ધિ | ૨/૬૧ મુહૂર્ત હાની | ૨/૬૧ મુહૂર્ત વૃદ્ધિ |
| ૨૫ | અભ્યંતરમંડલે મુહૂર્તગતિ | ૫૨૫૧-૨૯/૬૦ યોજન | ૫૦૭૩—૭૭૪૪/૧૩૭૨૫ યો. |
| ૨૬ | બાહ્ય ,, ,, | ૫૩૦૫—૧૫/૬૦ યોજન | ૫૧૨૫—૬૯૯૦/૧૩૭૨૫ યો. |
| ૨૭ | પ્રતિમંડલે મુહૂર્તગતિમાં વૃદ્ધિ-હાની | ૧૮/૬૦ યોજન | ૩—૧૩૭૨૫ યોજન |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચંદ્રમંડલનું સ્વરૂપ

**૧. મંડલક્ષેત્ર પ્રરૂપણા**—સૂર્યમંડલનું સ્વરૂપ પૂર્ણ થયું. હવે ચંદ્રમંડલનું સ્વરૂપ કહેવાય છે. તેના પાંચ દ્વાર છે. ૧. મંડલક્ષેત્ર પ્રરૂપણા, ૨. મંડલસંખ્યા પ્રરૂપણા, ૩. અબાધા પ્રરૂપણા, ૪. મંડલમાં ગતિની પ્રરૂપણા અને ૫. મંડલમાં દેખાતી વૃદ્ધિ–હાની પ્રરૂપણા.

ચંદ્રના મંડલોથી વ્યાપ્ત ક્ષેત્ર એટલે સર્વ અભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલ સુધી વ્યાપ્ત આકાશનો ભાગ તે મંડલક્ષેત્ર કહેવાય.

મંડલ ક્ષેત્રની ચક્રવાલ–ચારે તરફની પહોળાઇ $૫૧૦\frac{૪૮}{૬૧}$ યોજન છે.

તે આ પ્રમાણે છે.

ચંદ્રના કુલ ૧૫ મંડલો છે. એક એક મંડલની પહોળાઈ ૫૬/૬૧ યોજન છે એટલે ૫૬/૬૧ને ૧૫થી ગુણવા.

```
 ૫૬
×૧૫
------
૮૪૦ યોજન કરવા ૬૧થી ભાગવા.
```

```
૬૧) ૮૪૦(૧૩યોજન
     ૬૧
    -----
     ૨૩૦
     ૧૮૩
    -----
      ૪૭
```

$૫૧૦\frac{૪૮}{૬૧}$

–

$૧૩\frac{૪૭}{૬૧}$

---

$૪૯૭\frac{૧}{૬૧}$

ચંદ્રના ૧૫ મંડલના ૧૪ આંતરા હોવાથી ૧૪થી ભાગવા.

```
૧૪) ૪૯૭(૩૫ યોજન
    ૪૨
   ----
     ૭૭
     ૭૦
   ----
      ૭
```

૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org


| | | |
|---|---|---|
| ૭<br>×૬૧<br>——<br>૪૨૭<br>+૧<br>——<br>૪૨૮ | ૧૪)૪૨૮(૩૦ ભાગ<br>૪૨૦<br>——<br>૦૮ | $\frac{૮÷૨}{૧૪÷૨} = \frac{૪}{૭}$ પ્રતિભાગ<br><br>$૩૫\frac{૩૦}{૬૧}$ $\frac{૪}{૭}$ યોજન |

ચંદ્રના એક એક મંડલનું અંતર $૩૫\frac{૩૦}{૬૧} - \frac{૪}{૭}$ યોજન જાણવું.

મંડલની પહોળાઇ $૧૩\frac{૪૭}{૬૧}$ યોજન થાય. અને કુલ ૧૪ આંતરા છે. એક આંતરું $૩૫\frac{૩૦}{૬૧} - \frac{૪}{૭}$ યોજન પ્રમાણ છે. કહ્યું છે કે—

“ चंद्रमंडलस्स णं भंते चंदमंडलस्स केवइयं आबाहाए अंतरे पन्नत्ते ? । गोयमा ! पणतीसं जोयणाइं तीसं च एगसट्ठिभागा जोयणस्स एगं च एकसट्ठिभागं सत्तहा छित्ता चत्तारि चुण्णिया भागे आबाहाए अंतरे पन्नत्ते । ”

## ચંદ્રના મંડલ ૧૫, આંતરા ૧૪




‘હે ભગવન્ ! એક ચંદ્ર મંડલથી બીજા ચંદ્ર મંડલનું બાધારહિત કેટલું અંતર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહ્યું છે? હે ગૌતમ ! ૩૫ યોજન અને ૩૦ એકસઠિયા ભાગ, ઉપર એક યોજનના એકસઠિયા ભાગના સાત ભાગ કરીએ તેવા ૪ ભાગ જેટલું અબાધાએ અંતર કહ્યું છે.'

$૩૫\frac{૩૦}{૬૧} - \frac{૪}{૭}$ ને ૧૪ થી ગુણવા.

| | | |
|---|---|---|
| ૩૫ × ૧૪ = ૪૯૦ | ૩૦ × ૧૪ = ૪૨૦ થી ગુણીને ૬૧ થી ભાગવા | ૪ × ૧૪ = ૫૬ થી ગુણી ૭ થી ભાગવા |
| ૭) ૫૬ (૮<br>૫૬<br>૦૦ | ૬૧) ૪૨૦ (૬<br>૩૬૬<br>૦૫૪ | $૭\frac{૧}{૬૧}$ ચંદ્ર વિમાનની પહોળાઈ.<br>+ $૧૩\frac{૪૭}{૬૧}$ પંદર મંડલની પહોળાઈ<br>$૨૦\frac{૪૮}{૬૧}$ |

| | |
|---|---|
| ૮<br>+૫૪<br>૬૨ ને ૬૧ થી ભાગતા<br>$૧\frac{૧}{૬૧}$ થયા | ૬<br>+ $૧\frac{૧}{૬૧}$<br>$૭\frac{૧}{૬૧}$ |

૪૯૦
+ $૨૦\frac{૪૮}{૬૧}$

$૫૧૦\frac{૪૮}{૬૧}$ યોજન ચંદ્રનું ચાર ક્ષેત્ર $૫૧૦\frac{૪૮}{૬૧}$ યોજન જાણવું.

ગણિતની અનેક રીતો હોવાથી એક જ પ્રમાણ જુદી જુદી રીતિએ લાવી શકાય છે. પ્રથમ એકસઠિયા તેમજ સાતીયા ભાગોના યોજન કાઢીને ચાર ક્ષેત્ર જણાવ્યું. હવે યોજનના સાતીયા ભાગો કાઢીને ચાર ક્ષેત્ર જણાવવા બીજી રીત બતાવે છે, તે આ પ્રમાણે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદ્ર મંડલોનું અંતર ૩૫ યોજન ૩૦/૬૧—૪/૭ ભાગ હોવાથી પ્રથમ એ એક જ અંતર પ્રમાણના સાતીયા ભાગ કરવા–૩૦ એકસઠિયા ભાગને ૭ થી ગુણીને ૪ ઉમેરવા. ૩૦×૭=૨૧૦, ૨૧૦+૪=૨૧૪ થયા.

હવે ૩૫ યોજનના સાતીયા ભાગ કરવા ૬૧ થી ગુણીને ૭ થી ગુણવા.

૩૫×૬૧=૨૧૩૫, ૨૧૩૫×૭=૧૪૯૪૫ થયા.

૧૪૯૪૫
+૨૧૪ આગળના
૧૫૧૫૯ સાતિયા ભાગ થયા.

કુલ ૧૫૧૫૯ સાતીયા ભાગ આવ્યા. આ એક મંડલનું અંતર થયું. ૧૪ મંડલનું અંતર કાઢવા ૧૪ થી ગુણવા.

૧૫૧૫૯
× ૧૪
૨૧૨૨૨૬ પ્રતિ ભાગ (સાતીયા ભાગ) થયા.

હવે મંડલો ૧૫ હોવાથી ૧૫ મંડલ સંબંધિ વિમાનના વિસ્તારના પ્રતિ ભાગો કાઢવા. ૫૬/૬૧ ને સાતથી ગુણવા.

૫૬
×૭
૩૯૨ એક મંડલના પ્રતિભાગ થયા. મંડલ ૧૫ હોવાથી ૧૫ થી ગુણવા.

૩૯૨
×૧૫
૫૮૮૦ પ્રતિભાગ થયા. આ પ્રતિ ભાગ પૂર્વના પ્રતિ ભાગમાં ઉમેરવા.

૨૧૨૨૨૬
+૫૮૮૦
૨૧૮૧૦૬ પ્રતિભાગના એકસઠિયા ભાગ કાઢવા પહેલા ૭ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | | |
૭) ૨૧ ૮ ૧ ૦ ૬ (૩૧૧૫૮ આના યોજન કરવા ૬૧ થી ભાગવા.

| | |
|---|---|
| ૨૧ | ૬૧)૩૧૧૫૮ (૫૧૦ યોજન |
| ૦૦૮ | ૩૦૫ |
| ૭ | ૦૦૬૫ |
| ૧૧ | ૬૧ |
| ૭ | ૪૮ |
| ૪૦ | |
| ૩૫ | |
| ૦૫૬ | |
| ૫૬ | |
| ૦૦ | |

ચંદ્રનું ચાર ક્ષેત્ર $૫૧૦\frac{૪૮}{૬૧}$ યોજન પ્રમાણ આવ્યું.

હવે ત્રીજી રીત :– ઉતરતી ભાંજણી પ્રમાણે—

એક મંડલનું અંતર $૩૫\frac{૩૦}{૬૧} - \frac{૪}{૭}$ યોજન છે. એટલે

| | |
|---|---|
| ૩૫ | ૨૧૬૫ |
| ×૬૧ | ×૭ |
| ૨૧૩૫ | ૧૫૧૫૫ |
| +૩૦ | +૪ |
| ૨૧૬૫ | ૧૫૧૫૯ સાતીયા ભાગ થયા. |

ચંદ્રના કુલ ૧૪ આંતરા છે. એટલે ૧૪થી ગુણવા.

| | ચંદ્રના પ્રતિભાગ | |
|---|---|---|
| ૧૫૧૫૯ | ૫૬ | ૩૯૨ |
| ×૧૪ | ×૭ | ×૧૫ |
| ૨૧૨૨૨૬ | ૩૯૨ | ૫૮૮૦ |
| +૫૮૮૦ | | |
| ૨૧૮૧૦૬ કુલ પ્રતિભાગો | | |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આના યોજન કરવા ક્રમસર ૭ અને ૬૧થી ભાગવાથી ચંદ્રનું ચારક્ષેત્ર આવી જાય.

```
   | | | | |
૭) ૨૧ ૮ ૧૦ ૬ (૩૧૧૫૮
   ૨૧
   ---
   ૦૦૮
     ૭
   ---
     ૧૧
      ૭
   ---
      ૪૦
      ૩૫
     ---
      ૦૫૬
       ૫૬
     ---
       ૦૦
```

```
    | | |
૬૧) ૩૧૧ ૫૮(૫૧૦ યોજન
    ૩૦૫
    ---
    ૦૦૬૫
      ૬૧
    ---
      ૪૮
```

ચંદ્રનું ચાર ક્ષેત્ર આ રીતે પણ ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન આવ્યું.

૨. **મંડલની સંખ્યા**—ચંદ્રના કુલ ૧૫ મંડલ છે. તેમાં ૫ મંડલ જંબૂ-દ્વીપમાં છે. અને ૧૦ મંડલ લવણ સમુદ્રમાં આવેલા છે. કહ્યું છે કે—

**“ जंबूदीवे णं भंते दीवे केवइयं ओगाहित्ता केवइया चंदमंडला पन्नत्ता ? । गोयमा ! जंबूदीवे असीयं जोयणसयं ओगाहित्ता एत्थ णं पंच मंडला पन्नत्ता । लवणेणं भंते समुद्दे केवइयं ओगाहित्ता केवइया चंदमंडला पन्नत्ता ? गोयमा ! लवणे णं समुद्दे तिण्णि तीसे जोयणसए ओगाहित्ता एत्थ णं दस चंदमंडला पन्नत्ता । एवमेव सपुव्वावरे णं जंबूदीवे लवणे य पन्नरस चंदमंडले भवंतीति अक्खायं । ”**

“હે ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલું અવગાહીને ચંદ્રના કેટલા મંડલો કહ્યા છે?

હે ગૌતમ ! જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અવગાહીને તેમાં પાંચ મંડલો કહ્યા છે.

હે ભગવન્ ! લવણ સમુદ્રમાં કેટલું અવગાહીને ચંદ્રના કેટલા મંડલો કહ્યાં છે?

હે ગૌતમ ! લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન અવગાહીને ચંદ્રના ૧૦ મંડલો કહ્યા છે. આ પ્રમાણે પૂર્વ-પશ્ચિમ જંબૂદ્વીપમાં અને લવણ સમુદ્રમાં ચંદ્રના ૧૫ મંડલો હોય છે એમ કહેલ છે.”

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩. **અબાધા પ્રરૂપણા**—ચંદ્રની અબાધાની પ્રરૂપણા ત્રણ પ્રકારે થાય છે.

૧–મેરુ પર્વતને આશ્રીને સામાન્યથી મંડલ ક્ષેત્રની અબાધા, ૨–મેરુ પર્વતને આશ્રીને દરેક મંડલની અબાધા અને ૩–મંડલે–મંડલે બન્ને ચંદ્રની અબાધા.

(૧) મેરુ પર્વતને આશ્રીને સામાન્યથી બધી બાજુથી ૪૪૮૨૦ યોજનનું આંતરું હોય છે. તે આ પ્રમાણે–

સર્વ અભ્યંતર ચંદ્ર મંડલ ચારે બાજુથી જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અંદર રહેલું છે.

એક બાજુ ૧૮૦ યોજન તે પ્રમાણે બીજી બાજુ ૧૮૦ યોજન બન્ને મળીને ૩૬૦ યોજન થાય. તે જંબૂદ્વીપના ૧૦૦૦૦૦ યોજન વિસ્તારમાંથી ૩૬૦ યોજન ઓછા કરવા.

```
  ૧૦૦૦૦૦
—    ૩૬૦
  ―――――
   ૯૯૬૪૦  યોજન રહ્યા. મેરુ પર્વતનો વિસ્તાર ૧૦૦૦૦ ઓછા કરવા
   ૯૯૬૪૦
— ૧૦૦૦૦ મેરુ પર્વતનો વિસ્તાર
  ―――――
   ૮૯૬૪૦ યોજન. આના અડધા કરતા ૪૪૮૨૦ યોજન થાય.
```

મેરુ પર્વતને આશ્રીને ચંદ્ર મંડલનું અંતર ૪૪૮૨૦ યોજન જાણવું. કહ્યું છે કે,

**" जंबूद्दीवे णं दीवे मंदरस्स केवइयाए अबाहाए सव्वब्भंतरे चंदमंडले पन्नत्ते ? गोयमा ! चत्तालीसं जोयणसहस्साइं अट्ठ य वीसे जोयणसए अबाहाए सव्वब्भंतरे चंदमंडले पन्नत्ते । "**

'હે ભગવન્ ! મેરુ પર્વતથી સર્વ અભ્યંતર ચંદ્ર મંડલની કેટલી અબાધા કહી છે?'

હે ગૌતમ ! મેરુ પર્વતથી સર્વ અભ્યંતર ચંદ્ર મંડલની અબાધા ૪૪૮૨૦ યોજન કહી છે.

(૨) **મેરુ પર્વતને આશ્રીને દરેક મંડલની અબાધા**–જે સામાન્યથી મંડલ ક્ષેત્રની અબાધા છે તે જ સર્વ અભ્યંતર મંડલની અબાધા ૪૪૮૨૦ યોજનની જાણવી. પહેલું મંડલ એ જ મંડલ ક્ષેત્રની સીમા કરનાર છે.

સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલનું આંતરું મેરુ પર્વતથી ૪૫૮૫૬ $\frac{૨૫}{૬૧}$ – $\frac{૪}{૭}$ યોજન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વ અભ્યંતર મંડલથી ત્રીજા મંડલનું આંતરું ૪૪૮૯૨ $\frac{૫૧}{૬૧}$ – $\frac{૧}{૭}$ યોજન છે.

આ પ્રમાણે સર્વ અભ્યંતર મંડલથી નીકળતા એક એક મંડલથી બીજા બીજા મંડલમાં ૩૬ $\frac{૨૫}{૬૧}$ – $\frac{૪}{૭}$ – ૩૬ $\frac{૨૫}{૬૧}$ – $\frac{૪}{૭}$ યોજન વધારતાં જવું. યાવત્ સર્વ બાહ્ય મંડલ આવે.

સર્વ બાહ્ય ચંદ્ર મંડલ મેરુ પર્વતથી ૪૫૩૨૯ $\frac{૫૩}{૬૧}$ યોજન અંતરે રહેલું છે.

કહ્યું છે કે—

**" जंबूदीवे णं भंते दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्वब्भंतराणंतरे चंदमंडले पन्नत्ते ? गोयमा ! चोयालीसं जोयणसहस्साइं अट्ठ य छप्पन्ने जोयणसए, पणवीसं च एगसट्ठिभागा जोयणस्स, एगं च एगसट्ठिभागं सत्तहा छित्ता चत्तारि चुन्निया भागे अबाहाए अब्भिंतराणंतरे चंदमंडले पन्नत्ते । जंबूदीवे णं भंते दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए अब्भितरतच्चे मंडले पन्नत्ते ? गोयमा चोयालीसं जोयणसहस्साइं अट्ठ य बाणउए जोयणसए, एगावन्नं च एगसट्ठिभागे जोयणस्स, एगं च एगसट्ठिभागं सत्तहा छित्ता एगं चुन्नियाभागं अबाहाए अब्भितरे तच्चे मंडले पन्नत्ते । एवं खलु एएणं उवाएणं निक्खममाणे चंदे तदणंतराओ मंडलाओ तदणंतरं मंडलं संकममाणे छत्तीसं जोयणाइं पणवीसं च एगसट्ठिभागे जोयणस्स एगं च एगसट्ठिभागं सत्तहा छित्ता चत्तारि चुन्निया भागे एगमेगे अबाहाए अभिवड्ढमाणे अभिवड्ढमाणे जाव सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ । जंबूदीवे णं भंते दीवे मंदरस्स केवइयाए अबाहाए सव्वबाहिरे चंदमंडले पन्नत्ते ? गोयमा ! पणयालीसं जोयणसहस्साइं तिण्णि तीसे जोयणसए अबाहाए सव्वबाहिरे चंदमंडले पन्नत्ते । "**

"હે ભગવન્ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલા અંતરે સર્વ અભ્યંતર મંડલ પછીનું ચંદ્ર મંડલ કહ્યું છે.

હે ગૌતમ ! ૪૪૮૫૬ $\frac{૨૫}{૬૧}$ – $\frac{૪}{૭}$ યોજનના અંતરે સર્વ અભ્યંતર મંડલ પછીનું ચંદ્ર મંડલ કહ્યું છે.

હે ભગવાન ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલા અંતરે સર્વ અભ્યંતર મંડલથી ત્રીજું મંડલ કહેલું છે ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમ! ૪૪૮૯૨$\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજનના અંતરે સર્વ અભ્યંતર મંડલથી ત્રીજુ ચંદ્ર મંડલ કહેલું છે

આ પ્રમાણે ચંદ્ર બહાર નીકળતાં એક મંડલમાંથી બીજા મંડલમાં સંક્રમ કરતાં એટલે જતાં જતાં મંડલનું અંતર ૩૬$\frac{૨૫}{૬૧}-\frac{૪}{૭}$ યોજન અંતર વધતા વધતા યાવત્ સર્વ બાહ્ય મંડલ સુધી ચંદ્ર ગતિ કરે છે.

હે ભગવન્! જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી કેટલા અંતરે સર્વ બાહ્ય ચંદ્રનું મંડલ કહેલું છે ?

હે ગૌતમ ! ૪૫૩૩૦ યોજનમાં ૮/૬૧ ભાગ ન્યૂન અંતરે સર્વ બાહ્ય ચંદ્રનું મંડલ આવેલું છે. એટલે સર્વ બાહ્ય ચંદ્રનું મંડલ ૪૫૩૨૯$\frac{૫૩}{૬૧}$ યોજનના અંતરે છે.

(૩) **હવે મંડલે મંડલે ચંદ્રનું પરસ્પર અંતર**—જ્યારે બન્ને ચંદ્રો સર્વ અભ્યંતર મંડલમાં આવીને ગતિ કરતા હોય છે, ત્યારે એક ચંદ્રથી બીજા ચંદ્રનું પરસ્પર અંતર ૯૯૬૪૦ યોજન હોય છે.

જ્યારે સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલમાં આવીને બન્ને ચંદ્રો ગતિ કરતા હોય છે, ત્યારે એક ચંદ્રથી બીજા ચંદ્રનું પરસ્પર અંતર ૯૯૭૧૨$\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન હોય છે. તે આ પ્રમાણે—

એક બાજુ ચંદ્ર બીજા મંડલમાં પ્રવેશતા ૩૬$\frac{૨૫}{૬૧}-\frac{૪}{૭}$ યોજન અંતર મૂકીને પ્રવેશે છે. એજ પ્રમાણે બીજી બાજુ બીજો ચંદ્ર પણ ૩૬$\frac{૨૫}{૬૧}-\frac{૪}{૭}$ યોજન અંતર મૂકીને બીજા મંડલમાં પ્રવેશે છે. બન્ને તરફનું અંતર ભેગુ કરતાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

$૩૬\frac{૨૫}{૨૧}-\frac{૪}{૭}$ યોજન એક બાજુનું અંતર,

$૩૬\frac{૨૫}{૬૧}-\frac{૪}{૭}$ યોજન બીજી બાજુનું અંતર,

$૭૨\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન બન્ને „ „

સર્વઅભ્યંતર મંડલમાં $૭૨\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન અંતર ઉમેરતાં બીજા મંડલનું અંતર આવે.

૯૯૬૪૦ યોજન. સર્વ અભ્યંતર મંડલનું અંતર

\+ $૭૨\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન બે મંડલનું અંતર

$૯૯૭૧૨\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન બીજા મંડલે બન્ને ચંદ્રનું અંતર હોય.

ત્રીજા મંડલમાં ચંદ્રો પ્રવેશે ત્યારે એક ચંદ્રથી બીજા ચંદ્રનું પરસ્પર અંતર $૯૯૭૮૫\frac{૪૧}{૬૧}-\frac{૨}{૭}$ યોજનનું હોય છે. તે આ પ્રમાણે.

$૯૯૭૧૨\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન બીજા મંડલે પરસ્પર અંતર

\+ $૭૨\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન.

$૯૯૭૮૫\frac{૪૧}{૬૧}-\frac{૨}{૭}$ યોજન. ત્રીજા મંડલમાં ચંદ્રનું પરસ્પર અંતર જાણવું.

આ પ્રમાણે દરેક બાહ્ય મંડલે–મંડલે જતાં દરેક મંડલે–મંડલે $૭૨\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ $૭૨\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન વધારતા જવું. યાવત્ સર્વ બાહ્ય મંડલમાં ચંદ્ર પહોંચે.

જ્યારે સર્વ બાહ્ય મંડલમાં બન્ને ચંદ્રો આવે ત્યારે એક ચંદ્રથી બીજા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદ્રનું પરસ્પર અંતર $૧૦૦૬૫૯\frac{૪૫}{૬૧}$ યોજન અંતર હોય છે.

જ્યારે સર્વ બાહ્ય મંડલમાંથી અંદરની બાજુના મંડલમાં આવીને બન્ને ચંદ્રો ગતિ કરતા હોય ત્યારે એક ચંદ્રથી બીજા ચંદ્રનું પરસ્પર અંતર $૧૦૦૫૧૪\frac{૩}{૬૧} - \frac{૫}{૭}$ યોજન હોય છે.

આ પ્રમાણે સર્વ બાહ્ય મંડલથી અંદર પ્રવેશ કરતા મંડલે-મડલે $૭૨\frac{૫૧}{૬૧} - \frac{૧}{૭}$ યોજન અંતરમાં ઓછા કરતાં જવું. યાવત્ સર્વ અભ્યંતર મંડલમાં બન્ને ચંદ્રો આવે.

આ પ્રમાણે અંતર પ્રરુપણા થઇ.

૪. **હવે મંડલમાં ગતિનું પ્રમાણ**—ગતિનું પ્રમાણ ચાર પ્રકારે છે. ૧-મંડલની પરિધિનું પ્રમાણ. ૨-મંડલે-મંડલે એક મુહૂર્તમાં ગતિનું પ્રમાણ, ૩-કાલથી અર્ધ મંડલ પૂર્ણ કરવું અને ૪-સાધારણ, અસાધારણ મંડલની પ્રરુપણા.

(૧) **મંડલની પરિધિ**—સર્વ અભ્યંતર મંડલનો વિસ્તાર ૯૯૬૪૦ યોજન છે. તે આ પ્રમાણે—

ચંદ્રનું સર્વ અભ્યંતર મંડલ જંબૂદ્વીપમાં એક બાજુ ૧૮૦ યોજન અંદર છે તે પ્રમાણે બીજી બાજુ પણ ૧૮૦ યોજન અંદર રહેલું છે. બન્ને બાજુના થઈને કુલ ૩૬૦ યોજન થાય. ને જંબૂદ્વીપના વિસ્તારમાંથી ઓછા કરવા. ૧૦૦૦૦૦—૩૬૦ = ૯૯૬૪૦ યોજન. સર્વ અભ્યંતર મંડલનો વિસ્તાર આવ્યો તેની પરિધિ ૩૧૫૦૮૯ યોજનથી અધિક થાય.

આ પરિધિનું પ્રમાણ સૂર્ય સંબંધી સર્વ અભ્યંતર મંડલના સરખુ જ છે. એટલે સૂર્ય અને ચંદ્રના સર્વ અભ્યંતર મંડલની પરિધિ સરખી જ છે.

સર્વઅભ્યંતર મંડલનો વિસ્તાર $૯૯૭૧૨\frac{૫૧}{૬૧} - \frac{૧}{૭}$ યોજન છે. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક બાજુ સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલના ૫૬/૬૧ ભાગની વચમાં ૩૫ $\frac{૩૦}{૬૧}$ – $\frac{૪}{૭}$ યોજન અંતર મૂકીને રહેલું છે. તે પ્રમાણે બીજી તરફ પણ ૩૫$\frac{૩૦}{૬૧}$ – $\frac{૪}{૭}$ યોજન મૂકીને મંડલ રહેલું છે. બન્ને ભેગા કરતાં

$$૩૫ - \frac{૩૦}{૬૧} - \frac{૪}{૭}$$

$$૩૫ - \frac{૩૦}{૬૧} - \frac{૪}{૭}$$

---

$૭૧ - ૦૦ - \frac{૧}{૭}$ યોજન થાય.

બન્ને બાજુ ચંદ્રના વિમાનના ૫૬/૬૧—૫૬/૬૧ યોજન ઉમેરતાં

| | |
|---|---|
| ૫૬ + ૫૬ = ૧૧૨ | $૭૧ - ૦ - \frac{૧}{૭}$ |
| ૬૧) ૧૧૨ (૧ | + ૧ –૫૧ – ૦ |
| ૬૧ | |
| ૫૧ | $૭૨\frac{૫૧}{૬૧} - \frac{૧}{૭}$ |

સર્વ અભ્યંતર મંડલ પછીના બીજા મંડલમાં ૭૨$\frac{૫૧}{૬૧}$ – $\frac{૧}{૭}$ યોજન વિસ્તાર વધે છે. તેથી

૯૯૬૪૦ અભ્યંતર મંડલનો વિસ્તાર

+ ૭૨$\frac{૫૧}{૬૧}$ – $\frac{૧}{૭}$ એક મંડલની વૃદ્ધિ

---

૯૯૭૧૨$\frac{૫૧}{૬૧}$ – $\frac{૧}{૭}$ યોજન થયા. આની પરિધિ કાઢતાં ૩૧૫૩૧૯ યોજનથી અધિક થાય. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વના મંડલથી આ મંડલનો વિસ્તાર ૭૨$\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજન વધે છે. ૭૨$\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ ની પરિધિ ૨૩૦ યોજનથી અધિક થાય. તેથી પૂર્વ મંડલની પરિધિમાં ૨૩૦ યોજન ઉમેરતાં ઉપર મુજબ પરિધિ આવે.

૩૧૫૦૮૯ યોજન અભ્યંતર મંડલની પરિધિ
+ ૨૩૦ ,, પરિધિમાં વૃદ્ધિ

૩૧૫૩૧૯ યોજનથી અધિક પરિધિ ચંદ્રના બીજા મંડલની આવી.

હવે ચંદ્રના સર્વ અભ્યંતર મંડલથી ચંદ્રના ત્રીજા મંડલનો વિસ્તાર ૯૯૭૮૫$\frac{૪૧}{૬૧}-\frac{૨}{૭}$ યોજન છે. તેની પરિધિ ૩૧૫૫૪૯ યોજનથી અધિક છે.

આ પ્રમાણે મંડલે–મંડલે વિસ્તારમાં ૭૨$\frac{૫૧}{૬૧}-\frac{૧}{૭}$ યોજનની વૃદ્ધિ અને પરિધિમાં ૨૩૦ યોજનની વૃદ્ધિ કરવી. યાવત્ ચંદ્રના સર્વ બાહ્ય મંડલ સુધી ઉપર મુજબ વૃદ્ધિ કરવી.

સર્વ બાહ્ય મંડલનો વિસ્તાર ૧૦૦૬૫૯$\frac{૪૫}{૬૧}$ યોજનનો છે. અને તેની પરિધિ ૩૧૮૩૧૫ યોજનમાં કંઈક ન્યૂન છે.

**(૨) મંડલે મંડલે પ્રતિ મુહૂર્ત ગતિ**—જ્યારે અભ્યંતર મંડલમાં ચંદ્રગતિ કરતો હોય ત્યારે એક મુહૂર્તમાં ૫૦૭૩$\frac{૭૭૪૪}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

જ્યારે સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલમાં આવીને ચંદ્ર ગતિ કરતો હોય હોય ત્યારે એક મુહૂર્તમાં ૫૦૭૭$\frac{૩૬૭૪}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

જ્યારે સર્વ અભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં આવીને ચંદ્ર ગતિ કરતો હોય ત્યારે એક મુહૂર્તમાં ૫૦૮૦$\frac{૧૩૩૨૯}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણે સર્વ અભ્યંતર મંડલમાંથી નીકળતો અને બાજુ બાજુના મંડલમાં પ્રવેશ કરતો ચંદ્ર મંડલે મંડલે એક મુહૂર્તની ગતિમાં ૩$\frac{૯૬૫૫}{૧૩૭૨૫}$ યોજન પ્રમાણ વ્યવહારથી વૃદ્ધિ કરતો ગતિ કરે છે.

આ મુજબ મંડલે–મંડલે મુહૂર્ત મુહૂર્તની ગતિમાં વૃદ્ધિ કરતો ચંદ્ર સર્વ બાહ્ય મંડલમાં આવે છે.

સર્વ બાહ્ય મંડલમાં ૧૫ મા મંડલમાં આવીને ચંદ્ર ગતિ કરતો હોય છે. ત્યારે એક એક મુહૂર્તમાં ૫૧૨૫$\frac{૬૯૯૦}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

જ્યારે સર્વ બાહ્ય મંડલથી બાજુના ૧૪ મા મંડલમાં આવીને ચંદ્ર ગતિ કરતો હોય છે. ત્યારે મુહૂર્તે મુહૂર્તે ૫૧૨૧$\frac{૧૧૦૬૦}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

જ્યારે સર્વ બાહ્ય મંડલથી ત્રીજા ૧૩ માં મંડલમાં આવીને ચંદ્ર ગતિ કરતો હોય છે. ત્યારે મુહૂર્તે મુહૂર્તે ૫૧૧૮$\frac{૧૪૦૫}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

આ પ્રમાણે અભ્યંતર મંડળમાં પ્રવેશ કરતાં મંડલે મંડલે મુહૂર્તની ગતિમાં ૩$\frac{૯૬૫૫}{૧૩૭૨૫}$ યોજનની હાની કરવી. યાવત્ સર્વઅભ્યંતર મંડળ સુધી હાની કરવી.

સર્વ અભ્યંતર મંડળમાં ચંદ્ર ગતિ કરતો હોય ત્યારે એક મુહૂર્તમાં ૫૦૭૩$\frac{૭૭૪૪}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

મંડલોમાં મુહૂર્તે મુહૂર્તની ગતિની પ્રરૂપણા કરી, તેની ભાવના આ પ્રમાણે છે.

અહીં જંબૂદ્વીપમાં એક ચંદ્ર એક અર્ધ મંડલ એક અહોરાત્રી અને ૧$\frac{૧૧।।}{૨૨૧}$ મુહૂર્ત અધિક સમયમાં પૂર્ણ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજું અર્ધ મંડલ પણ એક અહોરાત્રી ૧$\frac{૧૧॥}{૨૨૧}$ મુહૂર્ત અધિકમા ચંદ્રપૂર્ણ કરે છે. એટલે દરેક મંડલ એક ચંદ્ર બે અહોરાત્રી અધિક ૨$\frac{૨૩}{૨૨૧}$ મુહૂર્તે પૂર્ણ કરે છે.

એક અહોરાત્રીના ૩૦ મુહૂર્ત હોય છે. બે અહોરાત્રી ૨$\frac{૨૩}{૨૨૧}$ મુહૂર્તના કુલ ૬૨ મુહૂર્ત થાય. તેના ૨૨૧ સા. ભાગ કરવા ૨૨૧ થી ગુણી ઉપરના ૨૩ ઉમેરવા.

```
     ૬૨
  × ૨૨૧
 -------
     ૬૨
   ૧૨૪×
  ૧૨૪××
 -------
  ૧૩૭૦૨
 +   ૨૩
 -------
  ૧૩૭૨૫
```

સર્વ અભ્યંતર મંડળની પરિધિ ૩૧૫૦૮૯ યોજનથી અધિક છે. આને ૨૨૧ સા. ભાગ કરવા ૨૨૧ થી ગુણવા. અને પછી ૧૩૭૨૫ થી ભાગવા. જે આવે તે તે મંડલમાં ચંદ્રની એક મુહૂર્તની ગતિ આવે.

```
    ૩૧૫૦૮૯
     × ૨૨૧
  ---------
    ૩૧૫૦૮૯
  ૬૩૦૧૭૮×
 ૬૩૦૧૭૮××
  ---------
 ૬૯૬૩૪૬૬૯
```

આને ૧૩૭૨૫થી ભાગવા

```
                  | | | |
૧૩૭૨૫)  ૬૯૬૩૪૬૬૯ (૫૦૭૩
         ૬૮૬૨૫
        --------
         ૦૧૦૦૯૬૬
            ૯૬૦૭૫
           --------
             ૪૮૯૧૯
             ૪૧૧૭૫
            --------
             ૦૭૭૪૪
```

સર્વ અભ્યંતર મંડલમાં ચંદ્ર એક મુહૂર્તમાં ૫૦૭૩$\frac{૭૭૪૪}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

બીજા મંડલની પરિધિ ૩૧૫૩૧૯ યોજનથી અધિક છે. આને ૨૨૧ થી ગુણી ૧૩૭૨૫ થી ભાગતા બીજા મંડલમાં ચંદ્રની એક મુહૂર્તની ગતિ આવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
  ૩૧૫૩૧૯
 × ૨૨૧
 --------
  ૩૧૫૩૧૯
 ૬૩૦૬૩૮×
૬૩૦૬૩૮××
--------
૬૯૬૮૫૪૯૯
```

```
૧૩૭૨૫) ૬૯૬૮૫૪૯૯ (૫૦૭૭
       ૬૮૬૨૫
       -------
       ૦૧૦૬૦૪૯
         ૯૬૦૭૫
       -------
       ૦૦૯૯૭૪૯
          ૯૬૦૭૫
         ------
          ૦૩૬૪૪
```

બીજા મંડલમાં ચંદ્ર એક મુહૂર્તમાં ૫૦૭૭ $\frac{૩૬૪૪}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

ત્રીજા મંડલની પરિધિ ૩૧૫૫૪૯ થી અધિક છે.

૨૨૧ થી ગુણી ૧૩૭૨૫ થી ભાગવા.

```
  ૩૧૫૫૪૯
  × ૨૨૧
 --------
  ૩૧૫૫૪૯
 ૬૩૧૦૯૮×
૬૩૧૦૯૮××
--------
૬૯૭૩૬૩૨૯
```

```
૧૩૭૨૫) ૬૯૭૩૬૩૨૯ (૫૦૮૦
       ૬૮૬૨૫
       ------
        ૧૧૧૧૩૨
        ૧૦૯૮૦૦
       -------
        ૦૦૧૩૩૨૯
```

ત્રીજા મંડલમાં ચંદ્ર એક મુહૂર્તમાં ૫૦૮૦ $\frac{૧૩૩૨૯}{૧૩૭૨૦}$ યોજનની ગતિ કરે છે.

આ પ્રમાણે દરેક મંડલમાં ચંદ્રની એક મુહૂર્તની ગતિ કાઢવી. એટલે જે મંડલની જેટલી પરિધિ હોય તેને ૨૨૧ થી ગુણીને ૧૩૭૨૫ થી ભાગવા જે આવે તેટલી તે મંડલમાં ચંદ્રની એક મુહૂર્તની ગતિ જાણવી.

યાવત્ સર્વ બાહ્ય મંડલની પરિધિ ૩૧૮૩૧૫ યોજનની છે તેને ૨૨૧ થી ગુણી ૧૩૭૨૫ ભાગતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૩૧૮૩૧૫<br>× ૨૨૧<br>૩૧૮૩૧૫<br>૬૩૬૬૩૦×<br>૬૩૬૬૩૦××<br>૭૦૩૪૭૬૧૫ | ૧૩૭૨૫) ૭૦૩૪૭૬૧૫ (૫૧૨૫<br>૬૮૬૨૫<br>૦૧૭૨૨૬<br>૧૩૭૨૫<br>૦૩૫૦૧૧<br>૨૭૪૫૦<br>૦૭૫૬૧૫<br>૬૮૬૨૫<br>૦૬૯૯૦ |

સર્વ બાહ્ય મંડલમાં ચંદ્ર એક મુહૂર્તમાં ૫૧૨૫ $\frac{૬૯૯૦}{૧૩૭૨૫}$ યોજનની ગતિ કરે છે.

સર્વ બાહ્ય મંડલથી અંદર બીજા એટલે ૧૪ મા મંડલની પરિધિ ૩૧૮૦૮૫ છે. તેને ૨૨૧ થી ગુણી ૧૩૭૨૫ થી ભાગવા.

| | |
|---|---|
| ૩૧૮૦૮૫<br>× ૨૨૧<br>૩૧૮૦૮૫<br>૬૩૬૧૭૦×<br>૬૩૬૧૭૦××<br>૭૦૨૯૬૭૮૫ | ૧૩૭૨૫) ૭૦૨૯૬૭૮૫ (૫૧૨૧<br>૬૮૬૨૫<br>૦૧૬૭૧૭<br>૧૩૭૨૫<br>૨૯૯૨૮<br>૨૭૪૫૦<br>૦૨૪૭૮૫<br>૧૩૭૨૫<br>૧૧૦૬૦ |

૧૪ માં મંડલમાં સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલમાં ચંદ્રની એક મુહૂર્તમાં ૫૧૨૧ $\frac{૧૧૦૬૦}{૧૩૭૨૫}$ યોજનની ગતિ હોય છે.

૧૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સર્વ બાહ્ય મંડલથી ત્રીજા મંડલની પરિધિ ૩૧૭૮૫૫ યોજનની છે. તેને ૨૨૧થી ગુણી ૧૩૭૨૫થી ભાગવા.

૩૧૭૮૫૫
×૨૨૧
૩૧૭૮૫૫
૬૩૫૭૧૦×
૬૩૫૭૧૦××
૭૦૨૪૫૯૫૫

| | | |
૧૩૭૨૫)૭૦૨૪૫૯ ૫ ૫ (૫૧૧૮
૬૮૬૨૫
૦૧૬૨૦૯
૧૩૭૨૫
૦૨૪૮૪૫
૧૩૭૨૫
૧૧૧૨૦૫
૧૦૯૮૦૦
૦૦૧૪૦૫

સર્વ બાહ્ય મંડલથી ત્રીજા મંડલમાં ચંદ્ર એક મુહૂર્તમાં ૫૧૧૮ $\frac{૧૪૦૫}{૧૩૭૨૫}$ યોજન ગતિ કરે છે.

આ પ્રમાણે સર્વ અભ્યંતર મંડલ સુધી જે મંડલની જેટલી પરિધિ હોય તેને ૨૨૧થી ગુણી ૧૩૭૨૫થી ભાગવા. જે આવે તે તે મંડલમાં ચંદ્રની એક મુહૂર્તમાં ગતિ જાણવી.

**(૩) કાલ સંખ્યાથી અર્ધું મંડલ અને આખુ મંડલ કયારે પૂર્ણ કરે? તે કહે છે.**

જે તે મંડલમાં એટલે કોઈ પણ મંડલમાં પ્રવેશેલો ચંદ્ર, તે તે મંડલાર્ધના ૩૧/૯૧૫ ન્યૂન અર્ધમંડલ એક અહોરાત્રીમાં પૂર્ણ કરે છે. કહ્યું છે કે—

**"एगमेगे णं भंते अहोरत्तेणं चंदमंडले कइ मंडलाइं चरइ? गोयमा! एगं अद्धमंडलं चरइ एकतीसभागेहिं ऊणं नवहियपन्नरसेहिं सएहिं अद्धमंडलं छित्ता।"**

હે ભગવન! એક અહોરાત્રીમાં ચંદ્ર કેટલું મંડલ ફરે છે?

હે ગૌતમ! એક અર્ધમંડલના ૩૧/૯૧૫ ભાગ ન્યૂન અર્ધમંડલ એક અહોરાત્રીમાં ચંદ્ર ફરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થાત્ એક અહોરાત્રીમાં એક અર્ધમંડલના ૩૧/૯૧૫ ભાગ ન્યૂન અર્ધમંડલ એક ચંદ્ર ફરી શકે છે.

૩૧/૪૪૨ ભાગ અધિક બે અહોરાત્રીમાં આખુ મંડલ પૂર્ણ કરે છે. કહ્યું છે કે–

**"एगमेगे णं भंते मंडलं चंदे कइहिं अहोरत्तेहिं चरइ ? गोयमा ! दोहिं अहोरत्तेहिं चरइ एकतीसाए भागेहिं अहिएहिं चउहिं बायालेहि सएहिं राइंदियं छित्ता।"**

હે ભગવન્! એક મંડલ ચંદ્ર કેટલી અહોરાત્રીમાં પૂર્ણ કરે છે?

હે ગૌતમ! એક મંડલ બે અહોરાત્રી અને ૩૧/૪૪૨ ભાગ અધિક એક અહોરાત્રીએ પૂર્ણ કરે છે.

અર્થાત્ એક ચંદ્રને એક આખુ મંડલ પૂર્ણ કરતાં બે અહોરાત્રી સંપૂર્ણ અને ઉપર એક અહોરાત્રીના ૪૪૨ સા એવા ૩૧ ભાગ અધિક સમય લાગે છે. $૨\frac{૩૧}{૪૪૨}$ અહોરાત્રીમાં એક આખુ મંડલ ચંદ્ર પૂર્ણ કરે છે.

સૂર્ય એક અર્ધમંડલ એક અહોરાત્રીમાં અને એક આખુ મંડલ બે અહોરાત્રીમાં પૂર્ણ કરે છે. જ્યારે ચંદ્રની ગતિ મંદ હોવાથી એક અર્ધમંડલ પૂર્ણ કરતાં એક અહોરાત્રી અને $૧\frac{૧૧૧}{૨૨૧}$ મુહૂર્ત અધિક સમય અને એક આખુ મંડલ પૂર્ણ કરતાં બે અહોરાત્રી અને $૨\frac{૨૩}{૨૨૧}$ મુહૂર્ત અધિક સમય લાગે છે.

ચંદ્ર એક અહોરાત્રીમાં ૩૧/૯૧૫ ભાગ ન્યૂન અર્ધમંડલ જેટલી ગતિ કરે છે. અર્થાત્ એક અર્ધમંડલના ૯૧૫ ભાગ કરીએ તેના ૩૧ ભાગ ન્યૂન. એટલે અર્ધમંડલના ૯૧૫ ભાગમાંના ૮૮૪ ભાગ જેટલું અંતર ચંદ્ર એક અહોરાત્રીમાં ફરે છે.

(૪) **હવે સાધારણ–અસાધારણ મંડલનું સ્વરૂપ**—ચંદ્રના કુલ ૧૫ મંડલો છે. તેમાં પહેલું, ત્રીજું, છટ્ઠું, સાતમું, આઠમું, દસમું, અગીયારમું અને પંદરમું. આ આઠ મંડલો કાયમ નક્ષત્રોથી અવિરહિત હોય છે. અર્થાત્ ચંદ્રના આ આઠ મંડલોમાં કાયમ નક્ષત્રો ગતિ કરતાં હોય છે, એટલે આ આઠ મંડલો ચંદ્ર અને નક્ષત્ર એમ બન્ને માટેના સાધારણ છે. કહ્યું છે કે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"तत्थ जे चंदमंडला सया नक्खत्तेहिं अविरहिया, ते णं अट्ठ, तं जहा—पढमे चंदमंडले तइए चंदमंडले छट्ठे चंदमंडले सत्तमे चंदमंडले अट्ठमे चंदमंडले दसमे चंदमंडले एक्कारसमे चंदमंडले पन्नरसमे चंदमंडले इति" સંગ્રહણી ગાથા—

" एकतिगछट्ठसत्तग–अट्ठदसिक्कारपन्नरस चेव।
नक्खत्तेहिं समेया मंडलगा अट्ठ चंदस्स॥ "

તેમાં જે ચંદ્ર મંડલો હમેશાં નક્ષત્રોથી અવિરહિત છે તે આ આઠ છે. તે આ પ્રમાણે—પહેલું ચંદ્ર મંડલ, ત્રીજું ચંદ્ર મંડલ, છટ્ઠું ચંદ્રમંડલ, સાતમું ચંદ્રમંડલ, આઠમું ચંદ્રમંડલ, દશમું ચંદ્રમંડલ, અગીયારમું ચંદ્રમંડલ, પંદરમું ચંદ્રમંડલ.

એક, ત્રણ, છ, સાત, આઠ, દશ, અગીયાર અને પંદર. આ આઠ ચંદ્રના મંડલો નક્ષત્રો સાથે હોય છે. અર્થાત્ આ આઠ ચંદ્રના મંડલોમાં કાયમ નક્ષત્રો હોય છે જ, જ્યારે બાકીના ૨–૪–૫–૯–૧૨–૧૩ અને ૧૪ આ સાત મંડલોમાં નક્ષત્રો આવતા નથી. એટલે કાયમ નક્ષત્ર વિનાના હોય છે.

ચંદ્રના ચાર (૪) મંડલો સૂર્ય અને નક્ષત્રોને પણ સાધારણ છે. તે આ પ્રમાણે—પહેલું, ત્રીજું, અગીયારમું અને પંદરમું. અર્થાત્ આ ચાર ચંદ્રના મંડલોમાં સૂર્ય અને નક્ષત્રો પણ ગતિ કરે છે.

ચંદ્રના પાંચ મંડલો કાયમ સૂર્યથી રહિત છે. અર્થાત્ ૬–૭–૮–૯ અને ૧૦ મા મંડલમાં સૂર્યો ગતિ કરતા નથી.

૨–૪–૫-૧૨–૧૩ આ પાંચ મંડલો એકલા ચંદ્રના છે. અર્થાત્ આ મંડલોમાં એકલો ચંદ્ર જ ગતિ કરે છે. તેમાં સૂર્યો કે નક્ષત્રો ગતિ કરતા નથી.

(૫) **હવે મંડલમાં રહેલા ચંદ્રની વૃદ્ધિ હાની દેખાય છે તેનું સ્વરૂપ**— અહીં જો કે ચંદ્ર કાયમ સ્વરૂપથી તો અવસ્થિત સ્વરૂપવાળો અર્થાત્ જેવો છે તેવો કાયમ હોય છે. તેની વૃદ્ધિ કે હાની વાસ્તવિક નથી. જે શુક્લ પક્ષમાં ચંદ્રબિંબની વૃદ્ધિ દેખાય છે અને કૃષ્ણ પક્ષમાં હાની દેખાય છે, તે રાહુ વિમાન વડે ઢંકાવાથી અને ખસવાથી જાણવી. તે આ પ્રમાણે—

રાહુના વિમાન બે પ્રકારના છે. એક ધ્રુવરાહુનું વિમાન અને બીજું પર્વરાહુનું વિમાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[એકજ ચંદ્રના ૧૫ અર્ધા મંડળોનું આ ચિત્ર]

|| ૧૫ ચંદ્ર મંડળોમાં સૂર્ય સહિત ૪, નક્ષત્રસહિત ૮ મંડળો ||


મંડળ

૧ માં ચં. સૂ. ન. ૧૨
૩ માં ચં. સૂ. ન. ૨
૬ માં ચં. ન. ૧
૭ માં ચં. ન. ૨
૮ માં ચં. ન. ૧

૨-૪-૫-૯-૧૨-૧૩-૧૪ માં એક ચંદ્રનો ચાર છે.

૧૦ માં ચં. ન. ૧
૧૧ માં ચં. ન. ૧
૧૫ માં ચં. ન. ૮

મૂળનક્ષત્ર ૧૫માંથી બહાર ખસતુ છે. અભિજીત પહેલું મંડળ છોડી, ને મેરૂ તરફ અંદરથી ખસતું છે.




Jain Education International
For Personal & Private Use Only
www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે ધ્રુવરાહુનું વિમાન છે તે શ્યામ રંગનું છે અને નિરંતર ચંદ્રના વિમાનની નીચે ચાર આંગળ દૂર રહીને ચંદ્રના વિમાનને અમુક અમુક પ્રમાણમાં પ્રતિદિન આવરે છે, તેથી કૃષ્ણ પક્ષની ઉત્પત્તિ ગણાય છે અને પછી જેવી રીતે ચંદ્રના વિમાનને પ્રતિદિન જેટલા–જેટલા પ્રમાણમાં ઢાંકતો હતો તે જ પ્રમાણે તેટલા–તેટલા ભાગ પ્રમાણ બિંબના આવરણવાળા ભાગને ક્રમસર છોડતો જાય છે, તેથી શુક્લ પક્ષની ઉત્પત્તિ થયેલી ગણાય છે. કહ્યું છે કે—

" चंदस्स नेव हाणी न वि वुड्ढी वा अवट्ठिओ चंदो।
सुक्किलभावस्स पुणो दीसइ वुड्ढी य हाणी य ॥१॥
किण्हं राहुविमाणं निच्चं चंदेण होइ अविरहियं।
चउरंगुलमप्पत्तं हिट्ठा चंदस्स तं चरइ ॥२॥
तेण वड्ढइ चंदो परिहाणी वावि होइ चंदस्स ॥ "

"ચંદ્રની હાની નથી તેમ વૃદ્ધિ પણ નથી, ચંદ્ર અવસ્થિત છે. પરંતુ ચળકાટવાળા ભાગની અર્થાત્ બિમ્બની વૃદ્ધિ અને હાની દેખાય છે, તેનું કારણ કૃષ્ણવર્ણનું રાહુ વિમાન નિરંતર ચંદ્રની નીચે ચાર પ્રમાણઆંગળ છેટે રહીને જ ચાલે છે, તેથી ચંદ્ર વધે છે અથવા તો ચંદ્રની હાની થાય છે.

**હાની-વૃદ્ધિનું કારણ**—ચંદ્ર વિમાનના ૬૨ ભાગની કલ્પના કરીએ અને તેને પંદરે ભાગતાં એક એકમાં ૪ બાસઠિયા ભાગ આવે. અર્થાત્ પંદર તિથિરૂપ ૧૫ ભાગમાં એક તિથિ દીઠ ૪/૬૦ ભાગ આવે. અને બે ભાગ બાકી રહે. તે ૨/૬૦ ભાગ કદી આવરાતા નથી. આથી આવરાતા ૧૫ ભાગ અને નહી આવરાતો એક ભાગ મળી કુલ ૧૬ ભાગના હિસાબે ચંદ્રની સોળ કલા પ્રસિદ્ધ છે.

અથવા બીજી રીતિએ રાહુ વિમાનના પંદર ભાગ કલ્પીએ, એટલે કે રાહુ પોતાના એક એક [1]ભાગ વડે નિરંતર ચંદ્ર વિમાનને આવરે એથી પંદર દિવસે વિમાનના પંદર ભાગ વડે પંદર તિથિ અવરાય છે.

---

૧ વ્યવહારમાં એકમ, બીજ, ત્રીજ આદિ તિથિ કહેવાય છે. તે આ રાહુ વિમાન એક ભાગ ઢાંકે તેથી વદ–૧, બે ભાગ ઢાંકે તેથી ૨, ત્રણ ભાગ ઢાંકે તેથી ૩ એમ ચૌદ ભાગ ઢાંકે–ચંદ્ર ઢંકાય ત્યારે ૧૪, પંદર ભાગ ઢાંકે ત્યારે અમાસ. આ આશયથી તિથિઓના નામ પડેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃષ્ણ પક્ષમાં વદી એકમથી ધ્રુવરાહુનું વિમાન ચંદ્ર વિમાનની નીચે ચાર આંગળના અંતરે ચંદ્રની સાથે જ ગતિ કરતું પોતાના પંદર ભાગથી ચંદ્રના ૨/૬૦મો ભાગ સ્વાભાવિક રીતે મૂકીને ૬૨ ભાગ સંબંધી ૬૦ ભાગાત્મક ચંદ્ર મંડલ સંબંધી ૪ બાસઠિયા ભાગને પ્રતિદિન આવરતો પખવાડીયામાં ૬૦ ભાગનું આવરણ કરે છે. એટલે વદ ૧ના દિવસે ૪ ભાગ આવરે છે, વદ બીજે પોતાના બે ભાગ વડે એટલે ૮ ભાગ આવરે, ત્રીજે પોતાના ત્રણ ભાગ વડે ૧૨ ભાગ આવરે, ચોથે પોતાના ચાર ભાગ વડે ૧૬ ભાગ આવરે. યાવત્ આ પ્રમાણે અમાસના દિવસે પોતાના પંદર ભાગ વડે ચંદ્રના ૬૦ ભાગ આવરે છે. એટલે અમાસના દિવસે ચંદ્ર બિલકુલ ઢંકાઈ જાય છે. અર્થાત્ માત્ર બે બાસઠિયા ભાગ સિવાય ચંદ્ર પૂરો ઢંકાઈ જાય છે.

શુક્લ પક્ષમાં પડવાના દિવસે ઢંકાયેલો ૧/૧૫મો ભાગ ખુલ્લો કરે છે, બીજના દિવસે ૨/૧૫ ભાગ ખુલ્લો કરે, ત્રીજના દિવસે ૩/૧૫ ભાગ ખુલ્લો કરે, યાવત્ પૂનમના દિવસે સંપૂર્ણ ચંદ્રને ખુલ્લો કરે છે. એટલે **પૂનમના** દિવસે ચંદ્ર સંપૂર્ણ ગોળ દેખાય છે.

**શંકા**—'અમાસના દિવસે રાહુનું વિમાન ચંદ્ર વિમાનને આવરે છે, તેથી પૃથ્વી ઉપર બધે અંધકાર છવાઈ જાય છે.' એમ પહેલા કહી ગયા છો. પરંતુ રાહુના વિમાન કરતાં ચંદ્રનું વિમાન લગભગ ડબલ હોવાથી બાકીના ચંદ્રના વિમાનના ભાગનો પ્રકાશ તો કોઇ પણ વિભાગમાં અવશ્ય પ્રગટ થવો જોઇએ ને ?


**ઉત્તર**—રાહુનું વિમાન બે ગાઉનું અને ચંદ્રનું વિમાન ૫૬/૬૧ યોજનનું છે. હવે રાહુનું વિમાન ચંદ્રની નીચે જેટલા ભાગમાં રહ્યું હોય તેટલા ભાગ નીચે અંધકાર છવાય, તે માટે કોઇનો પણ વિરોધ હોઇ શકે નહિ. પરંતુ બાકી રહેલા ચંદ્ર વિમાનનો પ્રકાશ કોઇ ક્ષેત્રમાં નહિ અનુભવાવાનું કારણ રાહુનું વિમાન ચંદ્રના વિમાનને સંપૂર્ણ ઢાંકી શકતું નથી પણ જેમ દાવાનળથી ઉછળેલા ધૂમાડાના સમૂહ વડે જેમ મહાવિસ્તારવાળું એવું આકાશ મંડલ અંધકારથી છવાઈ જાય છે, તેમ રાહુનું વિમાન શ્યામ હોવાથી અત્યંત શ્યામ વર્ણની વિસ્તૃત કાંતિના સમુહથી મોટું એવું પણ ચંદ્રબિમ્બ આચ્છાદિત થાય છે તેથી સર્વત્ર શ્યામ કાંતિ દેખાય છે.

કેટલાક એમ કહે છે કે રાહુનું વિમાન ૦॥ યોજન પ્રમાણ જે કહ્યું છે તે પ્રાયિક છે. પ્રાયઃ શબ્દ કોઈ પણ જાતનો ફેરફાર સૂચવે છે. આ ગ્રંથકર્તા શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલ સંગ્રહણીમાં કહ્યું છે કે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચંદ્રની હાનિવૃદ્ધિ

## ધ્રુવ રાહુથી




ચંદ્રની નીચેજ ૪ અંગુલ દૂર ચાલતો ધ્રુવરાહુ પોતાના $\frac{૧}{૧૫}$ અથવા સાઠીયા ૪ અંશ વડે ચંદ્રના

એક અંશને [બાસઠીયા ૪ અંશને] વદિ પડવે ઢાંકતો અમાવાસ્યાએ સંપૂર્ણ વિમાન વડે રાહુ [૧૫ ભાગ વડે] ચંદ્રના સંપૂર્ણ ૬૦ અંશ ઢાંકે છે. બે અંશ સર્વદા ખુલ્લાજ હોય છે.

આ દેખાવ અમાવાસ્યાનો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

" आयामो विक्खंभो जोयणमेगं तु तिगुणिओ परिही।
अड्ढाइज्जधणुसया राहुस्स विमाण बाहल्लं ॥ "

'એક યોજન લાંબું–પહોળું ત્રણગુણ પરિધિ અને ૨૫૦ ધનુષ ઉંચુ રાહુનું વિમાન છે.'

આ પ્રમાણ હોવાથી ચંદ્રના વિમાન કરતાં પણ રાહુનું વિમાન મોટું હોવાથી પોતાના વિમાનથી ચંદ્રના વિમાનને સારી રીતે ઢાંકી શકે તેમાં કોઈ વિરોધ સંભવતો નથી. સત્ય કેવળી ગમ્ય.

જે પર્વરાહુનું વિમાન છે તે યથા સમયે–કેટલાક વખતે ચંદ્ર વિમાનના નીચેના ભાગેથી જતાં ચંદ્રબિમ્બને અથવા સૂર્યબિમ્બને ઢાંકતો જાય છે.

આ પર્વરાહુ જઘન્યથી છ મહિને ચંદ્રબિમ્બને તથા સૂર્યબિમ્બને ઢાંકતો જાય છે. અને ઉત્કૃષ્ટથી ૪૨ મહિને ચદ્રંબિમ્બને અને ૪૮ વર્ષે સૂર્યબિમ્બને ઢાંકે છે. કહ્યું છે કે—

" तत्थ णं जे से पव्वराहू से जहन्नेणं छण्हं मासाणं उक्कोसेणं बायालीसाए मासाणं चंदस्स अडयालीसाए संवच्छराणं सुरस्स। "

જે પર્વરાહુ છે તે જઘન્યથી છ મહિને, ઉત્કૃષ્ટથી ચંદ્રને ૪૨ મહિને અને સૂર્યને ૪૮ વર્ષે સૂર્યબિમ્બને આવરે છે.

જ્યારે પર્વરાહુ વિમાન ( રાહુ નામનો દેવ ) જતાં કે આવતાં સૂર્ય કે ચંદ્રને ઢાંકે છે, ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યો બોલે છે કે 'રાહુએ ચંદ્રને અથવા સૂર્યને ગ્રહણ કર્યો, અર્થાત ચંદ્રગ્રહણ થયું કે સૂર્યગ્રહણ થયું.'

જ્યારે પર્વરાહુ ચંદ્ર અથવા સૂર્યના તેજને ઢાંકતો બાજુમાં થઇને જાય છે ત્યારે લોકો બોલે છે કે 'ચંદ્ર અથવા સૂર્યે રાહુની કુક્ષી ભેદી.'

જ્યારે રાહુદેવ આવતા કે જતા સૂર્ય અથવા ચંદ્રની લેશ્યા ઢાંકીને પાછો ખસે છે ત્યારે માણસો બોલે છે કે 'રાહુએ ચંદ્ર અથવા સૂર્યને મૂકી દીધો. અર્થાત્ ગ્રહણ છુટયું.'

જ્યારે રાહુદેવ આવતા કે જતા ચંદ્ર અથવા સૂર્યના તેજને ઢાંકીને મધ્ય ભાગથી જાય છે ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યોનું કહેવું થાય છે કે 'રાહુએ ચંદ્ર અથવા સૂર્યને ભેદી નાંખ્યો.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ રાહુના ૯ નામો છે—૧. શ્રૃંગાટક, ૨. જટિલ, ૩. ક્ષત્રક, ૪. ખરક, ૫. દુર્ધર, ૬. સગર, ૭. મત્સ્ય, ૮. કૃષ્ણસર્પ અને ૯. કચ્છપ. વળી રાહુને શ્યામ, નીલ, રક્ત, પીત અને શ્વેત. એમ પાંચે વર્ણના મનહર વિમાનો છે.

જ્યારે રાહુદેવ સંપૂર્ણ રીતે ચંદ્ર અથવા સૂર્યના તેજને ઢાંકે છે ત્યારે મનુષ્ય-લોકમાં મનુષ્યો બોલે છે કે 'રાહુએ ચંદ્ર અથવા સૂર્યને ગ્રસિત કર્યો—ગળી ગયો.' ચંદ્રપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે—

"जयाणं राहुदेवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वेमाणे वा परियारेमाणे वा चंदस्स वा सुरस्स वा लेसमावरेइ तया णं मणुस्सलोगे मणुस्सा वयंति–राहुणा–चंदे वा सूरे वा गहिए। जयाणं राहुदेवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वेमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसमावरित्ता पासेणं विइवयइ तया णं मणुस्सलोए मणुस्सा –वयंति चंदेण वा सूरेण वा राहुस्स कुच्छी भिन्ना। जया णं राहुदेवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वेमाणे वा परियारेमाणे वा चंदस्स वा सुरस्स वा लेसमावरित्ता पच्चोसकइ तया णं मणुस्सलोए मणुस्सा वयंति–राहुणा चंदे वा सूरे वा वंते। जया णं राहुदेवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वेमाणे वा परियारेमाणे वा चंदस्स वा सुरस्स वा लेसमावरित्ता मज्झंमज्झेणं विइयवइ तया णं मणुस्सलोए मणुस्सा वयंति–राहुणा चंदे वा सूरे वा वइवरिए। जया णं राहुदेवे आगच्छमाणे वा गच्छमाणे वा विउव्वेमाणे वा परियारेमाणे वा चंदस्स वा सूरस्स वा लेसमावरित्ता णं अहे सपक्खे सपडिदिसिं चिट्ठंति तया णं मणुस्सलोए मणुस्सा वयंति–राहुणा चंदे वा सूरे वा घत्थे।"

ચંદ્રગ્રહણ પૂર્ણિમાએ અને સૂર્યગ્રહણ અમાસના દિવસે થતું હોવાથી પર્વ-રાહુથી થતા આચ્છાદાનમાં કોઈ પણ પ્રકારનો વિરોધ આવતો નથી. જ્યારે ગ્રહણ સંયોગ અમુક પ્રમાણમાં અમુક રીતિએ હોય છે, ત્યારે તેને 'ખગ્રાસ' વગેરે નામો આપવામાં આવે છે.

આ રાહુ નામનો દેવ પરિપૂર્ણ બધા અંગવાળો, ઉત્તમ વસ્ત્ર ધારણ કરનાર, શ્રેષ્ઠ માળા—અલંકારથી વિભૂષિત મહર્દ્ધિક દેવ છે, પણ અજ્ઞાની લોકો 'રાહુ માત્ર માથાવાળો' કહે છે. તેમ નથી.

જ્યારે આપણા ક્ષેત્રમાં અહીં ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ હોય છે, ત્યારે જંબૂ-દ્વીપમાં તો શું પણ સમગ્ર મનુષ્ય ક્ષેત્રમાં રહેલા ૧૩૨ સે ચંદ્રો કે ૧૩૨ સે સૂર્યોનું પણ તે ટાઇમે ગ્રહણ થતું હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેમકે મનુષ્ય ક્ષેત્રમાં જે ગ્રહણ થાય છે, તે અમુક નક્ષત્રના યોગ આવે છે, ત્યારે થાય છે. આથી સવળાંયે ફરતાં ચંદ્ર–સૂર્યનો એક જ નક્ષત્ર સાથે સર્વ ઠેકાણે સમશ્રેણી વ્યવસ્થિત હોવાથી ફરતા જ્યોતિષીઓનો ફરવાનો ક્રમ વ્યવસ્થિત રીતિએજ આવે છે. જેથી સર્વ ચંદ્ર કે સૂર્યનું ગ્રહણ એક સાથેજ થાય છે.

આ ગ્રહણ કોઈ પણ ક્ષેત્રને વિષે હોઈ શકે છે. આ ગ્રહણની શુભ–અશુભતા ઉપર લોકોમાં પણ સુખાસુખ કેવું થશે તેનો આધાર રખાય છે.

"કર્મભૂમિક્ષેત્રોના મનુષ્યો ઉપર આ ગ્રહણની અસર થાય છે. પણ યુગલિક ક્ષેત્રોમાં ગ્રહણ થવા છતાં તેઓના મહાન પુણ્યથી, તથાપ્રકારે ક્ષેત્રપ્રભાવથી તથા કેટલીકવાર ગ્રહણ દર્શનના અભાવથી તેઓને કંઇ પણ ઉપદ્રવનું કારણ થતું નથી." આ પ્રમાણે શ્રી જીવાભિગમસૂત્રમાં જણાવેલ છે.

॥ ઇતિ ચંદ્ર સ્વરૂપ ॥

# નક્ષત્રોનું સ્વરૂપ

એક ચંદ્રના પરિવારમાં ૨૮ નક્ષત્રો અને ૮૮ મહાગ્રહો હોય છે. જંબૂદ્વીપમાં બે ચંદ્રો છે તેથી જંબૂદ્વીપમાં કુલ ૫૬ નક્ષત્રો અને ૧૭૬ ગ્રહો છે.

નક્ષત્રોની પ્રરુપણાના ૧૫ દ્વારો છે. તે ટુંકમાં આ પ્રમાણે—

૧. નક્ષત્ર મંડળોની સંખ્યા, ૨. નક્ષત્રોનું ક્ષેત્ર, ૩. નક્ષત્રના વિમાનોનું પરસ્પર અંતર, ૪. મેરુથી અબાધા, ૫. મંડલની પહોળાઇ, એક મુહૂર્તમાં ગતિ, ૭. ચંદ્રના મંડલોમાં પ્રવેશ, ૮. દિશાઓ સાથે યોગ, ૯. અધિષ્ઠાયક દેવ, ૧૦. નક્ષત્રના તારાની સંખ્યા, ૧૧. આકૃતિ, ૧૨. સૂર્ય અને ચંદ્ર સાથે સંયોગનું કાળમાન, ૧૩. કુલાદિના નામ, ૧૪. અમાસ અને પૂર્ણિમાનો યોગ અને ૧૫. દરેક મહિને અહોરાત્રી પૂર્ણ કરનારા નક્ષત્રો.

નક્ષત્રોના નામ લૌકિકમાં અશ્વીનીથી ગણાય છે અને અભિજિત નક્ષત્ર નહિ ગણતા હોવાથી ૨૭ નક્ષત્રો કહેવાય છે. જ્યારે જિનાગમમાં ૨૮ નક્ષત્રો કહેવાય છે.

૧૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને અભિજિત નક્ષત્રથી ગણના ગણાય છે. કેમકે યુગ આદિની શરૂઆત અભિજિત નક્ષત્રથી જ થાય છે. અભિજિત નક્ષત્રનો ચંદ્ર સાથે બહુ અલ્પકાળ રહે છે. લોકોમાં તો વેધ સત્તા આદિ જોવામાં ઉત્તરાષાઢાના છેલ્લા પાદની ચાર ઘડી જેટલો અભિજિત નક્ષત્રનો યોગ ગણાય છે.

૧. **નક્ષત્રના મંડલની સંખ્યા**—નક્ષત્રના મંડલો આઠ છે.

૨. **નક્ષત્રોનું ક્ષેત્ર**—જંબૂદ્વીપમાં બે નક્ષત્ર મંડલો ૧૮૦ યોજનમાં છે અને બાકીના છ મંડલો લવણ સમુદ્રમાં ૩૩૦ યોજનમાં રહેલા છે. એટલે આઠ નક્ષત્ર મંડલોનું ક્ષેત્ર ૧૧૦+૩૩૦=૫૧૦ યોજન જાણવું.

સૂર્યનું જેમ દક્ષિણાયન–ઉત્તરાયન છે તેમ નક્ષત્રનું આઘા–પાછા થવાનું નહિ હોવાથી નક્ષત્ર પોતપોતાના નિયત મંડલમાં ફરતા હોવાથી નક્ષત્રોને મંડલક્ષેત્ર સંભવતું નથી.

૩. **નક્ષત્રના વિમાનોનું પરસ્પર અંતર**— જે જે મંડલમાં જે જે નક્ષત્રો કહેવામાં આવ્યા છે તે તે નક્ષત્રના વિમાનોનું પરસ્પર અંતર બે યોજન થાય છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં દરેક નક્ષત્ર મંડલનું અબાધા અંતર બે યોજનનું કહ્યું છે, તે આઠે મંડલોમાં જે જે મંડલમાં જેટલાં નક્ષત્ર વિમાનો છે, તેઓનું પરસ્પર અબાધા પરસ્પર અંતર બે યોજન સમજવું.

૪. **મેરુથી અબાધા**—સર્વથી અંદરનું નક્ષત્ર મંડલ મેરુથી ૪૪૮૨૦ યોજન છે અને છેલ્લું આઠમું નક્ષત્ર મંડલ ૪૫૩૩૦ યોજન છે.

૫. **મંડલની પહોળાઈ**—સૂર્યનું સર્વ અભ્યંતર મંડલ અને બાહ્ય મંડલ પ્રમાણે નક્ષત્ર–મંડલોની પહોળાઈ, લંબાઇ અને પરિધિ જાણવી.

અભ્યંતર મંડલની પરિધિ ૩૧૫૦૮૯ યોજન, અને બાહ્ય મંડલની પરિધિ ૩૧૮૩૧૫ યોજન છે.

૬. **એક મુહૂર્તમાં ગતિ**—સર્વ અભ્યંતર મંડલમાં રહેલા નક્ષત્રોની એક મુહૂર્તમાં ૫૨૬૫–૧૮૨૬૩/૨૧૯૬૦ યોજન જેટલી છે. એક મંડલ ૫૯–૩૦૭/૩૬૭ મુહૂર્તમાં પૂર્ણ કરે છે.

નક્ષત્રના સર્વબાહ્ય મંડલમાં ૮મા મંડલમાં રહેલા નક્ષત્રની ગતિ એક મુહૂર્તમાં ૫૩૧૯–૧૬૩૭૫/૨૧૯૬૦ યોજન જેટલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાકીના ૭ નક્ષત્ર મંડલોમાં મુહૂર્તગતિ જાણવા માટે તે તે ચંદ્રના મંડલની પરિધિનું જ્ઞાન મેળવવું જોઇએ.

**૭. ચંદ્રના મંડલોમાં પ્રવેશ**—પહેલું નક્ષત્ર મંડલ ચંદ્રના પહેલા મંડલમાં, બીજુ નક્ષત્ર મંડલ ચંદ્રના ત્રીજા મંડલમાં, ત્રીજુ નક્ષત્ર મંડલ લવણ સમુદ્રમાં ચંદ્રના છઠ્ઠા મંડલમાં, ચોથું નક્ષત્ર મંડલ ચંદ્રના સાતમા મંડલમાં, પાંચમું નક્ષત્ર મંડલ ચંદ્રના આઠમા મંડલમાં, છઠ્ઠું નક્ષત્ર મંડલ ચંદ્રના દશમા મંડલમાં, સાતમું નક્ષત્ર મંડલ ચંદ્રના અગીયારમા મંડલમાં અને આઠમું નક્ષત્ર મંડલ ચંદ્રના પંદરમા મંડલમાં આવેલું છે.

તે તે મંડલમાં નક્ષત્રોની મુહૂર્તગતિ—પરિધિના યોજનને ૩૬૭થી ગુણી ૨૧૯૬૦થી ભાગવાથી તે તે મંડલમાં નક્ષત્રની મુહૂર્તગતિ આવે.

**૮. દિશાઓ સાથે યોગ**—નક્ષત્રોના આઠ મંડલોમાં સર્વ અભ્યંતર મંડલમાં ૧. અભિજિત, ૨. શ્રવણ, ૩. ધનિષ્ઠા, ૪. શતતારા, ૫. પૂર્વભાદ્રપદ, ૬. ઉત્તરભાદ્રપદ, ૭. રેવતી, ૮. અશ્વીની, ૯. ભરણી, ૧૦. પૂર્વાફાલ્ગુની, ૧૧. ઉત્તરાફાલ્ગુની અને ૧૨. સ્વાતિ. એમ બાર નક્ષત્રો સર્વ અભ્યંતર મંડલના અર્ધભાગમાં આવેલા છે, અને બીજા અર્ધ ભાગમાં પણ આ જ નામના ૧૨ નક્ષત્રો આવેલા છે.

આ નક્ષત્રો કહેલા કાળમાં મંડલના અર્ધભાગમાં ગમન કરે છે, અને આ જ મંડલના બીજા અર્ધભાગમાં આ જ નામના નક્ષત્રો ગમન કરે છે. (ક્ષેત્ર લોકપ્રકાશ સર્ગઃ ૨૦, શ્લોકઃ ૫૫૪).

સર્વ અભ્યંતર મંડલના નક્ષત્રના બીજા (અને ચંદ્રના ત્રીજા) મંડલમાં પુનર્વસુ અને મઘા, નક્ષત્રના ત્રીજા (ચંદ્રના છઠ્ઠા) મંડલમાં કૃતિકા, નક્ષત્રના ચોથા (ચંદ્રના સાતમા) મંડલમાં ચિત્રા અને રોહિણી, નક્ષત્રના પાંચમા (ચંદ્રના આઠમા) મંડલમાં વિશાખા, નક્ષત્રના છઠ્ઠા (ચંદ્રના દશમા) મંડલમાં અનુરાધા, નક્ષત્રના સાતમા (ચંદ્રના અગીયારમા) મંડલમાં જ્યેષ્ઠા અને નક્ષત્રના આઠમા (ચંદ્રના પંદરમા) મંડલમાં ૧. આર્દ્રા, ૨. મૃગશિર્ષ, ૪. પુષ્ય, ૪. અશ્લેષા, ૫. મૂલ, ૬. હસ્ત, ૭. પૂર્વાષાઢા અને ૮. ઉત્તરાષાઢા. આ આઠ નક્ષત્રો ગમન કરે છે.

ચાર તારાવાળા પૂર્વાષાઢા નક્ષત્ર અને ઉત્તરાષાઢા નક્ષત્રના બે બે તારા આઠમા મંડલની અંદર અને બે બે તારા મંડલની બહાર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂલ નક્ષત્રમાં બાહ્ય મંડલની બહાર અને અભિજિત નક્ષત્ર અભ્યંતર મંડલમાં સર્વથી અંદર છે.

અન્યત્ર કહ્યું છે કે ભરણી નીચે, સ્વાતિ ઉપર, મૂલ બહાર અને અભિજિત અંદર છે.

સર્વ અભ્યંતર મંડલને વિષે જે ૧૨ નક્ષત્રો છે તેઓનો ચંદ્રમા સાથે યોગ ચંદ્રની ઉત્તરે થાય છે. અને ચંદ્ર તે નક્ષત્રોથી દક્ષિણ દિશામાં હોય છે.

બીજાથી સાતમા નક્ષત્ર મંડલમાં (૬ મંડલમાં) જે આઠ નક્ષત્રો છે તેમાં જ્યેષ્ઠા સિવાય સાત નક્ષત્રોનો ચંદ્ર સાથે સંયોગ ત્રણ પ્રકારે થાય છે. ૧. ઉત્તરાભિમુખ યોગ, ૨. દક્ષિણાભિમુખ યોગ અને ૩. પ્રમર્દ યોગ.

ચંદ્ર બહારના મંડલોમાં હોય ત્યારે નક્ષત્રોનો યોગ ઉત્તરાભિમુખ થાય છે, ચંદ્ર અંદરના મંડલોમાં હોય ત્યારે દક્ષિણાભિમુખ યોગ થાય છે અને જ્યારે ચંદ્ર નક્ષત્રના વિમાનોને ભેદીને એટલે વિમાનના મધ્યભાગમાં થઇને જતો હોય ત્યારે પ્રમર્દ યોગ થાય છે.

જ્યેષ્ઠા નક્ષત્રનો ચંદ્ર સાથે પ્રમર્દ યોગ જ થાય છે.

સર્વથી બહારના મંડલમાં આઠ નક્ષત્રોમાંથી પહેલા છ (આર્દ્રા, મૃગશિર્ષ, પુષ્ય, અશ્લેષા, મૂલ અને હસ્ત) નક્ષત્રોનો ચંદ્ર સાથે યોગ ચંદ્રની દક્ષિણે રહ્યા હોય ત્યારે થાય છે. છેલ્લા બે પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રોનો ચંદ્ર સાથે યોગ બહારના તારાની અપેક્ષાએ દક્ષિણમાં કહેલો છે પણ બબ્બે તારાની વચ્ચેથી ચંદ્ર પસાર થાય ત્યારે પ્રમર્દ યોગ પણ થાય છે.

આમ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ બે પ્રકારે થાય છે. ઉત્તર દિશામાં તો એમનો ચંદ્ર સાથે યોગ થતો નથી, કેમકે આ નક્ષત્રથી ઉત્તરમાં ચંદ્રની ગતિ થતી જ નથી.

નક્ષત્રોનો ચંદ્રાદિક સાથે યોગ કોઈ નિશ્ચિત દિવસે થતો નથી, તેમ કોઇ નિશ્ચિત દિવસે નિશ્ચિત ટાઇમે પણ થતો નથી. તેથી તે તે મંડલોમાં તે તે નક્ષત્રોની સીમામાં આવે ત્યારે નક્ષત્રો સાથે યોગ થાય છે.

આ પ્રમાણે પૃથક્ મંડલમાં રહેલા સૂર્યનો યોગ સમજી લેવો.

નક્ષત્રો ત્રણ પ્રકારનાં છે. ૧. સમક્ષેત્રી, ૨. અર્ધક્ષેત્રી અને ૩. સાર્ધક્ષેત્રી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સમક્ષેત્રી**—એટલે એક અહોરાત્રીમાં સૂર્ય જેટલાં ક્ષેત્રમાં ગતિ કરે તેટલા ક્ષેત્રમાં જેટલાં નક્ષત્રો ચંદ્ર સાથે ફરે તે નક્ષત્રો. આવા ૧૫ નક્ષત્રો છે.

શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વભાદ્રપદ, રેવતી, અશ્વીની, કૃતિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ અને પૂર્વાષાઢા.

**અર્ધક્ષેત્રી**—ઉપર્યુક્ત ક્ષેત્રના અર્ધભાગ ક્ષેત્રમાં જે નક્ષત્રો ચંદ્ર સાથે ફરે તે. આવા ૬ નક્ષત્રો છે. શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા.

**સાર્ધક્ષેત્રી**—ઉપર્યુક્ત ક્ષેત્રથી દોઢા ક્ષેત્રમાં જે નક્ષત્રો ચંદ્ર સાથે ફરે છે તે. આવા ૬ નક્ષત્રો છે. ઉત્તરભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા અને ઉત્તરાષાઢા.

**૯. અધિષ્ઠાયક દેવ**—અભિજિતથી ક્રમસર ૧. બ્રહ્મા, ૨. વિષ્ણુ, ૩. વસુ, ૪. વરુણ, ૫. અજ, ૬. અભિવૃદ્ધિ, ૭. પૂષા, ૮. અશ્વ, ૯. યમ, ૧૦. અગ્નિ, ૧૧. પ્રજાપતિ, ૧૨. સોમ, ૧૩. રુદ્ર, ૧૪. દિતિ, ૧૫. બૃહસ્પતિ, ૧૬. સર્પ, ૧૭. ભગ, ૧૮. અર્યમ, ૧૯. સૂર, ૨૦. ત્વષ્ટા, ૨૧. વાયુ, ૨૨. ઈન્દ્ર, ૨૩. અગ્નિ, ૨૪. એકનાયક, ૨૫. મિત્રેન્દ્ર, ૨૬, નૈઋતા, ૨૭. આપ અને ૨૮. વિશ્વદેવ. આ નામવાળા દેવો છે.

**૧૦. નક્ષત્રોના તારા**—અભિજિત નક્ષત્રથી ક્રમસર, ૩–૩–૫–૧૦૦–૨–૨–૩૨–૩–૩–૬–૫–૩–૧–૫–૩–૫–૭–૨–૨–૫–૧–૧–૫–૪–૩–૧૧–૪ અને ૪ તારાઓ છે. તારા એટલે આ નક્ષત્રોના વિમાનો એમ સમજવું. પણ જ્યોતિષીના પાંચમા પ્રકારના તારા નહિ. નક્ષત્રોના વિમાનો મોટાં છે અને તારાના વિમાનો નાના છે.

**૧૧. નક્ષત્રોનો આકાર**—૧. અભિજિત–ગાયોના શ્રેણીબદ્ધ મસ્તકો હોય તેવો આકાર ગોશીર્ષાવલી, ૨. શ્રવણ–તલાવનો આકાર, ૩. ધનિષ્ઠા–પક્ષીના પાંજરાનો આકાર, ૪. શતતારા–પુષ્પમાલાનો આકાર, ૫. પૂર્વભાદ્રપદ અને ૬. ઉત્તરભાદ્રપદ–બન્ને અડધી અડધી વાવનો આકાર, ૭. રેવતી–વહાણનો આકાર, ૮. અશ્વીની–ઘોડાના ખાંધનો આકાર, ૯. ભરણી–યોની આકાર, ૧૦. કૃતિકા–અસ્રાની ધારનો આકાર, ૧૧. રોહિણી–ગાડાની ઉધનો આકાર, ૧૨. મૃગશિર્ષ–હરણના મસ્તક સરખો, ૧૩. આર્દ્રા–લોહીના બિંદુ સરખું, ૧૪. પુનર્વસુ–ત્રાજવાનો આકાર, ૧૫. પુષ્ય–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વસ્તિક આકાર, ૧૬, અશ્લેષા–ધ્વજાનો આકાર, ૧૭. મઘા–કિલ્લાનો આકાર, ૧૮. પૂર્વાફાલ્ગુની અને ૧૯. ઉત્તરાફાલ્ગુની–અડધા અડધા પલંકનો આકાર, ૨૦. હસ્ત–હાથના આકારે, ૨૧. ચિત્રા–સ્વર્ણપુષ્પનો આકાર, ૨૨. સ્વાતિ–ખીલાનો આકાર, ૨૩. વિશાખા–પશુના દામણ સરખું, ૨૪. અનુરાધા–એકાવલી હાર સરખું, ૨૫. જયેષ્ઠા–હાથીદાંતનો આકાર, ૨૬. મૂલ–વિંછીના પુંછ જેવો, ૨૭. પૂર્વાષાઢા–હાથીના પગ જેવો અને ૨૮. ઉત્તરાષાઢા-બેઠેલા સિંહનો આકાર.

## નક્ષત્રો અને તેનો આકાર

| ક્રમ | નક્ષત્રનુંનામ | આરંભ સિદ્ધિમાં | રત્નમાલામાં | લોકપ્રકાશમાં |
|---|---|---|---|---|
| ૧ | અભિજિત | શૃંગાટક જેવું | શૃંગાટક | ગોશીર્ષાવલી |
| ૨ | શ્રાવણ | ત્રણપગ જેવું | ત્રણપગજેવું | કાસાર |
| ૩ | ધનિષ્ઠા | મૃદંગ જેવો | મૃદંગ | પક્ષિનું પિંજર |
| ૪ | શતાભિષા | વર્તુલાકાર | વર્તુલાકાર | પુષ્પમાળા |
| ૫ | પૂર્વભાદ્રપદ | દ્વિયુગલ | દ્વિયુગલ | અર્ધવાપી |
| ૬ | ઉત્તરભાદ્રપદ | પલંગવત્ | પલંગવત્ | ” |
| ૭ | રેવતી | મુરજ | મુરજ | નૌકા |
| ૮ | અશ્વીની | અશ્વમુખ | અશ્વસ્કંધ | અશ્વસ્કંધ |
| ૯ | ભરણી | ભગાકાર | યોન્નીવત્ | ભગસ સ્થાન |
| ૧૦ | કૃતિકા | ક્ષુરવત્ | ક્ષુરધારા | ક્ષુરધારા |
| ૧૧ | રોહીણી | શકટાકાર | શકટ | શકટોર્ધ્વ |
| ૧૨ | મૃગશિર્ષ | મૃગમસ્તક | મૃગમસ્તક | મૃગશિર |
| ૧૩ | આર્દ્રા | મણી | મણી | રૂધિરબિન્દુ |
| ૧૪ | પુનર્વસુ | ગૃહાકાર | ઘર | તુલા |
| ૧૫ | પુષ્ય | શલાકા | શર | સુપ્રતિષ્ઠિત–વર્ધમાન |
| ૧૬ | અશ્લેષા | વક્રનાભિ | નાભિ | પતાકા |
| ૧૭ | મઘા | શાલવૃક્ષ | શાલવૃક્ષ | પ્રાકાર |
| ૧૮ | પૂર્વફાલ્ગુની | શય્યા | શય્યા | પલ્યંકાર્ધ |
| ૧૯ | ઉત્તરફાલ્ગુની | પલ્યંક | પલ્યંક | અર્ધપલ્યંક |
| ૨૦ | હસ્ત | હસ્ત | હસ્ત | હાથનુંતલિયું |
| ૨૧ | ચિત્રા | મૌક્તિક | મૌક્તિક | મુખમંડન–સુવર્ણપુષ્પ |
| ૨૨ | સ્વાતી | પ્રવાલ | પ્રવાલ | કીલક |
| ૨૩ | વિશાખા | તોરણ | તોરણ | પશુને બાંધવાનો દોરો |
| ૨૪ | અનુરાધા | મણી | મણી | એકાવલી |
| ૨૫ | જયેષ્ઠા | કુંડલાકાર | કુંડલાકાર | ગજદંત |
| ૨૬ | મૂલ | સિંહપંજો | સિંહપંજો | વૃશ્ચિકપૃચ્છ |
| ૨૭ | પૂર્વાષાઢા | સ્વપ્નાકાર | શય્યા | ગજવિક્રમ (પાદ) |
| ૨૮ | ઉત્તરાષાઢા | ઝુલતો ગજ | ઝુલતોગજ | બેઠેલો સિંહ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે :-

" गोसीसावलिकाहार, सउणि पुप्फोवयार वावीया ।
नावा आसखंध भग, छुरधरए य सगडुद्धी ॥१॥
मिग सिसावलि तह रुहिरबिंदु बद्धमाणगपडागा ।
पागारे पलियंके, हत्थे मुहफुल्लए चेव ॥२॥
खीलग दामणि एगावली य गयदंत विच्छु व अजे य ।
गयविक्कमे य तत्तो, सीहनिसाईय संठाणा ॥३॥ "

**૧૨. સૂર્ય અને ચંદ્ર સાથે સંયોગનો** કાળ—પહેલા ચંદ્ર સાથે સંયોગકાળ આ પ્રમાણે—અભિજિત ૯–૨૭/૬૭ મુહૂર્ત, જ્યેષ્ઠા, અશ્લેષા, ભરણી, આર્દ્રા, સ્વાતિ અને શતતારા. આ ૬ નક્ષત્રો ૧૫ મુહૂર્ત, ઉત્તરા-ફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરભાદ્રપદ, રોહિણી, વિશાખા અને પુનર્વસુ. આ ૬ નક્ષત્રો ૪૫ મુહૂર્ત, બાકીના ૧૫ નક્ષત્રો ૩૦ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ રહે છે.

સૂર્ય સાથે સંયોગ કાલ—અર્ધક્ષેત્રી નક્ષત્રો સૂર્ય સાથે ૬ અહોરાત્રી અને ૧૨ મુહૂર્ત, સાર્ધક્ષેત્રી ૨૦ અહોરાત્રી અને ૩ મુહૂર્ત, સમક્ષેત્રી ૧૩ અહોરાત્રી અને ૧૨ મુહૂર્ત અને અભિજિત નક્ષત્ર ૪ અહોરાત્રી અને ૬ મુહૂર્ત સૂર્ય સાથે યોગ થાય છે.

૧૩. નક્ષત્રના કુળ—પ્રાયઃ જે નક્ષત્રોમાં માસ પૂરા થાય છે તે નક્ષત્રો કુલે કરીને માસના નામના હોય છે. અહીં પ્રાયઃ શબ્દથી એમ સમજવું કે કુલનક્ષત્રોથી નહીં પણ કોઇ વખત ઉપકુલ અને કુલોપકુલનક્ષત્રથી પણ માસ પૂર્ણ થાય છે.

કુળનક્ષત્રોથી નીચા ઉપકુલનક્ષત્રો હોય છે અને ઉપકુલનક્ષત્રોથી નીચા કુલોપ-કુલનક્ષત્રો હોય છે.

**૧૨. કુલ નક્ષત્રો**—અશ્વીની, પુષ્ય, મઘા, મૂલ, ત્રણઉત્તરા, વિશાખા, મૃગશીર્ષ, ચિત્રા, કૃતિકા અને ધનિષ્ઠા. આ ૧૨ કુલનક્ષત્રો છે.

**૧૨. ઉપકુલ નક્ષત્રો**—ભરણી, રોહિણી; ત્રણ પૂર્વા, હસ્ત, જ્યેષ્ઠા, પુનર્વસુ, અશ્લેષા, સ્વાતી, રેવતી અને શ્રવણ. આ ૧૨ ઉપકુલનક્ષત્રો છે.

**૪. કુલોપકુલ નક્ષત્રો**—આર્દ્રા, અભિજિત, અનુરાધા અને શતતારા. આ ૪ કુલોપકુલનક્ષત્રો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**૧૪. અમાસ અને પૂર્ણિમાનો યોગ**—ધનિષ્ઠા—શ્રાવણ સુદ ૧૫, ઉત્તરભાદ્રપદ—ભાદરવા સુદ ૧૫, અશ્વીની—આસો સુદ ૧૫, કૃતિકા—કારતક સુદ ૧૫, મૃગશીર્ષ—માગશર સુદ ૧૫, પુષ્ય—પોષ સુદ ૧૫, મઘા—મહા સુદ ૧૫, ઉત્તરાફાલ્ગુની—ફાગણ સુદ ૧૫, ચિત્રા—ચૈત્ર સુદ ૧૫, વિશાખા—વૈશાખ સુદ ૧૫, મૂલ—જેઠ સુદ ૧૫ અને ઉત્તરાષાઢા—આસો સુદ ૧૫મે પૂર્ણ કરે છે.

શ્રવણાદિ નક્ષત્રો ક્રમસર અમાસને પૂર્ણ કરે છે.

ઉપકુલનક્ષત્રો જ્યારે પૂર્ણિમાને પૂર્ણ કરે ત્યારે ઉપકુલોથી પાછલાં અભિજિત આદિ નક્ષત્રો અમાસને પૂર્ણ કરે છે.

અભિજિત નક્ષત્ર પૂર્ણિમાને સમાપ્ત કરતું કયાંય જોયું નથી તો પણ સાંભળવા માત્રથી પૂર્ણિમાનું પૂરક કહ્યું છે.

## નક્ષત્રોનું યંત્ર

| | |
|---|---|
| નક્ષત્રોના માંડલા | ૨ જંબૂદ્વીપમાં ૬ લવણ સમુદ્રમાં |
| ,, ક્ષેત્ર | ૧૮૦ યો. ,, ૩૩૦ યો. ,, |
| ,, ની સંખ્યા | ૨૮ |
| ,, ના વિમાનનું અંતર | ૨ યોજન |
| મેરુ પર્વતથી અબાધા | ૪૪૮૨૦ યોજન |
| ,, ,, અભ્યંતર મંડલ | ,, ,, |
| ,, ,, ,, ,, ની પરિધિ | ૩૧૮૩૧૫ ,, |
| ,, ,, બાહ્ય મંડલ | ૪૫૩૩૦ ,, |
| ,, ,, ,, ની પરિધિ | ૩૧૫૦૮૯ ,, |
| અભ્યંતર મંડલમાં એક મુહૂર્તમાં ગતિ | ૫૨૬૫—૧૮૨૬૩/૨૧૯૬૦ યોજન |
| ,, ,, બાહ્ય ,, ,, ,, | ૫૩૧૯—૧૬૩૬૫/૨૧૯૬૦ ,, |
| એક મંડલ પૂર્ણ કરતાં | ૨/૩૬૭ મુ. ન્યૂન. બે અહોરાત્રી |
| નક્ષત્રના ૮ મંડલો કયાં આવ્યા ? | ક્રમસર ચંદ્રના ૧—૩—–૬—૭—૮—૧૦ ૧૧ અને ૧૫ મંડલમાં |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે નક્ષત્રમાં પૂર્ણિમા થાય તેનાથી પાછળ ગણતાં પંદરમે અથવા ચૌદમે નક્ષત્રે અમાસ થાય.

જેમકે મહા મહિનામાં પૂર્ણિમાએ મઘાનો યોગ હોય અને અમાસે વાસવ (ધનિષ્ઠા)નો યોગ હોય ત્યારે શ્રાવણ પૂર્ણિમાએ વાસવનો અને અમાસે મઘાનો યોગ હોય. આ પ્રમાણે બધે જાણવું.

**૧૫. દરેક રાત્રિએ અહોરાત્રિ પૂર્ણ કરનાર નક્ષત્રો**—આ નક્ષત્રો અમુક અહોરાત્રિની સમાપ્તિ સુધી હોય છે, તેથી રાત્રિના નક્ષત્રો કહેવાય છે.

## મહિનાઓમાં અહોરાત્રિ પૂર્ણ કરનાર નક્ષત્રો

| મહિનો | અહોરાત્રિ પહેલી | પછી | પછી | છેલ્લી |
|---|---|---|---|---|
| શ્રાવણ | ૧૪—ઉત્તરાષાઢા | ૭—અભિજિત | ૮—શ્રાવણ | ધનિષ્ઠા |
| ભાદરવો | ૧૪—ધનિષ્ઠા | ૭—શતભિષા | ૮—પૂ. ભાદ્રપદ | ઉ. ભાદ્રપદ |
| આસો | ૧૪—ઉત્તરાભાદ્રપદ | ૧૫—રેવતી | — | અશ્વીની |
| કારતક | ૧૪—અશ્વીની | ૧૫—ભરણી | — | કૃતિકા |
| માગશર | ૧૪—કૃતિકા | ૧૫—રોહિણી | — | મૃગશિર્ષ |
| પોષ | ૧૪—મૃગશીર્ષ | ૮—આર્દ્રા | ૭—પુનર્વસુ | પુષ્ય |
| મહા | ૧૪—પુષ્ય | ૧૫—આશ્લેષા | — | મઘા |
| ફાગણ | ૧૪—મઘા | ૧૫—પૂ. ફાલ્ગુની | — | ઉ. ફાલ્ગુની |
| ચૈત્ર | ૧૪—ઉત્તરાફાલ્ગુની | ૧૫—હસ્ત | — | ચિત્રા |
| વૈશાખ | ૧૪—ચિત્રા | ૧૫—સ્વાતિ | — | વિશાખા |
| જેઠ | ૧૪—વિશાખા | ૭—અનુરાધા | ૮—જયેષ્ઠા | મૂલ |
| અષાડ | ૧૪—મૂલ | ૧૫—પૂર્વાષાઢા | — | ઉત્તરાષાઢા |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ નામ | નક્ષત્રના ૮ મંડલામાંથી ક્યા મંડલમાં | ચંદ્રના ૧૫ મંડલામાંથી કયામંડલમાં | દિશા સાથે યોગ | અધિષ્ઠાયકદેવ | કેટલા તારા |
|---|---|---|---|---|---|
| ૧ અભિજિત | અભ્યંતર | પહેલું | ચંદ્રની ઉત્તરે | બ્રહ્મ | ૩ |
| ૨ શ્રવણ | ,, | ,, | ,, | વિષ્ણુ | ૩ |
| ૩ ધનિષ્ઠા | ,, | ,, | ,, | વસુ | ૫ |
| ૪ શતભિષા | ,, | ,, | ,, | વરૂણ | ૧૦૦ |
| ૫ પૂર્વભાદ્રપદ | ,, | ,, | ,, | અજ | ૨ |
| ૬ ઉત્તરભાદ્રપદ | ,, | ,, | ,, | અભિવૃદ્ધિ | ૨ |
| ૭ રેવતી | ,, | ,, | ,, | પૂષા | ૩૨ |
| ૮ અશ્વીની | ,, | ,, | ,, | અશ્વ | ૩ |
| ૯ ભરણી | ,, | ,, | ,, | યમ | ૩ |
| ૧૦ કૃતિકા | ત્રીજા | છઠ્ઠા | ત્રણ પ્રકારે | અગ્નિ | ૬ |
| ૧૧ રોહીણી | ચોથા | સાતમા | ,, | પ્રજાપતિ | ૫ |
| ૧૨ મૃગશિર્ષ | આઠમા | ૧૫ મા | ચંદ્રથી દક્ષિણે | સોમ | ૩ |
| ૧૩ આર્દ્રા | ,, | ,, | ,, | રૂદ્ર | ૧ |
| ૧૪ પુનર્વસુ | બીજા | ત્રીજા | ત્રણ પ્રકારે | દિતિ | ૫ |
| ૧૫ પુષ્ય | આઠમા | ૧૫ મા | ચંદ્રની દક્ષિણે | બૃહસ્પતિ | ૩ |
| ૧૬ અશ્લેષા | ,, | ,, | ,, | સર્પ | ૫ |
| ૧૭ મઘા | બીજા | ત્રીજા | ત્રણ પ્રકારે | ભગ | ૭ |
| ૧૮ પૂર્વા-ફાલ્ગુની | અભ્યંતર | પહેલું | ચંદ્રની ઉત્તરે | અર્યમ | ૨ |
| ૧૯ ઉત્તરા ,, | ,, | ,, | ,, | સૂર | ૨ |
| ૨૦ હસ્ત | આઠમા | ૧૫ મા | ચંદ્રની દક્ષિણે | ત્વષ્ટા | ૫ |
| ૨૧ ચિત્રા | ચોથા | સાતમા | ત્રણ પ્રકારે | વાયુ | ૧ |
| ૨૨ સ્વાતિ | અભ્યંતર | પહેલું | ચંદ્રની ઉત્તરે | ઈન્દ્ર | ૧ |
| ૨૩ વિશાખા | પાંચમા | આઠમા | ત્રણ પ્રકારે | અગ્નિ | ૫ |
| ૨૪ અનુરાધા | છઠ્ઠા | દશમા | ,, | એકનાયક | ૪ |
| ૨૫ જ્યેષ્ઠા | સાતમા | ૧૧ મા | પ્રમર્દ યોગ | મિત્રેન્દ્ર | ૩ |
| ૨૬ મૂલ | આઠમા | ૧૫ મા | ચંદ્રની દક્ષિણે | નૈઋતા | ૧૧ |
| ૨૭ પૂર્વાષાઢા | ,, | ,, | ચંદ્રની ઉત્તરે | આપ | ૪ |
| ૨૮ ઉત્તરાષાઢા | ,, | ,, | ,, | વિશ્વદેવ | ૪ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| આકાર | ચંદ્ર સાથે સંયોગ કાળ મુહૂર્ત | સૂર્ય સાથે સંયોગ કાળ અહોરાત્રી મુહૂર્ત | કુલ | પૂર્ણીમાએ યોગ ક્યારે | અમાસે યોગ ક્યારે | ક્યા મહિનામાં રાત્રી પૂર્ણ કરે | ક્યા ક્ષેત્રી |
|---|---|---|---|---|---|---|---|
| ગોશીર્ષાવલી | ૯-૨૭/૬૭ | ૪— ૬ | કુલોપકુલ | | | | |
| તળાવ | ૩૦ | ૧૩—૧૨ | ઉપકુલ | | શ્રા. વ. ૦)) | | સમક્ષેત્રી |
| પક્ષીનું પાંજરું | ૩૦ | ૧૩—૧૨ | કુલ | શ્રા. સુ. ૧૫ | | શ્રાવણ | ,, |
| પુષ્પમાળા | ૧૫ | ૬—૨૧ | કુલોપકુલ | | | | અર્ધક્ષેત્રી |
| અડધી વાવ | ૩૦ | ૧૩—૧૨ | ઉપકુલ | | ભા. વ. ૦)) | | સમક્ષેત્રી |
| ,, | ૪૫ | ૨૦— ૩ | કુલ | ભા. સુ. ૧૫ | | ભાદરવો | સાર્ધક્ષેત્રી |
| વહાણ | ૩૦ | ૧૩—૧૨ | ઉપકુલ | | આ. વ. ૦)) | | સમક્ષેત્રી |
| અશ્વસ્કંધ | ૩૦ | ૧૩—૧૨ | કુલ | આસો સુ. ૧૫ | | આસો | ,, |
| યોની | ૧૫ | ૬—૨૧ | ઉપકુલ | | કા. વ. ૦)) | | અર્ધક્ષેત્રી |
| અસ્ત્રાની ધાર | ૩૦ | ૧૩—૧૨ | કુલ | કા. સુ. ૧૫ | | કારતક | સમક્ષેત્રી |
| ગાડાની ઉધ | ૪૫ | ૨૦— ૩ | ઉપકુલ | | મા. વ. ૦)) | | સાર્ધક્ષેત્રી |
| હરણનું મસ્તક | ૩૦ | ૧૩—૧૨ | કુલ | મા. સુ. ૧૫ | | માગશર | સમક્ષેત્રી |
| લોહિનું બિંદુ | ૧૫ | ૬—૨૧ | કુલોપકુલ | | | | અર્ધક્ષેત્રી |
| ત્રાજવું | ૪૫ | ૨૦— ૩ | ઉપકુલ | | પો. વ. ૦)) | | સાર્ધક્ષેત્રી |
| સ્વસ્તિક | ૩૦ | ૧૩—૧૨ | કુલ | પો. સુ. ૧૫ | | પોષ | સમક્ષેત્રી |
| ધ્વજ | ૧૫ | ૬—૨૧ | ઉપકુલ | | મ. વ. ૦)) | | અર્ધક્ષેત્રી |
| કિલ્લો | ૩૦ | ૧૩—૧૨ | કુલ | મ. સુ. ૧૫ | | મહા | સમક્ષેત્રી |
| અડધો પલંગ | ૩૦ | ૧૩—૧૨ | ઉપકુલ | | ફા. વ. ૦)) | | ,, |
| ,, | ૪૫ | ૨૦— ૩ | કુલ | ફા. સુ. ૧૫ | | ફાગણ | સાર્ધક્ષેત્રી |
| હાથ | ૩૦ | ૧૩—૧૨ | ઉપકુલ | | ચૈ. વ. ૦)) | | સમક્ષેત્રી |
| સ્વર્ણપુષ્પ | ૩૦ | ૧૩—૧૨ | કુલ | ચૈ. સુ. ૧૫ | | ચૈત્ર | ,, |
| ખીલા | ૧૫ | ૬—૨૧ | ઉપકુલ | | વૈ. વ. ૦)) | | અર્ધક્ષેત્રી |
| દામણુ | ૪૫ | ૨૦— ૩ | કુલ | વૈ. સુ. ૧૫ | | વૈશાખ | સાર્ધક્ષેત્રી |
| એકાવલીહાર | ૩૦ | ૧૩—૧૨ | કુલોપકુલ | | | | સમક્ષેત્રી |
| હાથીદાંત | ૧૫ | ૬—૨૧ | ઉપકુલ | | જે. વ. ૦)) | | અર્ધક્ષેત્રી |
| વીંછીનું પૂચ્છ | ૩૦ | ૧૩—૧૨ | કુલ | જે. સુ. ૧૫ | | જેઠ | સમક્ષેત્રી |
| હાથીનો પગ | ૩૦ | ૧૩—૧૨ | ઉપકુલ | | અ. વ. ૦)) | | ,, |
| બેઠેલો સિંહ | ૪૫ | ૨૦— ૩ | કુલ | અ. સુ. ૧૫ | | અષાડ | સાર્ધક્ષેત્રી |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લૌકિક ક્રમમાં પહેલું અશ્વીની, ભરણી યાવત્ રેવતી નક્ષત્ર કહેવાય છે, પણ સિદ્ધાંતમાં અભિજિત નક્ષત્રથી ક્રમ રાખવાનું કારણ એ છે કે—વર્ષ,યુગ,અયન વગેરેની આદિમાં ચંદ્ર સાથે અભિજિત નક્ષત્રનો યોગ હોય છે, તેથી તે ક્રમથી નક્ષત્રોની સંખ્યા આપવામાં આવી છે.

**શંકા**—અભિજિત નક્ષત્રથી આરંભી નક્ષત્ર ક્રમનું મંડાણ કરો છો તો અન્ય નક્ષત્રની જેમ અભિજિત નક્ષત્ર વ્યવહારમાં કેમ પ્રવર્તતું નથી?

**સમાધાન**—અભિજિત નક્ષત્રનો યોગ ચંદ્રમાની સાથે બહુ થોડા કાલનો છે, અને પછી તુરત ચંદ્ર બીજા નક્ષત્રમાં પ્રવેશ કરી જાય છે, તેથી અભિજિત નક્ષત્ર વ્યવહારમાં નથી.

અહીં એટલું વિશેષ સમજવું કે અભિજિત નક્ષત્ર સિવાયના ૨૭ નક્ષત્રો જંબૂદ્વીપમાં વ્યવહારમાં છે કેમકે અભિજિત નક્ષત્રોનો સમાવેશ ઉત્તરાષાઢા નક્ષત્રના ચોથા પાદમાં થાય છે. લોકમાં તો તેથી પણ ઓછી અર્થાત્ વેધસત્તા આદિ જોવામાં ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે અભિજિત નક્ષત્રનો સહયોગ અંતિમ પાદની ચાર ઘડી જેટલો જ છે. તેથી વ્યવહારમાં નથી.

ધાતકીખંડ અને પુષ્કરાર્ધ દ્વીપમાં તો ૨૮સે નક્ષત્રો વ્યવહારમાં છે.

આ નક્ષત્રોના કુળ ૮ મંડલો છે. તેમાં બે મંડલો જંબૂદ્વીપમાં છે અને મંડલો લવણ સમુદ્રમાં છે.

નક્ષત્રના મંડલક્ષેત્રની પણ ચક્રવાલ પહોળાઇ ૫૧૦ યોજનની છે. તે આ પ્રમાણે—ચંદ્રનું સર્વ અભ્યંતર મંડલ તે નક્ષત્રનું પણ સર્વ અભ્યંતર મંડલ અને ચંદ્રનું સર્વ બાહ્ય મંડલ તે નક્ષત્રનું પણ સર્વ બાહ્ય મંડલ—આઠમું મંડલ છે. કહ્યું છે કે—

**" एएणं भंते अट्ठ नक्खत्तमंडला कइ चांदमंडलेहिं समोयरंति ? पढमे चांदमंडले तइए चांदमंडले छट्ठे चांदमंडले सत्तमे अट्ठमे दसमे एकारसमे पन्नरसमे चांदमंडले । "**

હે ભગવન્! નક્ષત્રના આઠ મંડલો કયા કયા ચંદ્ર મંડલમાં રહેલા છે? હે ગૌતમ! ચંદ્રના પહેલા, ત્રીજા, છટ્ઠા, સાતમા, આઠમા, દસમા, અગીયારમા અને પંદરમા મંડલમાં રહેલા છે. સઘળા નક્ષત્રો પોતપોતાના નિયત મંડલમાં ફરે છે. કહ્યું છે કે—

**" नक्खत्ततारगाणं अवट्ठिया मंडला मुणेयव्वा ।**
**तच्चेव पयाहिणावत्तमेव मेरुं अणुचरंति ॥ "**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નક્ષત્ર અને તારાઓના નિયત મંડલો જાણવા. ત્યાં જ તે તે મંડલમાં જ મેરુ પર્વતને પ્રદક્ષિણાએ જ ફરતા હોય છે.

એક અહોરાત્રીમાં સઘળાય નક્ષત્રો પોતપોતાનું અર્ધું મંડલ તથા અર્ધા મંડલના ૭૩૨ સીયા બે ભાગ અધિક પસાર કરે છે.

જ્યારે પોતપોતાનું પુરુ મંડલ પસાર કરતાં બધા નક્ષત્રોને બે અહોરાત્રીમાં એક અહોરાત્રિનો ૨/૩૬૭ ભાગ ન્યૂન સમય લાગે છે.

નક્ષત્રોનું વિશેષ સ્વરૂપ ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ ગ્રંથમાંથી જાણવું.

## ગ્રહની પ્રરૂપણા

એક એક ચંદ્રના પરિવારભૂત ૮૮ ગ્રહો છે. બે ચંદ્રના ૧૭૬ ગ્રહો છે એટલે જંબૂદ્વીપમાં કુલ ૧૭૬ ગ્રહો રહેલા છે.

**ગ્રહોના નામ**—૧. વિકાલક, ૨. અંગારક, ૩. લોહિતાંગ, ૪. શનિશ્ચર, ૫. આધુનિક, ૬. પ્રાધુનિક, ૭. કણ, ૮. કણક, ૯. કણકણક, ૧૦. કણવિતાનક, ૧૧. કણસંતાનક, ૧૨. સોમ, ૧૩. સહિત, ૧૪. અશ્વસેન, ૧૫. કાર્યોપગ, ૧૬. કર્બૂરક, ૧૭. અજકરક, ૧૮. દુંદુભક, ૧૯. શંખ, ૨૦. શંખનાભ, ૨૧. શંખવર્ણાભ, ૨૨. કંસ, ૨૩. કંસનાભ, ૨૪. કંસવર્ણાભ, ૨૫. નીલ, ૨૬. નીલાવભાસ, ૨૭. રુપ્પી, ૨૮. રુપ્યાવભાસ, ૨૯. ભસ્મક, ૩૦. ભસ્મરાશી, ૩૧. તિલતિલ, ૩૨. પુષ્પવર્ણ, ૩૩. દક, ૩૪. દકવર્ણ, ૩૫. કાર્ય, ૩૬. અવંધ્ય, ૩૭. ઈન્દ્રાગ્નિ, ૩૮. ધૂમકેતૂ, ૩૯. હરિ, ૪૦. પિંગલક, ૪૧. બુધ, ૪૨. શુક્ર, ૪૩. બૃહસ્પતિ, ૪૪. રાહુ, ૪૫. અગસ્તિ, ૪૬. માણવક, ૪૭. કામસ્પર્શ, ૪૮. ધુરક, ૪૯. પ્રમુખ, ૫૦. વિકટ, ૫૧. વિસંધિકલ્પ, ૫૨. પ્રકલ્પ, ૫૩. જટાલ, ૫૪. અરુણ, ૫૫. અગ્નિ, ૫૬. કાલ, ૫૭. મહાકાલ, ૫૮. સ્વસ્તિક, ૫૯. સૌવસ્તિક, ૬૦. વર્ધમાન, ૬૧. પ્રલંબક, ૬૨. નિત્યાલોક, ૬૩. નિત્યોદ્યોતક, ૬૪. સ્વયંપ્રભ, ૬૫. અવભાસક, ૬૬. શ્રેયસ્કર, ૬૭. ક્ષેમંકર, ૬૮. આભંકર, ૬૯. પ્રભંકર, ૭૦. (અ)રજ, ૭૧. વિરજ, ૭૨. અશોક,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૭૩. વીતશોક, ૭૪. વિમલ, ૭૫. વિતપ્રક, ૭૬. વિવસ્ત્ર, ૭૭. વિશાલ, ૭૮. શાલ, ૭૯. સુવ્રત, ૮૦. અનિવૃત્તિ, ૮૧. એકજટી, ૮૨. દ્વીજટી, ૮૩. કરિક, ૮૪. કર, ૮૫. રાજા, ૮૬. અર્ગલ, ૮૭. પુષ્પકેતુ અને ૮૮. ભાવકેતુ.

આ સર્વ ગ્રહોની ગતિ વક્ર અને અનિયમિત હોવાથી પૂર્વાચાર્યોએ એમની ગતિ કે મંડલો વિષે કંઇ કહ્યું નથી છતાં કેટલાક ગ્રહોનું ગતિ આદિ કંઈક સ્વરૂપ લોકો પાસેથી શ્રવણગોચર થાય છે.

ગ્રહો પણ મેરુ પર્વતને ફરતા ભમ્યા કરે છે.

## તારાઓની સંખ્યા

એક ચંદ્રના પરિવારમાં ૬૬૯૭૫ કોડાકોડી તારાગણનો પરિવાર છે. બે ચંદ્રના મળીને ૧૩૩૯૫૦ કોડાકોડી તારાઓનો સમુહ છે, એટલે જંબૂદ્વીપના બે ચંદ્રના મળીને ૧૩૩૯૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ (૧૫ મીંડા) તારાઓ છે.

અહીં કોડાકોડી કહ્યું છે તેને કોઈ આચાર્ય સંજ્ઞાતર-નામાંતર કહે છે. કેમકે ક્ષેત્ર થોડું છે. વળી કોઈક આચાર્યો તારાઓના વિમાનને ઉત્સેધ અંગુલ પ્રમાણથી માપવાનું કહે છે.

" વર્તમાનમાં એક ક્રોડને એક ક્રોડે ગુણતાં કોડાકોડી થાય છે, આ રીતની કોડાકોડી નહિ ગણતાં જેમ વ્યવહારમાં ૨૦ની સંખ્યાને પણ કોડી કહેવાય છે, તેમ એવી કોઇ સંખ્યાવાળી કોડી લઇએ તો તે પ્રમાણ વડે કોડાકોડી સંખ્યાના તારાઓ જંબૂદ્વીપમાં સુખપૂર્વક સમાઇ શકે." આમ કોઇ આચાર્ય માને છે.

ઉત્સેધ અંગુલથી પ્રમાણ અંગુલ ૪૦૦ ગણું મોટું છે. ( અથવા હજારગણું ) હોવાથી જંબૂદ્વીપના ક્ષેત્રફળમાં આકાશક્ષેત્રમાં પ્રસિદ્ધ એવી કોડાકોડી સંખ્યાના તારાઓના વિમાન સુખેથી સમાઇ શકે, આ માટે બન્ને મત છે.

તારાઓના વિમાનનું ઉત્કૃષ્ટ અંતર ૧૨૨૪૨ યોજન, જઘન્ય અંતર વ્યાઘાતમાં ૨૬૬ યોજન, વ્યાઘાત વિના ૨ ગાઉ, જઘન્ય ૫૦૦ ધનુષ હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## જંબૂદ્વીપમાં કયાં કયાં કેટલા તારા ?

| | |
|---|---|
| ભરતક્ષેત્રમાં | ૭૦૫ કોડાકોડી |
| ઐરવતક્ષેત્રમાં | ૭૦૫ ,, |
| હિમવંત પર્વત | ૧૪૧૦ ,, |
| શિખરી પર્વત | ૧૪૧૦ ,, |
| હેમવંતક્ષેત્ર | ૨૮૨૦ ,, |
| હિરણ્યવંતક્ષેત્ર | ૨૮૨૦ ,, |
| મહાહિમવંત પર્વત | ૫૬૪૦ ,, |
| રૂક્મી પર્વત | ૫૬૪૦ ,, |
| હરિવર્ષક્ષેત્ર | ૧૧૨૮૦ ,, |
| રમ્યકક્ષેત્ર | ૧૧૨૮૦ ,, |
| નિષધ પર્વત | ૨૨૫૬૦ ,, |
| નીલવંત પર્વત | ૨૨૫૬૦ ,, |
| મહાવિદેહક્ષેત્ર | ૪૫૧૨૦ ,, |
| કુલ | ૧૩૩૯૫૦ કોડાકોડી તારાઓ |

ગ્રહનક્ષત્રના જે નામો છે તે નામવાળા તેના અધિપતિ દેવો છે. તે ગ્રહ દેવો-દેવી, નક્ષત્ર દેવો–દેવી પોતપોતાના વિમાનમાં રહે છે. આકાશમાં જે ગ્રહ–નક્ષત્ર–તારાઓ દેખાય છે તે તેમનાં વિમાનો છે.

ગ્રહ અને તારાના વિમાનોને ફરવા માટે ચંદ્ર–સૂર્યની જેમ, નિયત અનેક મંડળો નથી. પરંતુ મેરુ પર્વતની આસપાસ વલયાકારે અનિયત મંડલની પદ્ધતિએ ફરતા રહે છે. કોઈ કોઇ વખતે ફરતાં ફરતા દૂર દૂર નીકળી જાય અને કોઈ વખત નજીક આવી જાય. પણ મેરુ પર્વતથી જ્યોતિષી વિમાનો ૧૧૨૧ યોજનની અંદર આવતા નથી અર્થાત્ મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂર રહે છે.

કોઈ વખતે પાછા ખસીને ઉંધા ચાલે છે. કોઇ વખતે વક્રગતિએ ચાલે છે. તેથી નિયમિત ગણતરીના વિષયમાં આવતા નહિ હોવાથી તેની ગતિ વગેરે શાસ્ત્રમાં જણાવી નથી. જ્યારે રાહુ, કેતુ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ આદિ કેટલાક ગ્રહો નિયત ગતિવાળા હોવાથી તેનું ગણિત લોકમાં પ્રવર્તે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે જંબૂદ્વીપના સ્વરૂપનો ઉપસંહાર કરતાં કહે છે.

**जंबूद्दीवो नामं, खेत्तसमासस्स पढम अहिगारो।**
**पढमे जाण सम्मत्तो, ताण समत्ताइं दुक्खाइं ॥३९७॥**

છાયા—जम्बूद्वीपनामा क्षेत्रसमासस्य प्रथमोऽधिकारः ।
प्रथमो येषां समाप्तस्तेषां समाप्तानि दुःखानि ॥३९७॥

**અર્થ**—ક્ષેત્રસમાસનો જંબૂદ્વીપ નામનો પહેલો અધિકાર જેઓને સમાપ્ત થયો, તેઓના દુઃખો દૂર થયા.

**વિવેચન**—ક્ષેત્રસમાસ નામના ગ્રંથનો જંબૂદ્વીપ નામનો પહેલો અધિકાર પૂર્ણ થયો, અર્થાત્ જંબૂદ્વીપનું સ્વરૂપ ભણનારાઓના પાઠને માટે અભ્યાસને આશ્રીને સમાપ્ત થયો.

ભણવામાં અને સમજવામાં ઘણો કઠીન આ ગ્રંથ જાણે છતે પ્રાયઃ આખા પ્રકરણનું જ્ઞાન થાય છે. માટે સઘળાં કષ્ટો–દુઃખોની સમાપ્તિ થાય છે. ૩૯૭

હવે આ અધિકારના ગાથાનું પરિમાણ કહે છે.

**गाहाणं तिन्नि सया, अट्ठाणउया य होंति नायव्वा।**
**जंबूद्दीवसमासो, गाहग्गेणं विणिद्दिट्ठो ॥३९८॥**

છાયા—गाथानां त्रीणिशतानि अष्टनवतिश्च भवति ज्ञातव्या ।
जम्बूद्वीपसमासो गाथाग्रेण विनिर्दिष्टः ॥३९८॥

**અર્થ**—જંબૂદ્વીપ સમાસની ગાથા પ્રમાણે બતાવેલું પ્રમાણ ત્રણસો અઠ્ઠાણું ગાથાઓ થાય છે. એમ જાણવું.

**વિવેચન**—ક્ષેત્રસમાસ ગ્રંથના જંબૂદ્વીપ નામના આ પહેલા અધિકારની ગાથા પ્રમાણે ગણતાં બધી થઇને ૩૯૮ ગાથા થાય છે એમ જાણવું. ૩૯૮

**ઇતિ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણવિરચિત શ્રી મલયગિરિજી મહારાજની ટીકાનુસાર શ્રી બૃહત્ ક્ષેત્રસમાસ મહાગ્રંથના જંબૂદ્વીપ નામના પહેલા અધિકારનું ગુજરાતી વિવેચન.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# બૃહત્ ક્ષેત્ર સમાસ

## બીજો-લવણસમુદ્ર અધિકાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः

# ૨ લવણસમુદ્ર અધિકાર

હવે લવણ સમુદ્રનું સ્વરૂપ કહે છે.

**दो लक्खा विच्छिन्नो, जंबूद्दीव विट्ठिओ परिक्खिविउं।**
**लवणे दारा वि य से, विजयाइं होंति चत्तारि ॥१॥(३९९)**

છાયા—द्वे लक्षे विस्तिर्णो जम्बूद्वीपं विस्थितः परिक्षिप्य।
लवणो द्वाराणि अपि च तस्य विजयादीनि भवन्ति चत्वारि ॥१॥

**અર્થ**—જંબૂદ્વીપને વિંટળાઇને બે લાખના વિસ્તારવાળો લવણસમુદ્ર રહ્યો છે. અને તેને વિજયાદિ ચાર દ્વારો છે.

**વિવેચન**—લવણસમુદ્ર જંબૂદ્વીપને ચારે બાજુ વિંટળાઈને રહેલો છે.

જંબૂદ્વીપ થાળી આકારે એક લાખ યોજનના વિસ્તારવાળો છે. જ્યારે આ લવણ સમુદ્ર ચક્રવાલ આકારે ચારે બાજુથી બે લાખ યોજનના વિસ્તારવાળો છે.

**પ્રશ્ન**—શા માટે લવણસમુદ્ર કહેવાય છે?

**ઉત્તર**—આનું પાણી ખારું હોવાથી. 'ખારુ પાણી છે જેને' આ વ્યુત્પત્તિથી લવણસમુદ્ર કહેવાય છે. કહ્યું છે કે–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**" से केणट्ठेणं भंते एवं वुच्चइ लवणे समुद्दे इति ? गोयमा ! लवणस्स समुद्दस्स उदए खारे कडुए अपिज्जे बहूणं दुप्पयचउप्पयमिगसरीसिवाणं नन्नत्थ तन्निसियाणं सत्ताणं से एएणट्ठेणं गोयमा एवं वुच्चइ लवणे समुद्दे इति । "**

હે ભગવન્ ! શા કારણથી લવણ સમુદ્ર કહેવાય છે ?

હે ગૌતમ ! લવણ સમુદ્રનું પાણી ખારું, કટુ, દ્વિપદ, ચતુસ્પદ, મૃગ, સરિસવ આદિ અને તે પાણીમાં રહેલા પ્રાણીઓ સિવાય બીજા ઘણાને અપેય હોવાથી હે ગૌતમ ! લવણસમુદ્ર કહેવાય છે.

આ લવણસમુદ્રને પણ પૂર્વાદિ ક્રમથી જંબૂદ્વીપની જેમ વિજયાદિ ચાર દ્વારો છે. તે આ પ્રમાણે—પૂર્વ દિશામાં ધાતકીખંડના પૂર્વાર્ધની પશ્ચિમ તરફ શીતોદા મહાનદીના ઉપરના ભાગમાં વિજય નામનું દ્વાર છે.

દક્ષિણ દિશામાં એટલે ધાતકીખંડ દ્વીપના દક્ષિણાર્ધની ઉત્તર તરફ વૈજયંત નામનું દ્વાર છે.

પશ્ચિમ દિશામાં એટલે ધાતકીખંડના પશ્ચિમાર્ધની પૂર્વ તરફ શીતા મહાનદીના ઉપરના ભાગમાં જયંત નામનું દ્વાર છે.

ઉત્તર દિશામાં એટલે ધાતકીખંડ દ્વીપના ઉત્તરાર્ધની દક્ષિણ તરફ અપરાજિત નામનું દ્વાર છે.

આ દરેક દ્વારો ૮ યોજન ઉંચા અને ૪ યોજન પહોળા છે.

પૂર્વ દિશા તરફના દ્વારને શા માટે વિજય કહેવાય છે ?

ત્યાં વિજય નામનો દેવ ૪૦૦૦ સામાનિક દેવ, સપરિવાર ચાર અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત લશ્કરના સાત અનિકાધિપતિ, ૧૬૦૦૦ આત્મરક્ષક દેવો અને વિજયા નામની નગરીમાં રહેવાવાળા ઘણા દેવ–દેવીઓનું આધિપત્ય કરતો હોવાથી આ દ્વારને વિજય દ્વાર કહેવાય છે.

આ પ્રમાણે વૈજયંત દ્વારનો અધિપતિ વૈજયંત દેવ હોવાથી વૈજયંત દ્વાર, જયંત દ્વારનો અધિપતિ જયંત દેવ હોવાથી જયંત દ્વાર અને અપરાજિત દ્વારનો અધિપતિ અપરાજિત દેવ હોવાથી અપરાજિત દ્વાર કહેવાય છે.

વિજય દેવની વિજયા નામની નગરી વિજય દ્વારથી પૂર્વ તરફ તીર્ચ્છી અસંખ્ય દ્વીપ–સમુદ્રો ઓળંગ્યા પછીના બીજા લવણ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર જાણવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણે વૈજયંત દેવની વૈજયંતા નામની નગરી વૈજયંત દ્વારથી દક્ષિણ તરફ અસંખ્ય દ્વીપ-સમુદ્રો ઓળંગ્યા પછીના બીજા લવણ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર જાણવી.

જયંત દેવની જયંતા નામની નગરી પશ્ચિમ તરફના બીજા લવણ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર, અપરાજિત દેવની અપરાજિત નામની નગરી ઉત્તર તરફના બીજા લવણ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર આવેલી છે. ૧. (૩૯૯)

હવે લવણ સમુદ્રનું માપ કહે છે.

**पन्नरस सयसहस्सा, एगासीई भवे सहस्साइं।**
**ऊयालीसं च सयं, लवणजले परिरओ होइ ॥२॥ (४००)**

છાયા—पञ्चदश शतसहस्राणि एकाशीतिर्भवति सहस्राणि।
एकोनचत्त्वारिंशं च शतं लवणजले परिरयो भवति ॥२॥

**અર્થ**—લવણસમુદ્રની પરિધિ પંદર લાખ એક્યાશી હજાર એકસો ઓગણચાલીસ થાય છે.

**વિવેચન**—લવણસમુદ્રની પરિધિ ૧૫૮૧૧૩૯ યોજનમાં કંઈક ન્યૂન થાય છે. તે આ પ્રમાણે-

લવણસમુદ્રનો બધો વિસ્તાર ૫૦૦૦૦૦ યોજન છે. કેમકે

લવણ સમુદ્રનો એક બાજુનો ચક્રવાલ વિસ્તાર ૨૦૦૦૦૦ યોજન છે.
" બીજી " " " " " "

અને જંબૂદ્વીપનો વિસ્તાર ૧૦૦૦૦૦ યોજન છે. બધા થઇને ૫૦૦૦૦૦ યોજન વિસ્તાર થયો. આનો વર્ગ કરતા.

૫૦૦૦૦૦
×૫૦૦૦૦૦

૨૫૦૦૦૦૦૦૦૦૦૦ યોજન. તેના ૧૦ ગુણા કરતા.
×૧૦

૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦ આનું વર્ગમૂળ કાઢતા પરિધિ આવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧ | )૨૫૦૦૦૦૦૦૦૦૦૦(૧૫૮૧૧૩૮ યોજન |
| ૧ | ૧ |
| ૨૫ | ૧૫૦ |
| ૫ | ૧૨૫ |
| ૩૦૮ | ૨૫૦૦ |
| ૮ | ૨૪૬૪ |
| ૩૧૬૧ | ૩૬૦૦ |
| ૧ | ૩૧૬૧ |
| ૩૧૬૨૧ | ૪૩૯૦૦ |
| ૧ | ૩૧૬૨૧ |
| ૩૧૬૨૨૩ | ૧૨૨૭૯૦૦ |
| ૩ | ૯૪૮૬૬૯ |
| ૩૧૬૨૨૬૮ | ૨૭૯૨૩૧૦૦ |
| ૮ | ૨૫૨૯૭૧૪૪ |
| ૩૧૬૨૨૭૬ છેદરાશી | ૨૬૨૫૯૫૬ શેષનું એક યોજન ગણતાં. |

લવણસમુદ્રની પરિધિ ૧૫૮૧૧૩૯ યોજનમાં કંઇક ન્યૂન જાણવી. ૨. (૪૦૦)

હવે વિજયાદિ દ્વારોનું અંતર કહે છે.

## असीया दोन्नि सया, पणणउइ सहस्स तिन्नि लक्खाइं।
## कोसो एगं अंतरं, सायरस्स दाराण विन्नेयं ॥३॥(૪૦૧)

છાયા—अशीत्यधिके द्वे शते पञ्चनवतिः सहस्राणि त्रीणी लक्षाणि।
क्रोश एकोऽन्तरं सागरस्य द्वाराणां विज्ञेयम् ॥३॥

**અર્થ**—સમુદ્રના દ્વારોનું અંતર ત્રણ લાખ પંચાણુ હજાર બસો એંશી યોજન એક ગાઉનું જાણવું.

**વિવેચન**—લવણસમુદ્ર સંબંધી વિજયાદિ દ્વારોનું પરસ્પર અંતર ૩૯૫૨૮૦ યોજન અને ૧ ગાઉનું જાણવું. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક એક દ્વારની પહોળાઈ ૪ યોજન છે. એક એક દ્વારની બારશાખની પહોળાઈ એક ગાઉની છે. દરેક દ્વારને બે બે શાખા છે.

આથી એક એક દ્વારની કુલ પહોળાઇ ૪।। યોજન છે. ચારે દ્વારની કુલ પહોળાઇ ૧૮ યોજન થાય.

પરિધિમાંથી ૧૮ યોજન ઓછા કરી ૪થી ભાગતાં દ્વારનું અંતર આવે.

૧૫૮૧૧૩૯ યોજન પરિધિ
− ૧૮ ,,
૧૫૮૧૧૨૧ આને ૪થી ભાગવા.

```
४)१५८११२१(३९५२८० યોજન
  १२
  ३८
  ३६
   २१
   २०
    ११
     ८
     ३२
     ३२
     ००१ ગાઉ
```

લવણસમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું અંતર ૩૯૫૨૮૦ યોજન અને એક ગાઉ છે.

કહ્યું છે કે—"**लवणस्स णं भंते समुद्दस्स केवइए दारस्स य दारस्स य अबाहाए अंतरे पन्नत्ते? गोयमा! तिन्नि जोयणसयसहस्साइं पंचाणउई जोयणसहस्साइं दोन्नि असीए जोयणसए कोसं च दारस्स दारस्स अबाहाए अंतरे पन्नत्ते।**"

હે ભગવન્! લવણસમુદ્રના દ્વારથી દ્વારનું અબાધાએ કેટલું અંતર કહ્યું છે?

હે ગૌતમ! ૩૯૫૨૮૦ યોજન અને એક ગાઉનું દ્વારથી દ્વારનું અંતર છે.૩.(૪૦૧)

દિવસે દિવસે લવણ સમુદ્રનું પાણી કોઇક વખતે વધે છે, અને કોઈક વખતે ઘટે છે. તથા કોઇક દિવસોમાં ખૂબ વધે છે તો કોઇક વખતે થોડું વધે છે. તેનું કારણ પાતાલ કલશમાં રહેલ વાયુનું ક્ષોભાદિ છે. તેથી પાતાલ કલશનું સ્વરૂપ કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**पणनउइ सहस्साइं, ओगाहित्ता चउद्दिसिं लवणं।**
**चउरोऽलिंजरसंठाण-संठिया हुंति पायाला ॥४॥(४०२)**

છાયા—पञ्चनवति सहस्राणि अवगाह्य चतुर्दिक्षु लवणम्।
चत्वारोऽलिञ्जरसंस्थानसंस्थिता भवन्ति पातालाः ॥४॥

**અર્થ**—લવણસમુદ્રમાં પંચાણું હજાર યોજન અંદર ચાર દિશામાં મોટા ઘડાના આકારવાળા ચાર પાતાલ કલશો આવેલા છે.

**વિવેચન**—મેરુ પર્વતથી ચારે દિશામાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં જંબૂદ્વીપની વેદિકાથી આગળ સમુદ્રમાં ૯૫૦૦૦ યોજન અંદર જઇએ ત્યાં ચારે દિશામાં એક એક વજ્રમય મોટા ઘડાના આકારવાળા ચાર પાતાલ કલશો રહેલા છે.

"**जंबूद्दीवे णं दीवे मंदरस्स पव्वयस्स चउद्दिसिं लवणसमुद्दं पंचाणउइ पंचाणउइ जोयणसहस्साइ ओगाहित्ता एत्थ णं चत्तारि महइमहालिया महालिंजरसंठाणसंठिया महा-पायालकलसा पन्नत्ता इति।**"

જંબૂદ્વીપ નામના દ્વીપના મેરુ પર્વતની ચારે દિશામાં લવણ સમુદ્રની અંદર ૯૫૦૦૦ યોજન જતાં ત્યાં ઘણા મોટા ઘડાના આકારવાળા ચાર મોટા પાતાલ કલશો છે. ૪.(૪૦૨)

હવે આ કલશોના નામો કહે છે.

**वलयमुहे केऊए, जुयए तह ईसरे य बोधव्वे।**
**सव्ववयरामया णं, कूडा एएसि दससइया ॥५॥(४०३)**

છાયા—वडवामुखः केयूपो यूपस्तथेश्वरश्च बोधव्याः।
सर्ववज्रमयाः कूड्यानि तेषां दशशतिकानि ॥५॥

**અર્થ**—વડવામુખ, કેયૂપ, યૂપ અને ઇશ્વર નામના જાણવા આની ઠીકરી સર્વ વજ્રમય એક હજાર યોજનની છે.

**વિવેચન**—મેરુ પર્વતથી પૂર્વ દિશામાં જે મહાપાતાલ કલશ છે, તેનું નામ વડવામુખ છે. દક્ષિણ દિશાના મહાપાતાલ કલશનું નામ કેયૂપ છે. પશ્ચિમ દિશાના મહાપાતાલ કલશનું નામ યૂપ છે અને ઉત્તર દિશાના મહાપાતાલ કલશનું નામ ઇશ્વર છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ મહાપાતાલ કલશો સંપૂર્ણ સર્વ વજ્રમય છે. તેની વજ્રમય ઠીકરીની જાડાઈ ૧૦૦૦ યોજનની છે. કહ્યું છે કે—

**" तेसिं महापायालाणां कूडा सव्वत्थ समा दसजोयणसयबाहल्ला पन्नत्ता ! "**

આ મહાપાતાલ કલશોની ઠીકરી બધે સરખી ૧૦૦૦ યોજનની છે. ૫. (૪૦૩)

પાતાલ કલશ




ઉપર નીચેનો વિસ્તાર કહે છે.

## जोयणसहस्सदसगं, मूले उवरिं च होंति विच्छिन्ना ।
## मज्झे य सयसहस्सं, तत्तियमेत्तं च ओगाढा ॥६॥ (४०४)

છાયા—योजनसहस्रदशकं मूले उपरिं च भवन्ति विस्तीर्णाः ।
मध्ये च शतसहस्रं तावन्मात्रं च अवगाढः ॥६॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—આ મહાપાતાલ કલશો મૂલમાં અને ઉપર દશ હજાર યોજન વિસ્તારવાળા છે. મધ્ય ભાગમાં સો હજાર (એક લાખ) અને તેટલા જ જમીનમાં રહેલા છે.

**વિવેચન**—આ ચારે મહાપાતાલ કલશો મૂલમાં એટલે નીચેના ભાગમાં ૧૦૦૦૦ યોજન પહોળા છે. મુખનો ભાગ પણ ૧૦૦૦૦ યોજન પહોળો છે. મધ્ય ભાગમાં પેટના ભાગે ૧૦૦૦૦૦(એક લાખ) યોજનના વિસ્તારવાળા છે. અને એક લાખ યોજન જમીનમાં જ અંદર રહેલા છે. એટલે એક લાખ યોજન ઉંડા દટાયેલા છે. જેથી આ રત્નપ્રભા પૃથ્વીની સમભૂમિથી ૧૦૦૦૦૦ યોજન નીચે આ કળશોનો તળિયાનો ભાગ છે. જેથી દરેક કળશ પહેલી નરકના સાત પાટડા ઉલ્લંઘીને (છઠ્ઠા ભવનપતિ નિકાય સુધી) ઉંડા ઉતરેલા છે. (દરેક કલશનું મુખ સમુદ્રના ભૂમિતળની સપાટીમાં રહેલું છે. પણ ભૂમિથી ઉંચું નથી.) ૬. (૪૦૪)

હવે મહાપાતાલ કલશોનું પરસ્પર અંતર કહેવું જોઈએ

પરસ્પરનું અંતર જાણવા માટે લવણસમુદ્રના મધ્ય ભાગની પરિધિ જાણી હોય તો સરળ થાય, તે સિવાય નહીં. માટે લવણસમુદ્રના મધ્ય ભાગની પરિધિની વિવક્ષા કરતા પહેલા સામાન્યથી સઘળાં દ્વીપ સમુદ્રોના મધ્ય ભાગની પરિધિ લાવવા માટેની રીત કહે છે.

**अब्भिंतरबज्झाणं तु परिरयाणं समासमद्धं जं।**
**तं मज्झम्मि परिरओ, दीवसमुद्दाण सव्वेसिं ॥७॥(४०५॥**

છાયા—अभ्यन्तरबाह्ययोः तु परिरययोः समासार्धं यत्।
तन्मध्ये परिरयो द्वीपसमुद्राणां सर्वेषाम् ॥७॥

**અર્થ**—સઘળાં દ્વીપ-સમુદ્રોની અભ્યંતર અને બાહ્ય પરિધિને ભેગી કરી તેનું જે અડધું તે મધ્ય પરિધિ.

**વિવેચન**—સઘળાંએ દ્વીપ-સમુદ્રોના મધ્ય ભાગની પરિધિ જાણવા માટેની આ રીત બતાવે છે.

જે દ્વીપ કે સમુદ્રના મધ્ય ભાગની પરિધિ જાણવી હોય તે દ્વીપ કે સમુદ્રની અભ્યંતર પરિધિની-અંદરની પરિધિ એટલે તે દ્વીપ કે સમુદ્રના આગળના પહેલાના દ્વીપ કે સમુદ્રની પરિધિ અને બાહ્ય પરિધિ એટલે તે જ દ્વીપ કે સમુદ્રની પરિધિ. આ બન્ને પરિધિનો સરવાળો કરવો. પછી તેનું અડધું કરવું જે આવે તે, તે દ્વીપ-સમુદ્રની મધ્ય ભાગની પરિધિ જાણવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લવણસમુદ્રની મધ્ય ભાગની પરિધિ જાણવી છે, તો જે જંબૂદ્વીપની પરિધિ એ લવણસમુદ્રની અભ્યંતર પરિધિ અને જે લવણસમુદ્રની પરિધિ એ લવણસમુદ્રની બાહ્ય પરિધિ. આ બન્નેનો સરવાળો કરવો.

| | | |
|---|---|---|
| અભ્યંતર પરિધિ | ૩૧૬૨૨૭ | યોજન |
| બાહ્ય ,, | +૧૫૮૧૧૩૯ | ,, |
| | ૧૮૯૭૩૬૬ | ,, થયા. |

આનું અડધું કરવા બેથી ભાગતા ૯૪૮૬૮૩ યોજન થાય. આટલા પ્રમાણવાળી લવણસમુદ્રની મધ્ય ભાગની પરિધિ છે.

આ પ્રમાણે દ્વીપ કે સમુદ્રના મધ્ય ભાગની પરિધિ જાણવી. ૭. (૪૦૫)

હવે અહીં કહી તે જ લવણસમુદ્રના મધ્ય ભાગની પરિધિ કહે છે.

**अडयालीस सहस्सा, तेसीया छस्सया य नव लक्खा।**
**लवणस्स मज्झपरिही, पायालमुहा दस सहस्सा ॥८॥(४०६)**

છાયા—अष्टचत्वारिंशत् सहस्राणि त्र्यशीति (अधिकानि) षट्शतानि च नव लक्षाः।
लवणस्य मध्यपरिधिः पातालमुखानि दश सहस्राणि ॥८॥

**અર્થ**—લવણસમુદ્રના મધ્ય ભાગની પરિધિ નવ લાખ અડતાલીસ હજાર છસો ત્ર્યાસી યોજન છે. અને પાતાલ કલશના મુખ દશ હજાર યોજન છે.

**વિવેચન**—લવણસમુદ્રની મધ્ય પરિધિ કાઢવા માટેની રીત પ્રમાણે અભ્યંતર પરિધિ અને બાહ્ય પરિધિનો સરવાળો કરી તેના અડધા કરતા ગાથામાં કહ્યા પ્રમાણે ૯૪૮૬૮૩ યોજન આવે.

દરેક પાતાલ કલશ એટલે મુખ્ય ચારે મહાપાતાલ કલશના મુખનો ભાગ ૧૦૦૦૦ યોજન પ્રમાણ છે. ૮. (૪૦૭)

તેથી શું? તે કહે છે.

**मज्झिलपरिरयाओ, पातालमुहेहि सुद्धसेसं जं।**
**चउहि विहत्ते सेसं, जं लद्धं अंतरमुहाणं ॥९॥(४०७)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—मध्यपरिरयात् पातालमुखैः शुद्धैर्शेषं यत्।
चतुर्भिः विभक्ते शेषं यत् लब्धं अन्तरं मुखानाम् ॥९॥

**અર્થ**—પાતાલમુખોનું પરિમાણ મધ્ય પરિધિમાંથી બાદ કરતાં જે બાકી રહે તેને ચાર વડે ભાગતા જે બાકી રહે તે પાતાલમુખનું અંતર જાણવું.

**વિવેચન**—સઘળા પાતાલ કલશો–ચારે પાતાલ કલશોનું મુખનું પરિમાણ ભેગું કરતાં ૪૦૦૦૦ યોજન થાય છે. આ ૪૦૦૦૦ લવણસમુદ્રની મધ્યપરિધિમાંથી બાદ કરવા.

૯૪૮૬૮૩ મધ્ય પરિધિ
બા— ૪૦૦૦૦
૯૦૮૬૮૩ યોજન થયા.

આને ચાર વડે ભાગતાં.

```
  | | | | | |
૪)૯ ૦ ૮ ૬ ૮ ૩ (૨૨૭૧૭૦ યોજન
  ૮
  ૧૦
   ૮
   ૨૮
   ૨૮
   ૦૦૬
     ૪
     ૨૮
     ૨૮
     ૦૦૩
```

લવણસમુદ્રમાં એક પાતાલમુખથી બીજા પાતાલમુખનું અંતર ૨૨૭૧૭૦ યોજન ૩ ગાઉ જાણવું. ૯. (૪૦૭)

આ અંતર ગાથામાં કહે છે.

**सत्तावीस सहस्सा, दो लक्खा सत्तरं सयं चेगं।**
**तिन्नेव चउब्भागा, पायालमुहंतर होइ ॥१०॥(४०८)**

છાયા—सप्तविंशतिः सहस्राणि द्वे लक्षे सप्तति(अधिकं) शतमेकम्।
त्रीण्यैव चतुर्भागाः पातालमुखानां अन्तरं भवति ॥१०॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—બે લાખ સત્તાવીસ હજાર એકસો સીત્તેર યોજન અને ત્રણ ચાર ભાગ પાતાલમુખનું અંતર થાય છે.

**વિવેચન**—લવણસમુદ્રમાં જે ચાર મહાપાતાલ કલશો આવેલા છે તેના એક પાતાલકલશના મુખથી બીજા પાતાલકલશના મુખનું પરસ્પર અંતર ૨૨૭૧૭૦ યોજન અને ૩ ગાઉ થાય છે. ૧૦. (૪૦૮)

હવે પાતાલ કલશોના અધિપતિ દેવો કહે છે.

**पलिओवमठिइयाए, एसिं अहिवई सुरा इणमो।**
**काले य महाकाले, वेलंब पभंजणे चेव ॥११॥(४०९)**

છાયા—पल्योपमस्थितिकाः एतेषां अधिपतयः सुरा इमे।
कालश्च महाकालो वेलम्बः प्रभञ्जनश्चैव ॥११॥

**અર્થ**—આ પાતાલકલશોના અધિપતિ દેવો એક પલ્યોપમના આયુષ્યવાળા આ પ્રમાણે કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન છે.

**વિવેચન**—લવણસમુદ્રના ચાર મહાપાતાલ કલશો રહેલા છે તે દરેકના મહર્દ્ધિક અધિપતિ દેવો એક પલ્યોપમના આયુષ્યવાળા છે. તે આ પ્રમાણે–

વડવામુખ પાતાલકલશનો અધિપતિ કાલ નામનો દેવ છે.

કેયૂપ પાતાલકલશનો અધિપતિ દેવ મહાકાલ છે.

યૂપ પાતાલકલશનો અધિપતિ દેવ વેલંબ છે.

અને ઈશ્વર પાતાલકલશનો અધિપતિ દેવ પ્રભંજન છે. ૧૧. (૪૦૯)

હવે લઘુ પાતાલકલશનું સ્વરૂપ કહે છે.

**अन्नेऽवि य पायाला, खुड्डालिंजरसंठिया लवणे।**
**अट्ठ सया चुलसीया, सत्त सहस्सा य सव्वेऽवि ॥१२॥(४१०)**


છાયા—अन्येऽपि च पातालाः क्षुल्लालिंजरसंस्थिताः लवणे।
अष्टौ शतानि चतुरशीति (अधिकानि) सप्त सहस्राणि च सर्वैरपि ॥१२॥

**અર્થ**—લવણસમુદ્રમાં બીજા પણ નાના ઘડાના આકારવાળા બધા થઈને સાત હજાર આઠસો ચોર્યાસી. પાતાલ કલશો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—લવણસમુદ્રમાં તે તે સ્થાનોમાં બીજા પણ ઘણા લઘુ પાતાલકલશો રહેલા છે. તે નાના ઘડાના આકાર જેવા આકારવાળા છે. તે બધા થઈને ૭૮૮૪ લઘુ પાતાલકલશો છે. આ દરેક પાતાલકલશો અર્ધ પલ્યોપમના આયુષ્યવાળા દેવોથી પરિગ્રહિત છે. અર્થાત્ અધિપતિ છે.

**લવણસમુદ્રમાં ૪ મહા પાતાલકલશો અને ૭૮૮૪ લઘુ પાતાલકલશો**



લવણસમુદ્રમાં જ્યાં શિખા આવેલી છે, ત્યાં શિખાના અભ્યંતર ભાગની જંબૂદ્વીપ તરફનો પરિધિ ( ૨૯૦૦૮૦ (બે લાખ નેવું હજાર) યોજનના વ્યાસ પ્રમાણે ) ૯૧૭૦૯૦ યોજન છે. તે ઘેરાવામાં આવેલા ચાર મહાકલશોના ચાર મુખનો વિસ્તાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪૦૦૦૦ યોજન બાદ કરતા ૮૭૭૦૯૦ યોજન. તેને ૪થી ભાગતા ૨૧૯૨૬૫ યોજનનું એક અંતર આવે. ચાર આતરામાં અભ્યંતર પરિધિમાં ૨૧૫–૨૧૫ લઘુ પાતાલકલશોની ચાર શ્રેણી પરિધિ પ્રમાણે ગોળાકારે રહે, ત્યાર બાદ બીજી પંક્તિમાં ૨૧૬–૨૧૬ લઘુ પાતાલકલશો રહે, ત્રીજી પંક્તિમાં ૨૧૭–૨૧૭, ચોથી પંક્તિમાં ૨૧૮–૨૧૮, પાંચમી પંક્તિમાં ૨૧૯–૨૧૯, છઠ્ઠી પંક્તિમાં ૨૨૦–૨૨૦, સાતમી પંક્તિમ ૨૨૧–૨૨૧, આઠમી પંક્તિમાં ૨૨૨–૨૨૨ અને નવમી પંક્તિમાં ૨૨૩–૨૨૩ લઘુ પાતાલકલશો રહેલા છે.

એક આંતરાની નવ પંક્તિમાં ૧૯૭૧ પાતાલકલશો છે. ચાર આંતરામાં થઈ કુલ ૭૮૮૪ લઘુ પાતાલકલશો થાય છે. અહીં છેલ્લી નવમી પંક્તિ ધાતકીખંડ તરફ શિખાની બાહ્ય પરિધિમાં આવેલી છે. પહેલી પરિધિથી ધાતકીખંડ તરફ પરિધિ મોટી થતી હોવાથી એક એક કલશ વધુ સમાય છે. લઘુ પાતાલકલશો પણ પરસ્પર યથા સંભવ આંતરે–આંતરે રહેલા જાણવા, પણ એકબીજાને અડેલા નહિ. ૧૨. (૪૧૦)

હવે આ લઘુ કલશોનું પ્રમાણ કહે છે.

**जोयणसयविच्छिन्ना, मूलुवरिं दस सयाणि मज्झम्मि।**
**ओगाढा य सहस्सं, दसजोयणिया य सिं कूडा ॥१३॥(४११)**

છાયા—योजनशतं विस्तीर्णाः मूले उपरिं दश शतानि मध्ये।
अवगाढा च सहस्त्रं दश योजनिकानि च एतेषां ॥१३॥

**અર્થ**—આ કલશો સો યોજન વિસ્તારવાળા છે, અને મૂલમાં અને ઉપર એક હજાર યોજનવાળા છે અને એક હજાર યોજન જમીનમાં અને દશ યોજન જાડું દળ છે.

**વિવેચન**—બધા નાના પાતાલકલશો ૭૮૮૪ છે તે દરેક પાતાલકલશો મૂલમાં, બુધ્નાના ભાગે અને ઉપરના ભાગે ૧૦૦ યોજન વિસ્તારવાળા છે. જ્યારે મધ્ય ભાગમાં પેટના ભાગે ૧૦૦૦ યોજન વિસ્તારવાળા છે. જમીનની અંદર ૧૦૦૦ યોજન ઉંડા છે. અને કલશોની ઠીકરી–જાડાઇ ૧૦ યોજન પ્રમાણવાળી છે. ૧૩. (૪૧૧)

હવે મોટા અને નાના પાતાલકલશોમાંના વાયુઆદિનો વિભાગ કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**पायालाण विभागा, सव्वाण वि तिन्नि तिन्नि विन्नेया।**
**हिट्ठिमभागे वाऊ, मज्झे वाऊ य उदगं च ॥१४॥(४१२)**
**उवरिं उदगं भणियं, पढमगबीएसु वाउ संखुभिओ।**
**उड्ढं वमेइ उदगं, परिवड्ढइ जलनिही खुहिओ॥१५॥(९१३)**
**परिसंठियम्मि पवणे, पुणरवि उदगं तमेव संठाणं।**
**वड्ढेइ तेण उदही, परिहायइ अणुकमेणं च ॥१६॥(१४)**

છાયા—पातालानां विभागाः सर्वेषामपि त्रयस्त्रयो ज्ञातव्यानि।
अधस्तनभागे वायुः मध्ये वायुश्च उदकं च ॥१४॥
उपरिमुदकं भणितं प्रथमद्वितीयेषु वायुः संक्षुभितः।
ऊर्ध्वं वमत्युदकं परिवर्धते जलनिधिः क्षुभितः ॥१५॥
परिसंस्थिते पवने पुनरपि उदकं तदेव संस्थानम्।
वर्धते तेनोदधिः परिहीयतेः अनुक्रमेन च ॥१६॥

**અર્થ**—સર્વ પાતાલકલશોના પણ ત્રણ ત્રણ વિભાગો જાણવા. નીચેના ભાગમાં વાયુ, મધ્ય ભાગમાં વાયુ અને પાણી અને ઉપરના ભાગમાં પાણી કહેલ છે.

પહેલા અને બીજાનો વાયુ સંક્ષોભ થાય છે ત્યારે પાણી બહાર નીકળે છે અને ક્ષોભ પામેલો સમુદ્ર વૃદ્ધિ પામે છે. વાયુ બેસી જાય છે ત્યારે પાણી પોતાના સ્થાનમાં થઈ જાય છે. વળી અનુક્રમથી વાયુના ક્ષોભથી સમુદ્ર વૃદ્ધિ પામે છે ને ઓછો થાય છે.

**વિવેચન**—ચાર મહા પાતાલકલશો અને ૭૮૮૪ લઘુ પાતાલકલશો. આ સઘળા પાતાલકલશોમાં ત્રણ ત્રણ વિભાગો છે. તે આ પ્રમાણે, એક નીચેનો ભાગ, બીજો મધ્યનો ભાગ અને ત્રીજો ઉપરનો ભાગ.

તેમાં મહા પાતાલકલશોના એક એક ત્રીજો ભાગ ૩૩૩૩૩–૧/૩ યોજન પ્રમાણનો છે. જ્યારે લઘુ પાતાલકલશોના એક એક ત્રીજો ભાગ ૩૩૩–૧/૩ યોજન પ્રમાણ છે.

આ મોટા અને નાના સઘળા પાતાલકલશોના નીચેના ત્રીજા ભાગમાં વાયુ હોય છે, મધ્યના ત્રીજા ભાગમાં વાયુ અને પાણી હોય છે અને ઉપરના ત્રીજા ભાગમાં પાણી હોય છે. એમ શ્રી તીર્થંકર ભગવંતો અને શ્રી ગણધર ભગવંતોએ કહેલું છે.

શ્રી જીવાભિગમમાં કહ્યું છે કે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'हेट्ठिल्ले तिभागे वाऊकाए संचिट्ठइ, मज्झिल्ले तिभागे वाउकाए आउकाए य संचिट्ठइ, उवरिल्ले तिभागे आउकाए संचिट्ठइ'

નીચેના ત્રીજા ભાગમાં વાયુકાય રહેલો છે, મધ્યના ત્રીજા ભાગમાં વાયુકાય અને અપૂકાય રહેલો છે અને ઉપરના ત્રીજા ભાગમાં અપૂકાય રહેલો છે.

આમાં જગત્ સ્વભાવે જ એકસાથે પ્રતિનિયત સમયે સઘળાએ પાતાલકલશોમાંના પહેલા અને બીજા ત્રીજા ભાગના એટલે નીચેના ૧/૩ ભાગ અને મધ્યના ૧/૩ ભાગમાં રહેલ વાયુ ક્ષોભ પામવાથી કલશમાંના પાણીને ખૂબ ઉછાળે છે. કહ્યું છે કે—

'तेसिं खुड्डापायालाणं महापायालाणं च हिट्ठिल्लमज्झिल्लेसु तिभागेसु बहवे उराला वाया संसेयंति संमुच्छंति चलंति खुब्भंति तं तं भावं परिणमंति जेहि तं उदगं उड्ढं वमिज्जइ।'

તે નાના પાતાલકલશો અને મોટા પાતાલકલશોમાંના નીચેના અને મધ્યના ત્રીજા ભાગમાં રહેલ ખૂબ મોટા વાયુ ઉછળે છે, ક્ષોભ પામે છે. તેથી કલશોનું પાણી બહાર ઉંચું નીકળતાં સમુદ્ર ક્ષોભ પામે છે અને તેથી સમુદ્રમાં ભરતી આવે છે. જ્યારે વાયુ બેસી જતાં વધેલું પાણી પાછું કલશોમાં સમાઇ જાય છે. એટલે સમુદ્રમાં ઓટ આવે છે.

પાછો જ્યારે વાયુ ક્ષોભ પામે ત્યારે સમુદ્રમાં ભરતી આવે અને વાયુ શમી જાય એટલે ઓટ આવે છે. આ રીતે જગત સ્વભાવે કરી એક અહોરાત્રિમાં બેવખત સમુદ્રમાં ભરતી આવે અને વાયુ શમી જતાં બે વખત સમુદ્રમાં ઓટ આવે. કહ્યું છે કે—

'लवणे णं भंते समुद्दे तीसाए मुहुत्तेणं कइखुत्तो अइरेगं वड्ढइ वा हायइ वा? गोयमा! दुखुत्तो अइरेगं वड्ढइ वा हायइ वा। से केणट्ठेणं एवं वुच्चइ दुखुत्तो अइरेगं वड्ढइ वा हायइ वा? गोयमा! उड्ढं उव्वमंतेसु पायालेसु वड्ढइ, आपूरिंतेसु पायालेसु हायइ, से एएणट्ठेणं गोयमा! एवं वुच्चइ दुखुत्तो अइरेगं वड्ढइ वा हायइ वा।'

હે ભગવન્! સમુદ્ર ૩૦ મુહૂર્તમાં કેટલીવાર ખૂબ વધે છે અને ઘટે છે?

હે ગૌતમ! બેવાર ખૂબ વધે છે અને ઘટે છે.

હે ભગવન! કયા કારણથી એમ કહો છો કે, બેવાર ખૂબ વધે છે અને ઘટે છે?

હે ગૌતમ! પાતાલકલશોનો વાયુ ક્ષોભ પામે છે, ત્યારે વધે છે અને વાયુ બેસી જતાં ઘટે છે. ('आपूरिंतेसु' એટલે પવન સ્વાભાવિક થતાં) તેથી એમ કહેવાય છે કે બેવાર સમુદ્ર ઘણો ક્ષોભ પામે છે અને બેવાર ઘટે છે.

આ વાયુ પૂર્ણિમા આદિ તિથિમાં ઘણો ક્ષોભ પામે છે, તેથી તે તે તિથિઓમાં સમુદ્રનું પાણી ઘણું વધે છે. ૧૪ થી ૧૬. (૪૧૨ થી ૪૧૪)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પાતાલકલશોનો યંત્ર

| પાતાલકલશના નામ | કઈ દિશાએ | ઊંડાઈ | મૂળવિસ્તાર | મધ્યવિસ્તાર | મુખવિસ્તાર | પરસ્પરાંતર | ઠીકરીની જાડાઈ | અધિપતિ દેવ | ત્રણ વિભાગોમાં શું શું છે | ક્યા સ્થાને |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વડવામુખ | પૂર્વ | ૧૦૦૦૦૦ યોજન | ૧૦૦૦૦ યોજન | ૧૦૦૦૦૦ યોજન | ૧૦૦૦૦ યોજન | ૨૨૭૧૭૦ યો. ૩ ગા. | ૧૦૦૦ યોજન | કાલ | નીચે ૧/૩માં વાયુ<br>મધ્ય ૧/૩માં વાયુ અને પાણી<br>ઉપર ૧/૩માં પાણી | લવણસમુદ્રના મધ્ય ભાગમાં |
| કેયૂપ | દક્ષિણ | ,, | ,, | ,, | ,, | ,, | ,, | મહાકાલ | | |
| યૂપ | પશ્ચિમ | ,, | ,, | ,, | ,, | ,, | ,, | વેલંબ | | |
| ઇશ્વર | ઉત્તર | ,, | ,, | ,, | ,, | ,, | ,, | પ્રભંજન | | |
| લઘુ પાતાલકલશો ૭૮૮૪ | ચારે દિશામાં ચ.ર મોટાં કલશના અંતરામાં ૯-૯ પંક્તિમાં | ૧૦૦૦ યોજન | ૧૦૦ યોજન | ૧૦૦૦ યોજન | ૧૦૦ યોજન | યથા સંભવ | ૧૦ યોજન | દરેકના જુદા જુદા દેવો | ,, | ,, |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે લવણસમુદ્રની શિખાનું સ્વરૂપ

**दसजोयणसहस्सा, लवणसिहा चक्कवालओ रुंदा।**
**सोलस सहस्स उच्चा, सहस्समेगं च ओगाढा॥१७॥(४१५)**

છાયા—दशयोजनसहस्राणि लवणशिखा चक्रवालतो रुन्दा ।
षोडशसहस्राणि उच्चा सहस्रमेकं चाऽवगाढा ॥१७॥

**અર્થ**—લવણસમુદ્રની શિખા દશ હજાર યોજન ગોળાકાર પહોળાઇવાળી, સોળ હજાર યોજન ઉંચી અને એક હજાર યોજન જમીનમાં છે.

**વિવેચન**—લવણસમુદ્રમાં અભ્યંતર એટલે જંબૂદ્વીપથી સમુદ્રમાં ૯૫૦૦૦ યોજને અને બાહ્યતઃ એટલે ધાતકીખંડ તરફથી લવણસમુદ્રમાં ૯૫૦૦૦ યોજને લવણસમુદ્રનો ૧૦૦૦૦ યોજન વિસ્તારવાળો મધ્યભાગ આવે. આ ૧૦૦૦૦ યોજનપ્રમાણ ચક્રવાલ-રથના પૈડા સરખા ગોળાકારે મધ્યભાગમાં લવણસમુદ્રની શિખા છે.

પાણીની સપાટીથી આ શિખા ૧૬૦૦૦ યોજન ઉંચી છે અને ૧૦૦૦ યોજન ભૂમિમાં નીચે છે.

લવણસમુદ્રનો ચક્રવાલ વિસ્તાર ૨૦૦૦૦૦ યોજનનો છે. તેમાં જંબૂદ્વીપથી લવણસમુદ્રમાં ૯૫૦૦૦ યોજન સુધી અને ધાતકીખંડ દ્વીપના કિનારાથી લવણસમુદ્રમાં ૯૫૦૦૦ યોજન સુધી જે પાણી રહેલું છે તે પાણી ક્રમસર બન્ને તરફથી નીચે નીચે ઉતરતું અને ઉંચે ઉંચે ચઢાણવાળું થતું જાય છે. એટલે બન્ને બાજુથી ૯૫૦૦૦ યોજન સુધીનું પાણી ઉંચુ જતું અને નીચે ઉતરતું રહેલું છે. તે પછીના ૧૦૦૦૦ યોજન સુધીની ઉંડાઇ બધે એકસરખી છે.


૯૫૦૦૦+૧૦૦૦૦+૯૫૦૦૦=૨૦૦૦૦૦ યોજન થયા.

આ ૧૦૦૦૦ યોજન પ્રમાણ જાડી અને ૧૬૦૦૦ યોજન ઉંચી લવણસમુદ્રની શિખા સમુદ્રના મધ્યભાગમાં પાણીનો ઉંચો કોટ હોય તેમ રહેલી છે. ભીંત સરખી દેખાય છે તે આ શિખા સમભૂમિથી ૧૦૦૦ યોજન સુધી ભૂમિમાં રહેલી છે.

દૂરથી જોતાં પાણીમાં ૧૦૦૦૦ યોજન પહોળો અને ૧૬૦૦૦ યોજન ઉંચો કોટ-કીલ્લો બાંધેલો હોય તેવો લાગે છે. ૧૭. (૪૧૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લવણસમુદ્રમાં શિખાનો દેખાવ



# देसूणमद्धजोयण, लवणसिहोवरि दगं दुवे काला।
# अइरेगं अइरेगं, परिवड्ढइ हायए वावि ॥१८॥(४१६)

છાયા—देशोनमर्धयोजनं लवणशिखोपरि दकं द्वौ कालौ।
अतिरेकमतिरेकं परिवर्धते हीयते वाऽपि ॥१८॥

**અર્થ**—લવણશિખા ઉપરનું પાણી હંમેશાં બે વખત બે ગાઉમાં કંઈક ન્યૂન વધે છે અને ઘટે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—લવણસમુદ્રના મધ્યભાગમાં ૧૬૦૦૦ યોજન ઉંચી લવણસમુદ્રની શિખા છે, તે શિખાનું પાણી હંમેશાં બે વખત બે ગાઉમાં કંઈક ન્યૂન જેટલું વૃદ્ધિ પામે છે અને વધેલું પાણી પાછું ઓછું થાય છે. એટલે આ શિખા ૧૬૦૦૦ યોજનની ઉંચાઈમાંથી ઓછી થતી નથી, પણ જે કંઈક ન્યૂન બે ગાઉ વધી હોય છે તેજ પાછી ઘટી જાય છે.

આ શિખાનું પાણી વધવાનું અને ઘટવાનું કારણ પૂર્વે જે કહી ગયા તે મોટા અને નાના પાતાલકલશોમાં ૧/૩ ભાગમાં વાયુ, ૧/૩ ભાગમાં વાયુ અને પાણી અને ૧/૩ ભાગમાં પાણી છે. તે કલશોમાંનો વાયુ હંમેશાં બે વખત ક્ષોભ પામે છે. એટલે સ્વાભાવિક રીતે વધે છે અને ઉંચે ઉછળે છે. જેમ મનુષ્યના પેટમાં રહેલો વાયુ પેટમાં સ્વાભાવિક જ ઉત્પન્ન થાય છે, તેમ મહાપાતાલ કલશો અને લઘુપાતાલ કલશોમાં મહાવાયુ ઉત્પન્ન થઈ ઉછળતો હોવાથી કલશોનું પાણી ઉછળવાના કારણે શિખાનું પાણી વૃદ્ધિ પામે છે. એટલે વાયુના દબાણથી શિખાનું પાણી કંઇક ન્યૂન બે ગાઉ ઉંચુ વધે છે. તે પાણી સ્વભાવથી અથવા અનુવેલંધર દેવો(જે આગળ કહેવાશે)ના પ્રયત્નથી આગળ વધતું નથી તેમજ શિખાની બહાર જતું નથી. શિખામાં ને શિખામાં જ રહે છે. માત્ર શિખા કંઈક ન્યૂન બે ગાઉ વધે છે.

૭૦૦ યોજન વૃદ્ધિ પામતું પાણી (જે આગળ કહેવાશે) તે બધું લવણસમુદ્રનું પાણી અમુક સપાટીએ વધતું કિનારો છોડીને આગળ વધી જાય છે. તેમાં જ્યાં જ્યાં જગતીનો ભાગ આવે ત્યાં પાણી અથડાઇને પાછું ફરે છે. જ્યારે જગતીમાંના કેટલાક વિવરોમા થઇને કેટલુંક પાણી જંબૂદ્વીપની અંદર પ્રવેશતું હોય છે, ત્યારે ભૂમિ ઉપર વધીને પાણી આગળ વધે છે. તેને આપણે સમુદ્રની ભરતી કહીએ છીએ.

મોટા વાયરા-વાયુ શાંત થાય છે એટલે દ્વીપવર્તિ ભૂમિ ઉપર વધેલું પાણી અને શિખા ઉપર કંઇક ન્યૂન બે ગાઉ વધેલું પાણી ઘટીને મૂલસ્થાનમાં આવી જાય છે.

આ પ્રમાણે વાયુનો ક્ષોભ એક અહોરાત્રીમાં બે વખત જ થાય છે. તેથી શિખાની વેલવૃદ્ધિ પણ એક અહોરાત્રીમાં બે વખત થાય છે અને બે વાર ઘટે છે. તેમાં પણ અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા તથા અમાસના દિવસોમાં વાયુ ઘણો ક્ષોભ પામે છે. તેથી એવા દિવસોમાં મોટી ભરતી આવે છે. ૧૮. (૪૧૬)

હવે વેલંધરનું સ્વરૂપ જણાવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अब्भिंतारियं वेलं, धरंति लवणोदहिस्स नागाणं।**
**बायालीस सहस्सा, दुसत्तरि सहस्स बाहिरियं॥१९॥(४१७)**
**सट्ठिं नागसहस्सा, धरंति अग्गोदयं समुद्दस्स।**
**वेलंधरआवासा, लवणे चाउद्दिसिं चउरो॥२०॥(४१८)**

**છાયા**—अभ्यन्तरिकां वेलां धरन्ति लवणोदधेर्नागानाम् ।
द्विचत्त्वारिंशत् सहस्राणि द्विसप्ततिसहस्राणि बाह्याम् ॥१९॥
षष्टिनागसहस्राणि धरन्ति अग्रोदकं समुद्रस्य ।
वेलंधराऽऽवासा लवणे चतसृषु दिक्षु चत्वारः ॥२०॥

**અર્થ**—લવણસમુદ્રના પાણીની અભ્યંતર વેલાને બેતાલીસ હજાર, બાહ્યવેલાને બહોંતેર હજાર નાગકુમારના દેવતાઓ અને ઉપરના પાણીને સાઈઠ હજાર નાગકુમારના દેવતાઓ ધારી રાખે છે.

**વિવેચન**—લવણસમુદ્રની અભ્યંતર વેલા એટલે જંબૂદ્વીપ તરફની વેલાને ભવનપતિનિકાયના ૪૨૦૦૦ નાગકુમારના દેવતાઓ આગળ વધતી રોકી રાખે છે.

બાહ્ય વેલા એટલે ધાતકીખંડ દ્વીપ તરફની વેલાને ધાતકીખંડ દ્વીપમાં પ્રવેશતી નાગકુમારના ૭૨૦૦૦ દેવતાઓ રોકી રાખે છે.

જ્યારે નાગકુમારના ૬૦૦૦૦ દેવતાઓ શિખા ઉપરના પાણીને કંઈક ન્યૂન બે ગાઉથી અધિક વધતી રોકી રાખે છે. એટલે પાણીને વધારે વધતા દેતા નથી.

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨૦૦૦ | દેવો | અભ્યંતર | વેલાને | રોકે છે. |
| ૭૨૦૦૦ | ,, | બાહ્ય | ,, | ,, ,, |
| ૬૦૦૦૦ | ,, | શિખાને વધતી | ,, | ,, |

૧૭૪૦૦૦ નાગકુમારના દેવો પાણીને રોકવાનું કામ કરે છે. અર્થાત્ ત્રણે બાજુ વધતા પાણીને અટકાવવા માટે આ દેવો તે તે સ્થાને હાથમાં મોટા કડછા રાખીને આકાશમાં રહેલા હોય છે, તે કડછાઓ વડે વધતા પાણીને આઘાત કરી કરીને વધતું અટકાવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી આ બધું પાણી અટકાવવાનું કામ સમભૂમિથી ૧૬૦૦૦ યોજન શિખામાંથી ૭૦૦ યોજન ઓછા કરતાં ૧૫૩૦૦ યોજન જેટલી ઉંચી શિખામાં જ ચાલે છે. ૭૦૦ યોજન જેટલા ઉંચા વિભાગમાંના પાણીનો વિચાર આગળ કહેલ છે તે પ્રમાણે આગળ વધીને અમુક હદ સુધી દ્વીપમાં પણ પ્રવેશે છે. એથી મૂલ કિનારાને છોડીને પણ ભૂમિ ઉપર વધી જાય છે. પાતાલકલશોના વાયુના ક્ષોભથી એ ૭૦૦ યોજનમાંનું પાણી ઘણું વધવું જોઇએ તેને બદલે અતિ અલ્પ વધીને જ અટકે છે. તે જગત્ સ્વભાવે જ અથવા દ્વીપવર્તિ શ્રીસંઘ આદિક પુણ્યવંતોના પુણ્યપ્રભાવે જ સમુદ્રનું પાણી મર્યાદા છોડીને વધતું નથી. શિખાનું પાણી ઉપર ગમે તેટલું વધે તેમાં કોઇ હરકત નથી. પરંતુ બે બાજુએ ભિત્તિભાગમાંથી (વાયુઓના નિર્વિઘ્ન ક્ષોભપૂર્વક) વધવા માંડે તો પણ દ્વીપને ડૂબાડી દે, માટે એ રીતે પણ નહિ વધવામાં જગત્સ્વભાવ તથા શ્રીસંઘાદિનો પુણ્યપ્રભાવ કારણ છે. નહિતર એ વેલવૃદ્ધિ દેવોના પ્રયત્ન છતાં પણ અટકે એમ નથી, છતાં અટકે છે અને વિશેષ વધતી નથી તેનું કારણ શ્રીસંઘાદિનો પુણ્યપ્રભાવ તથા જગત્સ્વભાવ તથા સમુદ્રના બીજા બહારના પ્રતિકૂલ મોટા વાયરા છે. કહ્યું છે કે—

**'लवणस्स णं भंते समुद्दस्स केवइया नागसहस्सा अब्भिंतरियं वेलं धरंति? केवइया नागसहस्सा बाहिरियं वेलं धरंति? केवइया नागसहस्सा अग्गोदगं धरंति? गोयमा! लवणस्स णं समुद्दस्स बायालीसं नागसहस्सा अब्भिंतरियं वेलं धरंति, बावत्तरि नागसहस्सा बाहिरियं वेलं धरंति, सट्ठि नागसहस्सा अग्गोदगं धरंति। एवमेव सपुव्वावरेण लवणे समुद्दे एगसयसाहस्सिया चउहत्तरिं च नागसहस्सा भवंतीति मक्खायं।'**


હે ભગવન્! લવણસમુદ્રની અભ્યંતર વેલાને કેટલા હજાર નાગકુમારના દેવો રોકે છે? કેટલા હજાર નાગકુમારો બહારની વેલાને રોકે છે? કેટલા હજાર નાગકુમારો ઉપરના પાણીના રોકે છે?

હે ગૌતમ! લવણસમુદ્રની અભ્યંતર વેલાને નાગકુમારના ૪૨૦૦૦ દેવો રોકે છે, ૭૨૦૦૦ દેવો બાહ્ય વેલાને રોકે છે અને ૬૦૦૦૦ દેવો ઉપરના પાણીને રોકે છે. આ પ્રમાણે પૂર્વ-પશ્ચિમ સમુદ્રમાં કુલ ૧૭૪૦૦૦ નાગકુમારના દેવો છે. એમ કહેલું છે.

આ વેલંધર દેવોના આશ્રયભૂત પર્વતો લવણસમુદ્રમાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં એક એક જંબૂદ્વીપની જગતીથી ૪૨૦૦૦ યોજન અંદર આવેલા છે. કુલ ૪ વેલંધર દેવના આવાસ પર્વતો છે. ૧૯-૨૦. (૪૧૭-૪૧૮)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વેલંધર પર્વતો



હવે આ આવાસ પર્વતો અને આવાસ પર્વતોના અધિપતિ નાગકુમારના નામ કહે છે.

**पुव्वाइं अणुकमसो, गोत्थुभ दगभास संख दगसीमा।**
**गोत्थुभ सिवए संखे, मणोसिले नागरायाणो ॥२१॥(४१९)**

છાયા—पूर्वाद्यनुक्रमशो गोस्तूपो दकभासः शङ्खो दकसीमा ।
गोस्तूपः शिवकः शङ्खो मनोशिलो नागराजाः ॥२१॥

**અર્થ**—અનુક્રમે પૂર્વાદિ દિશામાં ગોસ્તૂપ, દકભાસ, શંખ અને દકસીમા નામના છે. તેના ગોસ્તૂપ, શિવ, શંખ અને મનોશિલ નાગરાજો છે.

**વિવેચન**—પૂર્વાદિ ક્રમે વેલંધર દેવોના આવાસ પર્વતોના નામો આ પ્રમાણે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપની વેદિકાથી આગળ પૂર્વ દિશામાં ૪૨૦૦૦ યોજન લવણસમુદ્રમાં જઇએ ત્યાં જે આવાસ પર્વત રહેલો છે તેનું નામ ગોસ્તૂપ પર્વત છે. અર્થાત્ ગોસ્તૂપ નામનો આવાસ પર્વત છે.

આ આવાસ પર્વત ઉપર ઠામ ઠામ વાવડીઓમાં, સરોવરોમાં, સરોવરોની પંક્તિઓમાં સો પાંખડીવાળા, હજાર પાંખડીવાળા ગોસ્તૂપ આકારવાળા ઘણા કમળો રહેલા છે. તેથી તથા ગોસ્તૂપ નામનો દેવ વસતો હોવાથી આ આવાસ પર્વતનું નામ ગોસ્તૂપ કહેવાય છે.

જંબૂદ્વીપની વેદિકાથી દક્ષિણ દિશામાં ૪૨૦૦૦ યોજન લવણસમુદ્રમાં જે પર્વત છે તેનું નામ દકભાસ છે. અત્યંત વિશુદ્ધ અંકરત્નમય હોવાથી ચારે દિશાઓમાં અને વિદિશાઓમાં આઠ યોજન સુધી તેની પ્રભાથી પાણી ઝગમગે છે તેથી આ પર્વતનું નામ દકભાસ કહેવાય છે. કહ્યું છે કે—

**'से केणट्ठेणं भंते एवं वुच्चइ दगभासे आवासपव्वए? गोयमा! दगभासे णं आवासपव्वए अट्ठजोयणिए खित्ते सव्वओ समंता दगओ भासेइ जाव पभासे।'**

હે ભગવન્! શા માટે દકભાસ આવાસ પર્વત કહેવાય છે?

હે ગૌતમ! દકભાગ આવાસ પર્વત ક્ષેત્રથી ચારે બાજુ આઠ યોજન સુધી પાણીરૂપ દેખાતો હોવાથી દકભાસ કહેવાય છે.

જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં પશ્ચિમ દિશામાં ૪૨૦૦૦ યોજને રહેલો આવાસ પર્વત શંખ નામનો છે. ત્યાં પણ વાવડીઓમાં, સરોવરોમાં, સરોવરની પંક્તિમાં ઘણાં સફેદ વર્ણવાળા સો પાંખડીવાળા, હજાર પાંખડીવાળા કમળો રહેલા છે, તથા શંખ નામનો દેવ અધિપતિપણું કરતો હોવાથી આ આવાસ પર્વતનું નામ શંખ છે.

વળી જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ઉત્તર દિશામાં ૪૨૦૦૦ યોજને રહેલો આવાસ પર્વત દકસીમા નામનો છે. ત્યાં આગળ શીતા–શીતોદા મહાનદીના પ્રવાહો આ પર્વતને અથડાઇ અથડાઇને પાછા ફરે છે. તેથી શીતા–શીતોદા મહાનદીના પ્રવાહના પાણીની સીમા કરનારો હોવાથી દકસીમા કહેવાય છે. કહ્યું છે કે—

**'से केणट्ठेणं भंते एवं वुच्चइ दगसीमे आवासपव्वए? गोयमा! दगसीमे आवासपव्वए सीयासीओयाणं महानईणं सोया तत्थ तत्थ णं पडिहया पडिनियत्तंति, से एएणट्ठे गोयमा एवं वुच्चइ दगसीमे आवासपव्वए।'**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ભગવન્ ! ક્યા કારણથી દકસીમા આવાસ પર્વત કહેવાય છે ?

હે ગૌતમ ! શીતા—શીતોદા મહાનદીના પ્રવાહો ત્યાં અથડાઇને પાછા ફરતા હોવાથી દકસીમા આવાસ પર્વત કહેવાય છે.

પૂર્વાદિ અનુક્રમેણ આ આવાસ પર્વતના અધિપતિ દેવોના નામો આ પ્રમાણે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગોસ્તૂપ | આવાસ | પર્વતનો | અધિપતિ | ગોસ્તૂપ | નામનો | દેવ | છે. |
| દકભાસ | ,, | ,, | ,, | શિવ | ,, | ,, | ,, |
| શંખ | ,, | ,, | ,, | શંખ | ,, | ,, | ,, |
| દકસીમા | ,, | ,, | ,, | મનઃશીલ | ,, | ,, | ,, |

આ ચારે દેવ—દરેક દેવને ૪૦૦૦ ઇન્દ્રસામાનિક દેવો, સપરિવાર ૪ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સૈન્યના સાત અનિકાધિપતિ ૧૬૦૦૦ આત્મરક્ષક દેવો, પોતપોતાના આવાસ પર્વતોનું અને પોતપોતાની રાજધાનીનું અધિપતિપણું કરે છે.

ગોસ્તૂપ દેવની ગોસ્તૂપા રાજધાની ગોસ્તૂપ આવાસ પર્વતથી પૂર્વ દિશામાં અસંખ્ય દ્વીપ—સમુદ્ર પછીના બીજા લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર જાણવી.

શિવ દેવની શિવા નામની રાજધાની દકભાસ આવાસ પર્વતથી દક્ષિણ દિશા તરફ અસંખ્ય દ્વીપ—સમુદ્રો પછીના બીજા લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર જાણવી.

શંખ દેવની શંખા નામની રાજધાની શંખ આવાસ પર્વતથી પશ્ચિમ દિશા તરફ અસંખ્ય દ્વીપ—સમુદ્રો પછીના બીજા લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર આવેલી છે અને મનઃશિલા દેવની મનઃશિલા નામની રાજધાની દકસીમા આવાસ પર્વતથી ઉત્તર દિશા તરફ અસંખ્ય દ્વીપ—સમુદ્ર પછીના બીજા લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર જાણવી. ૨૧. (૪૧૯)

મોટા વેલંધર નાગરાજ દેવોના આવાસ પર્વતો અને નામો કહ્યા.

હવે ક્ષુલ્લ વેલંધર દેવોના આવાસ પર્વતો અને નામો કહે છે.

**अणुवेलंधरवासा, लवणे विदिसासु संठिया चउरो ।**
**कक्कोडग विज्जुप्पभ, कइलास रुणप्पभे चेव ॥२२॥(४२०)**

**कक्कोडग कद्दमए, कैलास रुणप्पभे य रायाणो ।**
**बायालीस सहस्से, गंतुं उदहिम्मि सव्वेऽवि ॥२३॥(४२१)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—अनुवेलंधरवासा लवणे विदिक्षु संस्थिताश्चत्वारः।
कर्कोटको विद्युत्प्रभः कैलाशोऽरुणप्रभश्चैव ॥२२॥
कर्कोटकः कर्दमकः कैलाशोऽरुणप्रभश्च राजानः।
द्विचत्वारिंशत् सहस्राणि गत्वा उदधौ सर्वेऽपि ॥२३॥

**અર્થ**—લવણસમુદ્રમાં બેતાલીસ હજાર યોજન અંદર જતાં વિદિશામાં કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાશ અને અરુણપ્રભ ચાર અનુવેલંધરના આવાસ પર્વતો આવેલા છે. તેના રાજા કર્કોટક, કર્દમક, કૈલાસ અને અરુણપ્રભ છે.

**વિવેચન**—મોટા વેલંધર દેવોની આજ્ઞાને અનુસરનારા નાના વેલંધર દેવો છે. તેમના આવાસ પર્વતો પણ લવણસમુદ્રમાં જંબૂદ્વીપની વેદિકાથી વિદિશામાં ૪૨૦૦૦ યોજન અંદર આવેલા છે. તે આ પ્રમાણે છે.

ઈશાન ખૂણામાં કર્કોટક નામનો આવાસ પર્વત, અગ્નિ ખૂણામાં વિદ્યુત્પ્રભ નામનો આવાસ પર્વત, નૈઋત્ય ખૂણામાં કૈલાશ નામનો આવાસ પર્વત અને વાયવ્ય ખૂણામાં અરુણપ્રભ નામનો આવાસ પર્વત આવેલો છે.

આ પર્વતોના અધિપતિ દેવોના નામ કર્કોટક, કર્દમક, કૈલાશ અને અરુણપ્રભ છે. તે આ પ્રમાણે—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કર્કોટક | આવાસ | પર્વતનો | અધિપતિ | કર્કોટક | દેવ | છે. |
| વિદ્યુત્પ્રભ | ,, | ,, | ,, | કર્દમક | ,, | ,, |
| કૈલાશ | ,, | ,, | ,, | કૈલાશ | ,, | ,, |
| અરુણપ્રભ | ,, | ,, | ,, | અરુણપ્રભ | ,, | ,, |

આ ચારે દેવો પણ ગોસ્તૂપ દેવની જેમ મહર્ધિક જાણવા. વિશેષમાં કર્કોટક નાગરાજ દેવની રાજધાની કર્કોટિકા છે તે કર્કોટક આવાસ પર્વતથી ઈશાન ખૂણામાં તીર્ચ્છી અસંખ્ય દ્વીપ–સમુદ્ર પછીના લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર આવેલી છે.

કર્દમક નાગરાજ દેવની રાજધાની કર્દમક છે તે કર્દમક આવાસ પર્વતથી અગ્નિ ખૂણામાં તીર્ચ્છી અસંખ્ય દ્વીપ–સમુદ્રો પછીના લવણસમુદ્રની અંદર ૧૨૦૦૦ યોજને આવેલી છે.

કૈલાશ નાગરાજ દેવની કૈલાશ રાજધાની છે તે કૈલાસ આવાસ પર્વતથી નૈઋત્ય ખૂણામાં તીર્ચ્છી અસંખ્ય દ્વીપ–સમુદ્રો પછીના લવણસમુદ્રમાં અંદર ૧૨૦૦૦ યોજને આવેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અરુણપ્રભ નાગરાજ દેવની અરુણપ્રભ રાજધાની છે તે અરુણપ્રભ આવાસ પર્વતથી વાયવ્ય ખૂણામાં તીર્ચ્છી અસંખ્ય દ્વીપ-સમુદ્રો પછીના લવણસમુદ્રમાં અંદર ૧૨૦૦૦ યોજને આવેલી છે.

આ આઠે-ગોસ્તૂપ આદિ આઠે પર્વતો જંબૂદ્વીપની વેદિકાથી ૪૨૦૦૦ યોજન અંદર લવણસમુદ્રમાં આવેલા છે. ૨૨-૨૩. (૪૨૦-૪૨૧)

હવે આ પર્વતોની અવગાહ આદિ પ્રમાણ કહે છે.

**चत्तारि जोयणसए, तीसं कोसं च उवगया भूमिं।**
**सत्तरस जोयणसए, इगवीसे ऊसिया सव्वे ॥२४॥(४२२)**

છાયા—चत्वारि योजनशतानि त्रिंशदधिका क्रोशं चोपागता भूमौ ।
सप्तदश योजनशतानि एकविंशत्यधिकानि उच्छ्रिताः सर्वे ॥२४॥

**અર્થ**—સઘળા પર્વતો ચારસો ત્રીસ યોજન અને એક ગાઉ ભૂમિમાં છે અને સત્તરસો એકવીસ યોજન ઉંચા છે.

**વિવેચન**—ગોસ્તૂપ આદિ આઠે વેલંધર પર્વતો ૪૩૦ યોજન ૧ ગાઉ ભૂમિમાં રહેલા છે, એટલે જમીનની અંદર છે અને ૧૭૨૧ યોજન ઉંચા છે. આ પર્વતોની કુલ ઉંચાઇ ૨૧૫૧ યોજન ૧ ગાઉ છે. પર્વતો ઉપર એક એક વેદિકા અને એક-એક વનખંડ રહેલું છે. ૨૪. (૪૨૨)

હવે આ પર્વતોનો અને એકસરખું કહેવાપણું હોવાથી માનુષોત્તર પર્વતનો વિસ્તાર જાણવાની રીત કહે છે.

**जत्थिच्छसि विक्खंभं, वेलंधरमाणुसोत्तरनगाणं।**
**पंचसएहिं गुणए, अट्ठाणउएहिं तं रासिं ॥२५॥(४२३)**
**तस्सेव उस्सएण उ, भयाहि जं तत्थ भागलद्धं तु।**
**चउसय चउवीसजुयं, विक्खंभं तं वियाणाहि ॥२६॥(४२४)**

છાયા—यत्रेच्छसि विष्कम्भं वेलंधरमानुषोत्तरनगानाम् ।
पञ्चशतैर्गुणयेत् अष्टानवत्यधिकैस्तं राशिम् ॥२५॥
तस्यैव उच्छ्रयेन तु भक्ते यत् तत्र भागलब्धं तु ।
चतुःशतं चतुर्विंशतियुक्तं विष्कम्भं तत्र विजानाहि ॥२६॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—વેલંધર પર્વતો અને માનુષોત્તર પર્વતનો જ્યાંનો વિસ્તાર જાણવાની ઇચ્છા હોય તેને પાંચસે અઠ્ઠાણુંથી ગુણવા અને તે રાશિને પર્વતની ઉંચાઈથી ભાગવા. જે આવે તેમાં ચારસો ચોવીસ ઉમેરવા. તે ત્યાંનો વિસ્તાર જાણવો.

**વિવેચન**—આઠ વેલંધર પર્વતો અને માનુષોત્તર પર્વતના શિખરથી નીચે ઉતરતા જેટલા યોજને પર્વતોનો વિસ્તાર જાણવાની ઇચ્છા હોય ત્યાં જેટલા યોજન નીચે આવ્યા તેને ૫૯૮થી ગુણવા, પછી જે સંખ્યા આવે તેને પર્વતની ઉંચાઈ ૧૭૨૧થી ભાગવા અને પછી તેમાં ૪૨૪ ઉમેરવા. જે આવે તે ત્યાંનો વિસ્તાર જાણવો.

**દા. ત.** પર્વતના શિખરથી નીચે ૧૭૨૧ યોજને કેટલો વિસ્તાર હોય તે જાણવો છે? તો ૧૭૨૧ને ૫૯૮થી ગુણવા.

```
   ૧૭૧૨ |      | | |
  ×૫૯૮ | ૧૭૨૧) ૧૦૨૯૧૫૮ (૫૯૮
 ------ |          ૮૬૦૫            આમાં ૪૨૪ ઉમેરવા.
  ૧૩૭૬૮ |        ------
 ૧૫૪૮૯× |         ૦૧૬૮૬૫
 ૮૬૦૫×× |          ૧૫૪૮૯
 ------- |        ------
૧૦૨૯૧૫૮ |         ૦૧૩૭૬૮           ૫૯૮
આને ઉંચાઇ |          ૧૩૭૬૮          +૪૨૪
          |         ------         ------
૧૭૨૧ થી ભાગવા. |     ૦૦૦૦૦      ૧૦૨૨ યોજન આવ્યા.
```

એટલે શિખરના ભાગથી ૧૭૨૧ યોજન નીચે પર્વતનો વિસ્તાર ૧૦૨૨ યોજન જાણવો.

શિખરથી ૮૬૦ યોજન બે ગાઉ નીચે પર્વતનો વિસ્તાર કેટલો હોય તે જાણવો છે તો પ્રથમ યોજનના ગાઉ કરવા.

```
  ૮૬૦  |      ૩૪૪૨ |
   ×૪  |     ×૫૯૮ |
 ----  |    ------ |  આના યોજન લાવવા માટે
 ૩૪૪૦ |    ૨૭૫૩૬ |   છેદરાશી ૧૭૨૧ ને
   +૨  |   ૩૦૯૭૮× |   ૪ થી ગુણીને ભાગવા.
 ----  |  ૧૭૨૧૦×× |
 ૩૪૪૨ |   ------- |
  ગાઉ  |  ૨૦૫૮૩૧૬ |
```

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
 ૧૭૨૧    |      | | |
   ×૪    |  ૬૮૬૪) ૨૦૫૮૩૧૬(૨૯૯ યોજન
 ------  |        ૧૩૭૨૮
 ૬૮૬૪    |        -----
         |         ૬૮૧૫૧
         |         ૬૧૯૫૬
         |         ------
         |         ૦૬૧૯૫૬
         |          ૬૧૯૫૬
         |          -----
         |          ૦૦૦૦૦     આમાં ૪૨૪ ઉમેરવા.
```

```
   ૨૯૯          | શિખરથી ૮૬૦ યોજન ૨ ગાઉ નીચે
  +૪૨૪          | પર્વતની પહોળાઈ ૭૨૩ યોજન જાણવી.
  -----         | મધ્ય ભાગે વિસ્તાર જાણવો.
   ૭૨૩ યોજન.   |
```

હવે બીજી રીતે મધ્ય ભાગનો વિસ્તાર આ રીતે આવે.

પહેલા મૂલ વિસ્તાર અને શિખરનો વિસ્તાર ભેગા કરવા અને તેના અડધા કરવા.

```
મૂલ વિસ્તાર   ૧૦૨૨  યોજન
શિખરનો ,,     ૪૨૪   ,,
             -----
              ૧૪૪૬   ,,     આના અડધા કરતા.
```

```
    | | |
 ૨) ૧૪૪૬ (૭૨૩
    ૧૪
    ---
    ૦૦૪
      ૪
     ---
     ૦૬
      ૬
     ---
      ૦
```

મધ્યભાગનો વિસ્તાર ૭૨૩ યોજન જાણવો.

મધ્ય ભાગનો વિસ્તાર આ રીત પ્રમાણે આવે. તે સિવાયના બાકીના ભાગ માટે પહેલી રીત પ્રમાણે વિસ્તાર લાવવો. ૨૫–૨૬. (૪૨૩–૪૨૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે મૂલનો, મધ્યભાગનો અને ઉપરનો ક્રમસર વિસ્તાર જણાવે છે.

**कमसो विक्खंभा सिं, दस बावीसाइं जोयणसयाइं।**
**सत्त सए तेवीसे, चत्तारि सए य चउवीसे ॥२७॥(४२५)**

છાયા—क्रमशो विष्कम्भाः एषां दश द्वाविंशति (अधिकानि) योजन शतानि।
सप्तशतानि त्रयोविंशति(अधिकानि)चत्त्वारिंशतानि च चतुर्विंशति(अधिकानि)॥२६॥

**અર્થ**—આ પર્વતોનો વિસ્તાર ક્રમે કરીને એક હજાર બાવીસ યોજન, સાતસો તેવીસ યોજન અને ચારસો ચોવીસ યોજન છે.

**વિવેચન**—અહીં માનુષોત્તર પર્વતનો મૂલ, મધ્ય અને શિખરનો વિસ્તાર આગળ કહેશે. અહીં તો આઠ વેલંધર પર્વતોનો મૂલમાં, મધ્યમાં અને શિખર ઉપરનો વિસ્તાર ક્રમસર આ પ્રમાણે થાય છે.

મૂલમાં ૧૦૨૨ યોજન વિસ્તાર છે.
મધ્યભાગે ૭૨૩ ,, ,, ,,
ઉપરના ભાગે ૪૨૪ ,, ,, ,, ૨૭. (૪૨૫)

હવે આ આઠે પર્વતો ગોળાકારે છે. તેથી તેની મૂલમાં, મધ્યમાં અને ઉપરના ભાગની ક્રમસર પરિધિ અને પર્વતોનો વર્ણ કહે છે.

**मूले बत्तीस सए, बत्तीसे जोयणाणि किंचूणा।**
**मज्झे बावीस सए, छलसीए साहिए परिही ॥२८॥(४२६)**
**तेरस सया उ उवरिं, इगयाला किंचि ऊणिया परिही।**
**कणगंकरययफालिय, दिसासु विदिसासु रयणमया ॥२९॥**

છાયા—मूले द्वात्रिंशच्छतानि द्वात्रिंशतानि किंचिदूनानि।
मध्ये द्वाविंशतिशतानि षडशीतानि साधिकानि परिधिः ॥२८॥
त्रयोदशशतानि तूपरि एकचत्त्वारिंशानि किंचिदूनानि परिधिः।
कनकाङ्करजतस्फटिकमया दिक्षु विदिक्षु रत्नमयाः ॥२९॥

**અર્થ**—મૂલમાં બત્રીસસો બત્રીસ યોજનમાં કંઈક ન્યૂન પરિધિ, મધ્ય ભાગમાં બાવીસસો છ્યાંસી યોજનથી અધિક પરિધિ અને ઉપર તેરસો એકતાલીસ યોજનમાં કંઈક ન્યૂન પરિધિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાર દિશામાં કનકમય, અંકરત્નમય, રજતમય અને સ્ફટિકમય છે. વિદિશામાં રત્નમય છે.

**વિવેચન**—આ આઠે વેલંધર પર્વતોની મૂલમાં પરિધિ ૩૨૩૨ યોજનમાં કંઈક ન્યૂન છે. મધ્યભાગમાં પરિધિ ૨૨૮૬ યોજનથી અધિક છે અને શિખરના ભાગે ૧૩૪૧ યોજનમાં કંઈક ન્યૂન પરિધિ છે.

હવે આ પર્વતોનો વર્ણ વિભાગમાં પૂર્વ દિશામાં જે વેલંધર પર્વત છે તેનો વર્ણ કનકમય છે. દક્ષિણ દિશામાં અંકરત્નમય છે, પશ્ચિમ દિશામાં રજતમય છે અને ઉત્તર દિશામાં સ્ફટિકમય વર્ણવાળા છે. એટલે—

| | | | | | |
|---|---|---|---|---|---|
| પૂર્વ | દિશામાં | ગોસ્તૂપ | વેલંધર | પર્વત | કનકમય વર્ણવાળો. |
| દક્ષિણ | ,, | દકભાસ | ,, | ,, | અંકરત્નમય ,, |
| પશ્ચિમ | ,, | શંખ | ,, | ,, | રજતમય ,, |
| ઉત્તર | ,, | દકસીમા | ,, | ,, | સ્ફટિકમય ,, |

જ્યારે વિદિશામાં આવેલા કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાસ અને અરુણપ્રભ આ ચારે વેલંધર પર્વતો રત્નમય છે. ૨૮-૨૯. (૪૨૬-૪૨૭)

હવે આ પર્વતોનું મૂલમાં પરસ્પર અંતર કહે છે.

**बायालीस सहस्सा, दुगुणा गिरिवाससंजुया जाया।**
**बावीसहिया पणसीइ, सहस्सा तस्स परिहीओ ॥३०॥(४२८)**
**तेवट्ठा अट्ठसया, अट्ठट्ठि सहस्स दोन्नि लक्खा य।**
**जंबूद्दीवपरिरए, संमिलिए होइमो रासी ॥३१॥(४२९)**
**इगनउया पणसीई, सहस्स पणलक्ख इत्थ गिरिवासो।**
**सोहे अट्ठविहत्ते, लवणगिरिणंतरं होइ ॥३२॥(४३०)**

છાયા—द्विचत्वारिंशत् सहस्राणि द्विगुणानि गिरिव्याससंयुक्तानि जातानि।
द्वाविंशत्यधिकानि पञ्चाशीतिसहस्राणि तस्य परिधिः ॥३०॥
त्रिषष्टि (अधिकानि) अष्टशतानि अष्टषष्टिसहस्राणि द्वे लक्षे च।
जम्बूद्वीपपरिरये संमिलिते भवति अयं राशिः ॥३१॥
एकनवति (अधिकानि) पञ्चाशीतिः सहस्राणि पञ्चलक्षा एवं गिरिव्यासे।
शोधितेऽष्टविभक्ते लवणगिरिणामन्तरं भवन्ति ॥३२॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—બેંતાલીસ હજારને ડબલ કરી પર્વતોનો વિસ્તાર ભેગો કરતાં પંચ્યાસી હજાર બાવીસ થાય છે. તેની પરિધિ બે લાખ અડસઠ હજાર આઠસો ત્રેંસઠ થાય, તેમાં જંબૂદ્વીપની પરિધિ ભેગી કરતાં પાંચ લાખ પંચ્યાસી હજાર એકાણું. આ પ્રમાણે સંખ્યા થાય છે. તેમાંથી પર્વતોનો વિસ્તાર બાદ કરી આઠે ભાગતાં લવણ-સમુદ્રના આવાસ પર્વતનું અંતર થાય.

**વિવેચન**—અહીં જંબૂદ્વીપની જગતીથી સમુદ્રમાં ૪૨૦૦૦–૪૨૦૦૦ યોજન અંદર વેલંધર પર્વતો રહેલા છે. તેથી પૂર્વ દિશાથી ૪૨૦૦૦ યોજન અને પશ્ચિમ દિશાથી ૪૨૦૦૦ યોજન. બન્ને ભેગા કરતા ૮૪૦૦૦ યોજન થયા.

પર્વતોના મધ્ય ભાગનું અંતર જાણવાની ઇચ્છા છે તેથી એક બાજુના ૫૧૧ યોજન અને બીજી બાજુના ૫૧૧ યોજન. બન્ને ભેગા કરતાં ૧૦૨૨ યોજન થયા. તે ૮૪૦૦૦ યોજનમાં ઉમેરતા ૮૫૦૨૨ યોજન થયા.

આની પરિધિ કાઢતા ૨૬૮૮૬૩ યોજન આવે. તેમાં જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન ઉમેરતાં.

```
  ૨૬૮૮૬૩
 +૩૧૬૨૨૭
 ────────
```

૫૮૫૦૯૦ ઉપરનો વધારાનો એક યોજન ઉમેરતાં ૫૮૫૦૯૧ થાય.

હવે આમાંથી આઠ વેલંધર પર્વતોનો વિસ્તાર બાદ કરવો. એક વેલંધર પર્વતનો વિસ્તાર ૧૦૨૨ યોજન છે. આઠના જાણવા ૮ થી ગુણવા.

```
   ૧૦૨૨          |    ૫૮૫૦૯૧
     ×૮          |    ૦–૮૧૭૬
 ─────────       |   ─────────
 ૮૧૭૬ યોજન.      |    ૫૭૬૯૧૫
```

હવે આઠ પર્વતોનું અંતર લાવવું છે એટલે ૮ થી ભાગવા,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
      | | | | |
૮) ૫૭ ૬ ૯ ૧ ૫(૭૨૧૧૪ યોજન
   ૫૬
   ──
    ૧૬
    ૧૬
   ───
    ૦૦૯
       ૮
   ───
      ૧૧
       ૮
      ──
      ૩૫
      ૩૨
      ──
       ૩
```

એક વેલંધર પર્વતથી બીજા વેલંધર પર્વતનું અંતર ૭૨૧૧૪–૩/૮ યોજન હોય છે. ૩૦–૩૨.(૪૨૮ થી ૪૩૦)

આ અંતર ગાથામાં કહે છે.

**तिन्नट्ठभाग बिसयरि, सहस्स चोद्दस हियं सयं चेगं।**
**कक्कोडाइनगाणं–तरं तु अट्ठण्ह मूलम्मि॥३३॥(४३१)**

છાયા—त्रय अष्टभागाऽधिक द्विसप्ततिसहस्राणि चतुर्दशाधिकं शतं चैकम्।
कर्कोटकादिनगानामन्तरं तु अष्टानां मूले ॥३३॥

**અર્થ**—કર્કોટક આદિ આઠ પર્વતોનું મૂલમાં અંતર બોંતેર હજાર એકસો ચૌદ યોજન અને ત્રણ આઠીયા ભાગ છે.

**વિવેચન**—કર્કોટક આદિ ૮ વેલંધર પર્વતોનું પરસ્પર અંતર ૭૨૧૧૪–૩/૮ યોજન છે. આ અંતર પર્વતના મૂલના ભાગમાં જાણવું.

આનું ગણિત ઉપરની ગાથામાં કરેલ છે. ૩૩. (૪૩૧)

હવે ગોતીર્થ જલની વૃદ્ધિનું સ્વરૂપ કહે છે.

**पंचाणउइ सहस्से, गोतित्थं उभयओऽवि लवणस्स।**
**जोयणसयाणि सत्त उ, दगपरिवुड्ढी वि उभओऽवि॥३४॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—पञ्चनवति सहस्राणि गोतीर्थं उभयतोऽपि लवणस्य ।
योजनशतानि सप्त तु दगपरिवृद्धिरपि उभयतोऽपि ॥३४॥

**અર્થ**—લવણસમુદ્રની બન્ને બાજુએ પંચાણું હજાર યોજન ગોતીર્થ છે. તથા બન્ને બાજુએ સાતસો યોજન પાણીની વૃદ્ધિ પણ છે.

**વિવેચન**—ગાયોનું તીર્થ ગોતીર્થ. એટલે તળાવ આદિની અંદર જવાનો માર્ગ જે નીચે નીચે ઉતરતો જાય–ઢાળ પડતી જમીન તે ગોતીર્થ કહેવાય છે. તેની જેમ લવણસમુદ્રની બંને બાજુએ પણ એટલે એક તરફ જંબૂદ્વીપથી લવણસમુદ્રની અંદર અને બીજી બાજુ ધાતકીખંડ દ્વીપથી લવણસમુદ્રની અંદર. બન્ને તરફથી ૯૫૦૦૦ યોજન સમુદ્રની અંદર ગોતીર્થ છે. એટલે ૯૫૦૦૦ યોજન સુધી જમીનનો ભાગ ઉતરતો–ઉતરતો છે. તે પછી મધ્ય ભાગ ૧૦૦૦૦ યોજન જમીનનો ભાગ એકસરખો છે. તે આ પ્રમાણે—

લવણસમુદ્રનો વિસ્તાર ૨૦૦૦૦૦ યોજન છે.


૯૫૦૦૦+૯૫૦૦૦+૧૦૦૦૦=૨૦૦૦૦૦ યોજન થયા.

આ ગોતીર્થ જંબૂદ્વીપની વેદિકા પાસે અને ધાતકીખંડ દ્વીપના વાદકા પાસ અંગુલનો (અ)સંખ્યાત ભાગ જેટલું છે. તે પછી એકસરખી જમીનના ભાગથી પ્રારંભી ક્રમેક્રમે પ્રદેશ–પ્રદેશપ્રમાણ હાની થતી એટલે ઉંડાઇ વધતી વધતી યાવત્ ૯૫૦૦૦ યોજન સુધી હાની થાય છે. ૯૫૦૦૦ યોજનના પર્યંતે ઉંડાઈ સમતલભૂમિની અપેક્ષાએ ૧૦૦૦ યોજન હોય છે. ૧૦૦૦૦ યોજન સુધી ઉંડાઈ એકસરખી ૧૦૦૦ યોજન હોય છે.

તથા બન્ને બાજુથી એટલે જંબૂદ્વીપની વેદિકાથી અને ધાતકીખંડ દ્વીપની વેદિકાથી સમતલ ભૂભાગથી જેમ ગોતીર્થ થાય છે, તેમ બન્ને બાજુથી અંગુલના (અ)સંખ્યાત ભાગથી આરંભી જલવૃદ્ધિ પણ થતી જાય છે. આ જલવૃદ્ધિ પણ બન્ને બાજુથી ૯૫૦૦૦ યોજન સુધી થાય છે. ૯૫૦૦૦ યોજને જલવૃદ્ધિ ૭૦૦ યોજન થાય છે. અર્થાત્ ૯૫૦૦૦ યોજને ઉંડાઇ ૧૦૦૦ યોજન થાય છે, જ્યારે જલવૃદ્ધિ ૭૦૦ યોજન થાય છે. એટલે સમતલ ભૂમિની અપેક્ષાએ ૧૦૦૦ યોજન ઉંડાઇ અને ૭૦૦ યોજન જલવૃદ્ધિ. ત્યાર પછી મધ્યના ૧૦૦૦૦ યોજનમાં જલવૃદ્ધિ ૧૬૦૦૦ યોજનપ્રમાણ છે. ૩૪. (૪૩૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## લવણસમુદ્રમાં જલવૃધ્ધિ (૧)



હવે લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત નામના દેવસંબંધી જે ગૌતમદ્વીપ છે. તેનું સ્વરૂપ કહે છે.


**बारससहस्सपिहुलो, अवरेणुदहिम्मि तत्तियं गंतु।**
**सुट्ठियउदहिवइणो, गोयमदीवो त्ति आवासो॥३५॥(४३३)**

છાયા—द्वादशसहस्रपृथुलोऽपरेण उदधौ तावत् गत्वा ।
सुस्थित-उदधिपतेर्गौतमद्वीप इति आवासः ॥३५॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## બન્ને તરફથી ગોતીર્થ અને જલવૃદ્ધિનો દેખાવ (૨)

જંબૂદ્વીપ તરફ દેખાવ — ધાતકીખંડ તરફ દેખાવ




क ख च તથા घ ग छ એ જળવૃદ્ધિ પર્યંતે ૭૦૦ યો. ઉંચી છે.
क च ज તથા घ छ झ એ બે ગોતીર્થ છે. પર્યંતે ૧૦૦૦ યો. ઉંડાઇ છે.
૧૦૦૦૦ યો. સમતલથી શિખા સુધીનું પાણી ૧૭૦૦૦ યો. ઉંચુ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—પશ્ચિમ સમુદ્રમાં બાર હજાર યોજન જતાં લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવનો બારહજાર યોજન વિસ્તારવાળો ગૌતમદ્વીપ નામનો આવાસદ્વીપ આવેલો છે.

**વિવેચન**—જંબૂદ્વીપની વેદિકાથી પશ્ચિમ દિશામાં લવણસમુદ્રની અંદર ૧૨૦૦૦ યોજન જઈએ ત્યાં લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવનો ગૌતમદ્વીપ નામનો આવાસ દ્વીપ ૧૨૦૦૦ યોજનના વિસ્તારવાળો આવેલો છે. ૩૫. (૪૩૩)

હવે તેની પરિધિ કહે છે.

**सत्तत्तीस सहस्सा, अडयाला नवसया य से परिही।**
**लवणंतेण जलाओ, समूसिओ जोयणस्सद्धं ॥३६॥(४३४)**

છાયા—सप्तत्रिंशत् सहस्राणि अष्टचत्वारिंशानि नवशतानि च तस्य परिधिः ।
लवणान्तेन जलात् समुच्छ्रितो योजनस्यार्धम् ॥३६॥

**અર્થ**—તેની પરિધિ સાડત્રીસ હજાર નવસો અડતાલીસ યોજન છે. અને તે લવણસમુદ્ર તરફ પાણીથી અડધો યોજન ઉંચો છે.

**વિવેચન**—લવણસમુદ્રમાં પશ્ચિમ દિશામાં ૧૨૦૦૦ યોજન દૂર સુસ્થિત દેવનો ગૌતમદ્વીપ નામનો આવાસદ્વીપ છે. તે ૧૨૦૦૦ યોજનના વિસ્તારવાળો છે. તેની પરિધિ ૩૭૯૪૮ યોજન છે. આ ગૌતમદ્વીપ લવણસમુદ્ર તરફ પાણીથી(અડધો યોજન) ૨ ગાઉ ઉંચો છે. એટલે બે ગાઉ પ્રમાણ પાણીથી ઉંચો છે. ૩૬. (૩૩૪)

હવે જંબૂદ્વીપ તરફ ઉંચાઈ કહે છે.

**जंबूद्दीवंतेणं, अडसीइ जोयणाणि उव्विद्धो।**
**पणनउई भागाण य, दुगुणिय वीसं च दुक्कोसं॥३७॥(४३५)**

છાયા—जम्बूद्वीपान्तेन अष्टाशीतियोजनानि उद्विद्धो ।
पञ्चनवतिभागानां च द्विगुणिता विंशतिश्च द्वौ क्रोशौ ॥३७॥

**અર્થ**—જંબૂદ્વીપ તરફ અઠયાસી યોજન અને બેગુણા વીસ(ચાલીસ)પંચાણુઆ ભાગ અને બે ગાઉ ઉંચો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—ગૌતમદ્વીપ લવણસમુદ્ર તરફ ૨ ગાઉ ઉંચો પાણીની બહાર દેખાય છે, જ્યારે જંબૂદ્વીપ તરફ ૮૮–૪૦/૯૫ યોજન અને ૨ ગાઉ પાણીની બહાર ઉંચો દેખાય છે. અર્થાત્ ૮૮–૪૦/૯૫ યોજન ૨ ગાઉ પાણીની બહાર રહ્યો છે. ૩૭.(૪૩૫)

હવે આવાસ પર્વતો અને દ્વીપોની અવગાહનાદિનું કરણ–રીત બતાવવાની ભૂમિકા કરતા કહે છે.

## रविससिगोयमदीवा–णंतरदीवाण चेव सव्वेसिं।
## वेलंधराणुवेलं–धराण सव्वेसिं करणमिमं ॥३८॥(४३६)

છાયા—रविशशिगौतमद्वीपानां अन्तरद्वीपानां चैव सर्वेषाम् ।
वेलंधरानुवेलंधराणां सर्वेषां करणमिदम् ॥३८॥

**અર્થ**—સૂર્યદ્વીપ, ચંદ્રદ્વીપ, ગૌતમદ્વીપ અને સઘળા અંતરદ્વીપો અને બધા વેલંધર–અનુવેલંધર પર્વતોની રીત આ પ્રમાણે છે.

**વિવેચન**—લવણસમુદ્રમાં આવેલા ૧૨ સૂર્યદ્વીપો, ૧૨ ચંદ્રદ્વીપો, ૧ ગૌતમદ્વીપ, ૫૬ અંતરદ્વીપો, ૪ વેલંધર પર્વતો, ૪ અનુવેલંધર પર્વતો આ બધાની અવગાહનાદિ જાણવાની રીત કહેવાશે. અર્થાત્ આ પ્રમાણે છે. ૩૮. (૪૩૬)

ત્યાં પ્રથમ સૂર્ય-ચંદ્ર–ગૌતમદ્વીપોની અવગાહનાની ઉંડાઈ આદિ જાણવાની રીત કહે છે.

## ओगाहिऊण लवणं, जो वित्थारो उ जस्स दीवस्स।
## तहियं जो उस्सेहो, उदगस्स उ दोहि तं विभए॥३९॥(४३७)
## जं हवइ भागलद्धं, सव्वेसिं अद्धजोयणं च भवे।
## अब्भिंतरम्मि पासे, समुसिया ते जलंताओ॥४०॥(४४८)

છાયા—अवगाह्य लवणं यो विस्तारस्तु यस्य द्वीपस्य ।
तत्र य उत्सेध उदकस्य तु द्वाभ्यां तत् विभजेत् ।
यत् भवति भागलब्धं सर्वेषामर्धयोजनं च भवेत् ।
अभ्यन्तरे पार्श्वे समुच्छ्रिता ते जलान्तात् ॥४०॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—લવણસમુદ્રની અંદર જતાં જે દ્વીપનો જે વિસ્તાર હોય ત્યાં પાણીની જે ઉંચાઇ હોય તેને બેથી ભાગવી. જે ભાગ આવે તેમાં અર્ધયોજન ઉમેરવો, જે આવે તે અભ્યંતર બાજુ પાણીથી બધાય (દ્વીપો)ની ઉંચાઇ જાણવી.

**વિવેચન**—જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં જેટલા અંદર જઇએ ત્યાં દ્વીપનો જે વિસ્તાર હોય ત્યાં પાણીની જે ઉંચાઇ હોય તેને બેથી ભાગવા. જે આવે તેમાં ૨ ગાઉ ઉમેરવા. જે આવે તે જંબૂદ્વીપ તરફ પાણીથી બધાય દ્વીપોની ઉંચાઇ જાણવી.

**દા. ત.** ગૌતમદ્વીપ જંબૂદ્વીપ તરફ પાણીથી કેટલો ઉંચો છે? તે જાણવું છે.

ગૌતમદ્વીપ જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજને રહેલો છે.

ગૌતમદ્વીપનો વિસ્તાર ૧૨૦૦૦ યોજન છે. બન્ને ભેગા કરતાં ૨૪૦૦૦ યોજન થયા.

હવે ત્રિરાશી પ્રમાણે ગણિત કરતાં.

૯૫૦૦૦ યોજને ૭૦૦ યોજન જલવૃદ્ધિ છે તો ૨૪૦૦૦ યોજને કેટલી?

સહેલાઇથી ગણિત કરવા માટે પહેલી અને છેલ્લી રાશીની ૩–૩ શૂન્ય કાઢી નાખીને પછી મધ્ય રાશી ૭૦૦ને ૨૪ થી ગુણીને ૯૫ થી ભાગવા.

```
   ૭૦૦          | | |
  ×૨૪        ૯૫) ૧૬૮ ૦ ૦(૧૭૬ યોજન.
 ------          ૯૫
 ૧૬૮૦૦          ----
                 ૭૩૦
                 ૬૬૫
                 ----
                 ૦૬૫૦
                  ૫૭૦
                 ----
                   ૮૦
```

લવણસમુદ્ર તરફ ગૌતમદ્વીપ સમભૂતલાથી ૧૭૬–૮૦/૯૫ યોજન ઉંચો છે. આને બેથી ભાગતા ૮૮–૪૦/૯૫ યોજન આવે. એટલે ગૌતમદ્વીપની જંબૂદ્વીપ તરફ ૮૮–૪૦/૯૫ યોજન જળવૃદ્ધિ છે.

ગૌતમદ્વીપ લવણસમુદ્ર તરફ જેમ બે ગાઉ પ્રમાણ પાણીથી રહિત હોય છે તેથી અહીં બે ગાઉ ઉમેરવા. જેથી ૮૮–૪૦/૯૫ યોજન ૨ ગાઉ ઉંચાઇ જાણવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગૌતમદ્વીપ જંબૂદ્વીપ તરફ ૮૮–૪૦/૯૫ યોજન ૨ ગાઉ પાણીની ઉપર પ્રગટ રહેલો છે. અર્થાત્ ગૌતમદ્વીપ જંબૂદ્વીપ તરફ ૮૮–૪૦/૯૫ યોજન ૨ ગાઉ પાણીની બહાર રહેલો છે.

આ રીત પ્રમાણે સૂર્યદ્વીપો, ચંદ્રદ્વીપો પણ જંબૂદ્વીપ તરફ ૮૮–૪૦/૯૫ યોજન ૨ ગાઉ પાણીથી બહાર રહેલા જાણવા. કેમકે સૂર્યદ્વીપો અને ચંદ્રદ્વીપો પણ જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર છે અને ૧૨૦૦૦ યોજનના વિસ્તારવાળા છે. ૩૯–૪૦. (૪૩૭–૪૩૮)

હવે આ માટેની બીજી રીત કહે છે.

**वित्थारं सत्तगुणं, नवसय पन्नास भइयमुस्सेहं।**
**सदुगाउयमाइल्लं, लावणदीवाण जाणाहि ॥४१॥(४३९)**

છાયા—**विस्तारं सप्तगुणं नवभिः शतैः पञ्चाशदधिकैर्भक्तमुत्सेधम् ।**
**सद्विगव्यूतमादिमन्तं लवणद्वीपानां जानीहि ॥४१॥**

**અર્થ**—વિસ્તારને સાતગુણા કરીને નવસો પચાસે ભાગવા અને બે ગાઉ ઉમેરવા. જે આવે તે લવણસમુદ્રના દ્વીપોની ઉંચાઈ જાણવી.

**વિવેચન**—ગૌતમ આદિ દ્વીપોનો જે વિસ્તાર છે તેને સાતગુણા કરવા. ગૌતમ આદિ દ્વીપોનો વિસ્તાર ૧૨૦૦૦ યોજન છે તેના સાતગુણા કરતા ૧૨૦૦૦ × ૭ = ૮૪૦૦૦ યોજન થયા તેને ૯૫૦ થી ભાગવા.

```
         | |
૯૫૦) ૮૪૦૦ ૦(૮૮ યોજન
     ૭૬૦૦
     -----
     ૦૮૦૦૦
      ૭૬૦૦
     -----
       ૪૦૦
```

૯૫૦ અને ૪૦૦ માં ઉપરનું એક એક શૂન્ય કાઢી નાખતા ૮૮–૪૦/૯૫ થયા. આમાં ૨ ગાઉ ઉમેરતા લવણસમુદ્રમાં ગૌતમ આદિ એટલે ગૌતમદ્વીપ, સૂર્યદ્વીપો અને ચંદ્રદ્વીપો જંબૂદ્વીપ તરફ ૮૮–૪૦/૯૫ યોજન ૨ ગાઉ પાણીથી ઉંચા જાણવા.૪૧.(૪૩૯)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે વેલંધર અને અનુવેલંધર પર્વતોની જળવૃદ્ધિ માટે ત્રિરાશી કહે છે.

# पणनउइसहस्सेहिं, सत्तसया दगवुड्ढि जइ होइ।
# बायालसहस्सेहिं, दगवुड्ढी नगाण का होइ॥४२॥(४४०)

છાયા—पञ्चनवतिसहस्रैः सप्तशतानि उदकवृद्धिर्यदि भवति।
द्विचत्त्वारिंशत् सहस्रैरुदकवृद्धिर्नगानां का भवति?॥४२॥

**અર્થ**—જો પંચાણું હજારે સાતસો જલવૃદ્ધિ થાય છે, તો બેતાલીસ હજારે પર્વતોના પાણીની વૃદ્ધિ કેટલી થાય?

**વિવેચન**—જો ૯૫૦૦૦ યોજનના અંતે ૭૦૦ યોજન પાણીની વૃદ્ધિ થાય છે, તો ૪૨૦૦૦ યોજનના અંતે પર્વતોના પાણીની વૃદ્ધિ કેટલી હોય? આ પ્રમાણે ત્રિરાશી સ્થાપવી.

૯૫૦૦૦ યોજને ૭૦૦ યોજન વૃદ્ધિ તો ૪૨૦૦૦ યોજને કેટલી?

પહેલી રાશી અને છેલ્લી રાશીના ઉપરની ત્રણત્રણ શૂન્ય ગણિતની સરળતા માટે ઓછી કરતાં ૯૫–૭૦૦–૪૨ રહ્યા, હવે જવાબ લાવવા મધ્ય રાશી ૭૦૦ને અંત્ય રાશી ૪૨ થી ગુણીને ૯૫ થી ભાગવા. એટલે જવાબ આવે.

```
   ૭૦૦      |   ૯૫) ૨૯૪૦૦(૩૦૯ યોજન
   ×૪૨      |       ૨૮૫
  -----     |      -----
  ૨૯૪૦૦     |      ૦૦૯૦૦
            |        ૮૫૫
            |       -----
            |         ૪૫
```

૪૨૦૦૦ યોજને પર્વતોની પાણીની વૃદ્ધિ સમભૂમિથી ૩૦૯–૪૫/૯૫ યો.જાણવી.

જંબૂદ્વીપ તરફ ગોસ્તૂપ આદિ વેલંધર પર્વતોની જળવૃદ્ધિ ૩૦૯-૪૫/૯૫ યો. છે.

તથા—જો ૯૫૦૦૦ યો. ૧૦૦૦ યો. પાણીની ઉંડાઈ હોય તો ૪૨૦૦૦ યો. પાણીની ઉંડાઈ કેટલી હોય?

૯૫૦૦૦ યો. ૧૦૦૦ યો. ઉંડાઈ તો ૪૨૦૦૦ યો. કેટલી?

સરળતા માટે પહેલી અને છેલ્લી રાશીની ઉપરની ત્રણત્રણ શૂન્ય કાઢી નાખતા ૯૫–૧૦૦૦–૪૨ રહ્યા, હવે જવાબ માટે ૧૦૦૦ને ૪૨ થી ગુણી ૯૫ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧૦૦૦<br>+૪૨<br>———<br>૪૨૦૦૦ | ૯૫) ૪૨૦૦૦ (૪૪૨ યો.<br>૩૮૦<br>———<br>૦૪૦૦<br>૩૮૦<br>———<br>૦૨૦૦<br>૧૯૦<br>———<br>૧૦ |

જંબૂદ્વીપ તરફથી ૪૨૦૦૦ યો. ગોસ્તૂપ આદિ પર્વત પાસે પાણીની ઉંડાઈ સમતલથી ૪૪૨-૧૦/૯૫ યો. જાણવી. ૪૨. (૪૪૦)

આજ વાત ગાથામાં કહે છે.

**दगवुड्ढि तिसय नवहिय, पणयाला पंचनउइभागा य।**
**दस पणनउइभागा, चउसय बायाल ओगाहो॥४३॥(४४१)**

છાયા—दकवृद्धिः त्रीणिशतानि नवाधिकानि पञ्चचत्त्वारिंशत् पञ्चनवति भागाश्च ।
दश पञ्चनवति भागाः चत्त्वारिंशतानि द्विचत्त्वारिंशानि अवगाहः ॥४३॥

**અર્થ**—પાણીની વૃદ્ધિ ત્રણસો નવ અને પીસ્તાલીસ પંચાણુ ભાગ છે તથા ઉંડાઈ ચારસો બેતાલીસ અને દશ પંચાણું ભાગ છે.

**વિવેચન**—જંબૂદ્વીપ તરફ ગોસ્તૂપ આદિની પાસે પર્વતો સમતલ ભૂમિથી પાણીની વૃદ્ધિ ૩૦૯-૪૫/૯૫ યો. પ્રમાણ છે અને ઉંડાઈ ૪૪૨-૧૦/૯૫ યો.પ્રમાણ છે.૪૩.(૪૪૧)

હવે આ ગોસ્તૂપ આદિ પર્વતો પાણીથી કેટલા ઉંચા હોય તે લાવવાની રીત કહે છે.

**उभयं विसोहइत्ता, लवणगिरीणुस्सयाहितो सेसं।**
**उणसयरि नवसया वि य, दुवीस पणनउइभागा य॥४४॥**
**जंबूद्दीवंतेणं, एवइयं ऊसिया जलंताओ।**
**उदहिंतेण नव सए, त्तिसट्ठसत्तत्तरीभागा॥४५॥(४४३)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—उभयं विशोध्य लवणगिरीणां उच्छ्रयात् शेषम् ।
एकोनसप्ततानि नवशतानि अपि च द्विविंशतिः पञ्चनवति भागाश्च ॥४४॥
जम्बूद्वीपान्तेन एतावत् उच्छ्रिता जलान्तात् ।
उदध्यन्तेन नवशतानि त्रिषष्टानि सप्तसप्तति भागाः ॥४५॥

**અર્થ**—લવણગિરિની ઉંચાઇમાંથી બન્ને વૃદ્ધિ બાદ કરતાં શેષ રહે તે જંબૂદ્વીપ તરફ નવસો અગ્નોસિત્તેર યો. અને ચાલીસ પંચાણુઆ ભાગ પાણીથી ઉંચા છે, અને સમુદ્ર તરફ નવસો તેંસઠ યો. અને સીત્યોત્તેર પંચાણુઆ ભાગ ઉંચા છે.

**વિવેચન**—ગોસ્તૂપ આદિ વેલંધર પર્વતોની બન્ને એટલે પર્વતની પાસે જળ-વૃદ્ધિ અને ઉંડાઈ, પર્વતની ઉંચાઈમાંથી બાદ કરતાં, જંબૂદ્વીપ તરફ ૯૬૯–૪૦/૯૫ યો. બાકી રહે છે. અને લવણસમુદ્ર તરફ ૯૬૩–૭૭/૯૫ યો. ઉંચા રહે છે તે આ પ્રમાણે—

ગોસ્તૂપ આદિ પર્વતોની ઉંચાઈ ૧૭૨૧ યો. છે.

જલવૃદ્ધિ જંબૂદ્વીપ તરફ ૩૦૯–૪૫/૯૫ ભાગ છે.

ઉંડાઈ „ „ ૪૪૨–૧૦/૯૫ ભાગ છે.

જળવૃદ્ધિ અને ઉંડાઈનો સરવાળો કરતાં.

 ૩૦૯–૪૫/૯૫ યો.
+૪૪૨–૧૦/૯૫ „
―――――――
 ૭૫૧–૫૫/૯૫ „ પર્વતની ઉંચાઈમાંથી બાદ કરવા. એટલે

 ૧૭૨૧ યો. ઉંચાઈ
બ— ૭૫૧–૫૫/૯૫ યો.
―――――――
 ૯૬૯–૪૦/૯૫ યો. રહ્યા, એટલે જંબૂદ્વીપ તરફ ગોસ્તૂપ આદિ પર્વતો ૯૬૯–૪૦/૯૫ યો. પાણીથી ઉંચા છે. ૪૪–૪૫. (૪૪૨–૪૪૩)

આ વાત સમજાવતાં કહે છે.

# अउणत्तरे नवसए, चत्तालीस पणनउइभागा य।
# ओगाहियं गिरीणं, वित्थारो सत्तसय सट्ठी॥४६॥(४४४)

पणनउइभाग असिई, सवन्नए बिसत्तरी सहस्साइं।
दो य सया आसीया, लद्धं तेरासिएण इमं ॥४७॥(४४५)
किंचूणा अडवन्ना, पणनउइभागा जोयणा पंच।
पुरिमनगस्स य सुद्धे, एयम्मि उ पच्छिमो होइ ॥४८॥(४४६)

છાયા—एकोनसप्ततानि नवशतानि चत्वारिंशत् पञ्चनवति भागाश्च।
अवगाह्य गिरीणां विस्तारः सप्तशतानि षष्टानि ॥४६॥
पञ्चनवतिभाग अशीति सवर्ण्यते द्विसप्तति सहस्राणि।
द्वे च शते अशीते लब्धं त्रिराशिकेनेदम् ॥४७॥
किंचिदूनाऽष्टपञ्चाशत् पञ्चनवतिभागा योजनानि पञ्च।
पूर्वनगस्य च शुद्धे एतस्मिन् तु पाश्चात्य भवति ॥४८॥

**અર્થ**—શિખરથી નવસો અગણ્યોસિત્તેર ચાલીસ પંચાણુઆ ભાગ ઉતરતાં સાતસો સાઈઠ યો. એંશી પંચાણુઆ ભાગ વિસ્તાર કહેલો છે. આ વિસ્તારનો પૂર્ણાંક કરતાં બહોંતેર હજાર બસો એંશી થયા. ત્રિરાશી કરતાં કંઇક ન્યૂન અઠ્ઠાવન પંચાણુ ભાગ પાંચ યો. પ્રાપ્ત થાય.

આગળના (૯૬૯–૪૦/૯૫) ઉંચાઈમાંથી આટલું (૫–૫૮/૯૫) બાદ કરતાં જે આવે તે પાછલા ભાગની ઉંચાઈ થાય.

**વિવેચન**—ગોસ્તૂપ આદિ પર્વતોના શિખરથી ૯૬૯–૪૦/૯૫ યો. નીચે આવતા પર્વતનો વિસ્તાર ૭૬૦–૮૦/૯૫ યોજનને એકરૂપ કરતા એટલે યોજનના પંચાણુઆ ભાગ કરતાં—

| | | |
|---|---|---|
| ૭૬૦<br>×૯૫<br>———<br>૩૮૦૦<br>૬૮૪૦×<br>———<br>૭૨૨૦૦ | ૭૨૨૦૦<br>+૮૦<br>———<br>૭૨૨૮૦ | ૭૨૨૮૦/૯૫ યોજન આવે તેની ત્રિરાશી કરતાં. |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯૫૦૦૦ યોજને ૭૦૦ યો. જલવૃદ્ધિ તો ૭૨૨૮૦ એ કેટલી ?

પહેલી અને છેલ્લી રાશીની એક એક શૂન્ય ઓછી કરતાં અને પહેલી અને બીજી રાશીની બે બે શૂન્ય ઓછી કરતાં—૯૫–૭–૭૨૨૮ રહ્યા. હવે બીજી રાશીને ત્રીજી રાશીથી ગુણાકાર કરી પહેલી રાશીથી ભાગાકાર કરવો.

```
       ૭      |  અહીં પહેલી રાશી–૯૫ થી ભાગવાના છે. પણ
   ×૭૨૨૮      |  યોજન લાવવાના હોવાથી ૯૫ ને ૯૫ થી
   ------     |  ગુણીને ભાગાકાર કરવાથી જવાબ યો. માં આવે.
   ૫૦૫૯૬      |
```

```
      ૯૫  |   ૯૦૨૫) ૫૦૫૯૬(૫
     ×૯૫  |         ૪૫૧૨૫
    ----- |         -----
     ૪૭૫  |         ૦૫૪૭૧
    ૮૫૫×  |
    ----- |
    ૯૦૨૫  |
```

૫–૫૪૭૧/૯૦૨૫ છેદરાશી નાની છે. ભાગ ચાલે નહિ. છેદરાશીના પંચાણુઆ ભાગ લાવવા માટે ૯૫ થી ભાગવા.

```
       | |                  |          | |
   ૯૫) ૯૦૨૫( ૯૫             |    ૯૫ )૫૪૭૧ (૫૭
       ૮૫૫                  |        ૪૭૫
       ----                 |        ----
       ૦૪૭૫                 |        ૦૭૨૧
        ૪૭૫                 |         ૬૬૫
        ---                 |         ---
        ૦૦૦                 |         ૦૫૬
```

આમાં ૫૬ વધ્યા. તે પંચાણુઆ ભાગમાં અડધાથી અધિક છે. એટલે કંઇક ન્યૂન ૫૮/૯૫ ભાગ પ્રાપ્ત થયા.

હવે આ સંખ્યા પૂર્વગિરિ અર્થાત્ જંબૂદ્વીપ તરફની ઉંચાઇ જે ૯૬૯–૪૦/૯૫ યો. છે, તેમાંથી બાદ કરવા. જેથી લવણસમુદ્ર તરફ પાણીથી ઉપરની પર્વતની ઉંચાઇ આવે.

```
   ૯૬૯–૪૦/૯૫ યોજન
 —  ૫–૫૮/૯૫  ,,
 ----------------
   ૯૬૩–૭૭/૯૫  ,,
```

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બધા વેલંધર પર્વતો લવણસમુદ્ર તરફ ૯૬૩–૭૭/૯૫ યો. પાણીથી ઉંચા છે. જે વાત ગાથા ૪૫ ના ઉત્તરાર્ધમાં કહી હતી તે અહીં ગણિતથી બતાવાઈ. જ્યારે જંબૂદ્વીપ તરફ આ પર્વતો ૯૯૯–૪૦/૯૫ યો. પાણીથી ઉંચા છે તે વાત ગાથા ૪૪ તથા ૪૫ ના પૂર્વાર્ધમાં બતાવી દીધી છે.

આ પ્રમાણે સૂર્યદ્વીપ, ચંદ્રદ્વીપ, ગૌતમદ્વીપ અને ગોસ્તૂપ આદિ વેલંધર પર્વતોની અવગાહ આદિ પરિમાણ વિષયની રીતો કહી. ૪૬–૪૭–૪૮. (૪૪૪ થી ૪૪૬)

**गोयमदीवस्सुवरिं, भोमिज्जं कीलवासनामं तु।**
**बासट्ठि जोयणाइं, समूसियं जोयणद्धं तु॥४९॥(४४७)**
**तस्सद्धं विच्छिन्नं, तस्सुवरि सुट्ठियस्स सयणिज्जं।**
**दीव व्व लवणब्भिं–तराण एमेव रविदीवा॥५०॥(४४८॥**

છાયા—गौतमद्वीपस्य उपरिं भौमेयं क्रीडावासनामकं तु।
द्वाषष्टियोजनानि समुच्छ्रितं योजनार्धं तु ॥४९॥
तस्यार्धं विस्तीर्णं तस्योपरि सुस्थितस्य शयनीयं।
द्वीप इव लवणाऽभ्यन्तराणामेवमेव रविद्वीपाः ॥५०॥

**અર્થ**—ગૌતમદ્વીપના ઉપર ભૂમિભાગમાં સાડાબાસઠ યોજન ઉંચો અને તેનાથી અડધો પહોળો ક્રીડાવાસ છે, તેની અંદર સુસ્થિત દેવનું શયન છે.

ગૌતમદ્વીપની જેમ જંબૂદ્વીપના બે સૂર્યોના અને લવણસમુદ્રના અભ્યંતર બે સૂર્યોના દ્વીપો એ જ પ્રમાણે છે.

**વિવેચન**—૧૨૦૦૦ યોજનના વિસ્તારવાળા ગોળાકાર ગૌતમદ્વીપની ઉપર **ખૂબ** સુંદર જમીનના મધ્યભાગમાં ક્રીડાવાસ નામનો ભૌમેયઆવાસ છે. તે ૬૨॥ યો. ઉંચો અને તેનાથી અડધા પ્રમાણનો એટલે ૩૧। યો. પહોળો છે. તેની અંદર સેંકડો થાંભલા આવેલા છે.

આ આવાસની અંદર મધ્ય ભાગમાં એક યોજન લાંબી–પહોળી અને બે ગાઉ જાડી એવી એક મોટી મણિમય પીઠિકા છે, તેની ઉપર લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવને યોગ્ય શય્યા આવેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવ એક પલ્યોપમના આયુષ્યવાળો છે, તથા ૪૦૦૦ સામાનિક દેવો, પરિવાર સહિત ૪ અગ્રમહિષી દેવીઓ, ત્રણ પર્ષદા, સાત અનિકાધિપતિ, સાત અનિકો (સેનાઓ), ૧૬૦૦૦ આત્મરક્ષક દેવો અને સુસ્થિતા નામની રાજધાનીમાં રહેવાવાળા ઘણા દેવ–દેવીઓનું આધિપત્યપણું કરે છે.

લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવની સુસ્થિતા નામની રાજધાની ગૌતમદ્વીપથી પશ્ચિમ દિશામાં તીર્ચ્છા અસંખ્ય દ્વીપ–સમુદ્રો પછીના લવણસમુદ્રમાં યથાયોગ્ય સ્થાને જાણવી.

# સૂર્યદ્વીપોનુ સ્વરૂપ

જંબૂદ્વીપના બે સૂર્યોના બે સૂર્યદ્વીપો અને લવણસમુદ્રની શિખાની અંદરની બાજુના એટલે જંબૂદ્વીપ તરફના બે સૂર્યોના બે સૂર્યદ્વીપો, કુલ ચાર સૂર્યદ્વીપો ગૌતમ દ્વીપ સમાન છે, એટલે—

જેમ ગૌતમદ્વીપ મેરુ પર્વતથી પશ્ચિમ દિશામાં જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન અંદર રહેલો છે. તેમ જંબૂદ્વીપ સંબંધી બે સૂર્યોના સૂર્યદ્વીપો, અને લવણસમુદ્રની શિખાની અંદરના ભાગના એટલે જંબૂદ્વીપ તરફના બે સૂર્યોના બે સૂર્યદ્વીપો કુલ ચાર સૂર્યદ્વીપો પણ મેરુ પર્વતથી પશ્ચિમ દિશામાં જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રની અંદર ૧૨૦૦૦ યોજને આવેલા છે અને દરેક દ્વીપ ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળા છે. તથા એક પદ્મવર વેદિકા અને એક વનખંડથી વિંટળાએલા છે.

દરેક દ્વીપના રમણીય મધ્ય ભાગમાં સુંદર ભૂમિપ્રદેશ ઉપર એક એક સુંદર શ્રેષ્ઠ પ્રાસાદ આવેલો છે.

ગૌતમદ્વીપ ઉપર પાર્થિવ[1] આવાસ છે, જ્યારે સૂર્યદ્વીપો ઉપર શ્રેષ્ઠ પ્રાસાદ રહેલા છે એટલો ફરક છે.

૧–પાર્થિવ આવાસ એટલે શિખર વિનાનો, પ્રાસાદ એટલે શિખર સહિત એમ સંભવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ દરેક શ્રેષ્ઠ પ્રાસાદ ૬રાા યોજન ઉંચા અને ૩૧ા યોજન લાંબા-પહોળા છે. દરેક પ્રાસાદના મધ્ય ભાગમાં એક યોજન લાંબી-પહોળી અને બે ગાઉ જાડી મણિ-પીઠિકા છે, તેના ઉપર પોતપોતાના અધિપતિ સૂર્યને યોગ્ય પરિવારસહિત સિંહાસનો છે.

દરેક સૂર્યદેવનું આયુષ્ય એક પલ્યોપમ અને એક હજાર વર્ષનું હોય છે. તેમજ ૪૦૦૦ સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષી દેવીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત અનિકાધિપતિ, ૧૬૦૦૦ આત્મરક્ષક દેવો અને પોતાની સૂર્યા નામની રાજધાનીમાં રહેવાવાળા જ્યોતિષી દેવ-દેવીઓનું અધિપતિપણુ કરે છે.

ચાર અગ્રહિષી દેવીઓના નામ સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ ગ્રંથમાં આ પ્રમાણે કહેલા છે. ૧. સૂર્યપ્રભા, ૨. આતપા, ૩. અર્ચિમાલા અને ૪. પ્રભંકરા.

જ્યારે સૂર્યદેવ વિષયાભિલાષની ઇચ્છા કરે છે ત્યારે આ એકએક અગ્રમહિષી સૂર્યદેવી ૪૦૦૦-૪૦૦૦ રૂપો વિકુર્વે છે. કહ્યું છે કે—

**'तत्थ णं एगमेगाए देवीए चत्तारि चत्तारि देवीसाहस्सीओ परिवारो पन्नत्तो, पभू णं ताओ एगमेगा देवी अन्नाइं चत्तारि चत्तारि देवीसहस्साइं परिवारं विकुव्वित्तए, एवमेव सपुव्वावरेणं सोलस देविसहस्सा'।**

જંબૂદ્વીપમાં પ્રકાશ કરનારા બે સૂર્યદેવની રાજધાની પોતપોતાના દ્વીપની પશ્ચિમ દિશામાં તિર્ચ્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રો પછીના જંબૂદ્વીપમાં ૧૨૦૦૦ યો. પછી યથાસ્થાને જાણવી. અને લવણસમુદ્રના શિખાથી જંબૂદ્વીપ તરફ પ્રકાશ કરનારા બે સૂર્યદેવની રાજધાની બીજા લવણસમુદ્રમાં આવેલી છે. ૪૯-૫૦. (૪૪૭-૪૪૮)

હવે ચંદ્રદ્વીપનું સ્વરૂપ કહે છે.

## एमेव चंददीवा, नवरं पुव्वेण वेइयंताओ।
## दीविच्चय चंदाणं, अब्भिंतरलावणाणं च ॥५१॥(४४९)

છાયા—एवमेव चन्द्रद्वीपाः नवरं पूर्वस्यां वेदिकान्तात्।
द्वीपेव चन्द्रयोरभ्यन्तरलावण्योश्च ॥५१॥

**અર્થ**—દ્વીપના અને અભ્યંતર લવણસમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપો પણ આ જ પ્રમાણે છે, પરંતુ વેદિકાથી પૂર્વ દિશામાં રહેલા છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—આ જ પ્રમાણે ગૌતમદ્વીપની જેમ જંબૂદ્વીપ સંબંધી બે ચંદ્રો અને લવણસમુદ્રના જંબૂદ્વીપ તરફ ગતિ કરનારા બે ચંદ્રો એમ ૪ ચંદ્રોના ૪ ચંદ્રદ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી પૂર્વ દિશામાં લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યો. અંદર આવેલા છે.

આ ચંદ્રદ્વીપો પણ ૧૨૦૦૦ યો. વિસ્તારવાળા ગોળાકારે, ફરતી એક એક પદ્મવર વેદિકા અને એક એક વનખંડથી યુક્ત છે. તથા દ્વીપની ઉપર મધ્ય ભાગમાં એક એક શ્રેષ્ટ પ્રાસાદ આવેલા છે.

આ પ્રાસાદ પણ ૬૨ાા યો. ઉંચા, ૩૧ા યો. લાંબા–પહોળા છે, તેના મધ્ય ભાગમાં એક યો. લાંબી–પહોળી અને બે ગાઉ જાડી મણિપીઠિકા છે, તેમાં પોતપોતાના ચંદ્રદેવને યોગ્ય પરિવાર સહિત સિંહાસનો છે.

ચંદ્રદેવનું આયુષ્ય એક પલ્યોપમ અને એક લાખ વરસનું છે.

ચંદ્રની ચાર અગ્રમહિષીના નામઃ ૧. ચંદ્રપ્રભા, ૨. જ્યોત્સ્નાભા, ૩. અર્ચિમાલા અને ૪. પ્રભંકરા છે. આ ચારે દેવીઓ પણ જ્યારે ચંદ્રદેવને વિષયાભિલાષ થાય ત્યારે સૂર્યની દેવીની જેમ પોતપોતાના ૪૦૦૦-૪૦૦૦ રૂપો વિકુર્વે છે.

જંબૂદ્વીપ સંબંધી બે ચંદ્રદેવોની રાજધાની પોતપોતાના દ્વીપથી પૂર્વ દિશામાં બીજા જંબૂદ્વીપ નામના જંબૂદ્વીપમાં ૧૨૦૦૦ યો. અંદર અને લવણસમુદ્રના અભ્યંતર વર્તિ બે ચંદ્રદેવોની રાજધાની પણ પોતાના દ્વીપથી પૂર્વ દિશામાં બીજા લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યો. અંદર આવેલી છે. ૫૧. (૪૪૯)

## बाहिर लावणगाण वि, धायइसंडा उ बारससहस्से।
## ओगाहिय रविदीवा, पुव्वेणमेव चंदाणं॥५२॥(४५०)

છાયા—बाह्यलावणिकयोरपि धातकीखण्डात्तु द्वादशसहस्राणि ।
अवगाह्य रविद्वीपौ पूर्वेण एवमेव चन्द्रयोः ॥५२॥


**અર્થ**—ધાતકીખંડથી બાર હજાર યો. અંદર બાહ્ય લવણસમુદ્રના (બે સૂર્યોના) બે સૂર્યદ્વીપો અને એજ પ્રમાણે પૂર્વમાં ચંદ્રદ્વીપો છે.

**વિવેચન**—લવણસમુદ્રની શીખાની બહારની બાજુ–ધાતકીખંડ તરફ લવણસમુદ્ર સંબંધી બે સૂર્યોના બે સૂર્યદ્વીપો મેરુપર્વતથી પશ્ચિમ દિશામાં ધાતકીખંડની વેદિકાથી લવણસમુદ્રની અંદર ૧૨૦૦૦ યો. આવેલા છે, તે પૂર્વના બે સૂર્યદ્વીપની જેવા જાણવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## લવણસમુદ્રમાં ૮ વેલંધર પર્વતો, ૧૨ ચંદ્રદ્વીપો, ૧૨ સૂર્યદ્વીપો તથા ગૌતમદ્વીપનું ચિત્ર

| | |
|---|---|
| ૪ વેલંધર પર્વત દિશામાં | ૧૨ સૂર્યદ્વીપો પશ્ચિમ દિશામાં |
| ૪ અનુ ,, ,, વિદિશામાં | ૧ ગૌતમદ્વીપ ,, ,, |
| ૧૨ ચંદ્રદ્વીપો પૂર્વ દિશામાં | (૪ સૂર્યદ્વીપની વચમાં) |




| ૮ વેલંધર પર્વતો | ૨૫ દ્વીપો |
|---|---|
| ૧૭૨૧ યો. ઉંચા | ૧૨૦૦૦ યો. દૂર |
| ૧૦૨૨ ,, મૂલવિસ્તાર | ૧૨૦૦૦ ,, વિસ્તાર |
| ૪૨૪ ,, ઉપરનો વિસ્તાર | |

એ જ પ્રમાણે સૂર્યદ્વીપની જેમ એટલે મેરુપર્વતથી પૂર્વ દિશામાં ધાતકીખંડની વેદિકાથી સમુદ્રની અંદર ૧૨૦૦૦ યો. લવણસમુદ્રની શિખાની બહાર ગતિ કરનાર બે ચંદ્રના બે ચંદ્રદ્વીપો આવેલા છે. ૫૨. (૪૫૦)

**धायइसंडब्भिंतर, रविदीवा बारसहस्स लवणजलं।**
**ओगाहिउ रविदीवा, पुव्वेणमेव चंदाणं ॥५३॥(४५१)**

છાયા—धातकीखण्डाऽभ्यन्तररविद्वीपा द्वादशसहस्राणि लवणजले ।
अवगाह्य रविद्वीपाः पूर्वेण एवमेव चन्द्राणाम् ॥५३॥

**અર્થ**—ધાતકીખંડના અંદરના સૂર્યના સૂર્યદ્વીપો લવણસમુદ્રમાં બાર હજાર યો. અંદર આવેલા છે. એજ પ્રમાણે પૂર્વ દિશામાં ચંદ્રના ચંદ્રદ્વીપો છે.

**વિવેચન**—જંબૂદ્વીપમાં બે ચંદ્ર, બે સૂર્ય છે. લવણસમુદ્રમાં ૪ ચંદ્રો, ૪ સૂર્યો છે. ધાતકીખંડમા ૧૨ ચંદ્રો અને ૧૨ સૂર્યો છે. તેમાં ૬ ચંદ્રો અને ૬ સૂર્યો અભ્યંતર ધાતકીખંડમાં (લવણસમુદ્ર તરફના ધાતકીખંડમાં) ગતિ કરનારા છે. અને ૬ ચંદ્રો ૬ સૂર્યો બાહ્ય ધાતકીખંડમાં (કાલોદધિ સમુદ્ર તરફના ધાતકીખંડમાં) ગતિ કરનારા છે. તેમાં જે અભ્યંતર ધાતકીખંડમાં ૬ સૂર્યો ગતિ કરે છે, તે ૬ સૂર્યદેવોના ૬ રવિદ્વીપો મેરુપર્વતની પશ્ચિમ દિશાએ ધાતકીખંડની વેદિકાથી લવણસમુદ્રમાં અંદર ૧૨૦૦૦ યો. આવેલા છે. તે પ્રમાણે અભ્યંતર ધાતકીખંડમાં ૬ ચંદ્રો ગતિ કરે છે તે ૬ ચંદ્રદેવના ૬ ચંદ્રદ્વીપો મેરુપર્વતથી પૂર્વ દિશામાં ધાતકીખંડની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યો. અંદર આવેલા છે.

આ સૂર્યદેવો અને ચંદ્રદેવોનું આયુષ્ય પરિવાર વગેરે પહેલા કહી ગયા છીએ તે પ્રમાણે જાણવું. દ્વીપોનું વર્ણન ગૌતમદ્વીપ સમાન જાણવું. ૫૩. (૪૫૧)

હવે ચંદ્ર–સૂર્યદ્વીપ ઉપરના પ્રાસાદનું માપ કહે છે.

**जोयणबिसट्ठि अद्धं च, ऊसिया वित्थरेण तस्सद्धं।**
**एएसि मज्झयारे, पासाया चंदसूराणं॥५४॥(४५२)**

છાયા—योजनद्वाषष्टिरर्धं चोच्छ्रिता विस्तारेण तस्यार्धम् ।
एतेषां मध्यकारे प्रासादाः चन्द्रसूर्याणाम् ॥५४॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—આ દ્વીપોના મધ્ય ભાગમાં સાડાબાસઠ યોજન ઉંચા અને તેના અડધા વિસ્તારવાળા ચંદ્ર–સૂર્યોના દ્વીપો છે.

**વિવેચન**—આ જે કહી ગયા તે બધા ચંદ્રદ્વીપો અને સૂર્યદ્વીપોના મધ્યભાગમાં ચંદ્ર–સૂર્ય દેવોને યોગ્ય શ્રેષ્ઠ પ્રાસાદ આવેલા છે. ગૌતમદ્વીપ કરતાં અહીં ફરક આ જ છે કે ગૌતમદ્વીપ ઉપર આવાસભવન છે, જ્યારે અહીં પ્રાસાદ છે.

આ પ્રાસાદો ૬૨ાા યોજન ઉંચા અને ૩૧ા યોજન લાંબા પહોળા છે. ૫૪.(૪૫૨)

હવે અંતરદ્વીપોનું સ્વરૂપ કહે છે.

**चुल्लहिमवंत पुव्वा–वरेण विदिसासु सागरं तिसए।**
**गंतूणंतरदीवा, तिन्नि सए होंति विच्छिन्ना॥५५॥(४५३)**

છાયા—**क्षुल्लहिमवंतपूर्वस्यामपरस्यां विदिक्षु सागरं त्रीणिशतानि ।**
**गत्वा अन्तरद्वीपास्त्रीणिशतानि भवन्ति विस्तीर्णाः ॥५५॥**

**અર્થ**—ક્ષુલ્લહિમવંત પર્વતની પૂર્વ દિશાથી અને પશ્ચિમ દિશાથી વિદિશામાં સમુદ્રમાં ત્રણસો યોજન જઇએ ત્યાં ત્રણસો યોજન વિસ્તારવાળા અંતરદ્વીપો છે.

**વિવેચન**—૫૨૬ યોજન ૬ કલાના વિસ્તારવાળું ભરતક્ષેત્ર પૂર્ણ થતાં ૧૦૫૨ યોજન ૧૨ કલાના વિસ્તારવાળો અને પૂર્વ–પશ્ચિમ સમુદ્ર સુધી લાંબો લઘુ હિમવંત વર્ષધર પર્વત આવેલો છે. આ લઘુહિમવંત પર્વતની પૂર્વદિશાના અને પશ્ચિમદિશાના પ્રત્યેક છેડાથી એટલે પર્વત પાસેથી જંબૂદ્વીપની વેદિકાથી–જગતીથી લવણસમુદ્રમાં વિદિશા તરફ બે બે દાઢા નીકળેલી છે. તે આ પ્રમાણે—

પૂર્વદિશાથી પહેલી ઈશાન ખૂણા તરફ, બીજી અગ્નિ ખૂણા તરફ તે મુજબ પશ્ચિમ દિશાથી ત્રીજી નૈઋત્ય ખૂણા તરફ અને ચોથી વાયવ્ય ખૂણા તરફ. આ પ્રમાણે ચારે વિદિશા તરફ પાણીની સપાટી જેટલી પ્રારંભે ઉંચાઈથી આગળ લવણ-સમુદ્રમાં ખૂણા તરફ ફાડેલા મગરમુખ સરખી બે ફાડરૂપે એવી રીતે વધેલી છે કે જેની એક ફાડ ૮૪૦૦ યોજન દક્ષિણ તરફ વધતી વધતી જગતીને અનુસાર વક્ર થતી જાય છે. બીજી ફાડ ૮૪૦૦ યોજન ઉત્તર તરફ જગતીને અનુસાર વક્ર થતી જાય છે. આ ફાડને દાઢા કહેવામાં આવે છે.

આવી કુલ ચાર દાઢા છે. બે પૂર્વ દિશાથી અને બે પશ્ચિમ દિશાથી. લવણ-સમુદ્રમાં આ દાઢાઓ ઉપર ૩૦૦ યોજન જઇએ ત્યાં દરેક દાઢા ઉપર ૩૦૦ યોજનના વિસ્તારવાળા ગોળાકાર એક એક દ્વીપ આવેલા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ દરેક અંતરદ્વીપ ૫૦૦ ધનુષ પહોળી અને બે ગાઉ ઉંચી પદ્મવર વેદિકા તથા વનખંડથી વિંટાએલા છે. ૫૫. (૪૫૩)

હવે આ ચાર અંતરદ્વીપોની પરિધિ અને નામો કહે છે.

**अउणापन्न नवसए, किंचूणे परिहि तेसिमे नामा।**
**एगोरुय आभासिय, वेसाणा चेव लंगूलो ॥५६॥(४५४)**

છાયા—एकोनपञ्चाशदधिक नवशतानि किंचिदूनानि परिधिस्तेषामिमानि नामानि।
एकोरुक आभाषिको वैषाणिक श्चैव लाङ्गूलिकः ॥५६॥

**અર્થ**—કંઈક ન્યૂન નવસો ઓગણપચાસ યોજનની પરિધિ છે. તેના નામો આ પ્રમાણે છે. એકોરુક, આભાષિક, વૈષાનિક અને લાંગૂલિક.

**વિવેચન**—આ પહેલા ચતુષ્કના દરેક અંતરદ્વીપો જે ૩૦૦ યોજનના વિસ્તારવાળા છે, તેની પરિધિ કંઈક ન્યૂન ૯૪૯ યોજનપ્રમાણ છે. તેના નામો આ પ્રમાણે છે.

ઉત્તરપૂર્વ–ઈશાન ખૂણામાં જે અંતરદ્વીપ છે તેનું નામ એકોરુક છે.

દક્ષિણપૂર્વ–અગ્નિ ખૂણામાં જે અંતરદ્વીપ છે તેનું નામ આભાષિક છે.

દક્ષિણપશ્ચિમ–નૈઋત્ય ખૂણામાં જે અંતરદ્વીપ છે તેનું નામ વૈષાનિક છે.

પશ્ચિમઉત્તર–વાયવ્ય ખૂણામાં જે અંતરદ્વીપ છે તેનું નામ લાંગૂલિક છે.

આ ક્રમ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા ચતુષ્કો રહેલા જાણવા. ૫૬. (૪૫૪)

હવે બાકીના અંતરદ્વીપો કહે છે.

**एएसिं दीवाणं, परओ चत्तारि जोयण सयाइं।**
**ओगाहिऊण लवणं, सपडिदिसिं चउसयपमाणा ॥५७॥(४५५**
**चत्तारंतरदीवा, हयगयगोकन्नसक्कुलीकन्ना।**
**एवं पंचसयाइं, छस्सत्त य अट्ठ नव चेव ॥५८॥(४५६)**
**ओगाहिउण लवणं, विक्खंभोगाहसरिसया भणिया।**
**चउरो चउरो दीवा, इमेहि नामेहि नायव्वा ॥५९॥(४५७)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—एतेषां द्वीपानां परतश्चत्वारि योजनशतानि ।
अवगाह्य लवणं स्वप्रतिदिशि चतुःशतप्रमाणाः । ॥५७॥
चत्वारोऽन्तरद्वीपा हयगजगोकर्णशष्कुलीकर्णाः ।
एवं पञ्चशतानि षट् सप्त च अष्टौ नव चैव ॥५८॥
अवगाह्य लवणं विष्कम्भावगाहसदृशा भविताः ।
चत्वारश्चत्वारो द्वीपा एभिर्नामभिर्ज्ञातव्याः ॥५९॥

**અર્થ**—આ દ્વીપોની આગળ ચારસો યોજન લવણસમુદ્રની અંદર પોતપોતાની વિદિશામાં ચારસો યોજન પ્રમાણવાળા હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને શષ્કુલીકર્ણ નામના ચાર અંતરદ્વીપો છે.

આ પ્રમાણે પાંચસો, છસો, સાતસો, આઠસો અને નવસો યોજન લવણસમુદ્રની અંદર જઈને તેટલા જ વિસ્તારવાળા ચાર ચાર દ્વીપો આ નામોથી જાણવા.

**વિવેચન**—ક્ષુલ્લ હિમવંત પર્વતમાંથી પૂર્વ–પશ્ચિમ સમુદ્રમાં પોતપોતાની વિદિશામાં એટલે ખૂણા તરફ નીકળેલી ૮૪૦૦ યોજન પ્રમાણવાળી દાઢા ઉપર ૩૦૦ યોજને જે ૩૦૦ યોજનના વિસ્તારવાળા જે ૪ અંતરદ્વીપો કહ્યા છે તે ચારે દ્વીપોની આગળ ૪૦૦ યોજન લવણસમુદ્રમાં આગળ જઈએ ત્યાં પોતપોતાની વિદિશામાં–ખૂણામાં ૪૦૦ યોજન લંબાઈ–પહોળાઈવાળા ગોળાકારે ૪ અંતરદ્વીપો રહેલા છે. તેના નામો આ પ્રમાણે છે.

અહીં કર્ણ શબ્દ હય, ગજ અને ગો દરેકની સાથે સંબંધવાળો છે, એટલે હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને શષ્કુલીકર્ણ છે. તે આ પ્રમાણે સમજવા. એકોરુકની આગળ હયકર્ણ, આભાષિકની આગળ ગજકર્ણ, વૈષાનિકની આગળ ગોકર્ણ અને લાંગુલિકની આગળ શષ્કુલીકર્ણ નામના અંતરદ્વીપ છે.

આ હયકર્ણાદિ દ્વીપો એકોરુક આદિ દ્વીપની ઈશાનાદિ ક્રમે રહેલા છે, એટલે-

| | | | | | |
|---|---|---|---|---|---|
| એકોરુક | દ્વીપની આગળ | હયકર્ણ | દ્વીપ | ઈશાન | ખૂણામાં |
| આભાષિક | ,, ,, | ગજકર્ણ | ,, | અગ્નિ | ,, |
| વૈષાનિક | ,, ,, | ગોકર્ણ | ,, | નૈઋત્ય | ,, |
| લાંગુલિક | ,, ,, | શષ્કુલીકર્ણ | ,, | વાયવ્ય | ,, |

આ ચારે દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી પણ ૪૦૦ યોજનના અંતરે જાણવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણે જે જે ૪-૪ અંતર દ્વીપોનું પૂર્વ-પૂર્વના અંતર દ્વીપોથી જેટલું અંતર અને જેટલા યોજનના વિસ્તાર છે, તેટલા તેટલા યોજનનું અંતર જંબૂદ્વીપની જગતીથી સીધું પણ જાણવું.

પહેલા ૪ અંતરદ્વીપો દાઢા ઉપર ૩૦૦ યોજને અને ૩૦૦ યોજનના વિસ્તારવાળા છે. તો જંબૂદ્વીપની જગતીથી પણ ૩૦૦ યોજન અંતરે છે.

બીજા ૪ અંતરદ્વીપો પહેલા દ્વીપથી ૪૦૦ યોજનના અંતરે છે તો તે ૪ અંતરદ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૪૦૦ યોજનના અંતરે છે.

ત્રીજા ૪ અંતરદ્વીપો બીજા દ્વીપથી ૫૦૦ યોજને છે તો તે ૪ અંતરદ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૫૦૦ યોજનના અંતરે છે.

ચોથા ૪ અંતરદ્વીપો ત્રીજા દ્વીપથી ૬૦૦ યોજને છે તો તે ૪ અંતરદ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૬૦૦ યોજનના અંતરે છે.


પાંચમા ૪ અંતરદ્વીપો ચોથા દ્વીપથી ૭૦૦ યોજને છે, તો તે ૪ અંતરદ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૭૦૦ યોજનના અંતરે છે.

છઠ્ઠા ૪ અંતરદ્વીપો પાંચમા દ્વીપથી ૮૦૦ યોજને છે તો તે ૪ અંતરદ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૮૦૦ યોજનના અંતરે છે.

સાતમા ૪ અંતરદ્વીપો છઠ્ઠા દ્વીપથી ૯૦૦ યોજને છે, તો તે ૪ અંતરદ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૯૦૦ યોજનના અંતરે છે.

આ પ્રમાણે પૂર્વોક્ત ચારે દ્વીપોથી ચારે ખૂણામાં ૫૦૦ યોજનના અંતરે ૫૦૦ યોજનના વિસ્તારવાળા ત્રીજા ૪ અંતરદ્વીપો છે, ત્યાર પ્રછી ચારે વિદિશામાં ૬૦૦ યોજનના અંતરે ૬૦૦ યોજનના વિસ્તારવાળા, ચોથા ૪ અંતરદ્વીપો છે, ત્યાર પછી ચારે વિદિશામાં ૭૦૦ યોજનના અંતરે ૭૦૦ યોજનના વિસ્તારવાળા પાંચમા ૪ અંતરદ્વીપો છે, ત્યાર પછી ચારે વિદિશામાં ૮૦૦ યોજનના અંતરે ૮૦૦ યોજનના વિસ્તારવાળા છઠ્ઠા ૪ અંતરદ્વીપો છે. ત્યાર પછી ચારે વિદિશામાં ૯૦૦ યોજનના અંતરે ૯૦૦ યોજનના વિસ્તારવાળા સાતમા ૪ અંતરદ્વીપો છે. આ પ્રમાણે શ્રી તીર્થંકર ભગવંતો અને શ્રી ગણધર ભગવંતોએ કહેલ છે. તેના નામો આ પ્રમાણે જાણવા. ૫૭-૫૮-૫૯. (૪૫૫ થી ૪૫૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે નામો કહે છે.

आयंसमिंढगमुहा, अओमुहा गोमुहा य चउरो य।
आसमुहा हत्थिमुहा, सीहमुहा चेव वग्घमुहा ॥६०॥(४५८)
तत्तो य आसकन्ना, हरिकन्ना कन्नकन्नपाउरणा।
उक्कमुहा मेहमुहा, विज्जुमुहा विज्जुदंता य॥६१॥(४५९)
घणदंत लट्ठदंत, निगूढदंता य सुद्धदंता य।
वासहरे सिहरम्मि वि, एवं चिय अट्ठवीसा वि ॥६२॥(४६०)

છાયા—आदर्शमेण्ढकमुखौ अयोमुखा गोमुखाश्च चत्वारश्च ।
अश्वमुखो हस्तिमुखः सिंहमुखश्चैव व्याघ्रमुखः ॥६०॥
ततश्चाऽश्वकर्णौ हरिकर्णाऽकर्णकर्णः प्रावरणः ।
उल्कामुखो मेघमुखो विद्युन्मुखो विद्युदन्तश्च ॥६१॥
घनदन्तो लष्टदन्तो निगूढदन्तश्च शुद्धदन्तश्च ।
वर्षधरे शिखरिण्यप्यैवं चैवाऽष्टाविंशतिरपि ॥६२॥

**અર્થ**—આદર્શમુખ, મેંઢમુખ, અજમુખ અને ગોમુખ નામના ચાર છે. પછી અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ છે. તે પછી અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણકર્ણ અને પ્રાવરણ છે. ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુતમુખ અને વિદ્યુતદંત છે. પછી ઘનદંત, લષ્ટદંત, નિગૂઢદંત અને શુદ્ધદંત છે.

શિખરિ વર્ષધર પર્વતની બન્ને દાઢા ઉપર પણ આ પ્રમાણે અઠ્ઠાવીસ અંતરદ્વીપો છે.

**વિવેચન**—અંતરદ્વીપના બે ચતુષ્કના નામ કહી ગયા. હવે ત્રીજા ચતુષ્કમાં હયકર્ણાદિ ચાર દ્વીપોની આગળ ક્રમપૂર્વક ઈશાનાદિ ખૂણામા ૫૦૦–૫૦૦ યોજન દૂર ૫૦૦ યોજનના વિસ્તારવાળા પદ્મવર વેદિકા અને વનખંડથી યુક્ત (ઇશાન ખૂણામાં) આદર્શમુખ, (અગ્નિ ખૂણામાં) મેંઢમુખ, (નૈઋત્ય ખૂણામાં) અજમુખ અને (વાયવ્ય ખૂણામાં) ગોમુખ નામના અંતરદ્વીપો છે. તે આ પ્રમાણે—



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈશાન ખૂણે | હયકર્ણ | પછી | આદર્શમુખ | નામનો | દ્વીપ. |
| અગ્નિ ,, | ગજકર્ણ | ,, | મેંઢમુખ | ,, | ,, |
| નૈઋત્ય ,, | ગોકર્ણ | ,, | અજમુખ | ,, | ,, |
| વાયવ્ય ,, | શષ્કુલીકર્ણ | ,, | ગોમુખ | ,, | ,, |

તે પછી આદર્શમુખ આદિ ચાર દ્વીપોની આગળ ઈશાનાદિ વિદિશામાં ૬૦૦-૬૦૦ યોજને ૬૦૦ યોજનના વિસ્તારવાળા, પદ્મવર વેદિકા અને વનખંડથી યુક્ત અશ્વમુખાદિ ચાર અંતરદ્વીપો આવેલા છે. તે આ પ્રમાણે—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઇશાન ખૂણે | આદર્શમુખની | આગળ | અશ્વમુખ | નામનો | દ્વીપ |
| અગ્નિ ,, | મેંઢમુખની | ,, | હસ્તિમુખ | ,, | ,, |
| નૈઋત્ય ,, | અજમુખની | ,, | સિંહમુખ | ,, | ,, |
| વાયવ્ય ,, | ગોમુખની | ,, | વ્યાઘ્રમુખ | ,, | ,, |

આ ચાર અંતરદ્વીપોની આગળ ૭૦૦-૭૦૦ યોજને ૭૦૦ યોજનના વિસ્તારવાળા, પદ્મવર વેદિકા અને વનખંડથી યુક્ત અશ્વકર્ણાદિ ચાર અંતરદ્વીપો આવેલા છે. તે આ પ્રમાણે—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈશાન ખૂણામાં | અશ્વમુખની | આગળ | અશ્વકર્ણ | નામનો | દ્વીપ |
| અગ્નિ ,, | હસ્તિમુખની | ,, | સિંહકર્ણ | ,, | ,, |
| નૈઋત્ય ,, | સિંહમુખની | ,, | અકર્ણકર્ણ | ,, | ,, |
| વાયવ્ય ,, | વ્યાઘ્રમુખની | ,, | પ્રાવરણ | ,, | ,, |

આ ચારે અંતરદ્વીપોની આગળ ૮૦૦-૮૦૦ યોજને ૮૦૦ યોજનના વિસ્તારવાળા, પદ્મવર વેદિકા અને વનખંડથી યુક્ત ઉલ્કામુખ આદિ ચાર અંતરદ્વીપો આવેલા છે. તે આ પ્રમાણે—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈશાન ખૂણામાં | અશ્વકર્ણની | આગળ | ઉલ્કામુખ | નામનો | દ્વીપ |
| અગ્નિ ,, | સિંહકર્ણની | ,, | મેઘમુખ | ,, | ,, |
| નૈઋત્ય ,, | અકર્ણકર્ણની | ,, | વિદ્યુત્મુખ | ,, | ,, |
| વાયવ્ય ,, | પ્રાવરણની | ,, | વિદ્યુત્દંત | ,, | ,, |

આ ચાર અંતરદ્વીપોની આગળ ૯૦૦-૯૦૦ યોજને ૯૦૦ યોજનના વિસ્તારવાળા, પદ્મવર વેદિકા અને વનખંડથી યુક્ત ઘનદંતાદિ ચાર અંતરદ્વીપો આવેલા છે. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇશાન ખૂણામાં ઉલ્કામુખની આગળ ધનદંત નામનો દ્વીપ
અગ્નિ „ મેઘમુખની આગળ લષ્ટદંત નામનો „
નૈઋત્ય „ વિદ્યુત્‌મુખની આગળ ગુઢદંત નામનો „
વાયવ્ય „ વિદ્યુત્‌દંતની આગળ શુદ્ધદંત નામનો „

આ અંતરદ્વીપો જેટલાં જેટલાં યોજનના વિસ્તારવાળા છે. તેટલાં તેટલાં યોજને જંબૂદ્વીપની જગતીથી પણ દૂર લવણસમુદ્રમાં રહેલા છે.

હિમવંત પર્વતની પૂર્વ દિશાની બે દાઢા ઉપર ૭–૭ અંતરદ્વીપ કુલ ૧૪ અંતરદ્વીપ તથા પશ્ચિમ દિશાની બે દાઢા ઉપર ૭–૭ અંતરદ્વીપ કુલ ૧૪ અંતરદ્વીપ બંને બાજુના થઈને કુલ ૨૮ અંતરદ્વીપો આવેલા છે.

આ જ પ્રમાણે ઐરવતક્ષેત્રની પાસે રહેલ શિખરી વર્ષધર પર્વતની પૂર્વ દિશાની બે દાઢા ઉપર ૭–૭ કુલ ૧૪ તથા પશ્ચિમ દિશાની બે દાઢા ઉપર ૭–૭ કુલ ૧૪. બન્ને બાજુના થઇને કુલ ૨૮ અંતરદ્વીપો પણ આ જ પ્રમાણે અંતરે અને વિસ્તારવાળા આવેલા છે. બધા મળીને કુલ ૫૬ અંતરદ્વીપો રહેલા છે. ૬૦–૬૧–૬૨. (૪૫૮ થી ૪૬૦)

હવે ક્ષુલ્લહિમવંત અને શિખરી વર્ષધર પર્વતની દાઢા ઉપરના ૨૮–૨૮ અંતરદ્વીપોની પરિધિની રીત બતાવતાં પહેલા કહેલ વિસ્તારનું પ્રમાણ કહે છે.

## तिन्नेव होंति आई, एकुत्तरवड्ढिया नव सयाओ।
## ओगाहिऊण लवणं, तावइयं चेव विच्छिन्ना ॥६३॥(४६१)

છાયા—त्रिण्येव भवन्ति आदिमा एकोत्तरवृद्धा नव शतानि ।
अवगाह्य लवणं तावत्प्रमाणं चैव विस्तीर्णाः ॥६३॥

**અર્થ**—લવણસમુદ્રમાં અંદર ત્રણસો યોજને પહેલા છે. પછી એકોત્તરવૃદ્ધિએ નવસો યોજને તેટલા જ વિસ્તારવાળા (દ્વીપો) રહેલા છે.

**વિવેચન**—લવણસમુદ્રની અંદર દરેક દાઢા ઉપર ચારે તરફ ૩૦૦ યોજન જતાં ૩૦૦ યોજન વિસ્તારવાળા પહેલા ચાર અંતરદ્વીપો આવેલા છે. તે પછી એકોત્તર વૃદ્ધિથી એટલે કે ૧૦૦–૧૦૦ યોજન વૃદ્ધિથી વધતા ૯૦૦ યોજન સુધી બીજા અંતર દ્વીપો આવેલા છે. આ દ્વીપો જેટલા અંતરે છે તેટલા જ વિસ્તારવાળા છે. એટલે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દરેક દાઢા ઉપર ૩૦૦ યોજને પહેલા દ્વીપ ૩૦૦ યોજન વિસ્તારવાળા, ત્યાંથી ૪૦૦ યોજને બીજા દ્વીપ ૪૦૦ યોજન વિસ્તારવાળા, ત્યાંથી ૫૦૦ યોજને ત્રીજા દ્વીપ ૫૦૦ યોજન વિસ્તારવાળા, ત્યાંથી ૬૦૦ યોજને ચોથા દ્વીપ ૬૦૦ યોજન વિસ્તારવાળ, ત્યાંથી ૭૦૦ યોજને પાંચમા દ્વીપ ૭૦૦ યોજન વિસ્તારવાળા, ત્યાંથી ૮૦૦ યોજને છઠ્ઠા દ્વીપ ૮૦૦ યોજન વિસ્તારવાળા, ત્યાંથી ૯૦૦ યોજને સાતમા દ્વીપ ૯૦૦ યોજન વિસ્તારવાળા છે.

પહેલા ચાર દ્વીપો સમુદ્રની અંદર દાઢા વટાવીને ૩૦૦યોજને ૩૦૦ યો. વિસ્તારવાળા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બીજા | ,, | ,, | ,, | ,, પૂર્વના દ્વીપથી | | ૪૦૦ ,, | ૪૦૦ ,, | ,, |
| ત્રીજા | ,, | ,, | ,, | ,, | ,, | ૫૦૦ ,, | ૫૦૦ ,, | ,, |
| ચોથા | ,, | ,, | ,, | ,, | ,, | ૬૦૦ ,, | ૬૦૦ ,, | ,, |
| પાંચમા | ,, | ,, | ,, | ,, | ,, | ૭૦૦ ,, | ૭૦૦ ,, | ,, |
| છઠ્ઠા | ,, | ,, | ,, | ,, | ,, | ૮૦૦ ,, | ૮૦૦ ,, | ,, |
| સાતમા | ,, | ,, | ,, | ,, | ,, | ૯૦૦ ,, | ૯૦૦ ,, | ,, |

એ જ પ્રમાણે જગતીથી પણ ૩૦૦ થી ૯૦૦ યોજન દૂર રહેલા છે.

જગતીથી દૂર સમુદ્રમાં ૩૦૦ યોજને ચારે દાઢા ઉપર પહેલા ૪ દ્વીપો છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ,, | ,, | ,, ૪૦૦ | ,, | ,, | ,, | ,, | બીજા | ,, |
| ,, | ,, | ,, ૫૦૦ | ,, | ,, | ,, | ,, | ત્રીજા | ,, |
| ,, | ,, | ,, ૬૦૦ | ,, | ,, | ,, | ,, | ચોથા | ,, |
| ,, | ,, | ,, ૭૦૦ | ,, | ,, | ,, | ,, | પાંચમા | ,, |
| ,, | ,, | ,, ૮૦૦ | ,, | ,, | ,, | ,, | છઠ્ઠા | ,, |
| ,, | ,, | ,, ૯૦૦ | ,, | ,, | ,, | ,, | સાતમા | ,, |

પહેલા ચાર અંતરદ્વીપોની પરિધિ પહેલા કહી ગયા છીએ. ૬૩. (૪૬૧)

હવે બીજા ચતુષ્ક વગેરેની પરિધિ લાવવાની રીત કહે છે.

**पढमचउक्कपरिरया, बीयचउक्कस्स परिरओ अहिओ।**
**सोलसहिएहिं तिहिं, जोयणसएहिं (एमेव) सेसाणं ॥६४॥**

છાયા—प्रथमचतुष्कपरिरयात् द्वितीयचतुष्कस्य परिरयोऽधिकः ।
षोडशाधिकैस्त्रिभिर्योजनशतैः (एवमेव) शेषाणाम् ॥६४॥ (४६२)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—પહેલા ચતુષ્કની પરિધિથી બીજા ચતુષ્કની પરિધિ ત્રણસોસોળ યોજનથી અધિક છે. એ પ્રમાણે બીજા ચતુષ્કોની જાણવી.

**વિવેચન**—પહેલા ચાર અંતરદ્વીપોની પરિધિથી બીજા ચાર ચતુષ્ક અંતરદ્વીપોની પરિધિ ૩૧૬ યોજનથી અધિક છે. તે આ પ્રમાણે—

એક દ્વીપથી બીજા દ્વીપનો વિસ્તાર ૧૦૦ યોજન અધિક છે. ૧૦૦ યોજનની પરિધિ કાઢવા ૧૦૦નો વર્ગ ૧૦૦૦૦, ૧૦૦૦૦ને ૧૦થી ગુણતાં ૧૦૦૦૦૦. આનું વર્ગમૂલ કાઢતાં ૧૦૦ની પરિધિ આવે.

```
 ૩)    ૧૦૦૦૦૦ (૩૧૬
 ૩      ૯
 ---   ----
 ૬૧    ૧૦૦
  ૧     ૬૧
 ---   ----
 ૬૨૬   ૦૩૯૦૦
   ૬    ૩૭૫૬
 ---   -----
        ૦૧૪૪
```

પહેલા ચતુષ્કની પરિધિથી બીજા ચતુષ્કની પરિધિ ૩૧૬ યોજનથી અધિક, બીજા ચતુષ્કની પરિધિથી ત્રીજા ચતુષ્કની પરિધિ ૩૧૬ યોજનથી અધિક યાવત્ છઠ્ઠા ચતુષ્કની પરિધિથી સાતમા ચતુષ્કની પરિધિ ૩૧૬ યોજનથી અધિક છે.

તેમાં એકોરુક આદિ પહેલા ચાર અંતરદ્વીપોની પરિધિ ૯૪૯ યોજન છે. તેમાં ૩૧૬ યોજન ઉમેરતાં બીજા ચાર અંતરદ્વીપોની પરિધિ ૧૨૬૫ યોજન થાય છે. ૬૪ (૪૬૨)

હવે બીજા ચતુષ્કની પરિધિ કહે છે.

**एगोरुयपरिक्खेवो, नव चेव सयाइ अउणपन्नाइं।**
**बारस पन्नट्ठाइं, हयकन्नाणं परिक्खेवो ॥६५॥(४६३)**

છાયા—एकोरुकपरिक्षेपो नव चैव शतानि एकोनपञ्चाशदधिकानि ।
द्वादश पञ्चषष्टि (अधिकानि) हयकर्णानां परिक्षेपः ॥६५॥

**અર્થ**—એકોરુક અંતરદ્વીપની પરિધિ નવસો ઓગણપચાસ યોજન છે અને હયકર્ણાદિની પરિધિ બારસો પાંસઠ યોજન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—એકોરુક, આભાષિત, વૈષાણિક અને લાંગુલિક. આ ચાર અંતર દ્વીપોની પરિધિ ૯૪૯ યોજનથી અધિક છે. **'हयकर्णानां'** અહીં જે બહુવચન કહ્યું છે તેથી બીજા ત્રણ સમાન વિસ્તારવાળાનો ઉપલક્ષણથી સંગ્રહ કર્યો છે. ( પરિધિ પણ ૧૨૬૫ યોજનથી અધિક જાણવી.) એટલે હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને શષ્કુલીકર્ણ આ ચારે અંતરદ્વીપોની પરિધિ ૧૨૬૫ યોજનથી અધિક છે. તે આ પ્રમાણે—

પહેલા અંતરદ્વીપની ૯૪૯ યોજન પરિધિ છે. તેમાં ૩૧૬ યોજન ઉમેરતાં ઉપર મુજબની પરિધિ થાય.

 ૯૪૯
+૩૧૬
―――

૧૨૬૫ યોજન બીજા ચાર અંતરદ્વીપોની પરિધિ જાણવી. હવે આમાં ૩૧૬ યોજન ઉમેરતાં ત્રીજા આદર્શમુખ આદિ ચાર અંતરદ્વીપોની ૧૫૮૧ યોજનથી અધિક પરિધિ આવે. તે કહે છે. ૬૫ (૪૬૩)

## पन्नरसिक्कासीया, आयंसमुहाण परिरओ होइ।
## अट्ठार सत्तणउया, आसमुहाणं परिक्खेवो ॥६६॥(४६४)

**છાયા—पञ्चदश एकाशीति (अधिकानि) आदर्शमुखानां परिरयो भवति ।**

**अष्टादश सप्तनवति(अधिकानि) अश्वमुखानां परिक्षेपः ॥६६॥**

**અર્થ**—આદર્શમુખ આદિની પરિધિ પંદરસો એક્યાશી યોજન અને અશ્વમુખ આદિની પરિધિ અઢારસો સત્તાણું યોજન થાય છે.

**વિવેચન**—અહીં ગાથામાં જે બહુવચન મૂક્યું છે, તેથી સરખા માપવાળા બીજા ત્રણ-ત્રણ અંતરદ્વીપો ઉપલક્ષણથી ભેગા સમજવા. એટલે

આદર્શમુખ, મેંઢમુખ, અજમુખ અને ગોમુખ અંતરદ્વીપોની પરિધિ ૧૫૮૧ યોજનથી અધિક છે.

૧૫૮૧માં ૩૧૬ ઉમેરતાં ૧૮૯૭ યોજન થાય. તે આદર્શમુખ પછીના જે અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ આ ચાર અંતરદ્વીપોની પરિધિ ૧૮૯૭ યોજનથી અધિક થાય છે.

આમાં ૩૧૬ યોજન ઉમેરતાં અશ્વકર્ણાદિ ચાર અંતરદ્વીપોની પરિધિ ૨૨૧૩ યોજનથી અધિક થાય. તેમાં ૩૧૬ યોજન ઉમેરતાં ઉલ્કામુખ આદિ ચાર અંતરદ્વીપોની પરિધિ ૨૫૨૯ યોજનથી અધિક થાય છે. ૬૬ (૪૬૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે કહે છે.

## बावीसं तेराइं, परिक्खेवो होइ आसकन्नाणं।
## पणवीस अउणतीसा, उक्कमुहाणं परिक्खेवो ॥६७॥(४६५)

છાયા—द्वाविंशति त्रयोदशानि परिक्षेपो भवति अश्वकर्णानाम् ।
पञ्चविंशति एकोनत्रिंशतानि उल्कामुखानां परिक्षेपः ॥६७॥

**અર્થ**—અશ્વકર્ણાદિની પરિધિ બાવીસસો તેર યોજન અને ઉલ્કામુખ આદિની પરિધિ પચીસસો ઓગણત્રીસ યોજન છે.

**વિવેચન**—અહીં પણ પૂર્વાર્ધ તથા ઉત્તરાર્ધમાં અશ્વકર્ણ અને ઉલ્કામુખ શબ્દમાં બહુવચનનો પ્રયોગ સરખા વિસ્તારવાળા બીજા ત્રણ અંતરદ્વીપોના સંગ્રહ માટે સમજવો. એટલે અશ્વકર્ણ, સિંહકર્ણ, અકર્ણકર્ણ અને પ્રાવરણ નામના અંતરદ્વીપોની પરિધિ ૨૨૧૩ યોજનથી અધિક અને ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુતમુખ અને વિદ્યુતદંત નામના ચાર અંતરદ્વીપોની પરિધિ ૨૫૨૯ યોજનથી અધિક થાય છે.

૨૫૨૯માં ૩૧૬ યોજન ઉમેરતાં ઘનદંત આદિ ચારની પરિધિ ૨૮૪૫ યોજનથી અધિક થાય છે. ૬૭. (૪૬૫)

તે કહે છે.

## दो चेव सहस्साइं, अट्ठेव सया हवंति पणयाला।
## घणदंतगदीवाणं, परिक्खेवो होइ बोधव्वो ॥६८॥(४६६)

છાયા—द्वे चैव सहस्रे अष्टैव शतानि भवन्ति पञ्चचत्वारिंशतानि ।
घनदन्तद्वीपानां परिक्षेपो भवति बोधव्यम् ॥६८॥

**અર્થ**—ઘનદંત દ્વીપોની પરિધિ બે હજાર આઠસો પીસ્તાલીસ યોજન થાય છે એમ જાણવું.

**વિવેચન**—ઘનદંત, લષ્ટદંત, ગુઢદંત અને શુદ્ધદંત નામના ચાર અંતરદ્વીપોની પરિધિ ૨૮૪૫ યોજનથી અધિક થાય છે એમ જાણવું. ૬૮. (૪૬૬)

હવે ૨૮ અંતરદ્વીપોની અને ગૌતમદ્વીપની જંબૂદ્વીપ તરફ પાણીની ઉપરની ઉંચાઈનું માપ કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अद्धाइज्जा य दुवे, अद्धुट्टा अद्धपंचमा चेव।
दो चेव अद्ध छ सत्तद्ध, सत्तमा होइ एक्को य॥६९॥(४६७)
एगूणिया य नवई, जोयणमद्धेण होइ ऊणाओ।
जंबूद्दीवंतेणं, दीवाणं होइ उस्सेहो॥७०॥(४६८)
वीसा नउइ पन्नाट्ठि, चत्त पन्नरस पंचसीया य।
सट्ठी चत्ता चेव य, गोयम दीवस्स भागाणं॥७१॥(४६९)

છાયા—अर्धतृतीयानि च द्वे अर्धचतुर्थानि अर्धपञ्चमानि चैव ।
द्वे चैव अर्धषष्ठानि सप्तममर्धसप्तमानि भवति एकं च ॥६९॥
एकोना च नवति योजनानामर्धेन भवति ऊना ।
जम्बूद्वीपान्तेन द्वीपानां भवति उत्सेधः ॥७०॥
विंशतिर्नवतिः पञ्चषष्टिश्चत्वारिंशत् पञ्चदश पञ्चाशीतिश्च ।
षष्टिश्चत्वारिंशच्चैव च गौतमद्वीपस्य भागानाम् ॥७१॥

**અર્થ**—બે (૧-૨ ચતુષ્ક) ૨॥, (૩) ૩॥, (૪) ૪॥, બે (૫-૬) ૫॥ અને સાતમું એક ૬. તથા ૮૮॥ યોજન (ગૌતમ) આ પ્રમાણે જંબૂદ્વીપ તરફના દ્વીપોની ઉંચાઈ છે.


તથા (અનુક્રમે) (એટલે યોજનના પંચાણુઆ) ભાગો ૨૦, ૯૦, ૬૫, ૪૦, ૧૫, ૮૫, ૬૦ અને ગૌતમદ્વીપના ૪૦ અધિક છે.

**વિવેચન**—બે ગાથા ૬૯-૭૦મી ગાથામાં પાણીથી દ્વીપો કેટલા યોજન ઉંચા હોય તે કહેલ છે, અને ત્રીજી ૭૧મી ગાથામાં યોજન ઉપર પંચાણુઆ કેટલા ભાગ હોય છે તે કહેલ છે. તે આ પ્રમાણે—

પહેલા અને બીજા ચતુષ્કના અંતરદ્વીપો જંબૂદ્વીપ તરફ ૨॥ યોજન પાણીથી ઉંચા છે. તેમાં પહેલા ચતુષ્કના એકોરુક. આભાષિક, વૈષાનિક અને લાંગુલિક આ ચાર અંતરદ્વીપો ૩૦૦ યોજનના વિસ્તારવાળા અને ૨॥ યોજન અને ૨૦/૯૫ ભાગ પ્રમાણ પાણીથી ઉંચા છે અને બીજા ચતુષ્કના હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ लवण समुद्रमां ५६ अन्तर्द्वीपनो सामान्य देखाव ॥




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શષ્કુલીકર્ણ આ ચાર અંતર દ્વીપો ૪૦૦ યોજનના વિસ્તારવાળા અને ૨।। યોજન અને ૯૦/૯૫ ભાગ પ્રમાણ પાણીથી ઉંચા હોય છે તે આ પ્રમાણે—

પહેલા ચતુષ્કના ચાર અંતરદ્વીપો ૩૦૦ યોજનના વિસ્તારવાળા અને જંબૂદ્વીપની જગતીથી ૩૦૦ યોજન દૂર છે. બન્ને ભેગા કરતાં ૬૦૦ યોજન થયા. અહીં ત્રિરાશિ મૂકતાં ૯૫૦૦૦ યોજને ૭૦૦ યોજન જલવૃદ્ધિ છે તો ૬૦૦ યોજને કેટલી જલવૃદ્ધિ હોય ?

૯૫૦૦૦–૭૦૦–૬૦૦ કેટલી ? સરળતા માટે પહેલી અને ત્રીજી રાશિની બે–બે શૂન્ય અને પહેલી અને બીજી રાશિની એક–એક શૂન્ય કાઢી નાખતા ૯૫–૭૦–૬ રહે. હવે મધ્ય રાશિને અંત્ય રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગવા.

૭૦×૬=૪૨૦. ૪૨૦ ને ૯૫ થી ભાગતા.

| | |
|---|---|
| ૯૫)૪૨૦(૪<br>૩૮૦<br>૦૪૦ | ૪–૪૦/૯૫ યોજન જલવૃદ્ધિ. સમતલ ભૂમિથી લવણસમુદ્ર તરફ પહેલા ચતુષ્કની આવી. આ દ્વીપો લવણસમુદ્ર તરફ બે ગાઉ પાણીથી ઉપર દેખાય છે. |

૪–૪૦/૯૫ જળવૃદ્ધિને બેથી ભાગતા જંબૂદ્વીપ તરફની જળવૃદ્ધિ ૨–૨૦/૯૫ યોજન ઓછી અને લવણસમુદ્ર તરફ પાણીથી બે ગાઉ જે ઉંચા છે તે ઉંચાઇ આમાં ઉમેરતાં ૨।।–૨૦/૯૫ યોજન જંબૂદ્વીપ તરફ પહેલા ચાર અંતરદ્વીપો પાણીથી ઉંચા રહેલા જાણવા.

જંબૂદ્વીપ તરફ પહેલા ચાર અંતરદ્વીપો ૨।।–૨૦/૯૫ યોજન જેટલા દૃષ્ટિગોચર હોય છે.

બીજા ચતુષ્કના બીજા ચાર અંતરદ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી ૪૦૦ યોજન દૂર અને ૪૦૦ યોજન વિસ્તારવાળા છે. ૪૦૦+૪૦૦=૮૦૦ યોજન થયા. આની ત્રિરાશી કરતાં ૯૫૦૦૦ યોજને ૭૦૦ યોજન જલવૃદ્ધિ તો ૮૦૦ યોજને કેટલી ? ૯૫૦૦૦ | ૭૦૦ | ૮૦૦ આમાં પણ પહેલી અને ત્રીજી રાશિની બે–બે શૂન્ય અને પહેલી અને બીજી રાશિની એક–એક શૂન્ય કાઢી નાખતા ૯૫ | ૭૦ | ૮ રહે. બીજીને ત્રીજીથી ગુણી પહેલી રાશિથી ભાગતા ૭૦×૮=૫૬૦. ૫૬૦÷૯૫= ૫–૮૫/૯૫ યોજન આવ્યા. આટલી લવણસમુદ્ર તરફ જળવૃદ્ધિ આવી. જળવૃદ્ધિને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બેથી ભાગવા. બેથી ભાગતા ૨ાા–૪૨ાા/૯૫ યોજન આવ્યા. આટલી ઓછી જંબૂદ્વીપ તરફ જળવૃદ્ધિ આવી. તેમાં લવણસમુદ્ર તરફ પાણીની ઉંચાઈના બે ગાઉ પ્રમાણે બે ગાઉ ઉમેરતાં.

| | |
|---|---|
| ૨ાા–૪૨ાા/૯૫<br>+૦–૪૭ાા/૯૫(બેગાઉ)<br>૨ાા– ૯૦/૯૫ | ગાથા પ્રમાણે ૨ાા યોજન અને ૯૦/૯૫ ભાગ પ્રમાણ પાણીથી ઉંચા બીજા ચાર અંતરદ્વીપો જાણવા.(અર્થાત્ ૩ યો. ૪૨ાા/૯૫ યો. ઉંચા છે.) |

ત્રીજા ચતુષ્કના અંતરદ્વીપો જંબૂદ્વીપ તરફ પાણીથી ૩ાા યો. અને ૬૫/૯૫ ભાગ ઉંચા દેખાય છે. તે આ પ્રમાણે–

ત્રીજા ચતુષ્કના દ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૫૦૦ યોજન દૂર અને ૫૦૦ યોજનના વિસ્તારવાળા છે. બન્ને ભેગા કરતા ૫૦૦+૫૦૦=૧૦૦૦. ત્રિરાશી મૂકતા ૯૫૦૦૦ યોજને ૭૦૦ યોજન જળવૃદ્ધિ તો ૧૦૦૦ યોજને કેટલી ? ૯૫૦૦૦ | ૭૦૦ | ૧૦૦૦ આમાં સરળતા માટે પહેલી અને ત્રીજી રાશિની ઉપરની ત્રણ–ત્રણ શૂન્ય કાઢી નાખતા ૯૫ | ૭૦૦ | ૧ રહે. હવે ૭૦૦ ને ૧ થી ગુણી ૯૫ ૯૫ થી ભાગવા. ૭૦૦×૧=૭૦૦ | ૭૦૦÷૯૫=૭–૩૫/૯૫ યોજન લવણસમુદ્ર તરફ ત્રીજા ચતુષ્કની જળવૃદ્ધિ અને બેથી ભાગતા ૩ાા–૧૭ાા/૯૫ યોજન આવ્યા. આટલી ઓછી જંબૂદ્વીપ તરફ જળવૃદ્ધિ છે. ઉપર બે ગાઉ દેખાય છે એટલે, બહાર દેખાતો ભાગ ૪૭ાા/૯૫ ભાગ છે તે ઉમેરતાં ૪૭ાા+૧૭ાા=૬૫/૯૫ થયા. બધા ભેગા કરતા ૩ાા યો. ૬૫/૯૫ ભાગ જંબૂદ્વીપ તરફ ત્રીજા ચતુષ્કના દ્વીપો પાણીથી ઉંચા જાણવા.

ચોથા દ્વીપો ચતુષ્કના અંતર જંબૂદ્વીપ તરફ ૪ાા યો. ૪૦/૯૫ ભાગ પાણીથી ઉંચા દેખાય છે. તે આ પ્રમાણે–

ચોથા દ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૬૦૦ યોજન દૂર અને ૬૦૦ યોજનના વિસ્તારવાળા છે. બન્ને ભેગા કરતા ૧૨૦૦ યોજન થયા. હવે ત્રિરાશી કરતા ૯૫૦૦૦ યોજને ૭૦૦ યો. જલવૃદ્ધિ તો ૧૨૦૦ યોજને કેટલી ? ૯૫૦૦૦ | ૭૦૦ | ૧૨૦૦ આમાં પહેલી અને ત્રીજી રાશિની બે–બે શૂન્ય અને પહેલી અને બીજી રાશિની એક–એક શૂન્ય કાઢી નાખતા ૯૫ | ૭૦ | ૧૨ રહે. બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગવા. ૭૦×૧૨=૮૪૦, ૮૪૦+૯૫+૮–૮૦/૯૫ યોજન લવણસમુદ્ર તરફ જળવૃદ્ધિ આવી. આને બેથી ભાગતા ૪–૪૦/૯૫ યોજન રહ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આટલી ઓછી જંબૂદ્વીપ તરફ જળવૃદ્ધિ થઇ. આમાં લવણસમુદ્ર તરફનો પ્રકાશમાન બે ગાઉ ઉમેરતાં ૪॥–૪૦/૯૫ યોજન જંબૂદ્વીપ તરફ ચોથા ચતુષ્કના અંતરદ્વીપો પાણીથી ઉંચા જાણવા.

પાંચમા અને છઠ્ઠા ચતુષ્કના અંતર દ્વીપો પાણીથી ૫॥ યોજન—૫॥ યોજન અને ઉપર અનુક્રમે ૧૫ અને ૮૫ પંચાણુઆ ભાગ અધિક જાણવા. એટલે પાંચમા ચતુષ્ક ૫॥–૧૫/૯૫ યોજન અને છટ્ઠું ચતુષ્ક ૫॥–૮૫/૯૫ યોજનપ્રમાણ પાણીથી ઉંચા છે. તે આ પ્રમાણે–

પાંચમા ચતુષ્કના ચાર દ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૭૦૦ યોજન દૂર અને ૭૦૦ યોજન વિસ્તારવાળા છે. બન્ને ભેગા કરતાં ૧૪૦૦ યોજન થયા. ત્રિરાશી માંડતાં ૯૫૦૦૦ યોજને ૭૦૦ જલવૃદ્ધિ તો ૧૪૦૦ યોજને કેટલી ? ૯૫૦૦ | ૭૦૦ | ૧૪૦૦ આમાં પહેલી અને ત્રીજી રાશિની બે–બે શૂન્ય અને પહેલી અને બીજી રાશિની એક–એક શૂન્ય કાઢી નાખતાં ૯૫ | ૭૦ | ૧૪ રહ્યા. બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગતા ૭૦×૧૪=૯૮૦, ૯૮૦+૯૫=૧૦–૩૦/૯૫ યો. આવ્યા. આટલી લવણ દિશા તરફ જળવૃદ્ધિ છે. તેથી જળવૃદ્ધિને બેથી ભાગતા ૫–૧૫/૯૫ યોજન આવ્યા. આટલી ઓછી જંબૂદ્વીપ તરફ જળવૃદ્ધિ છે. અને બે ગાઉ દ્વીપ દેખાય છે તે બે ગાઉ ઉમેરતા ૫॥–૧૫/૯૫ યોજન જંબૂદ્વીપ તરફ પાંચમા ચતુષ્કના અંતરદ્વીપો પાણીથી ઉંચા જાણવા.

છઠ્ઠા ચતુષ્કના ચાર દ્વીપો જંબૂદ્વીપની જગતીથી ૮૦૦ યોજન દૂર અને ૮૦૦ યોજન વિસ્તારવાળા છે. બન્ને ભેગા કરતાં ૧૬૦૦ યોજન થયા. ત્રિરાશી માંડતાં ૯૫૦૦૦ યોજને ૭૦૦ જલવૃદ્ધિ તો ૧૬૦૦ યોજને કેટલી? ૯૫૦૦૦ | ૭૦૦ | ૧૬૦૦ આમાં પહેલી અને ત્રીજી રાશિની બે–બે શૂન્ય અને પહેલી અને બીજી રાશિની એક–એક શૂન્ય કાઢી નાખતાં ૯૫ | ૭૦ | ૧૬ હવે બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગતા ૭૦×૧૬=૧૧૨૦, ૧૧૨૦÷૯૫=૧૧–૭૫/૯૫ યોજન પ્રમાણ લવણસમુદ્ર તરફ જલવૃદ્ધિ, અને બેથી ભાગતા ૫॥–૩૭॥/૯૫ આટલી ન્યૂન જંબૂદ્વીપ તરફ જલવૃદ્ધિ હોય તેમાં લવણ દિશા તરફ બહાર દેખાતો ભાગ બે ગાઉ છે તે ઉમેરતાં ૪૭॥/૯૫+૩૭॥/૯૫=૮૫ એટલે ૫॥–૮૫/૯૫ યોજન પ્રમાણ જંબૂદ્વીપ તરફ છઠ્ઠા ચતુષ્કના અંતરદ્વીપો પાણીથી ઉંચા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાતમા ચતુષ્કના અંતરદ્વીપો પાણીથી ઉપર ૬ાા–૬૦/૯૫ યોજન દેખાય છે. તે આ પ્રમાણે–

સાતમા દ્વીપ ચતુષ્ક જંબૂદ્વીપની જગતીથી ૯૦૦ યોજન દૂર અને ૯૦૦ યોજન વિસ્તારવાળા છે. બન્ને ભેગા કરતા ૧૮૦૦ યોજન થયા. ત્રિરાશી માંડતાં ૯૫૦૦૦ યોજને ૭૦૦ જલવૃદ્ધિ તો ૧૮૦૦ યોજને કેટલી? ૯૫૦૦૦ | ૭૦૦ | ૧૮૦૦ પહેલી અને ત્રીજી રાશિની બે–બે શૂન્ય તથા પહેલી અને બીજી રાશિની એક–એક શૂન્ય કાઢી નાખતા ૯૫ | ૭૦ | ૧૮ બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગતા ૭૦×૧૮=૧૨૬૦. ૧૨૬૦÷૯૫=૧૩–૨૫/૯૫ યોજન લવણસમુદ્ર તરફ જલવૃદ્ધિ હોય, આને બેથી ભાગતા ૬ાા–૧૨ાા/૯૫ યોજન ઓછી જંબૂદ્વીપ તરફ જલવૃદ્ધિ હોય અને બે ગાઉ દેખાતો ભાગ ઉમેરતા ૪૭ાા+૧૨ાા=૬૦. એટલે ૬ાા–૬૦/૯૫ યોજન પ્રમાણ સાતમા ચતુષ્કના અંતરદ્વીપો જંબૂદ્વીપ તરફ પાણીથી ઉંચા હોય છે.

ગૌતમદ્વીપ જંબૂદ્વીપ તરફ ૮૮ાા–૪૯/૯૫ યોજન પાણીથી ઉંચા છે.

લવણસમુદ્રનો અધિપતિ સુસ્થિત દેવ આ ગૌતમદ્વીપનો પણ અધિપતિ છે. કાર્યપ્રસંગે લવણસમુદ્રમાં આવવાનું થાય ત્યારે આ દ્વીપ ઉપર રહેલા આવાસમાં આરામ લે છે. આ ક્રીડા આવાસ ૬૨ાા યોજન ઉંચો અને ૩૧ા યોજન પહોળો છે. તેમાં સિંહાસન નથી પણ શયન કરવા યોગ્ય શય્યા છે.

આ ગૌતમદ્વીપ મેરુપર્વતથી પશ્ચિમ દિશામાં જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન દૂર અને ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળો ગોળાકારે છે. ૧૨૦૦૦+ ૧૨૦૦૦=૨૪૦૦૦ થયા. ત્રિરાશિ માંડતાં ૯૫૦૦૦ યોજને ૭૦૦ જલવૃદ્ધિ તો ૨૪૦૦૦ યોજને કેટલી? ૯૫૦૦૦ | ૭૦૦ | ૨૪૦૦૦. આમાં પહેલી અને ત્રીજી રાશિની ત્રણ–ત્રણ શૂન્ય કાઢી નાખતાં ૯૫ | ૭૦૦ | ૨૪ રહે. હવે બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગતા. ૭૦૦×૨૪=૧૬૮૦૦. ૧૬૮૦૦÷૯૫= ૧૭૬–૮૦/૯૫ યોજન લવણસમુદ્ર તરફ જલવૃદ્ધિ હોય છે. આને બેથી ભાગતા ૮૮–૪૦/૯૫ યોજન જંબૂદ્વીપ તરફ જલવૃદ્ધિ હોય અને બે ગાઉ બહારનો દેખાતો ભાગ ઉમેરતા ૮૮ાા–૪૦/૯૫ યોજન ગૌતમદ્વીપ જંબૂદ્વીપ તરફ જળથી ઉંચો જાણવો.

ગૌતમદ્વીપ ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળો છે. તેમ ૧૨ ચંદ્રદ્વીપો અને ૧૨ સૂર્યદ્વીપો પણ લવણસમુદ્રમાં ૧૨૦૦૦ યોજન વિસ્તારવાળા અને જગતીથી ૧૨૦૦૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોજન દૂર રહેલા છે. એટલે આ દ્વીપો પણ જંબૂદ્વીપ તરફ ૮૮ાા–૪૦/૯૫ યોજન પાણીથી ઉંચા જાણવા.

પૂર્વે ચંદ્રદ્વીપો, સૂર્યદ્વીપો અને ગૌતમદ્વીપ જળથી ઉપર કેટલા હોય તે જાણવાની માત્ર રીત જ કહી હતી, પણ ઉંચાઇનું માપ કહ્યું ન હતું. તેથી અહીં ગૌતમદ્વીપનું પાણીથી ઉંચાઇનું માપ સાક્ષાત કહ્યું. આ જ પ્રમાણે ચંદ્રદ્વીપો અને સૂર્યદ્વીપોનું પણ જાણવું. કારણ કે તેઓનું આયામ–વિષ્કંભ, લવણસમુદ્રની અંદર જગતીથી અંતર સરખા જ છે. તેથી કરણ (રીત) પણ સરખી છે.

મેરુપર્વતથી દક્ષિણ તરફ રહેલા ૨૮ અંતરદ્વીપોની જળથી ઉંચાઇ જણાવી. ગૌતમઆદિ ૨૫ દ્વીપોની જળથી ઉંચાઇ કહી પણ મૂળથી ઉંચાઈ કહી નથી. તો મૂલથી ઉંચાઇ ત્રિરાશિ ગણિતથી આ પ્રમાણે છે.

૯૫૦૦૦ યોજને ૧૦૦૦ યોજન ગોતીર્થ છે તો ૧૨૦૦૦ યોજને કેટલું ગોતીર્થ હોય. ગૌતમદ્વીપાદિ જગતીથી ૧૨૦૦૦ યોજન દૂર છે.

૯૫૦૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦૦. પહેલી અને ત્રીજી રાશિની ત્રણ–ત્રણ શૂન્ય કાઢી નાખતા ૯૫ | ૧૦૦૦ | ૧૨. હવે બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગતા. ૧૦૦૦×૧૨=૧૨૦૦૦, ૧૨૦૦૦+૯૫=૧૨૬–૩૦/૯૫ યોજન ગોતીર્થ થયું. તેમાં જળથી ઉંચાઇ ૮૮ાા–૪૦/૯૫ યોજન ઉમેરતાં—

| | |
|---|---|
| ૧૨૬ –૩૦/૯૫<br>+૮૮ાા–૪૦/૯૫<br>૨૧૪ાા–૭૦/૯૫ | ગૌતમાદિ દ્વીપોની જંબૂદ્વીપ તરફ મૂલથી ઉંચાઇ ૨૧૪ાા–૭૦/૯૫ યોજન જાણવી. |

જ્યારે લવણસમુદ્ર તરફ ૪૨૯ાા–૪૫/૯૫ યોજન મૂલથી છે. તે આ પ્રમાણે—

જંબૂદ્વીપની જગતીથી ગૌતમાદિ દ્વીપો ૧૨૦૦૦ યોજન દૂર છે અને ૧૨૦૦૦ યાજન વિસ્તારવાળા છે. બન્ને ભેગા કરતાં ૨૪૦૦૦ યોજન થયા. આની ગોતીર્થ અને જલવૃદ્ધિ ભેગી કરી ૦ાા યોજન ઉમેરતાં બાહ્ય–લવણસમુદ્ર તરફ મૂલથી ઉંચાઇ આવે.

ગોતીર્થ જાણવા ત્રિરાશિ કરતા ૯૫૦૦૦ યોજને ૧૦૦૦ ગોતીર્થ તો ૨૪૦૦૦ યોજને કેટલું? ૯૫૦૦૦ | ૧૦૦૦ | ૨૪૦૦૦. આમાં પહેલી અને ત્રીજી રાશિની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રણ-ત્રણ શૂન્ય કાઢી નાખતા ૯૫ | ૧૦૦૦ | ૨૪ રહ્યા. હવે બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગતા ૧૦૦૦×૨૪=૨૪૦૦૦.

```
      | | |
૯૫)૨૪૦ ૦ ૦(૨૫૨
   ૧૯૦
   ----
   ૫૦૦
   ૪૭૫
   ----
    ૨૫૦
    ૧૯૦
    ----
    ૦૬૦
```

૨૫૨-૬૦/૯૫ યોજન લવણસમુદ્ર તરફ ગોતીર્થ
૧૭૬-૮૦/૯૫ ,, ,, ,, જલવૃદ્ધિ
૦॥ ,, ઉપર દેખાતો ભાગ
૪૨૯॥-૪૫/૯૫

લવણસમુદ્ર તરફ ગૌતમ આદિ ૨૫ દ્વીપો ૪૨૯॥-૪૫/૯૫ યોજન મૂલથી ઉંચા છે.

અભ્યંતર-જંબૂદ્વીપ તરફ મૂલથી ઉંચાઇ ૨૧૪॥-૭૦/૯૫ યોજન

બાહ્ય— લવણસમુદ્ર ,, ,, ,, ૪૨૯॥-૪૫/૯૫ ,,

બીજી રીતે બાહ્ય મૂલથી ઉંચાઇ લાવવા આ રીતે ત્રિરાશિ થઈ શકે. ૯૫૦૦૦ યોજને ૧૭૦૦ યોજન ઉર્ધ્વજળ છે તો ૨૪૦૦૦ યોજને કેટલું ઉર્ધ્વજળ હોય?

૯૫૦૦૦ | ૧૭૦૦ | ૨૪૦૦૦ પહેલી અને ત્રીજી રાશિની ત્રણ-ત્રણ શૂન્ય દૂર કરતાં ૯૫ | ૧૭૦૦ | ૨૪ રહે. હવે બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગવા.

```
  ૧૭૦૦
+   ૨૪
------
 ૪૦૮૦૦
```

```
      | | |
૯૫)૪૦૮ ૦ ૦(૪૨૯ યોજન
   ૩૮૦
   ----
   ૦૨૮૦
    ૧૯૦
    ----
     ૯૦૦
     ૮૫૫
     ----
     ૦૪૫
```

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪૨૯-૪૫/૯૫ યોજન આવ્યા. આમાં ૦।। યોજન દૃષ્ટિગોચર ઉમેરતાં ૪૨૯।। -૪૫/૯૫ યોજન ગૌતમદ્વીપ, ૧૨ ચંદ્રદ્વીપો અને ૧૨ સૂર્યદ્વીપો જમીનથી ટોચ સુધી ઉંચા હોય છે. ૬૯-૭૦-૭૧. (૪૬૭ થી ૪૬૯)

હવે ઉત્તર તરફ રહેલા ૨૮ અંતરદ્વીપોની હકીકત ભલામણ દ્વારા કહે છે.

**जावइय दक्खिणाओ, उत्तरपासे विवत्तिया चेव।**
**चुल्लसिहरम्मि लवणे, विदिसासु अओ परं नत्थि ॥७२॥**

છાયા—यावत् दक्षिणत उत्तरपार्श्वे विवर्तिताश्चैव ।
क्षुल्लशिखरिणि लवणे विदिक्षु अतः परं नास्ति ।।७२।। (૪૭૦)

**અર્થ**—જે પ્રમાણે દક્ષિણ તરફ ક્ષુલ્લહિમવંતમાં લવણસમુદ્રમાં છે, તેજ પ્રમાણે ઉત્તર તરફ શિખરી પર્વતની વિદિશામાં છે તે પછી નથી.

**વિવેચન**—જે પ્રમાણે મેરુપર્વતથી દક્ષિણ તરફ ક્ષુલ્લહિમવંત પર્વતમાંથી લવણ સમુદ્રમાં બે બે દાઢા નીકળે છે. તેજ પ્રમાણે શિખરી પર્વતમાંથી લવણસમુદ્રમાં પણ વિદિશામાં બે બે દાઢા નીકળી છે અને દરેક દાઢા ઉપર ૭-૭ અંતરદ્વીપો કુલ ૨૮ અંતરદ્વીપો રહેલા છે. તેનો વિસ્તાર, પાણીથી ઉંચાઇ વગેરે ક્ષુલ્લહિમવંત પર્વતની દાઢા ઉપર રહેલા અંતરદ્વીપો સમાન જાણવું. લવણસમુદ્ર સિવાય બીજા કાલોદધિ આદિ કોઇ પણ સમુદ્રમાં આવા અંતરદ્વીપો નથી.

જેમ મેરુપર્વતથી પશ્ચિમમાં જંબૂદ્વીપ તરફ એક ગૌતમદ્વીપ અને ૪ સૂર્યદ્વીપો તથા ધાતકીખંડ દ્વીપ તરફ ૮ સૂર્યદ્વીપો રહ્યા છે તેમ પૂર્વ દિશા તરફ જંબૂદ્વીપ તરફ ૪ ચંદ્રદ્વીપો અને ધાતકીખંડ તરફ ૮ ચંદ્રદ્વીપો આવેલા છે.

હવે આ ૫૬ અંતરદ્વીપોના મનુષ્યોનું સ્વરૂપ કહે છે. ૭૨. (૪૭૦)

**अंतर दीवेसु नरा, धणुसय अट्ठस्सिया सया मुइया।**
**पालंति मिहुणधम्मं, पल्लस्स असंखभागाउ ॥७३॥ (૪૭૧)**
**चउसट्ठीपिट्ठकरं-डयाण मणुयाण तेसिमाहारो।**
**भत्तस्स चउत्थस्स य, उणसीइ दिणाणि पालणया॥७४॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—अन्तरद्वीपेषु नरा धनुःशतानि अष्टौ उच्छ्रिताः सदा मुदिताः ।
पालयन्ति मिथुनधर्मं पल्यस्य असङ्ख्यभागाऽऽयुः ॥७३॥
चतुःषष्टिः पृष्ठकरण्डकानां मनुष्याणां तेषामाहारः ।
भक्तस्य चतुर्थस्य चैकोनाशीतिं दिनानि पालना ॥७४॥(४७२)

**અર્થ**—અંતરદ્વીપના મનુષ્યો આઠસો ધનુષ ઉંચા, યુગલિયા ધર્મને પાલનારા, પલ્યોપમના અસંખ્ય ભાગપ્રમાણ આયુષ્યવાળા, સદા આનંદિત હોય છે.

તે મનુષ્યોને ચોસઠ પાંસળીઓ, એક દિવસના આંતરે આહાર અને અગણાએંશી દિવસનું પાલન હોય છે.

**વિવેચન**—૫૬ અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો ૮૦૦ ધનુષપ્રમાણ ઉંચા, હંમેશાં સુખમાં આનંદ કરતા હોય છે. તેમને રોગ, શોકાદિ ઉપદ્રવનો લેશ પણ હોતો નથી. કેમકે તેઓ હૈમવંત આદિ ક્ષેત્રમાં રહેતા મનુષ્યોની જેમ કલ્પવૃક્ષોથી ઇચ્છિત વસ્તુ–ભોગ-ઉપભોગની સામગ્રી મેળવતા હોવાથી, તથા પ્રબલ પુણ્યશાળી હોવાથી રોગાદિ ઉપદ્રવ સંભવતો નથી.

પરંતુ આ કલ્પવૃક્ષના પુષ્પ, પત્ર, ફલાદિના રસનો સ્વાદ હૈમવંત ક્ષેત્રના કલ્પવૃક્ષો કરતાં અનંતગુણ હીન—ઓછા હોય છે એમ જાણવું.

આ યુગલિકો યુગલધર્મવાળા અને પલ્યોપમના અસંખ્ય ભાગ જેટલા આયુષ્યવાળા હોય છે. તથા તેમને ૬૪ પાંસળીઓ અને એક દિવસના આંતરે આહારની ઇચ્છા થાય છે. આ યુગલિકો પોતાના સંતાનનું પાલન ૭૯ દિવસ કરે છે.

૭૩–૭૪. (૪૭૧–૪૭૨)

હવે લવણસમુદ્રની ઉંડાઇ કહે છે.

## पंचाणउई लवणे, गंतूणं जोयणाणि उभओऽवि।
## जोयणमेगं लवणो, ओगाहेणं मुणेयव्वो॥७५॥(४७३)

છાયા—पञ्चनवतिं लवणे गत्वा योजनानि उभयतोऽपि ।
योजनमेकं लवणोऽवगाहेन वेदितव्यः ॥७५॥

**અર્થ**—લવણસમુદ્રમાં બન્ને બાજુથી પંચાણું યોજન જઇને લવણસમુદ્રની એક યોજન ઉંડાઈ જાણવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫૬ અંતરદ્વીપોનો યંત્ર

| અંતરદ્વીપો | જગતીથી દૂર | વૃત્તવિસ્તાર | જંબૂદ્વીપ તરફ જળથી ઉંચાઈ યો. ૯૫ ભાગ | સમુદ્ર તરફ જળથી ઉંચાઈ | દ્વીપની પરિધિ યોજન | કાળ | પાંસળીઓ | આહાર | અપત્ય પાલન | શરીરની ઉંચાઈ | આયુષ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પહેલા ૪ દ્વીપો | ૩૦૦ યો. | ૩૦૦ યો. | ૨॥—૨૦ | ૨ ગાઉ | ૯૪૯ | ત્રીજા આરાના પર્યંત ભાગ જેવો | ૬૪ પાંસળીઓ | એક દિવસના આંતરે | ૭૯ દિવસ | ૮૦૦ ધનુષ | પલ્યોપમનો અસંખ્ય ભાગ |
| બીજા ૪ દ્વીપો | ૪૦૦ ,, | ૪૦૦ ,, | ૨॥—૯૦ | ,, | ૧૨૬૫ | | | | | | |
| ત્રીજા ૪ દ્વીપો | ૫૦૦ ,, | ૫૦૦ ,, | ૩॥—૬૫ | ,, | ૧૫૮૧ | | | | | | |
| ચોથા ૪ દ્વીપો | ૬૦૦ ,, | ૬૦૦ ,, | ૪॥—૪૦ | ,, | ૧૮૯૭ | | | | | | |
| પાંચમા ૪ દ્વીપો | ૭૦૦ ,, | ૭૦૦ ,, | ૫॥—૧૫ | ,, | ૨૨૧૩ | | | | | | |
| છઠ્ઠા ૪ દ્વીપો | ૮૦૦ ,, | ૮૦૦ ,, | ૫॥—૮૫ | ,, | ૨૫૨૯ | | | | | | |
| સાતમા ૪ દ્વીપો | ૯૦૦ ,, | ૯૦૦ ,, | ૬॥—૬૦ | ,, | ૨૮૪૫ | | | | | | |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—લવણસમુદ્રમાં બન્ને બાજુથી એટલે જંબૂદ્વીપની વેદિકાથી અને ધાતકીખંડ દ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૯૫ યોજન જઇએ ત્યાં સમતલભૂમિથી એક યોજન ઉંડાઈ જાણવી. તે આ પ્રમાણે—

લવણસમુદ્રમાં ૯૫૦૦૦ યોજને ૧૦૦૦ યોજન ઉંડાઇ છે તો પંચાણું યોજને કેટલી ઉંડાઈ હોય ?

અહીં સરળતા માટે પહેલી અને બીજી રાશિની ત્રણ ત્રણ શૂન્ય કાઢી નાખતાં ૯૫–૧–૯૫ રહ્યા.

હવે બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગવા.

૧×૯૫=૯૫ | ૯૫)૯૫(૧ યોજન
૯૫
——
૦૦

લવણસમુદ્રમાં ૯૫ યોજન અંદર જઇએ ત્યાં એક યોજન ઉંડાઈ હોય. એટલે લવણસમુદ્રમાં દર ૯૫ યોજને ૯૫ યોજને ૧–૧ યોજન ઉંડાઈ વધતી જાય. યાવત્ ૯૫૦૦૦ યોજન સુધી ઉંડાઇ વધતી જાય. ૭૫. (૪૭૩)

**पंचाणउइं सहस्से, गंतूणं जोयणाणि उभओऽवि।**
**जोयणसहस्समेगं, लवणे ओगाहओ होइ॥७६॥(४७४)**

છાયા—पञ्चनवतिं सहस्राणि गत्वा योजनानि उभयतोऽपि ।
योजनसहस्रमेकं लवणस्यावगाहो भवति ॥७६॥

**અર્થ**—બન્ને બાજુ પંચાણુ હજાર યોજને લવણસમુદ્રની એક હજાર યોજન ઉંડાઈ હોય છે.

**વિવેચન**—બન્ને તરફથી–જંબૂદ્વીપની વેદિકાથી અને ધાતકીખંડ દ્વીપથી લવણ સમુદ્રમાં ૯૫૦૦૦ યોજન જઈએ ત્યાં લવણસમુદ્રની ઉંડાઈ ૧૦૦૦ યોજન હોય છે.

અહીં ત્રિરાશિ કરતાં ૯૫ યોજન અંદર ૧ યોજન ઉંડાઈ છે. તો ૯૫૦૦૦ યોજન પર્યંતે કેટલી ઉંડાઇ હોય ?

૯૫ | ૧ | ૯૫૦૦૦ બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણી પહેલી રાશિથી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧×૯૫૦૦૦=૯૫૦૦૦ | ૯૫) ૯૫૦૦૦(૧૦૦૦ યોજન<br>૯૫<br>———<br>૦૦૦૦૦ |

આ રીતે જઘન્ય ઉંડાઈ અને ઉત્કૃષ્ટ ઉંડાઇ કહી. આના ઉપરથી મધ્યભાગની ઉંડાઇ સ્વયં સમજી લેવી. ૭૬. (૪૭૪)

હવે લવણસમુદ્રની ઉંચાઈ કહે છે.

**पंचाणउइं लवणे, गंतूणं, जोयणाणि उभओऽवि।**
**उस्सेहेणं लवणे, सोलस किल जोयणे होइ ॥७७॥(४७५)**

છાયા—**पञ्चनवतिं लवणे गत्वा योजनानि उभयतोऽपि ।**
**उत्सेधेन लवणः षोडश किल योजनानि भवति ॥७७॥**

**અર્થ**—બન્ને તરફ લવણસમુદ્રમાં પંચાણુ યોજન જઈએ ત્યાં લવણસમુદ્ર ઉંચાઇમાં સોળ યોજન થાય.

**વિવેચન**—બન્ને બાજુથી એટલે જંબૂદ્વીપની વેદિકાથી અને ધાતકીખંડદ્વીપથી લવણસમુદ્રમાં ૯૫ યોજન જતાં સમતલ ભૂમિથી લવણસમુદ્રની (પાણીની) ઉંચાઈ ૧૬ યોજન થાય છે.

અહીં ૧૬૦૦૦ યોજન પ્રમાણ શિખાની ઉપરના ભાગથી બન્ને તરફ વેદિકા સુધી દોરી સ્થાપવામાં આવે તો વચમાં જે કંઈ ભાગ પાણી વિનાનો છે, તે ખાલી ભાગ પણ કર્ણગતિની વિવક્ષાએ પાણીસહિત ગણવામાં આવ્યો છે. અર્થાત્ ગણિતથી જેટલી ઉંચાઈ આવે તેટલી ઉંચાઇનો બધો ભાગ જળસહિત ગણવો. જેમ મેરુપર્વતની યોજને યોજને ૧/૧૧ ભાગ હાની થાય છે તેમ. તે આ પ્રમાણે–

મેરુપર્વતને બધે નિયત ૧/૧૧ ભાગ હાની હોતી નથી, પણ કોઇ ઠેકાણે–કેટલેક ઠેકાણે મૂલથી આરંભી શિખર સુધી દોરી મૂકતાં વચમાં કેટલાક ભાગમાં કેટલુંક આકાશ હોય છે. છતાં કર્ણગતિથી ગણતાં ખાલી આકાશનો ભાગ પણ મેરુ પર્વતપણે કલ્પીને ગણિતજ્ઞો સર્વત્ર યોજને યોજને ૧/૧૧ યોજન, ૧/૧૧ યોજન ભાગ હાની ગણે છે. તેમ અહીં લવણસમુદ્રમાં પાણીની ઉંચાઈ કર્ણગતિથી ગણવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો કે લવણસમુદ્રમાં ૧૬૦૦૦ યોજન ઉંચાઇ તો મધ્યભાગના ૧૦૦૦ યોજન વિસ્તારમાં જ છે. બાકી વેદિકાથી ૯૫૦૦૦ યોજને તો ૭૦૦ યોજનની જલવૃદ્ધિ થાય છે. પણ કર્ણગતિથી ૧૬૦૦૦ યોજન સુધીની ઉંચાઇથી વેદિકા સુધીનું ગણિત કરેલ છે. તે આ પ્રમાણે–

ત્રિરાશિ મૂકતાં ૯૫૦૦૦ યોજને ૧૬૦૦૦ યોજન જળની ઉંડાઈ છે તો ૯૫ યોજને કેટલી? ૯૫૦૦૦ | ૧૬૦૦૦ | ૯૫ આમાં પહેલી અને બીજી રાશિની ત્રણ-ત્રણ શૂન્ય દૂર કરતાં ૯૫ | ૧૬ | ૯૫ રહે. હવે બીજી રાશિને ત્રીજી રાશિથી ગુણીને પહેલી રાશિથી ભાગવા.

```
  ૧૬   | ૯૫)૧૫૨૦(૧૬ યોજન
 ×૯૫   |    ૯૫
 ----  |   ----
 ૧૫૨૦  |   ૦૫૭૦
       |    ૫૭૦
       |    ----
       |    ૦૦૦
```

૯૫ યોજને ૧૬ યોજન જળની ઉંચાઇ જાણવી. ૭૭. (૪૭૫)

## पंचाणउइं सहस्से, गंतूणं जोयणाणि उभओऽवि।
## उस्सेहेणं लवणो, सोलससाहस्सिओ भणिओ ॥७८॥(४७६)

છાયા—पञ्चनवतिं सहस्राणि गत्वा योजनानि उभयतोऽपि ।
उत्सेधेन लवणः षोडशसहस्राणि भणितः ॥७८॥

**અર્થ**—બન્ને તરફથી લવણસમુદ્રમાં પંચાણું હજાર યોજન જતાં લવણસમુદ્ર સોળ હજાર યોજન ઉંચો કહ્યો છે.

**વિવેચન**—બન્ને તરફથી એટલે જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૯૫૦૦૦ યોજન જઇએ ત્યાં તથા ધાતકીખંડ દ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ૯૫૦૦૦ યોજન જઇએ ત્યાં ઉંચાઈમાં લવણસમુદ્ર ૧૬૦૦૦ યોજન શ્રી જિનેશ્વર ભગવંત અને શ્રી ગણધર ભગવંતોએ કહેલ છે. તે આ પ્રમાણે–

૯૫ યોજને ૧૬ યોજન ઉંચાઈ તો ૯૫૦૦૦ યોજને કેટલી ઉંચાઈ?

૯૫ | ૧૬ | ૯૫૦૦૦ મધ્યરાશિને અંત્યરાશિથી ગુણીને પહેલી રાશિથી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
        ૧૬        |  ૯૫) ૧૫૨૦૦૦૦( ૧૬૦૦૦ યોજન
  ×૯૫૦૦૦         |       ૯૫
  ---------       |      -----
  ૧૫૨૦૦૦૦        |       ૫૭૦
                  |       ૫૭૦
                  |      -----
                  |       ૦૦૦૦૦૦
```

૯૫૦૦૦ યોજને લવણસમુદ્રની ઉંચાઇ ૧૬૦૦૦ યોજન જાણવી.

આ પ્રમાણે જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉંચાઈ કહી. મધ્યમ ઉંચાઇ આના ઉપરથી સ્વયં સમજી લેવી. ૭૮. (૪૭૬)

હવે લવણસમુદ્રની પ્રતરનું માપ કહે છે.

**वित्थाराओ सोहिय, दस य सहस्साइ सेस अद्धम्मि।**
**ते चेव पक्खिवित्ता, लवणसमुद्दस्स सा कोडी॥७९॥(४७७)**
**लक्खं पंचसहस्सा, कोडीए तीइ संगुणेऊणं।**
**लवणस्स मज्झपरिहिं, ताहे पयरं इमं होइ॥८०॥(४७८)**

છાયા—विस्तारात् शोधयित्वा दश च सहस्राणि शेषस्यार्धे ।
तानि चैव प्रक्षिप्य लवणसमुद्रस्य सा कोटिः ॥७९॥
लक्षं पञ्चसहस्राणि कोटया तया संगुण्य ।
लवणस्य मध्यपरिधिं ततः प्रतरमिदं भवति ॥८०॥

**અર્થ**—વિસ્તારમાંથી દશ હજાર ઓછા કરી બાકી રહે તેના અડધા કરી તેજ ઉમેરીએ તે લવણસમુદ્રની કોટી. આ કોટી એક લાખ પાંચ હજાર છે.

લવણસમુદ્રની આ કોટીથી મધ્ય પરિધિને ગુણતાં આ પ્રમાણે પ્રતર થાય.

**વિવેચન**—લવણસમુદ્રના વિસ્તારમાંથી ૧૦૦૦૦ ઓછા કરવા, બાકી રહે તેના અડધા કરવા અને તે જ, ૧૦૦૦૦ ઉમેરવા જે આવે તેનો કોટી નામથી વ્યવહાર કરાય છે.

```
લવણસમુદ્રનો વિસ્તાર ૨૦૦૦૦૦ યોજન
                  — ૧૦૦૦૦
                  ---------
                  ૧૯૦૦૦૦ આના અડધા કરતાં ૯૫૦૦૦ થયા.
```

તેમાં ૧૦૦૦૦ ઉમેરવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
  ૯૫૦૦૦
 +૧૦૦૦૦
 ──────
```

૧૦૫૦૦૦ આ એક લાખ અને પાંચ હજારને લવણસમુદ્રની કોટી તરીકે વ્યવહાર કરાય છે. આ કોટીથી લવણસમુદ્રની મધ્યપરિધિને ગુણતાં આ પ્રમાણે પ્રતર આવે. તે ગાથામાં કહે છે. ૭૯-૮૦. (૪૭૭-૪૭૮)

**नवनउई कोडिसया, एगट्ठी कोडि लक्ख सत्तरस।**
**पन्नरस सहस्साणि य, पयरं लवणस्स निद्दिट्ठं॥८१॥(४७९)**

છાયા—नवनवतिकोटिशतानि एकषष्टिकोटयो लक्षाः सप्तदश।
पञ्चदशसहस्राणि च प्रतरं लवणस्य निर्दिष्टम् ॥८१॥

**અર્થ**—નવ્વાણુ સો એકસઠ ક્રોડ સત્તર લાખ પંદર હજાર લવણસમુદ્રનું પ્રતર કહેલું છે.

**વિવેચન**—૯૯૬૧,૧૭૧૫૦૦૦ યોજનપ્રમાણ લવણસમુદ્રનું પ્રતર શ્રી જિનેશ્વર ભગવંતો તથા શ્રી ગણધર ભગવંતોએ કહેલું છે. તે આ પ્રમાણે-

લવણસમુદ્રની મધ્યપરિધિને ૧૦૫૦૦૦ થી ગુણવા.

લવણસમુદ્રની મધ્યપરિધિ ૯૪૮૬૮૩ યોજન છે. એટલે

```
       ૯૪૮૬૮૩
     ×૧૦૫૦૦૦
 ─────────────
   ૪૭૪૩૪૧૫૦૦૦
  ૯૪૮૬૮૩××
 ─────────────
```

૯૯૬૧૧૭૧૫૦૦૦ યોજન લવણસમુદ્રની પ્રતર જાણવી. ૮૧. (૪૭૯)

હવે ઘનગણિત કહે છે.

**जोयणसहस्स सोलस, लवणसिहाऽहोगया सहस्सेगं।**
**पयरं सत्तरस सहस्स संगुणं लवणघणगणियं॥८२॥(४८०)**

છાયા—योजनसहस्राणि षोडश लवणशिखाऽधोगता सहस्रमेकम्।
प्रतरं सप्तदशसहस्रसंगुणं लवणघनगणितम् ॥८२॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—સોળ હજાર યોજનની લવણની શિખા એક હજાર યોજન નીચે ગયેલી છે. પ્રતરને સત્તર હજારથી ગુણતાં લવણસમુદ્રનું ઘનગણિત આવે.

**વિવેચન**—લવણસમુદ્રના મધ્યભાગમાં સમતલ ભૂમિથી ૧૬૦૦૦ યોજન ઉંચી લવણસમુદ્રની પાણીની શિખા છે તે શિખા સમતલ ભૂમિથી એકહજાર યોજન નીચે ગયેલી છે. એટલે આ શિખા કુલ ૧૭૦૦૦ યોજન પ્રમાણ છે.

લવણસમુદ્રની પ્રતરને ૧૭૦૦૦ થી ગુણતા લવણસમુદ્રનું ઘનગણિત આ પ્રમાણે આવે. ૮૨. (૪૮૦)

**सोलस कोडाकोडी, तेणउइ कोडिसयसहस्साइं।**
**ऊयालीस सहस्सा, नवकोडिसया य पन्नरसा॥८३॥(४८१)**
**पन्नास सयसहस्सा, जोयणाणं भवे अणूणाइं।**
**लवणसमुद्दस्सेहिं, जोयणसंखाइ घनगणियं॥८४॥(४८२)**

છાયા—षोडश कोटीकोटयः त्रिनवतिः कोटिशतसहस्राणि ।
एकोनचत्वारिंशत् सहस्राणि नवकोटिशतानि च पञ्चदशानि ॥८३॥
पञ्चाशत् शतसहस्राणि योजनानां भवेदन्यूनानि ।
लवणसमुद्रस्य एतावत् योजनसङ्ख्याघनगणितम् ॥८४॥

**અર્થ**—સોળ કોડાકોડી, ત્રાણું લાખ ક્રોડ, ઓગણચાલીસ હજાર ક્રોડ, નવસો પંદર ક્રોડ પચાસ લાખ પૂર્ણ આટલી યોજન સંખ્યાએ લવણસમુદ્રનું ઘનગણિત છે.

**વિવેચન**—લવણસમુદ્રનું ઘનગણિત ૧૬ કોડાકોડી, ૯૩ લાખ કોડી, ૩૯૯૧૫ ક્રોડ, ૫૦ લાખ યોજન પુરેપુરં છે. ૧૬૯૩૩૯૯૧૫૫૦૦૦૦૦૦ યોજન ઘનગણિત થાય છે.

**શંકા**—લવણસમુદ્રનું આટલું બધું ઘનગણિત કેવી રીતે થાય? કેમકે લવણસમુદ્રની ઉંચાઇ બધે ૧૭૦૦૦ યોજન નથી પણ માત્ર મધ્યભાગના ૧૦૦૦૦ યોજન પ્રમાણ વિસ્તારમાં જ ૧૭૦૦૦ યોજન ઉંચાઈ છે.

**સમાધાન**—તમારૂં કહેવું બરાબર છે. લવણશિખાના મથાળેથી બન્ને બાજુની વેદિકા સુધી દોરીની એકસરખી લાઈનમાં વચમાં જળ વિનાની ખાલી જગ્યા હોવા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છતાં કર્ણગતિની વિવક્ષાથી પાણી વિનાની જગ્યા પણ પાણી સહિત ગણવાથી કોઈ વિરોધ નહિ આવે. જેમ મેરુપર્વત અંગે પહેલા કહી ગયા છીએ (ભાગ પહેલો, પૃષ્ઠ ૩૯૧–૩૯૨) તેથી અહીં પણ ઉપર મુજબ ઘનગણિતમાં કોઇ વિરોધ નથી.

આ વાત અમે મતિકલ્પનાથી નથી કહેતા પણ આચાર્ય ભગવંતે પોતે રચેલ વિશેષણવતી ગ્રંથના વિચારપ્રક્રમમાં કહેલી છે. તે આ પ્રમાણે–

**'एयं उभयवेइयंताओ सोलससहस्सुस्सेह कन्नगइए जं लवणसमुद्दाभवं जलसुन्नंपि खित्तं तस्य गणियं, जहा मंदरपव्वयस्स एक्कारसभागहाणी कन्नगईए आगासस्स वि तदाभवं (व्वं)ति काउं भणिया तहा लवणसमुद्दस्स वि ।'**

આ બન્ને બાજુની વેદિકાથી ૧૬૦૦૦ યોજન ઉંચાઈ સુધી કર્ણગતિથી લવણ સમુદ્ર સંબંધી જળથી જેટલું ક્ષેત્ર શૂન્ય હોય અર્થાત્ પાણી વગરનો જેટલો ભાગ હોય તેનું ગણિત પણ જેમ મેરુપર્વતના ખાલી ભાગને પણ મેરુનો ભાગ ગણી કર્ણ-ગતિથી ૧/૧૧ ભાગ હાની ગણીએ છીએ તેમ અહીં પણ તે પ્રમાણે લવણસમુદ્રના પાણી વિનાના ભાગને પાણીવાળો ગણીને લવણસમુદ્રનું ઘનગણિત કહ્યું છે.

લવણસમુદ્રની પ્રતર ૯૯૬૧૧૭૧૫૦૦૦

×૧૭૦૦૦

૬૯૭૨૮૨૦૦૫૦૦૦૦૦૦

૯૯૬૧૧૭૧૫×

૧૬૯૩૩૯૯૧૫૫૦૦૦૦૦૦

યોજન લવણસમુદ્રનું +ઘનગણિત જાણવું. ૮૩–૮૪. (૪૮૧–૪૮૨)

હવે શિખાના પરિમાણથી લવણસમુદ્રનો વિસ્તાર પરિમાણ કહે છે.

## जत्थिच्छासि विक्खंभं, ओगाहित्ताण नउयसयगुणियं।
## ते सोलसहि विभत्तं, उवरिमसहियं भवे गणियं ॥८५॥(४८३)

છાયા—यत्रेच्छसि विष्कम्भमवगाह्य नवति (अधिक) शतं गुणितम् ।
तत् षोडशभिर्विभक्तं उपरितनसहितं भवेत् गणितम् ॥८५॥

+અહીં લવણસમુદ્રની સમસ્ત પ્રતરને ૧૭૦૦૦ની ઉંચાઇથી ગુણીને ઘનગણિત કાઢયું છે. એટલે આમાં લવણસમુદ્રની મધ્યમાં જે ૧૦૦૦૦ યોજન વિસ્તારમાં ૧૭૦૦૦ યોજન ઉંચાઇ છે તે આખા લવણસમુદ્રમાં વિવક્ષા કરીને આખા લવણસમુદ્રની પ્રતરને ૧૭૦૦૦થી ગુણીને ઘનગણિત કરેલ છે. એમ સમજાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—જ્યાંનો વિસ્તાર જાણવાની ઇચ્છા હોય તેને (ત્યાંની અવગાહનાને) એકસો નેવુંથી ગુણી તેને સોળથી ભાગવા અને ઉપરનો વિસ્તાર ઉમેરતાં ગણિત થાય.

**વિવેચન**—અહીં મધ્યમાં આવેલ પાણીની શિખાની ઉંચાઇથી લવણસમુદ્રનો વિસ્તાર કાઢવાની રીત બતાવી છે. શિખાથી જેટલા નીચે ઉતરીને લવણસમુદ્રનો વિસ્તાર કાઢવો હોય તેટલા (નીચે ઉતરેલા) યોજનને ૧૯૦ થી ગુણી ૧૬ થી ભાગવા અને તેમાં ઉપરનો ભાગ(૧૦૦૦૦)ઉમેરવો. આમ જનરલ સર્વવ્યાપ્ત-શિખાના મસ્તકથી ગમે તેટલા યોજન નીચે ઉતરતા લવણસમુદ્રનો વિસ્તાર કાઢવા માટે કરણ બનાવ્યું તેમ છતાં આ રીતનો ઉપયોગ શિખાના ઉપરના ભાગથી છેક નીચે સમતલ ભૂભાગ સુધી જ લવણસમુદ્રનો વિસ્તાર કાઢવા માટે કરવાનો છે; બીજે નહિ. કેમ કે કરણની ભાવનામાં આ ગાથાનો અર્થ આ રીત કરેલ છે. તેથી લવણસમુદ્રની શિખાથી ૧૬૦૦૦ યોજન નીચે ઉતરતા લવણ સમુદ્રનો વિસ્તાર આ રીતે આવે.

```
  ૧૬૦૦૦            |  ૧૬) ૩૦૪૦૦૦૦ (૧૯૦૦૦૦
  ×૧૯૦             |      ૧૬
 ---------         |     ----
  ૧૪૪૦૦૦૦          |      ૧૪૪
  ૧૬×              |      ૧૪૪
 ---------         |     -----
  ૩૦૪૦૦૦૦          |      ૧૦૦૦૦૦૦

          ૧૯૦૦૦૦
         +૧૦૦૦૦
         --------
          ૨૦૦૦૦૦ યોજન
```

આમ કુલ ૨૦૦૦૦૦ યોજન સમભૂતલ લવણસમુદ્રનો વિસ્તાર આવ્યો. વચમાંના કોઇ ભાગથી ગણિત કરતાં આખા સમુદ્રનો વિસ્તાર આવશે નહિ. માત્ર શિખાથી સમભૂતલા સુધીનો ૧૬૦૦૦ ને ૧૯૦ થી ગુણી ૧૬ થી ભાગી અને ૧૦૦૦૦ ઉમેરતાં જ આવે છે. આ ગાથાની વ્યાખ્યા આ રીતે કરેલી છે. ૮૫(૪૮૩)

હવે બહારના પ્રદેશથી અંદરના પ્રવેશમાં ઉંચાઇ જાણવાની રીત કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# जत्थिच्छसि उस्सेहं, ओगाहित्ताण लवणसलिलस्स। पंचाणउइविभत्ते, सोलसगुणिए गणियमाहु ॥८६॥(४८४)

છાયા—यत्रेच्छसि उत्सेधमवगाह्य लवणसलिलस्य ।
पञ्चनवत्या विभक्ते षोडशगुणिते गणितमाहुः ॥८६॥

**અર્થ**—લવણસમુદ્રના પાણીમાં અંદર જ્યાં ઉંચાઈ જાણવાની ઈચ્છા હોય ત્યાં પંચાણુથી ભાગી સોળથી ગુણવાનું ગણિતના જાણકાર કહે છે.

**વિવેચન**—લવણસમુદ્રના બહારના ભાગથી એટલે વેદિકાથી લવણસમુદ્રની અંદર જેટલા યોજને લવણસમુદ્રની ઉંચાઈ જાણવાની ઇચ્છા હોય ત્યાં તેટલા યોજનને ૯૫ થી ભાગી ૧૬ થી ગુણવાથી ઇચ્છિત સ્થાનની ઉંચાઈ આવે. આ પ્રમાણે ગણિતના જાણકાર શ્રી તીર્થંકર ભગવાન અને શ્રી ગણધર ભગવંતો કહે છે–કહેલું છે.

વેદિકાથી ૯૫૦૦૦ યોજને લવણસમુદ્રની ઉંચાઈ કેટલી હોય? તે જાણવી છે તો પ્રથમ ૯૫ થી ભાગી ૧૬ થી ગુણવા.

```
   | | |
૯૫)૯૫૦૦૦(૧૦૦૦          ૧૦૦૦
   ૯૫                   ×૧૬
   ─────               ──────
   ૦૦૦૦૦               ૧૬૦૦૦
```

૯૫૦૦૦ યોજને લવણસમુદ્રની ૧૬૦૦૦ યોજન ઉંચાઇ હોય.

૪૦૦૦૦ યોજને ઉંચાઈ કેટલી હોય? તો

```
     | |
૯૫)૪૦૦૦૦(૪૨૧
   ૩૮૦
   ────
   ૦૨૦૦           ૪૨૧              ૫
    ૧૯૦           ×૧૬            ×૧૬
   ────        ─────────         ─────
     ૧૦૦       ૬૭૩૬ યોજન        ૮૦ ભાગ
      ૯૫
     ────
       ૫
```

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪૦૦૦૦ યોજને લવણસમુદ્રની ઉંચાઇ ૬૭૩૬-૮૦/૯૫ યોજન હોય. આ રીત[1] પ્રમાણે જ્યાં જ્યાં પાણીની ઉંચાઈ જાણવી હોય ત્યાંની ઉંચાઇ જાણવી.

બન્ને બાજુથી ૯૫૦૦૦ યોજન સુધીજ આ રીત પ્રમાણે ઉંચાઈ જાણવી, આગળ નહિ. કેમકે ૯૫૦૦૦ યોજન પછી ૧૦૦૦૦ યોજન સુધી તો એકસરખી ૧૬૦૦૦ યોજન ઉંચાઇ છે. ૮૬ (૪૮૪)

હવે બહારના ભાગથી અંદરના પ્રવેશમાં ઉંડાઇ લાવવાની રીત કહે છે.

**जत्थिच्छसि उव्वेहं, ओगाहित्ताण लवणसलिलस्स।**
**पंचाणउइविभत्ते, जं लद्धं सो उ उव्वेहो ॥८७॥(४८५)**

છાયા—यत्रेच्छसि उद्वेधं अवगाह्य लवणसलिलस्य ।
पञ्चनवतिविभक्तेवे यत् लब्धं स तु उद्वेधः ॥८७॥

**અર્થ**—લવણસમુદ્રની અંદર જ્યાંની ઉંડાઇ જાણવાની ઇચ્છા હોય ત્યાં પંચાણુંથી ભાગવા. જે આવે તે ઉંડાઇ હોય.

**વિવેચન**—બહારના ભાગથી એટલે વેદિકાની બન્ને બાજુથી લવણસમુદ્રની અંદર જેટલા યોજને લવણસમુદ્રની ઉંડાઇ જાણવી હોય ત્યાં તેટલા યોજનને ૯૫ થી ભાગવા. જે આવે તે ત્યાંની ઉંડાઈ હોય.

વેદિકાથી ૯૫૦૦૦ યોજન ગયે લવણસમુદ્રની ઉંડાઈ કેટલી હોય? તો ૯૫૦૦૦ ને ૯૫ થી ભાગવા.

```
૯૫) ૯૫૦૦૦ (૧૦૦૦ યોજન
    ૯૫
    ----
    ૦૦૦૦
```

લવણસમુદ્રની અંદર ૯૫૦૦૦ યોજને લવણસમુદ્રની ઉંડાઇ ૧૦૦૦ યોજન હોય આ પ્રમાણે બધે જાણવું. ૮૭ (૪૮૫)

હવે સમુદ્રમાં ચંદ્ર-સૂર્ય વગેરેની સંખ્યા કહે છે.

**चत्तारि चेव चंदा, चत्तारि य सूरिया लवणतोए।**
**बार नक्खत्तसयं, गहाण तिन्नेव बावन्ना ॥८८॥(४८६)**

૧-આ ઉંચાઈ પણ વેદિકાથી પાણીની શિખા સુધી દોરી મૂકીને-એટલે કર્ણ ગતિ વિવિક્ષાથી જાણવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**दो चेव य सहस्सा, सत्तट्ठी खलु भवे सहस्सा य।**
**नय य सया लवणजले, तारागणकोडिकोडीणं ॥८९॥(४८७)**

છાયા—चत्वारश्चैव चन्द्राः चत्वारश्च सूर्या लवणतोये ।
द्वादशं नक्षत्रशतं ग्रहास्त्रीण्यैव द्विपञ्चाशदधिकानि ॥८८॥
द्वे चैव शतसहस्रे सप्तषष्टिः खलु भवेत् सहस्राणि च ।
नव च शतानि लवणजले तारागणकोटीकाटीनाम् ॥८९॥

**અર્થ**—લવણસમુદ્રમાં ચાર ચંદ્રો અને ચાર સૂર્યો, એકસોબાર નક્ષત્રો, ત્રણસો બાવન ગ્રહો અને બે લાખ સડસઠ હજાર નવસો કોડાકોડી તારાનો સમુહ છે.

**વિવેચન**—લવણસમુદ્રમાં જે ૪ ચંદ્રો અને ૪ સૂર્યો છે. તે આ ૪ ચંદ્રો અને ૪ સૂર્યો જંબૂદ્વીપમાં રહેલા ચંદ્ર અને સૂર્યની સમશ્રેણી–એકજ લાઈનમાં રહેલાં છે. અર્થાત્ ચંદ્રની લાઇનમાં ૨–૨ ચંદ્રો અને સૂર્યની લાઈનમા ૨–૨ સૂર્ય ફરતા રહે છે. તે આ પ્રમાણે—

લવણસમુદ્રના બે સૂર્યો જંબૂદ્વીપમાં રહેલ પહેલા સૂર્યની લાઇનમાં અને બે સૂર્યો જંબૂદ્વીપમાં રહેલ બીજા સૂર્યની લાઇનમાં રહેલા છે. તે પ્રમાણે લવણસમુદ્રના બે ચંદ્રો જંબૂદ્વીપના પહેલા ચંદ્રની લાઇનમાં અને બે ચંદ્રો જંબૂદ્વીપના બીજા ચંદ્રની લાઇનમાં રહેલા જાણવા.

એટલે જંબૂદ્વીપમાં રહેલ એક સૂર્ય મેરુપર્વતથી દક્ષિણ તરફ ગતિ કરતો હોય ત્યારે તે જ સૂર્યની સમશ્રેણીમાં લવણસમુદ્રમાં પણ એક સૂર્ય શિખાની અંદર (જંબૂદ્વીપ તરફ) અને તે જ સમશ્રેણીએ બીજો સૂર્ય શિખાની બહાર (ધાતકીખંડ દ્વીપ તરફ) ગતિ કરતો હોય છે. આજ પ્રમાણે જંબૂદ્વીપનો બીજો સૂર્ય જે મેરુપર્વતથી ઉત્તર તરફ ગતિ કરતો હોય ત્યારે તે જ સૂર્યની સમશ્રેણીમાં લવણસમુદ્રમાં ત્રીજો સૂર્ય ઉત્તર તરફ શિખાની અંદર અને તે જ સમશ્રેણીએ ચોથો સૂર્ય શિખાની બહાર ગતિ કરતો હોય છે.

આ પ્રમાણે જંબૂદ્વીપનો એક ચંદ્ર મેરુપર્વતથી પૂર્વ તરફ ગતિ કરતો હોય ત્યારે તેની સમશ્રેણીએ લવણસમુદ્રનો એક ચંદ્ર શિખાની અંદર અને તેજ સમશ્રેણીએ બીજો ચંદ્ર શિખાની બહાર ગતિ કરે છે. તથા જંબૂદ્વીપનો બીજો ચંદ્ર મેરુપર્વતથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પશ્ચિમ દિશામાં ગતિ કરતો હોય ત્યારે તેની સમશ્રેણીએ લવણસમુદ્રનો ત્રીજો ચંદ્ર શિખાની અંદર અને તેજ સમશ્રેણીએ ચોથો ચંદ્ર શિખાની બહાર ગતિ કરતો હોય છે.

આથી જ જંબૂદ્વીપની જેમ લવણસમુદ્રમાં પણ મેરુની દક્ષિણ તરફ જ્યારે દિવસ હોય ત્યારે મેરુની ઉત્તર તરફ પણ દિવસ હોય છે. એટલે લવણસમુદ્રમાં પણ મેરુની દક્ષિણમાં દિવસ હોય ત્યારે લવણસમુદ્રમાં મેરુની ઉત્તરમાં પણ દિવસ હોય છે તે વખતે મેરુથી પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં લવણસમુદ્રમાં રાત્રિ હોય છે.

જ્યારે મેરુપર્વતથી પૂર્વ દિશામાં લવણસમુદ્રમાં જ્યારે દિવસ હોય ત્યારે પશ્ચિમ દિશામાં પણ લવણસમુદ્રમાં દિવસ હોય છે, તે વખતે મેરુપર્વતથી દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં લવણસમુદ્રમાં નિયમા રાત્રિ હોય છે.

આ પ્રમાણે ધાતકીખંડ દ્વીપમાં કાલોદધિ સમુદ્રમાં અને પુષ્કરાર્ધદ્વીપમાં પણ બધા ચંદ્રો અને બધા સૂર્યો જંબૂદ્વીપના ચંદ્ર અને સૂર્યની સમશ્રેણીમાં રહેલા હોય છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે–

**'जया णं लवणसमुद्दे दाहिणड्ढे दिवसे भवइ, तया णं उत्तरड्ढे वि दिवसे भवइ। जया णं उत्तरड्ढे दिवसे भवइ तया णं लवणसमुद्दे दाहिणड्ढे वि दिवसे भवइ। तया णं लवणसमुद्दे पुरत्थिमपच्चत्थिमे णं राई भवइ। एवं जहा जंबूदीवे तहेव। तथा जया णं धायइसंडे दीवे दाहिणड्ढे दिवसे भवइ तया णं उत्तरड्ढे वि दिवसे भवइ, तया णं धायइसंडे दीवे मंदराणं पुरत्थिमपच्चमित्थिमे णं राई भवइ। एवं जहा जंबूदीवे तहेव। कालोए जहा लवणे तहेव। तथा जया णं अब्भिंतरपुक्खरद्धे दाहिणड्ढे दिवसे भवइ तया णं उत्तरड्ढे वि दिवसे भवइ, तया णं अब्भिंतरपुक्खरद्धे मंदराणं पव्वयाणं पुरत्थिमपच्चत्थिमेणं राई भवइ। सेसं जहा जंबूदीवे तहेव।'**

'જ્યારે લવણસમુદ્રનાં દક્ષિણાર્ધમાં દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્ધમાં દિવસ હોય છે ત્યારે લવણસમુદ્રના દક્ષિણાર્ધમાં પણ દિવસ હોય છે. ત્યારે લવણસમુદ્રની પૂર્વમાં અને પશ્ચિમમાં રાત્રિ થાય છે. જેમ જંબૂદ્વીપમાં છે તેમ અહીં તે પ્રમાણે.

તથા જ્યારે ધાતકીખંડ દ્વીપના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે, ત્યારે ધાતકીખંડ દ્વીપમાં મેરુપર્વતથી પૂર્વમાં અને પશ્ચિમમાં રાત્રિ હોય છે. જેમ જંબૂદ્વીપમાં છે તેમ અહીં તે પ્રમાણે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ લવણસમુદ્રમાં (રાત્રિ–દિવસ થાય) છે તેમ કાલોદધિ સમુદ્રમાં (રાત્રિ દિવસ થાય) છે.

તથા જ્યારે અભ્યંતર પુષ્કરાર્ધના દક્ષિણાર્ધમાં દિવસ થાય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ થાય છે. તે વખતે અભ્યંતર પુષ્કરાર્ધના મેરુ પર્વતની પૂર્વમાં અને પશ્ચિમમાં રાત્રિ હોય છે. બાકીનું બધું જંબૂદ્વીપની જેમ અર્થાત્ જંબૂદ્વીપના ચંદ્ર–સૂર્યની સમશ્રેણીમાં જ બધા ચંદ્રો અને સૂર્યો રહેલા જાણવા.

**શંકા**—લવણસમુદ્રમાં ૧૬૦૦૦ યોજન પ્રમાણ પાણીની શિખા છે તો ચંદ્ર–સૂર્યોને ત્યાં ગતિ કરતા ગતિનો વ્યાઘાત કેમ થતો નથી? કેમ કે લવણસમુદ્રના મધ્યભાગમાં ૧૦૦૦૦ યોજન પ્રમાણ જાડી અને ૧૬૦૦૦ યોજન પ્રમાણ ઉંચી પાણીની શિખા રહેલી છે, જ્યારે જ્યોતિષીઓ ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધી ગતિ કરનારા છે. તો શિખામાં પાણી હોવાથી શિખાની અંદર વિમાનો કેવી રીતે ગતિ કરે?

**સમાધાન**—લવણસમુદ્ર સિવાયના દ્વીપ–સમુદ્રોમાં જે જ્યોતિષીઓના વિમાનો છે તે બધા સામાન્ય સ્ફટિકમય છે અર્થાત્ સાદા સ્ફટિકવાળા છે, જ્યારે લવણસમુદ્રમાં જે જ્યોતિષીઓના વિમાનો છે, તે જગત સ્વભાવે કરી દગસ્ફટિકમય એટલે પાણીને ફાડવાના સ્વભાવવાળા, જેથી પાણીમાં પોતાની જગ્યા કરીને ગતિ કરવાવાળા હોય છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે–

**‘ जोईसियविमाणाइं, सव्वाइं हवंति फालिहमयाइं।**
**दगफालियमया पुण, लवणे जे जोइस विमाणा ॥ ’**

સઘળાંએ જ્યોતિષી વિમાનો સ્ફટિકમય છે; જ્યારે લવણસમુદ્રમાં જે જ્યોતિષી વિમાનો છે તે દગસ્ફટિક અર્થાત્ પાણીને ફાડવાના સ્વભાવવાળા છે. આથી શિખાના પાણીની અંદર ગતિ કરતાં જ્યાતિષી વિમાનોને કોઇ જાતનો વ્યાઘાત થતો નથી.

વળી લવણસમુદ્ર સિવાયના દ્વીપ–સમુદ્રોમાં રહેલા જ્યોતિષીઓના ચંદ્ર–સૂર્યના વિમાનો અધો લેશ્યાવાળા—નીચે વધુ પ્રકાશ કરવાવાળા, જ્યારે લવણસમુદ્રના ચંદ્ર–સૂર્યના વિમાનો જગત્સ્વભાવે ઉર્ધ્વલેશ્યાવાળા– ઉંચે વધુ પ્રકાશ કરવાવાળા છે તેથી લવણસમુદ્રમાં શિખામાં પણ બધે પ્રકાશ થાય છે.

ઉપરોક્ત વાત પ્રાયઃ ઘણાને અપ્રતિત હોય તેમ હોવાથી સ્વયંઆચાર્ય ભગવંતે રચેલ વિશેષણવતી ગ્રંથમાં બતાવેલ છે કે–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'सोलससाहस्सियाए सिहाए कहं जोईसियविघातो न भवति ? तत्थ भन्नइ, जेण सूरपन्नतीए भणियं--' जोइसियविमाणाइं, सव्वाइं हवंति फालिहमयाइं। दगफालिहमया पुण, लवणे जे जोइस विमाणा ॥१॥ जं सव्वदीवसमुद्दे फालियमयाइं, लवणसमुद्दे चेव केवलं दगफालियमयाइं तत्थ इदमेव कारणं मा उदगेण विघातो भवउ त्ति। जं सूरपन्नत्तीए चेव भणियं 'लवणंतो जोइसिया, उड्ढलेसा हवंति नायव्वा। तेण परं जोइसिया, अहलेसागा मुणेयव्वा ॥१॥ तं पि उदगमालावभासणत्थमेव लोगठिई एसा।'

**પ્રશ્ન**—૧૬૦૦૦ યોજનની શિખામાં જ્યોતિષીનો વિઘાત કેમ થતો નથી?

**ઉત્તર**—જે માટે સૂર્યપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે 'સર્વ જ્યોતિષી વિમાનો સ્ફટિકમય છે, જ્યારે લવણસમુદ્રમાં જે જ્યોતિષી વિમાનો છે તે દગસ્ફટિકમય-પાણીને ફાડવાના સ્વભાવવાળા સ્ફટિકવાળા છે.' સઘળાંયે દ્વીપ-સમુદ્રોમાં જ્યોતિષી વિમાનો સ્ફટિકમય છે, લવણસમુદ્રમાં કેવલ દગસ્ફટિકમય છે. તેમાં આજ કારણ છે કે 'પાણીથી વિમાનોને વ્યાઘાત ન થાય ? '

વળી સૂર્યપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે- 'લવણસમુદ્રમાં જ્યોતિષીઓ ઉર્ધ્વ લેશ્યાવાળા જાણવા. તે સિવાયના જ્યોતિષીઓ અધો લેશ્યાવાળા જાણવા. તેથી પાણીમાલાને અર્થાત્ જળશિખાને પ્રકાશિત કરવા માટે જ ઉર્ધ્વ લેશ્યાવાળા એટલે ઉંચે પ્રકાશ કરવાવાળા છે. આમાં લોકસ્વભાવ જ કારણ છે.

જંબૂદ્રીપ-ધાતકીખંડ આદિ દ્વીપસમુદ્રોના ચંદ્ર-સૂર્યનો ઉર્ધ્વપ્રકાશ માત્ર ૧૦૦ યોજન સુધીનો હોય છે. જ્યારે લવણસમુદ્રના ચંદ્ર-સૂર્યનો ઉર્ધ્વપ્રકાશ ૮૦૦ યોજનથી અધિક છે.

લવણસમુદ્રમાં ૧૧૨ નક્ષત્રો, તે આ પ્રમાણે-એક એક ચંદ્રના પરિવારમાં ૨૮-૨૮ નક્ષત્રો હોય છે. લવણસમુદ્રમાં કુલ ૪ ચંદ્રો છે, એટલે ૨૮×૪=૧૧૨ નક્ષત્રો થાય.

લવણસમુદ્રમાં ૩૫૨ ગ્રહો છે. તે આ પ્રમાણે એક-એક ચંદ્રના પરિવારમાં ૮૮-૮૮ ગ્રહો હોય છે એટલે ૪ ચંદ્રના. ૪×૮૮=૩૫૨ ગ્રહો થાય.

લવણસમુદ્રમાં ૨૬૭૯૦૦ કોડા કોડી તારા હોય છે. તે આ પ્રમાણે એક એક ચંદ્રના પરિવારમાં ૬૬૯૭૫ કોડા કોડી તારા છે એટલે ૬૬૯૭૫ કોડાકોડીને ૪ થી ગુણતાં-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬૬૯૭૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦

× ૪

૨૬૭૯૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ (સોળ મીંડા) તારા થાય.

વળી લવણસમુદ્રમાં ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજન (ઉત્સેધઆંગળના) પ્રમાણવાળા મત્સ્યાદિ જળચર જીવો હોય છે. જગતીના વિવરમાંથી પાણી સાથે જંબૂદ્વીપમાં ઉત્કૃષ્ટ નવયોજન સુધીના મત્સ્યાદિ આવી જાય.

લવણસમુદ્ર, કાલોદધિસમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્રમાં ઘણી જાતના અને ઘણા મત્સ્યાદિ હોય છે; બાકીના સમુદ્રોમાં અલ્પપ્રમાણમાં હોય છે.

અંતીમસમુદ્ર-સ્વયંભૂરમણ સમુદ્રમાં ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણવાળા, બીજો કાલોદધિસમુદ્રમાં ઉત્કૃષ્ટ ૭૦૦ યોજન પ્રમાણવાળા, પહેલો લવણસમુદ્રમાં ઉત્કૃષ્ટ ૫૦૦ યોજન પ્રમાણવાળા મત્સ્યાદિ હોય છે, જ્યારે બાકીના સમુદ્રોમાં ૭૦૦ થી ૯૦૦ યોજન સુધી મધ્યમ પ્રમાણવાળા મત્સ્યાદિ હોય છે. ૮૮-૮૯ (૪૮૬-૪૮૭)

હવે ઉપસંહાર કરતાં કહે છે.

## लवणोयही सम्मतो, खित्तसमासस्स बीयअहिगारो।
## गाहापरिमाणेणं, नायव्वो एस नवईओ ॥९०॥(४८८)

**છાયા—लवणोदधिः समाप्तः क्षेत्रसमासस्य द्वितीयोऽधिकारः ।**

**गाथापरिमाणेन ज्ञातव्य एषः नवतिकः ॥९०॥**

**અર્થ**—ક્ષેત્રસમાસનો બીજો અધિકાર લવણસમુદ્ર સંપૂર્ણ થયો. આ નેવું ગાથા પ્રમાણ જાણવો.

**વિવેચન**—ક્ષેત્રસમાસ પ્રકરણનો પહેલો અધિકાર જંબૂદ્વીપ નામનો હતો જ્યારે આ બીજો અધિકાર લવણસમુદ્ર નામનો સંપૂર્ણ થયો. આ બીજા અધિકારની કુલ ૯૦ ગાથા છે. ૯૦ (૪૮૮)

**ઇતિ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિરચિત શ્રીમલયગિરિ મહારાજની ટીકાનુસાર શ્રી બૃહત્ક્ષેત્ર સમાસ મહાગ્રંથના લવણસમુદ્ર નામના બીજા અધિકારનું ગુજરાતી વિવેચન.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# લવણસમુદ્રમાં આવેલા પદાર્થોનું સંક્ષિપ્ત યંત્ર (૧)

| નામ | કેટલાં | કયાંથી કયાં સુધી | ઉંચાઇ | ઉંડાઈ | પહોળાઇ | જગતીથી કેટલે દૂર | જંબૂદ્વીપ તરફ જળથી ઉંચો દેખાવ | શિખા તરફ જળથી ઉંચો દેખાવ | મૂલ વિસ્તાર | ઉપરનો વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગોતીર્થ | ૨ | બે જગતીથી ૯૫૦૦૦ યોજન | — | ક્રમશઃ ૧૦૦૦ યોજન | ૯૫૦૦૦ યો | પ્રારંભથી | — | — | — | — |
| જળવૃદ્ધિ | ૨ | ,, | ક્રમશઃ ૭૦૦ યોજન | — | ,, | ,, | — | — | — | — |
| શિખા | ૧ | મધ્ય ભાગમાં ૧૦૦૦૦ યોજન | સમભૂમિથી ૧૬૦૦૦ યોજન | — | ૧૦૦૦૦ યો | ૯૫૦૦૦ યો. | ૧૬૦૦૦ યો | ૧૬૦૦૦ યો. | ૧૦૦૦૦ યો | ૧૦૦૦૦ યો. |
| મોટાં કલશો | ૪ | ,, | ૧૦૦૦૦૦ યોજન | ૧૦૦૦૦૦યો. જમીનની અંદર | પેટના ભાગે ૧૦૦૦૦૦ યોજન | મોંઢાનો ભાગ ૯૫૦૦૦ યોજન | નથી | નથી | બુધ્નાનો ૧૦૦૦૦ યોજન | મુખનો ૧૦૦૦૦ યો. |
| નાનાં કલશો | ૭૮૮૪ | મધ્ય ભાગમાં મોટાં કલશના આંતરે | ૧૦૦૦ યોજન | ૧૦૦૦ યો. જમીનની અંદર | પેટના ભાગે ૧૦૦૦ યોજન | ,, | ,, | ,, | ૧૦૦ | ૧૦૦ યો. |
| વેલંધર પર્વતો | ૮ | ૪૨૦૦૦ યોજનથી ૪૩૦૨૨ યોજન સુધી | ૧૭૨૧ યોજન | ૪૩૧ યો. ૧ ગાઉ | ૧૦૨૨ યો. | ૪૨૦૦૦ યો | ૯૬૯-૪૦/૯૫ યોજન | ૯૬૩-૭૭/૯૫ યોજન | ૧૦૨૨ યો. | ૪૨૪ યો. |
| અંતરદ્વીપો | ૫૬ | જગતીથી ૩૦૦ યોજનથી ૯૦૦ યોજન સુધી (જુઓ યંત્ર, પેજ નંબર ૨૧૭) | | | | | | | | |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# લવણસમુદ્રમાં ગૌતમદ્વીપ આદિ ૨૫ દ્વીપોનો યંત્ર (૨)

| દ્વીપનું નામ | જંબૂદ્વીપના મેરુથી | જગતીથી દૂર સમુદ્રમાં | પરસ્પર દૂર | વૃત્ત વિસ્તાર | જંબૂ તરફ જળથી ઉંચા | લવણ તરફ મૂલથી ઉંચા | પાણીની બહાર દેખાતા | દ્વીપની ઉપર | અધિપતિ દેવનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગૌતમદ્વીપ | પશ્ચિમમાં | જંબૂદ્વીપની જગતીથી ૧૨૦૦૦ યો. | ૧૨૦૦૦ યો. | ૧૨૦૦૦ યો. | ૨૧૪–૭૦/૯૫ યો. ૨ ગાઉ | ૪૭૯–૪૫/૯૫ યો. ૨ ગાઉ | ૨ ગાઉ | સુસ્થિત દેવનો આવાસ | સુસ્થિત દેવ |
| ૪ ચંદ્રદ્વીપો | પૂર્વમાં | ,, | ,, | ,, | ,, | ,, | ,, | પ્રાસાદ | ૨ જંબૂદ્વીપના ચંદ્રદેવ<br>૨ અભ્યંતરલવણના ચંદ્રદેવ |
| ૪ સૂર્યદ્વીપો | પશ્ચિમમાં | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ૨ જંબૂના સૂર્યદેવ<br>૨ અભ્યંતરલવણના સૂર્યદેવ |
| ૮ ચંદ્રદ્વીપો | પૂર્વમાં | ધાતકીખંડની જગતીથી ૧૨૦૦૦ યો. | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ૨ બાહ્યલવણના ચંદ્રદેવ<br>૬ ધાતકીખંડના ચંદ્રદેવ |
| ૮ સૂર્યદ્વીપો | પશ્ચિમમાં | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ૨ બાહ્યલવણના સૂર્યદેવ<br>૬ ધાતકીખંડના સૂર્યદેવ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# બૃહત્ક્ષેત્ર સમાસ

## ત્રીજો—ધાતકીખંડ અધિકાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

# ૩ ધાતકીખંડદ્વીપ અધિકાર

આ પ્રમાણે લવણસમુદ્રનું સ્વરૂપ કહ્યું. હવે તે પછીના ધાતકીખંડનું સ્વરૂપ કહે છે.

**चत्तारि सयसहस्सा, धायइसंडस्स होइ विक्खंभो।**
**चत्तारि य से दारा, विजयाईया मुणेयव्वा ॥१॥(४८९)**

**છાયા**—चत्वारि शतसहस्राणि धातकीखण्डस्य भवति विष्कम्भः ।
चत्वारि च तस्य द्वाराणि विजयादीनि ज्ञातव्यानि ॥१॥

**અર્થ**—ધાતકીખંડનો વિસ્તાર ચાર લાખ યોજનનો થાય છે. અને તેને વિજયાદિ ચાર દ્વારો છે.

**વિવેચન**—લવણસમુદ્ર નામનો બીજો અધિકાર સમાપ્ત થયો, હવે ધાતકીખંડ નામનો ત્રીજો અધિકાર કહેવામાં આવે છે. આ ધાતકીખંડ લવણસમુદ્રને વિંટાઇને–વલયાકારે રહેલો છે. તેનો વિસ્તાર ૪ લાખ યોજન પ્રમાણ છે.

ધાતકીવૃક્ષથી શોભતો હોવાથી (જેનું વર્ણન આગળ કરવામાં આવશે) તથા આ દ્વીપના અધિપતિ બે દેવો જંબૂવૃક્ષ સરખા ધાતકી અને મહાધાતકી નામના બે મહાવૃક્ષો ઉપર રહે છે, તેથી આ દ્વીપનું ધાતકીખંડ નામ થયેલું છે. અથવા ત્રણે કાળમાં આ નામ એકસરખું શાશ્વત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ધાતકીખંડ દ્વીપને વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામના ચાર દ્વારો છે. તે આ પ્રમાણે–

| | | | | | |
|---|---|---|---|---|---|
| પૂર્વ | દિશામાં | વિજય | નામનું | દ્વાર | છે. |
| દક્ષિણ | ,, | વૈજયંત | ,, | ,, | ,, |
| પશ્ચિમ | ,, | જયંત | ,, | ,, | ,, |
| ઉત્તર | ,, | અપરાજિત | ,, | ,, | ,, |

આ દ્વારોની પહોળાઇ વગેરે જંબૂદ્વીપના દ્વાર સમાન જાણવી.

વિજયાદિ દ્વારના અધિપતિ વિજયાદિ દેવોનું સ્વરૂપ જંબૂદ્વીપના દ્વારના અધિપતિ વિજયાદિ દેવના સમાન બધુ જાણવું. વિશેષમાં ધાતકીખંડના દ્વારના અધિપતિ વિજયાદિ દેવોની રાજધાની તીર્ચ્છી અસંખ્ય દ્વીપ–સમદ્રો પછીના ધાતકીખંડ નામના દ્વીપમાં યથાયોગ્ય સ્થાને આવેલી છે. આ સંબંધમાં જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે– '**नवरिं रायहाणी अन्नम्मि धायइसंडे दीवे ।**' વિશેષમાં રાજધાની બીજા ધાતકીખંડ દ્વીપમાં છે. ૧. (૪૮૯)

હવે ધાતકીખંડ દ્વીપની પરિધિ કહે છે.

# ईयालीसं लक्खा, दस य सहस्साइं जोयणाणं तु।
# नव य सया एगट्ठा, किंचूणा परिरओ होइ(तस्स)॥२॥(४९०)

**છાયા**—**एकचत्त्वारिंशत् लक्षाः दश च सहस्राणि योजनानां तु ।**
**नव च शतानि एकषष्ठानि किश्चित् न्यूनानि परिरयो भवति ॥२॥**

**અર્થ**—તેની પરિધિ એકતાલીસ લાખ, દશ હજાર નવસો, એકસઠ યોજનમાં કંઇક ન્યૂન થાય છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપની પરિધિ ૪૧૧૦૯૬૧ યોજનમાં કંઈક ન્યૂન છે. તે આ પ્રમાણે–

| | |
|---|---|
| જંબૂદ્વીપનો વિસ્તાર | ૧૦૦૦૦૦ યોજન |
| લવણસમુદ્રનો ,, બે બાજુ થઇને | ૪૦૦૦૦૦ ,, |
| ધાતકીખંડનો ,, ,, ,, ,, | ૮૦૦૦૦૦ ,, |
| | ૧૩૦૦૦૦૦ યોજન થયા. |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનો રાશીવર્ગ કરી, દશગુણા કરી વર્ગમૂલ કાઢતા ધાતકીખંડની પરિધિ આવે.

૧૩૦૦૦૦૦
×૧૩૦૦૦૦૦
૧૬૯૦૦૦૦૦૦૦૦૦૦
×૧૦

૧૬૯૦૦૦૦૦૦૦૦૦૦૦ આનું વર્ગમૂલ કાઢતાં

| | |
|---|---|
| ૪ | ) ૧૬૯૦૦૦૦૦૦૦૦૦૦૦(૪૧૧૦૯૬૦ યોજન |
| ૪ | ૧૬ |
| ૮૧ | ૦૦૯૦ |
| ૧ | ૮૧ |
| ૮૨૧ | ૦૯૦૦ |
| ૧ | ૮૨૧ |
| ૮૨૨૦ | ૦૭૯૦૦૦૦ |
| ૦ | ૭૩૯૮૮૧ |
| ૮૨૨૦૯ | ૦૫૦૧૧૯૦૦ |
| ૯ | ૪૯૩૩૧૧૬ |
| ૮૨૨૧૮૬ | ૦૦૭૮૭૮૪૦૦ |
| ૬ | |
| ૮૨૨૧૯૨૦ | |

શેષની કંઇક ન્યૂન એક યોજન ઉમેરતાં ૪૧૧૦૯૬૧ યોજનમાં કંઇક ન્યૂન ધાતકીખંડ દ્વીપની પરિધિ આવે. ૨. (૪૯૦)

હવે દ્વારનું પરસ્પર અંતર કહે છે.

**पणतीसा सत्त सया, सत्तावीसा सहस्स दस लक्खा।**
**धायइसंडे दारंतरं, तु अवरं च कोसतिगं ॥३॥(४९१)**

છાયા—पञ्चत्रिंशानि सप्तशतानि सप्तविंशतिसहस्राणि दशलक्षाः ।
धातकीखण्डे द्वारन्तरं तु अपरं च क्रोशत्रिकम् ॥३॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—ધાતકીખંડ દ્વીપમાં દ્વારનું અંતર દર્સ લાખ, સત્તાવીસ હજાર, સાતસો પાંત્રીસ યોજન અને ઉપર ત્રણ ગાઉ છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપના ચાર દ્વારો છે. તે દ્વારોનું પરસ્પર અંતર એટલે એક દ્વારથી બીજુ દ્વાર ૧૦૨૭૭૩૫ યોજન અને ઉપર ૩ ગાઉ છે. તે આ પ્રમાણે—

ધાતકીખંડ દ્વીપના દ્વાર પણ જંબૂદ્વીપની જગતીના દ્વારની જેમજ ૪ાા યોજન છે. એટલે ચાર દ્વારના ૪ાા×૪=૧૮ યોજન થાય. આ ૧૮ યોજન ધાતકીખંડ દ્વીપની પરિધિમાંથી ઓછા કરવા.

| | | |
|---|---|---|
| | ધાતકીખંડની પરિધિ | ૪૧૧૦૯૬૧ યોજન |
| ૦— | ચાર દ્વારોની પહોળાઇ | ૧૮ યોજન |
| | | ૪૧૧૦૯૪૩ યોજન રહે આને ૪થી ભાગવા. |

```
    | | | | | |
૪) ૪૧ ૧ ૦ ૯ ૪ ૩(૧૦૨૭૭૩૫ યોજન
   ૪
   ૦૧૧
    ૮
     ૩૦
     ૨૮
      ૨૯
      ૨૮
      ૧૪
      ૧૨
        ૨૩
        ૨૦
         ૩ યોજન
```

૩×૪=૧૨ ગાઉ તેને ૪ થી ભાગતા.

```
૪) ૧૨ (૩ ગાઉ
   ૧૨
   ૦૦
```

ધાતકીખંડ દ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું અંતર ૧૦૨૭૭૩૫ યોજન અને ૩ ગાઉ પ્રમાણ છે. ૩. (૪૯૧)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે ધાતકીખંડ દ્વીપમાં જે બે ઇષુકાર નામના પર્વત છે. તે પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ વિભાગ કરનાર છે. તેની ઉંચાઇ વગેરે કહે છે.

**पंचसयजोयणुच्चा, सहस्समेगं तु होंति विच्छिन्ना।**
**कालोययलवणजले, पुट्ठा ते दाहिणुत्तरओ॥४॥(४९२)**
**दो उसुयारनगवरा, धायइसंडस्स मज्झयारट्ठिया।**
**तेहि दुहा निद्दिस्सइ, पुव्वद्धं पच्छिमद्धं च॥५॥(४९३)**

**છાયા—पञ्चशतयोजनोच्चै सहस्रमेकं तु भवतो विस्तीर्णौ ।**
**कालोदकलवणजले स्पृष्टौ तौ दक्षिणोत्तरतः ॥४॥**
**द्वौ इक्षुकारनगवरौ धातकीखण्डस्य मध्यभागस्थितौ ।**
**ताभ्यां द्विधा निर्दिश्यते पूर्वार्धं पश्चिमार्धं च ॥५॥**

**અર્થ**—ધાતકીખંડના મધ્ય ભાગમાં પાંચસો યોજન વિસ્તારવાળા, કાલોદધિ અને લવણસમુદ્રને સ્પર્શેલા; દક્ષિણ અને ઉત્તર તરફ બે ઇષુકાર પર્વતો આવેલા છે, તેનાથી પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ કહેવાય છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપની મધ્યમાં એક દક્ષિણ બાજુ અને એક ઉત્તર બાજુ એમ બે ઇષુકાર નામના પર્વતો આવેલા છે. એટલે એક ઇષુકાર પર્વત દક્ષિણ તરફના મધ્ય ભાગમાં અને બીજો ઇષુકાર પર્વત ઉત્તર તરફના મધ્ય ભાગમા રહેલો છે. અને બન્ને પર્વતોનો એક છેડો કાલોદધિ સમુદ્રને સ્પર્શેલો છે અને બીજો છેડો લવણસમુદ્રને સ્પર્શેલો છે. એટલે દક્ષિણ તરફ જે ઇષુકાર પર્વત છે તેનો દક્ષિણ છેડો કાલોદધિ સમુદ્રને અને ઉત્તર તરફનો છેડો લવણસમુદ્રને સ્પર્શેલો છે, જ્યારે ઉત્તર તરફ જે ઇષુકાર પર્વત છે તેનો દક્ષિણ તરફનો છેડો લવણસમુદ્રને અને ઉત્તર તરફનો છેડો કાલોદધિસમુદ્રને સ્પર્શેલો છે. અર્થાત્ ૪ લાખ યોજન લંબાઇવાળા છે.


આ બન્ને પર્વતો ૫૦૦ યોજન ઉંચા અને પૂર્વ-પશ્ચિમ ૧૦૦૦ યોજન વિસ્તારવાળા—પહોળા છે. આ બે ઇષુકાર પર્વતના યોગે ધાતકીખંડના બે વિભાગ પડેલા છે. તેથી એક પૂર્વાર્ધ ધાતકીખંડ કહેવાય છે અને બીજો પશ્ચિમાર્ધ ધાતકીખંડ કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપમાં રહેલા મેરુ પર્વતની અપેક્ષાએ પૂર્વ દિશા તરફનો ધાતકીખંડ પૂર્વાર્ધ અને પશ્ચિમ દિશા તરફનો ધાતકીખંડ પશ્ચિમાર્ધ તરીકે ઓળખવામાં આવે છે. ૪–૫. (૪૯૨–૪૯૩)

ધાતકીખંડના બે ઇષુકાર પર્વતો




હવે આ પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધની વચમાં રહેલ મેરુપર્વત આદિનું સ્વરૂપ જણાવે છે.

**पुव्वद्धस्स य मज्झे, मेरू तस्सेव दाहिणुत्तरओ।**
**वासाइं तिन्नि तिन्नि य, विदेहवासं च मज्झम्मि॥६॥(४९४)**

છાયા—पूर्वार्धस्य च मध्ये मेरुस्तस्यैव दक्षिणोत्तरत: ।
वर्षाणि त्रीणि त्रीणि च विदेहवर्षं च मध्ये ॥६॥


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—પૂર્વાર્ધના મધ્ય ભાગમાં મેરુ પર્વત છે. તેની જ દક્ષિણ તરફ અને ઉત્તર તરફ ત્રણ ત્રણ ક્ષેત્રો છે અને મધ્ય ભાગમાં વિદેહક્ષેત્ર છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ ભાગમાં ચ શબ્દથી પશ્ચિમાર્ધ ભાગમાં એટલે પૂર્વાર્ધના મધ્યભાગમાં એક મેરુ પર્વત અને પશ્ચિમાર્ધના મધ્યભાગમાં એક મેરુપર્વત આવેલો છે.

આ એક એક મેરુપર્વતની દક્ષિણ તરફ ત્રણ ત્રણ ક્ષેત્રો અને ઉત્તર તરફ ત્રણ ત્રણ ક્ષેત્રો તથા મધ્યભાગમાં મહાવિદેહ ક્ષેત્ર આવેલું છે. તે આ પ્રમાણે–

ધાતકીખંડમાં
**૧૪ મહાક્ષેત્રો, ૧૨ વર્ષધર પર્વતો તથા ૨ ઇષુકાર પર્વતો**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાખ્યા કરનારની અપેક્ષાએ એટલે અહીંની અપેક્ષાએ દક્ષિણ તરફ (આપણી પાછલી બાજુ રહેલ) લવણસમુદ્ર છે તે પછી ધાતકીખંડના ઈષુકાર પર્વતની પૂર્વ તરફ પડેલું ભરતક્ષેત્ર, ત્યાર પછી બીજુ હિમવંતક્ષેત્ર, ત્યાર પછી ત્રીજું હરિવર્ષક્ષેત્ર ત્યાર પછી મધ્યભાગમાં ચોથું મહાવિદેહ ક્ષેત્ર, ત્યાર પછી પાંચમું રમ્યક્ક્ષેત્ર, ત્યાર પછી છટ્ઠું હૈરણ્યવંતક્ષેત્ર અને ત્યાર પછી સાતમું ઐરવતક્ષેત્ર આવેલું છે. ત્યાર પછી ઉત્તર તરફનો ઇષુકાર પર્વત છે. તથા દક્ષિણ દિશામાં રહેલ ઇષુકાર પર્વતની પૂર્વ તરફ ઉપર મુજબ ક્ષેત્રો રહેલા છે. તેમ પશ્ચિમ દિશા તરફ પણ પહેલું ભરતક્ષેત્ર, ત્યાર પછી બીજુ હેમવંતક્ષેત્ર, ત્યાર પછી ત્રીજું હરિવર્ષક્ષેત્ર, ત્યાર પછી મધ્યભાગમાં ચોથું મહાવિદેહક્ષેત્ર, ત્યારપછી પાંચમુ રમ્યક્ક્ષેત્ર, ત્યાર પછી છટ્ઠું હૈરણ્યવંતક્ષેત્ર, અને ત્યાર પછી સાતમું ઐરવતક્ષેત્ર આવેલું છે. ત્યાર પછી ઉપર કહેલ ઉત્તર તરફનો ઇષુકાર પર્વત આવે. ૬. (૪૯૪)

હવે ભરત આદિ ક્ષેત્રોનો આકાર કહે છે.

## अरविवरसंठियाइं, चउलक्खा आययाइं खित्ताइं।
## अंतो संखित्ताइं, रुंदतराइं कमेण पुणो॥७॥(४९५)

**છાયા—अरकविवरसंस्थितानि चतस्रो लक्षाः आयतानि क्षेत्राणि ।**
**अन्तः संक्षिप्तानि रुन्दतराणि क्रमेण पुनः ॥७॥**

**અર્થ**—આરાના પોલાણ જેવાં સંસ્થાનવાળા ક્ષેત્રો ચાર લાખ યોજન લાંબા, અંદર સાંકડા અને તે પછી ક્રમસર પહોળા–પહોળા છે.

**વિવેચન**—ધાતકીખંડના ભરતાદિ ક્ષેત્રો ગાડાના ચક્રના આરાના પોલા ભાગ સમાન છે. તે આ પ્રમાણે–ચક્રના નાભિસ્થાને જંબૂદ્વીપ અને લવણસમુદ્ર છે, આરાના સ્થાને વર્ષધર પર્વતો છે. તેથી વર્ષધર પર્વતોના વચમાં રહેલા ક્ષેત્રો આરાના પોલા ભાગ જેવા લાગે છે. એટલે જાણે કે ધાતકીખંડ એ એક મહાનચક્ર (રથના પૈડા) સરખું છે, તેમાં જંબૂદ્વીપ સાથે લવણસમુદ્ર એ આ ચક્રની નાભિ છે અને કાલોદધિ-સમુદ્ર એ ચક્રનો વાટ (ચક્રને ફરતો લોખંડનો પટો અથવા પૈડાને ફરતું ટાયર) છે.

આવા પ્રકારના આ ધાતકીખંડદ્વીપરૂપી મહાચક્રમાં ૧૨ વર્ષધર પર્વતો અને બે ઇષુકાર પર્વતો મળી ૧૪ આરા સરખા છે, જ્યારે આ ૧૪ પર્વતોની વચ્ચે ૧૪ મહાક્ષેત્રો આવેલા છે, માટે ક્ષેત્રો આરાના વિવર–આંતરા સરખા છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ૧૪ પર્વતો આરાના સ્થાને હોવાથી અંદર એટલે લવણસમુદ્ર તરફ જેટલાં પહોળા છે, તેટલા જ પહોળા બહાર એટલે કાલોદધિ સમુદ્ર પાસે પણ તેટલા જ પહોળા છે અને લંબાઇમાં બધા ૪ લાખ યોજન છે.

જ્યારે આંતરામાં રહેલ ભરત આદિ ૧૪ મહાક્ષેત્રોની પહોળાઈમાં બહુ વિષમતા છે. કેમકે અંદર એટલે લવણસમુદ્ર તરફ ક્ષેત્રોની પહોળાઇ ઓછી એટલે સાંકડા છે તે પછી ક્રમસર ચક્રના વિવર પ્રમાણે પહોળાઈ વધતી વધતી એટલે થોડા થોડા પહોળા પહોળા થતાં કલિોદધિ સમુદ્ર પાસે પહોળાઇ ઘણી વધી જાય છે. આ ભરતાદિ ૧૪ ક્ષેત્રો લંબાઇમાં તો ૪ લાખ યોજન પ્રમાણ છે. ૭. (૪૯૫)

હવે આ ભરતાદિ ક્ષેત્રો અંદર એટલે લવણસમુદ્ર પાસે, મધ્યભાગમાં અને બહાર એટલે કાલોદધિસમુદ્ર પાસે વિસ્તારમાં કેટલા છે તે જણાવતા પહેલાં મુખનો એટલે લવણસમુદ્ર પાસે વિસ્તાર લાવવાની રીત કહે છે.

**जंबूद्दीवा दुगुणा, वासहरा हुंति धायईसंडे।**
**उसुयारा साहस्सा, से मिलिया हुंतिमे खेत्तं॥८॥(४९६)**

છાયા—जम्बूद्वीपात् द्विगुणा वर्षधराः भवन्ति धातकीखण्डे ।
इषुकारौ साहस्रौ ते मिलिताः भवन्ति इदं क्षेत्रम् ॥८॥

**અર્થ**—ધાતકીખંડમાં વર્ષધરપર્વતો જંબૂદ્વીપ કરતાં બમણા-બમણા વિસ્તારવાળા અને બે ઇષુકાર પર્વત હજાર યોજનના છે. આ બધુ ભેગુ કરતાં આ પ્રમાણે ક્ષેત્ર થાય.

**વિવેચન**—જંબૂદ્વીપમાં રહેલા હિમવંત આદિ પર્વતોના વિસ્તાર કરતાં ધાતકીખંડના હિમવંત આદિ પર્વતો બમણા વિસ્તારવાળા છે, જ્યારે ઇષુકાર પર્વત ૧૦૦૦ યોજનના વિસ્તારવાળા છે. આ વર્ષધરપર્વતોનો વિસ્તાર અને ઇષુકાર પર્વતનો વિસ્તાર બુદ્ધિથી ભેગો કરીએ તો આ પ્રમાણે વર્ષધર અને ઇષુકાર પર્વતના ક્ષેત્રનું પરિમાણ થાય. ૮. (૪૯૬)

તે પ્રમાણ કહે છે.

**एगं च सयसहस्सं, हवंति अट्ठत्तरी सहस्सा य।**
**अट्ठ सया बायाला, वासविहीणं तु जं खित्तं॥९॥(४९७)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—एकं च शतसहस्रं भवन्ति अष्टसप्ततिसहस्राणि च ।
अष्टौ शतानि द्विचत्वारिंशत् (अधिकानि) वर्षविहीनं तु यत् क्षेत्रम् ॥९॥

**અર્થ**—એકલાખ, ઈઠયોત્તેરહજાર, આઠસો બેતાલીસ યોજન પ્રમાણ જે ક્ષેત્ર છે તે ક્ષેત્રોના વિસ્તારને બાદ કરતા જાણવું.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપના વર્ષધર પર્વતો અને બે ઇષુકાર પર્વતોનો વિસ્તાર ભેગો કરતાં ૧૭૮૮૪૨ યોજન પ્રમાણ થાય છે. તે આ પ્રમાણે–

જંબૂદ્વીપના વર્ષધર પર્વતોનો જે વિસ્તાર છે તેનાથી બમણો વિસ્તાર ધાતકી-ખંડ દ્વીપના વર્ષધર પર્વતોનો છે. તે આ મુજબ.

| જંબૂદ્વીપના | યોજન કલા | ધાતકીખંડના યોજન કલા |
|---|---|---|
| હિમવંત-શિખરીનું પ્રમાણ | ૧૦૫૨—૧૨ | ૨૧૦૫—૫ |
| મહાહિમવંત—રુક્મિ ,, | ૪૨૧૦—૧૦ | ૮૪૨૧—૧ |
| નિષધ–નિલવંત ,, | ૧૬૮૪૨— ૨ | ૩૩૮૬૪—૪ |
| | ૨૨૧૦૫— ૫ | ૪૪૨૧૦–૧૦ |

આ ૪૪૨૧૦ યોજન ૧૦ કલા ધાતકીખંડ દ્વીપાર્ધના એક બાજુના વર્ષધર પર્વતોના આવ્યા. બે બાજુનું ક્ષેત્ર લાવવા બમણા કરતા ૪૪૨૧૦ યો. ૧૦ કલા
૪૪૨૧૦ યો. ૧૦ કલા

૮૮૪૨૧ યો. ૨૧ કલા

આટલું પ્રમાણ ધાતકીખંડના પૂર્વાર્ધના ૬ વર્ષધર પર્વતનું આવ્યું. પશ્ચિમાર્ધ ધાતકીખંડનું પ્રમાણ પણ તેટલું છે. એટલે પૂર્વાર્ધના પ્રમાણને બમણા કરતા આખા ધાતકીખંડના ૧૨ વર્ષધર પર્વતોનું પ્રમાણ થાય.

૮૮૪૨૧ યોજન ૧ કલા પૂર્વાર્ધના
૮૮૪૨૧ ,, ૧ કલા પશ્ચિમાર્ધના

૧૭૬૮૪૨ ,, ૨ કલા ધાતકીખંડના

હવે આમાં બે ઈષુકાર પર્વતના ૨૦૦૦ યોજન ઉમેરવા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | ૧૭૬૮૪૨ યોજન | ૨ કલા |
| + | ૨૦૦૦ ,, | ૦ કલા |
| | ૧૭૮૮૪૨ ,, | ૨ કલા |

આખા ધાતકીખંડ દ્વીપમાં ૧૭૮૮૪૨ યોજન ૨ કલા જેટલું ક્ષેત્ર પર્વતોએ રોકેલું છે.

## ધાતકીખંડના પર્વતોનું ક્ષેત્ર

| | | | |
|---|---|---|---|
| લઘુહિમવંત પર્વત | ૨૧૦૫ યો. | ૫ કલા |
| શિખરી ,, | ૨૧૦૫ ,, | ૫ કલા |
| મહાહિમવંત ,, | ૮૪૨૧ ,, | ૧ કલા |
| રુક્મિ ,, | ૮૪૨૧ ,, | ૧ કલા |
| નિષધ ,, | ૩૩૬૮૪ ,, | ૪ કલા |
| નિલવંત ,, | ૩૩૬૮૪ ,, | ૪ કલા |
| | ૮૮૪૨૧ ,, | ૧ કલા |

ઉપરની એક કલા છોડી દેતાં

| | |
|---|---|
| ૮૮૪૨૧ યો. | પૂર્વ ધાતકીખંડના ૬ વર્ષધર પર્વતોનું |
| ૮૮૪૨૧ યો. | પશ્ચિમ ,, ૬ ,, ,, |
| ૧૭૬૮૪૨ યો. | આખા ,, ૧૨ ,, ,, |
| ૨૦૦૦ યો. | બે ઇષુકાર પર્વતોનું. |
| ૧૭૮૮૪૨ યો. | ધાતકીખંડના કુલ વર્ષધર પર્વતો અને ઈષુકાર પર્વતોનો વિસ્તાર. |

૧૭૮૮૪૨ યોજન જે ક્ષેત્ર થયું તે લવણસમુદ્રની પરિધિમાંથી લવણસમુદ્ર તરફનો ભરતાદિ ક્ષેત્રોનો વિસ્તાર બાદ કરતાં જે ક્ષેત્ર પરિમાણ બાકી રહે તે જાણવું. ૯. (૪૯૭)

આ ક્ષેત્રને લવણસમુદ્રની પરિધિમાંથી બાદ કરતાં જે આવે તેને ધાતકીખંડમાં ભરતાદિ ક્ષેત્રોના મુખવિસ્તાર અર્થાત્ લવણસમુદ્ર તરફના વિસ્તાર લાવવા માટેની ધ્રુવરાશિ કહે છે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**लवणस्स परिहिसुद्धं, एयं धुवरासि धायईसंडे।**
**लक्खा चोद्दस बावीस, सयाइं सत्ताणउई य॥१०॥(४९८)**

છાયા—लवणस्य परिधिशुद्धं एतद् ध्रुवराशिर्धातकीखण्डे ।
लक्षाश्चतुर्दश द्वाविंशतिशतानि सप्तनवतिश्च ॥१०॥

**અર્થ**—લવણસમુદ્રની પરિધિમાંથી આ બાદ કરતાં ચૌદલાખ બાવીસસો સત્તાણું ધાતકીખંડની ધ્રુવરાશિ છે.

**વિવેચન**—આ પહેલા કહી ગયા તે ૧૭૮૮૪૨ યોજન ક્ષેત્ર પ્રમાણ વર્ષરહિત એટલે ભરતાદિ ક્ષેત્રોના વિસ્તાર સિવાયનું જાણવું. અને તેને લવણસમુદ્રની પરિધિ ૧૫૮૧૧૩૯ યોજનમાંથી બાદ કરતાં ૧૪૦૨૨૯૭ યોજન રહે. તે આ પ્રમાણે–

૧૫૮૧૧૩૯ યોજન લવણસમુદ્રની પરિધિ
બ— ૧૭૮૮૪૨ યોજન વર્ષધર પર્વતો અને ઇષુકાર પર્વતોનો વિસ્તાર.
૧૪૦૨૨૯૭ યોજન.

આ યોજન રાશિને લવણસમુદ્ર તરફ ધાતકીખંડમાં રહેલ ભરતાદિ ક્ષેત્રોનો વિસ્તાર લાવવા માટેની ધ્રુવરાશિ જાણવી. ૧૦. (૪૯૮)

આ ધ્રુવરાશિથી શું ? તે કહે છે.

**जावंतावेहिगुणा, एसो भइओ य दुसयबारेहिं।**
**अब्भिंतरविक्खंभो, धायइसंडस्स भरहाई ॥११॥(४९९)**

છાયા—यावत्तावद्भिर्गुणित एषो भक्तश्च द्वादशाधिकाभ्यां शताभ्याम् ।
अभ्यन्तरविष्कम्भो धातकीखण्डस्य भरतादीनाम् ॥११॥

**અર્થ**—જે (એક, ચાર, આદિ ગુણાકાર) તે વડે (આ રાશિ) ગુણી બસો બારથી ભાંગતા જે આવે તે ધાતકીખંડના ભરતાદિક્ષેત્રોનો અભ્યંતર વિસ્તાર જાણવો.

**વિવેચન**—આ જે ૧૪૦૨૨૯૭ ધ્રુવરાશિ કહ્યો તેને ભરતાદિના ૧–૪–૧૬ આદિ જે સંખ્યા છે તેથી ગુણાકાર કરી. ૨૧૨ થી ભાગવા. જે આવે તે ધાતકીખંડ સંબંધી ભરતાદિ ક્ષેત્રોનો અભ્યંતર–લવણસમુદ્ર તરફનો વિસ્તાર જાણવો. ૧૧. (૪૯૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે ઈચ્છિત ભરતાદિ ક્ષેત્રસંબંધી ગુણાકાર કહે છે.

# जावंता वास भरहे, एक्को चत्तारि हुंति हेमवए। सोलस हरिवासम्मी, महाविदेहम्मि चउसट्ठी ॥१२॥(५००)

છાયા—यावन्तः क्षेत्रे भरते एकश्चत्वारो भवति हैमवते ।
षोडशः हरिवर्षे महाविदेहे चतुःषष्टिः ॥१२॥

**અર્થ**—જેથી ગુણાકાર કહ્યા તે ભરતક્ષેત્રમાં એક, હેમવંત ક્ષેત્રમાં ચાર, હરિવર્ષમાં સોળ અને મહાવિદેહમાં ચોસઠ જાણવા.

**વિવેચન**—આગલી ગાથામાં જેથી ગુણાકાર કરવાનું કહ્યું, તે આ પ્રમાણે છે. ભરતક્ષેત્રમાં અભ્યંતર—લવણસમુદ્ર તરફનો *વિસ્તાર લાવવા માટે એકથી ગુણવા, હેમવંત ક્ષેત્રમાં અભ્યંતર વિસ્તાર લાવવા માટે ૪ થી ગુણવા, હરિવર્ષક્ષેત્રમાં અભ્યંતર વિસ્તાર લાવવા માટે ૧૬ થી ગુણવા, મહાવિદેહ ક્ષેત્રમાં અભ્યંતર વિસ્તાર લાવવા માટે ૬૪ થી ગુણવા. આ ગુણાકારના અંકો બધા થઈને ૧+૪+૧૬=૨૧ થયા. તે પ્રમાણે ઐરવતક્ષેત્રમાં ૧, હિરણ્યવંત ક્ષેત્રમાં ૪, રમ્યક્ક્ષેત્રમાં ૧૬, ભેગા કરતાં ૧+૪+૧૬=૨૧ બન્નેબાજુના ભેગા કરતા ૨૧+૨૧=૪૨તેમાં મહાવિદેહક્ષેત્રના ૬૪ મેળવતા ૪૨+૬૪=૧૦૬

* લવણસમુદ્રની બાહ્યપરિધિ એજ ધાતકીખંડની અભ્યંતરપરિધિ છે. આ અભ્યંતર પરિધિમાં ૧૪ ક્ષેત્રો અને ૧૪ પર્વતો છે.

આમાં પર્વતોનો વિસ્તાર બધે સરખો છે. ૧૪ પર્વતોનો કુલ વિસ્તાર ઉપર મુજબ ૧૭૮૮૪૨ યોજન છે. લવણસમુદ્રની પરિધિ (૧૫૮૧૧૩૯)માથી બાદ કરતાં ૧૪૦૨૨૯૭ યોજન ૧૪ ક્ષેત્રોનો કુલ અભ્યંતર વિસ્તાર થયો. (આને ધ્રુવરાશિ કહેવાય છે. ભરતાદિ દરેક ક્ષેત્રનો અભ્યંતર વિસ્તાર કાઢવા માટે આ ધ્રુવરાશિનો ઉપયોગ કરવામાં આવે છે)

ભરતાદિ ૧૪ ક્ષેત્રો સરખા વિસ્તારવાળા નથી, પણ ભરતક્ષેત્ર કરતાં હિમવંતક્ષેત્ર ચારગણું, તેનાથી ચારગણું હરિવર્ષક્ષેત્ર, તેનાથી ચારગણું મહાવિદેહક્ષેત્ર છે. મહાવિદેહક્ષેત્રથી ચોથભાગે રમ્યક્ક્ષેત્ર, તેનાથી ચોથાભાગે હિરણ્યવંતક્ષેત્ર અને તેનાથી ચોથાભાગે ઐરવતક્ષેત્ર વિસ્તારવાળું છે. એટલે ભરતક્ષેત્રના વિસ્તારને ૧ ગુણાંક આપીએ તો આગળ ૪-૧૬-૬૪-૧૬-૪-૧ ગુણાંક ક્રમસર ઐરવતક્ષેત્ર સુધી આવે. આનો સરવાળો કરતાં ૧૦૬ ગુણાંક પૂર્વધાતકીખંડના થયા. આ પ્રમાણે ૧૦૬ પશ્ચિમધાતકીખંડના ભેગા કરતાં ૨૧૨ ગુણાંક થયા. એટલે ૧૪ ક્ષેત્રોનો કુલ વિસ્તાર ભરતક્ષેત્રથી ૨૧૨ ગુણ થયો તેથી કુલ વિસ્તારને ૨૧૨ થી ભાગી એક-ચાર-સોળ ચોસઠથી ગુણતાં ભરત આદિ ક્ષેત્રોનો અભ્યંતર વિસ્તાર આવે છે. મધ્ય અને બાહ્ય વિસ્તાર કાઢવા ધાતકીખંડનાં મધ્ય અને બાહ્ય પરિધિમાંથી પૂર્વોક્ત ૧૭૮૮૪૨ યોજન પર્વતોનો વિસ્તાર બાદ કરી ધ્રુવાંક કાઢીને ગુણાંકથી ગુણી ૨૧૨ થી ભાગવા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ૧૦૬ આંક પૂર્વાર્ધ ધાતકીખંડ તરફનો, અને
૧૦૬ „ પશ્ચિમાર્ધ „ „

૨૧૨ આ પ્રમાણે બન્ને બાજુના ક્ષેત્રોના ખાંડવા મળીને ૨૧૨ આવ્યા. ભાજક રાશિ ૨૧૨ ની ઉત્પત્તિનું આ જ કારણ છે. તેનાથી જ ઉપરની ગુણિત રાશિને ભાગવાથી અભ્યંતર વિસ્તાર આવે તેમ કહ્યું છે.

ધ્રુવરાશિ એટલે પર્વતો સિવાયની ક્ષેત્રો માટેની જગા. ૧૨ (૫૦૦)

આ પ્રમાણે ભરતાદિ ક્ષેત્રોની અભ્યંતર વિષ્કંભ લાવવાની રીત બતાવીને હવે ભરતક્ષેત્રનો અભ્યંતર વિસ્તાર કહે છે.

**भरहे मुहविक्खंभो, छावट्ठि सयाइं चोद्दसहियाइं।**
**अउणत्तीसं च सयं, बारस हिय दुसयभागाणं॥१३॥(५०१)**

છાયા—भरते मुखविष्कम्भः षट्षष्टिः शतानि चतुर्दशाधिकानि ।
एकोनत्रिंशं च शतं द्वादशाधिक द्विशतभागानाम् ॥१३॥

**અર્થ**—ભરતક્ષેત્રનો મુખવિસ્તાર છાંસઠસો ચૌદ યોજન અને બસોબારમાં એકસો ઓગણત્રીસ ભાગ અધિક છે.

**વિવેચન**—ભરતક્ષેત્રનો મુખવિસ્તાર-અભ્યંતરવિસ્તાર અથવા લવણસમુદ્ર તરફનો વિસ્તાર ૬૬૧૪-૧૨૯/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

૧૪૦૨૨૯૭ ધ્રુવરાશિને એકથી ગુણી ૨૧૨ થી ભાગવા.

એકથી ગુણતાં તેની તે રહે.

```
       | | | |
૨૧૨) ૧૪૦૨૨૯૭(૬૬૧૪ યોજન
      ૧૨૭૨
      -----
      ૦૧૩૦૨
       ૧૨૭૨
      -----
       ૦૦૩૦૯
         ૨૧૨
        -----
         ૦૯૭૭
          ૮૪૮
         -----
          ૧૨૯
```

૬૬૧૪-૧૨૯/૨૧૨ યોજનપ્રમાણ ધાતકીખંડના ભરતક્ષેત્રનો લવણસમુદ્ર તરફનો વિસ્તાર જાણવો. ૧૩. (૫૦૧)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે હેમવંતક્ષેત્રનો મુખવિસ્તાર કહે છે.

**छव्वीसं तु सहस्सा, चत्तारि सयाइं अट्ठपन्नाइं।**
**बाणउइ चेव अंसा, मुहविक्खंभो उ हेमवए ॥१४॥(५०२)**

છાયા—षट्विंशत् तु सहस्राणि चत्वारिशतानि अष्टपञ्चाशत् (अधिकानि)।
द्विनवतिश्चैव अंशा मुखविष्कम्भस्तु हेमवते ॥१४॥

**અર્થ**—હેમવંતક્ષેત્રમાં મુખનો વિસ્તાર છવ્વીસહજાર ચારસો અઠ્ઠાવન યોજન અને બાણું અંશ છે.

**વિવેચન**—હેમવંતક્ષેત્રનો મુખવિસ્તાર–લવણસમુદ્ર તરફનો વિસ્તાર ૨૬૪૫૮–૯૨/૨૧૨ યોજનપ્રમાણ છે. તે આ પ્રમાણે—

અહીં ધ્રુવરાશિને ૪ થી ગુણીને ૨૧૨ થી ભાગવાના છે.

```
                ૧૪૦૨૨૯૭ ધ્રુવરાશિ
                     ×૪
                ————————
                ૫૬૦૯૧૮૮

      | | | | |
૨૧૨)૫૬૦૯૧૮૮(૨૬૪૫૮યોજન
    ૪૨૪
    ———
    ૧૩૬૯
    ૧૨૭૨
    ————
    ૦૦૯૭૧
      ૮૪૮
      ———
      ૧૨૩૮
      ૧૦૬૦
      ————
      ૦૧૭૮૮
       ૧૬૯૬
      —————
       ૦૦૯૨
```

હેમવંતક્ષેત્રનો લવણસમુદ્ર તરફનો વિસ્તાર ૨૬૪૫૮–૯૨/૨૧૨ યોજન પ્રમાણ છે. ૧૪. (૫૦૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે હરિવર્ષક્ષેત્રનો મુખવિસ્તાર કહે છે.

## एगं च सयसहस्सं, अट्ठावन्नं सया य तित्तीसा।
## अंससयं छप्पन्नं, मुहविक्खंभो हरिवासे॥१५॥(५०३)

છાયા—एकं च शतसहस्रं अष्टपञ्चाशत् शतानि च त्रयस्त्रिंशत् (अधिकानि)।
अंशशतं षट्पञ्चाशत् (अधिकं) मुखविष्कम्भो हरिवर्षे ॥१५॥

**અર્થ**—હરિવર્ષક્ષેત્રમાં મુખનો વિસ્તાર એકલાખ અઠ્ઠાવનસો તેત્રીસ યોજન અને એકસો છપ્પન અંશ છે.

**વિવેચન**—હરિવર્ષક્ષેત્રનો મુખવિસ્તાર–લવણસમુદ્ર તરફનો વિસ્તાર ૧૦૫૮૩૩–૧૫૬/૨૧૨ યોજન પ્રમાણ છે.

અહીં ધ્રુવરાશિને ૧૬ થી ગુણીને ૨૧૨ થી ભાગવા.

```
                    | | | | | |
                 ૨૧૨) ૨૨૪ ૩૬૭૫ ૨(૧૦૫૮૩૩ યોજન
                      ૨૧૨
  ૧૪૦૨૨૯૭             ----
     ×૧૬              ૦૧૨૩૬
  --------             ૧૦૬૦
  ૨૨૪૩૬૭૫૨             -----
                        ૧૭૬૭
                        ૧૬૯૬
                        -----
                         ૦૭૧૫
                          ૬૩૬
                         -----
                          ૦૭૯૨
                           ૬૩૬
                          -----
                           ૧૫૬
```

હરિવર્ષક્ષેત્રનો લવણસમુદ્ર તરફનો વિસ્તાર ૧૦૫૮૩૩–૧૫૬/૨૧૨ યોજન પ્રમાણ છે.

ભરતક્ષેત્ર, હેમવંતક્ષેત્ર અને હરિવર્ષક્ષેત્રનો મુખવિસ્તાર કહ્યો તે જ પ્રમાણે ઐરવતક્ષેત્ર, હૈરણ્યવંતક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્રનો મુખવિસ્તાર જાણવો. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ઐરવતક્ષેત્રનો મુખવિસ્તાર | | ૬૬૧૪-૧૨૯/૨૧૨ યોજન |
| હૈરણ્યવંતક્ષેત્રનો | ,, | ૨૬૪૫૮- ૯૨/૨૧૨ ,, |
| રમ્યક્ક્ષેત્રનો | ,, | ૧૦૫૮૩૩-૧૫૬/૨૧૨ ,, છે. ૧૫ (૫૦૩) |

હવે મહાવિદેહક્ષેત્રનો મુખવિસ્તાર કહે છે.

**चत्तारि सयसहस्सा, तेवीस सहस्स तिसय चउतीसा।**
**दो चेव य अंससया, मुहविक्खंभो विदेहस्स॥१६॥(५०४)**

છાયા—**चत्वारि शतसहस्राणि त्रयोविंशतिः सहस्राणि त्रीणि शतानि चतुर्त्रिंशति(अधिकानि)।**
**द्वे चैव च अंशशते मुखविष्कम्भो विदेहस्य ॥१६॥**

**અર્થ**—મહાવિદેહક્ષેત્રનો મુખવિસ્તાર ચાર લાખ તેવીસ હજાર ત્રણસો ચોત્રીસ યોજન અને બસો અંશ છે.

**વિવેચન**—મહાવિદેહક્ષેત્રનો મુખવિસ્તાર-લવણસમુદ્ર તરફનો વિસ્તાર ૪૨૩૩૩૪-૨૦૦/૨૧૨ યોજનપ્રમાણ છે. તે આ પ્રમાણે—

અહીં ધ્રુવરાશિને ૬૪ થી ગુણી ૨૧૨ થી ભાગવા.

```
  ૧૪૦૨૨૯૭          |     | | | | | |
      ×૬૪          | ૨૧૨) ૮૯૭ ૪૭૦૦૮(૪૨૩૩૩૪ યોજન
  ---------        |      ૮૪૮
  ૫૬૦૯૧૮૮          |      ----
 ૮૪૧૩૭૮૨×          |      ૦૪૯૪
  ---------        |       ૪૨૪
 ૮૯૭૪૭૦૦૮          |      -----
                   |       ૦૭૦૭
                   |        ૬૩૬
                   |       -----
                   |        ૦૭૧૦
                   |         ૬૩૬
                   |        -----
                   |         ૦૭૪૦
                   |          ૬૩૬
                   |         -----
                   |          ૧૦૪૮
                   |           ૮૪૮
                   |          -----
                   |           ૨૦૦
```

મહાવિદેહક્ષેત્રનો મુખવિસ્તાર ૪૨૩૩૩૪–૨૦૦/૨૧૨ યોજનપ્રમાણ છે. ૧૬. (૫૦૪)

હવે મધ્યવિસ્તાર લાવવા માટેની ધ્રુવરાશિ કહે છે.

**तं चेव य सोहेज्जा, मज्झे जो होई परिरओ तम्हा।**
**सो मज्झे धुवरासी, धायइसंडस्स दीवस्स ॥१७॥(५०५)**

છાયા—तं चैव च शोधयेत् मध्ये यो भवति परिरयस्तस्मात् ।
सो मध्ये ध्रुवराशिर्धातकीखण्डस्य द्वीपस्य ॥१७॥

**અર્થ**—ધાતકીખંડની જે મધ્યપરિધિ થાય છે તેમાંથી તેજ રાશિ બાદ કરતાં જે આવે તે ધાતકીખંડ દ્વીપની મધ્ય ધ્રુવરાશિ છે.

**વિવેચન**—તેજ એટલે વર્ષધર અને ઈષુકાર પર્વતનું જે ક્ષેત્ર અર્થાત્ ભરતાદિ-ક્ષેત્રોના વિસ્તાર સિવાયનું જે ક્ષેત્ર છે. તે ૧૭૮૮૪૨ યોજન છે. તે ધાતકીખંડદ્વીપની મધ્યપરિધિમાંથી બાદ કરવાં જે બાકી રહે તે ધાતકીખંડદ્વીપની મધ્ય ધ્રુવરાશિ એટલે ભરતાદિ ક્ષેત્રોનો મધ્ય વિસ્તાર લાવવા માટેની ધ્રુવરાશિ જાણવી. ૧૭. (૫૦૫)

હવે મધ્યપરિધિનું પ્રમાણ કહે છે.

**अट्ठावीसं लक्खा, सहस्स छायाल चेव पन्नासा।**
**मज्झम्मि परिरओ से, धायइसंडस्स दीवस्स ॥१८॥(५०६)**

છાયા—अष्टाविंशति लक्षाः सहस्राणि षट्चत्वारिंशत् चैव पञ्चाशत् ।
मध्ये परिरयस्तस्य धातकीखण्डस्य द्वीपस्य ॥१८॥

**અર્થ**—તે ધાતકીખંડદ્વીપની મધ્યપરિધિ અઠ્ઠાવીસ લાખ છેંતાલીસ હજાર અને પચાસ યોજન છે.

**વિવેચન**—તે ધાતકીખંડદ્વીપની મધ્યભાગે પરિધિ ૨૮૪૬૦૫૦ યોજનથી અધિક છે. તે આ પ્રમાણે–

| | | |
|---|---|---|
| લવણસમુદ્રની પરિધિ | ૧૫૮૧૧૩૯ | યોજન |
| ધાતકીખંડની બાહ્ય ,, | ૪૧૧૦૯૬૧ | યોજન |
| | ૫૬૯૨૧૦૦ | યોજન થાય. |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનુ અડધુ કરતા ૨૮૪૬૦૫૦ યોજન ધાતકીખંડદ્વીપની મધ્ય ભાગની પરિધિ જાણવી.

હવે આમાંથી પર્વતોનું ક્ષેત્ર ૧૭૮૮૪૨ યોજન બાદ કરવા.

| | |
|---|---|
| ૨૮૪૬૦૫૦ મધ્યપરિધિ<br>– ૧૭૮૮૪૨ ગિરિક્ષેત્ર<br>૨૬૬૭૨૦૮ યોજન | ૨૬૬૭૨૦૮ યોજન ધાતકીખંડ દ્વીપના મધ્યભાગની ધ્રુવરાશિ જાણવી. ૧૮. (૫૦૬) |

આ ધ્રુવરાશિ ગાથામાં કહે છે.

**अट्ठाहिया दुन्नि सया, सत्तट्ठि सहस्स लक्ख छव्वीसा।**
**धायइवरस्स मज्झे, धुवरासी एस नायव्वो ॥१९॥(५०७)**

છાયા—अष्टाधिके द्वे शते सप्तषष्टिः सहस्राणि लक्षाः षड्विंशति ।
धातकीवरस्य मध्ये ध्रुवराशिरेष ज्ञातव्यः ॥१९॥

**અર્થ**—ધાતકીખંડની મધ્યમાં ધ્રુવરાશિ છવ્વીસલાખ સડસઠહજાર બસો ઉપર આઠ છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપની મધ્ય ધ્રુવરાશિ ૨૬૬૭૨૦૮ છે. આને ક્ષેત્રાંકથી ગુણીને ૨૧૨ થી ભાગતા તે તે ક્ષેત્રોના મધ્યભાગનો વિસ્તાર આવે. ૧૯. (૫૦૭)

હવે ભરતક્ષેત્રનો મધ્યભાગનો વિસ્તાર કહે છે.

**बारस चेव सहस्सा, एक्कासीयाणि पंच य सयाणि।**
**छत्तीस चेव अंसा, भरहस्स उ मज्झविक्खंभो ॥२०॥(५०८)**

છાયા—द्वादश चैव सहस्राणि एकाशीतानि पञ्च च शतानि ।
षट्त्रिंशत् चैव अंशा भरतस्य तु मध्यविष्कम्भः ॥२०॥

**અર્થ**—ભરતક્ષેત્રના મધ્યભાગનો વિસ્તાર બારહજાર પાંચસો એક્યાશી યોજન અને છત્રીસ અંશ છે.

**વિવેચન**—ધાતકીખંડના ભરતક્ષેત્રના મધ્યભાગનો વિસ્તાર ૧૨૫૮૧–૩૬/૨૧૨ યોજનપ્રમાણ છે. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં મધ્ય ધ્રુવરાશિને એકથી ગુણી ૨૧૨ થી ભાગવાથી ભરતક્ષેત્રનો મધ્યભાગનો વિસ્તાર આવે.

મધ્યભાગની ધ્રુવરાશિ ૨૬૬૭૨૦૮ એકથી ગુણતાં તે જ રહે

```
        | | | | |
૨૧૨) ૨૬૬ ૭ ૨૦૮(૧૨૫૮૧યોજન
     ૨૧૨
    -----
     ૦૫૪૭
      ૪૨૪
     -----
      ૧૨૩૨
      ૧૦૬૦
     -----
       ૧૭૨૦
       ૧૬૯૬
      -----
       ૦૦૨૪૮
          ૨૧૨
        -----
          ૦૩૬
```

ધાતકીખંડના ભરતક્ષેત્રના મધ્યભાગનો વિસ્તાર ૧૨૫૮૧–૩૬/૨૧૨ યોજન જાણવો. ૨૦. (૫૦૮)

હવે હેમવંતક્ષેત્રનો મધ્યવિસ્તાર કહે છે.

**तिन्नि सया चउवीसा पन्नास सहस्स जोयणाणं तु।**
**चोयालं अंससयं, हेमवए मज्झविक्खंभो ॥२१॥(५०९)**

છાયા—त्रीणि शतानि चतुर्विंशति (अधिकानि) पञ्चाशत् सहस्राणि योजनानां तु ।
चतुश्चत्वारिंशं अंशशतं हेमवते मध्यविष्कम्भः ॥२१॥

**અર્થ**—હેમવંતક્ષેત્રનો મધ્ય વિસ્તાર પચાસહજાર ત્રણસોચોવીસ યોજન અને એકસો ચુમ્માલીસ અંશ છે.

**વિવેચન**—ધાતકીખંડના હેમવંતક્ષેત્રના મધ્ય ભાગનો વિસ્તાર ૫૦૩૨૪–૧૪૪/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

અહીં ધ્રુવરાશિને ૪ થી ગુણી ૨૧૨ થી ભાગવા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
                    | | | | |
                   ૨૧૨) ૧૦૬૬ ૮ ૮ ૩૨(૫૦૩૨૪ યોજન
                        ૧૦૬૦
                        ----
૨૬૬૭૨૦૮                 ૦૦૦૬૮૮
     ×૪                    ૩૩૬
---------                  ----
૧૦૬૬૮૮૩૨                  ૦૫૨૩
                           ૪૨૪
                           ----
                           ૦૯૯૨
                            ૮૪૮
                           ----
                            ૧૪૪
```

ધાતકીખંડના હેમવંતક્ષેત્રનો મધ્ય ભાગનો વિસ્તાર ૫૦૩૨૪–૧૪૪/૨૧૨ યોજન પ્રમાણ જાણવો. ૨૧. (૫૦૯)

હવે હરિવર્ષક્ષેત્રનો મધ્યવિસ્તાર કહે છે.

## दो चेव सयसहस्सा, अट्ठाणउया य बारस सया य।
## बावन्नं अंससयं, हरिवासे मज्झविक्खंभो ॥२२॥(५१०)

છાયા—द्वे चैव शतसहस्राणि अष्टनवतिश्च द्वादशशतानि च।
द्विपञ्चाशं अंशशतं हरिवर्षे मध्यविष्कम्भः ॥२२॥

**અર્થ**—હરિવર્ષક્ષેત્રનો મધ્યવિસ્તાર બે લાખ બારસો અઠ્ઠાણું યોજન અને એકસો બાવન અંશ છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપમાં હરિવર્ષક્ષેત્રના મધ્યભાગનો વિસ્તાર ૨૦૧૨૯૮–૧૫૨/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

અહીં મધ્યધ્રુવરાશિને ૧૬ થી ગુણીને ૨૧૨ થી ભાગવા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
૨૬૬૭૨૦૮         | | | | | | |
   ×૧૬         |૨૧૨) ૪૨૬ ૭ ૫ ૩ ૨ ૮(૨૦૧૨૯૮ યોજન
---------      |      ૪૨૪
૪૨૬૭૫૩૨૮       |      ---
               |      ૦૦૨૭૫
               |        ૨૧૨
               |       -----
               |        ૦૬૩૩
               |         ૪૨૪
               |        -----
               |         ૨૦૯૨
               |         ૧૯૦૮
               |        -----
               |          ૧૮૪૮
               |          ૧૬૯૬
               |         -----
               |          ૦૧૫૨
```

હરિવર્ષક્ષેત્રના મધ્યભાગનો વિસ્તાર ૨૦૧૨૯૮–૧૫૨/૨૧૨ યોજન પ્રમાણ જાણવો.

ધાતકીખંડના ભરતક્ષેત્ર, હેમવંતક્ષેત્ર અને હરિવર્ષક્ષેત્રનો મધ્ય વિસ્તાર કહ્યો. તે જ પ્રમાણે ક્રમસર ઐરવતક્ષેત્ર, હૈરણ્યવંતક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્રનો મધ્યવિસ્તાર જાણવો. તે આ પ્રમાણે–

| | | |
|---|---|---|
| ઐરવતક્ષેત્રનો | મધ્યવિસ્તાર | ૧૨૫૮૧–૩૬/૨૧૨ યોજન |
| હૈરણ્યવંતક્ષેત્રનો | ,, | ૫૦૩૨૪–૧૪૪/૨૧૨ યોજન |
| રમ્યક્ક્ષેત્રનો | ,, | ૨૦૧૨૯૮–૧૫૨/૨૧૨ યોજન જાણવો. |

૨૨. (૫૧૦)

હવે મહાવિદેહક્ષેત્રનો મધ્યવિસ્તાર કહે છે.

## अट्ठेव सयसहस्सा, एगावन्ना सया य चउणउया।
## चुलसीयं अंससयं, विदेहमज्झम्मि विक्खंभो ॥२३॥(५११)

**છાયા—**अष्टैव शतसहस्राणि एकपञ्चाशत्शतानि च चतुर्नवतिः ।
चतुरशीतं अंशशतं विदेहमध्ये विष्कम्भः ॥२३॥

**અર્થ**—મહાવિદેહક્ષેત્રનો મધ્યવિસ્તાર આઠલાખ એકાવનસો ચોરાણું યોજન અને એકસો ચોર્યાસી અંશ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપમાં મહાવિદેહક્ષેત્રનો મધ્યભાગનો વિસ્તાર ૮૦૫૧૯૪–૧૮૪/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

અહીં ધ્રુવરાશિને ૬૪ થી ગુણીને ૨૧૨ થી ભાગવા.

```
                              | | | | |
                    ૨૧૨)૧૭૦૭૦ ૧ ૩ ૧ ૨ (૮૦૫૧૯૪ યોજન
                        ૧૬૯૬
                        ૦૦૧૧૦૧
                          ૧૦૬૦
  ૨૬૬૭૨૦૮                 ૦૦૪૧૩
      ×૬૪                   ૨૧૨
 ૧૦૬૬૮૮૩૨                   ૨૦૧૧
૧૬૦૦૩૨૪૮×                   ૧૯૦૮
૧૭૦૭૦૧૩૧૨                    ૧૦૩૨
                              ૮૪૮
                              ૧૮૪
```

મહાવિદેહ ક્ષેત્રનો મધ્યવિસ્તાર ૮૦૫૧૯૪–૧૮૪/૨૧૨ યોજન પ્રમાણ જાણવો. ૨૩. (૫૧૧)

હવે બહારનો વિસ્તાર જાણવા માટે ત્રીજી ધ્રુવરાશિ કહે છે.

**तं चेव य सोहिज्जा, धायइसंडस्स परिरयाहिंतो ।**
**सो बाहिं धुवरासी, भरहाइसु धायईसंडे ॥२४॥(५१२)**

**છાયા**—तं चैव च शोधयेत् धातकीखण्डस्य परिरयात् ।
स बहिर्ध्रुवराशिर्भरतादिषु धातकीखण्डे ॥२४॥

**અર્થ**—ધાતકીખંડની પરિધિમાંથી તે જ રાશિ બાદ કરવી તે ધાતકીખંડમાં ભરતાદિક્ષેત્રોની બાહ્ય ધ્રુવરાશિ.

**વિવેચન**—પહેલા કહી ગયા તે પર્વતનો વિસ્તાર ૧૭૮૮૪૨ યોજન ધાતકીખંડની પરિધિમાંથી બાદ કરવા. જે આવે તે ધાતકીખંડમાં ભરતાદિક્ષેત્રોનો બાહ્યવિસ્તાર લાવવા માટેની ધ્રુવરાશિ જાણવી. ૨૪. (૫૧૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જ બાહ્ય ધ્રુવરાશિ કહે છે.

**उणवीसहियं च सयं, बत्तीस सहस्स लक्ख ऊयालं।**
**धायइसंडस्सेसो, धुवरासी बाहि विक्खंभो ॥२५॥(५१२)**

છાયા—एकोनविंशत्यधिकं च शतं द्वात्रिंशत् सहस्राणि लक्षा एकोनचत्त्वारिंशत् ।
धातकीखण्डस्य एष ध्रुवराशिर्बहिर्विष्कम्भः ॥२५॥

**અર્થ**—ઓગણચાલીસ લાખ બત્રીસ હજાર એકસો ઓગણીસ ધાતકીખંડની આ બાહ્ય ધ્રુવરાશિ છે.

**વિવેચન**—ધાતકીખંડના ભરતાદિક્ષેત્રોનો બહારનો વિસ્તાર લાવવા માટે ૩૯૩૨૧૧૯ ધ્રુવરાશિ છે. તે આ પ્રમાણે–

ધાતકીખંડની પરિધિ ૪૧૧૦૯૬૧ યોજન છે. આમાંથી પર્વતોના ક્ષેત્રનો વિસ્તાર ૧૭૮૮૪૨ યોજન બાદ કરતા.

૪૧૧૦૯૬૧ ધાતકીખંડની બાહ્ય પરિધિ,
– ૧૭૮૮૪૨ પર્વતોનું ક્ષેત્ર
———————
૩૯૩૨૧૧૯ ગાથામાં કહ્યા પ્રમાણે બાહ્ય ધ્રુવરાશિનું પ્રમાણ આવ્યું.
૨૫. (૫૧૩)

હવે ભરતક્ષેત્રનો બહારનો વિસ્તાર કહે છે.

**अट्ठारस य सहस्सा, पंचेव सया हवंति सीयाला।**
**पणपन्नं अंससयं, बाहिरओ भरहविक्खंभो ॥२६॥(५१४)**

છાયા—अष्टादश च सहस्राणि पञ्चैव शतानि भवन्ति सप्तचत्त्वारिंशानि ।
पञ्चपञ्चाशं अंशशतं बहिर्भरतस्य विष्कम्भः ॥२६॥

**અર્થ**—ભરતક્ષેત્રનો બહારનો વિસ્તાર અઢાર હજાર પાંચસો સુડતાલીસ યોજન અને એકસો પંચાવન અંશ છે.

**વિવેચન**—ધાતકીખંડમાં ભરતક્ષેત્રનો બહારનો વિસ્તાર એટલે કાલોદધિસમુદ્ર તરફનો વિસ્તાર ૧૮૫૪૭–૧૫૫/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં બાહ્યધ્રુવરાશિ ૩૯૩૨૧૧૯ ને એકથી ગુણીને ૨૧૨ થી ભાગવાથી બાહ્ય વિસ્તાર આવે. એકથી ગુણતા તેને તે રાશિ રહે.

```
         | | | | |
૨૧૨) ૩૯૩ ૨ ૧ ૧ ૯(૧૮૫૪૭ યોજન
     ૨૧૨
     ----
     ૧૮૧૨
     ૧૬૯૬
     ----
      ૧૧૬૧
      ૧૦૬૦
      ----
       ૧૦૧૧
        ૮૪૮
       ----
        ૧૬૩૯
        ૧૪૮૪
        ----
         ૧૫૫
```

ધાતકીખંડમાં ભરતક્ષેત્રનો બહારનો વિસ્તાર ૧૮૫૪૭–૧૫૫/૨૧૨ યોજન જાણવો. ૨૬. (૫૧૪)

હવે હેમવંતક્ષેત્રનો બહારનો વિસ્તાર કહે છે.

**चउहत्तरि सहस्सा, नउय सयं चेग जोयणाण भवे।**
**छन्नउयं अंससयं, हेमवए बाहिविक्खंभो ॥२७॥(५१५)**

છાયા—चतुःसप्तति सहस्राणि नवति(अधिकं)शतं चैकं योजनानां भवेत् ।
षण्णवति अंशशतं हैमवते बहिर्विष्कम्भः ॥२७॥

**અર્થ**—હેમવંતક્ષેત્રનો બહારનો વિસ્તાર ચુમ્મોતેર હજાર એકસો નેવુ યોજન અને એકસો છન્નુ અંશ છે.

**વિવેચન**—ધાતકીખંડમાં હેમવંતક્ષેત્રનો બહારનો વિસ્તાર એટલે કાલોદધિસમુદ્ર તરફનો વિસ્તાર ૭૪૧૯૦–૧૯૬/૨૧૨ યોજન પ્રમાણ થાય છે. તે આ પ્રમાણે–

અહીં ધ્રુવરાશિને ૪ થી ગુણીને ૨૧૨ થી ભાગવાથી બાહ્ય વિસ્તાર આવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
                     | | | | |
  ૩૯૩૨૧૧૯       ૨૧૨) ૧૫૭૨૮૪૭૬ (૭૪૧૯૦ યોજન
      × ૪            ૧૪૮૪
  ─────────          ────
  ૧૫૭૨૮૪૭૬            ૮૮૮
                      ૮૪૮
                     ─────
                       ૪૦૪
                       ૨૧૨
                     ─────
                       ૧૯૨૭
                       ૧૯૦૮
                     ──────
                        ૧૯૬
```

ધાતકીખંડમાં હેમવંતક્ષેત્રનો બહારનો વિસ્તાર ૭૪૧૯૦–૧૯૬/૨૧૨ યોજન છે. ૨૭. (૫૧૫)

હવે હરિવર્ષક્ષેત્રનો બાહ્ય વિસ્તાર કહે છે.

## तेवट्ठा सत्त सया, छन्नउइ सहस्स दो सयसहस्सा।
## अडयालं अंससयं, हरिवासे बाहिविक्खंभो॥२८॥(५१६)

છાયા—त्रिषष्टि(अधिकानि)सप्तशतानि षण्णवति सहस्राणि द्वे शतसहस्राणि ।
अष्टचत्वारिंशं अंशशतं हरिवर्षे बहिर्विष्कम्भः ॥२८॥

**અર્થ**—હરિવર્ષક્ષેત્રનો બહારનો વિસ્તાર બે લાખ છન્નુ હજાર સાતસો ત્રેસઠ યોજન અને એકસો અડતાલીસ અંશ છે.

**વિવેચન**—ધાતકીખંડમાં હરિવર્ષક્ષેત્રનો બહારનો વિસ્તાર એટલે ધાતકીખંડ તરફનો વિસ્તાર ૨૯૬૭૬૩–૧૪૮/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

અહીં ધ્રુવરાશિને ૧૬ થી ગુણીને ૨૧૨ થી ભાગવાથી બહારનો વિસ્તાર આવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
૩૯૩૨૧૧૯
   × ૧૬
--------
૬૨૯૧૩૯૦૪
```

```
૨૧૨) ૬૨૯૧૩૯૦૪ (૨૯૬૭૬૩ યોજન
     ૪૨૪
     ----
     ૨૦૫૧
     ૧૯૦૮
     -----
      ૧૪૩૩
      ૧૨૭૨
      -----
       ૧૬૧૯
       ૧૪૮૪
       -----
        ૧૩૫૦
        ૧૨૭૨
        -----
          ૭૮૪
          ૬૩૬
          ----
          ૧૪૮
```

ધાતકીખંડમાં હરિવર્ષક્ષેત્રનો બહારનો વિસ્તાર ૨૯૬૭૬૩–૧૪૮/૨૧૨ યોજન પ્રમાણ છે.

જે પ્રમાણે ભરતક્ષેત્ર, હેમવંતક્ષેત્ર અને હરિવર્ષક્ષેત્રનો બહારનો એટલે કાલોદધિ-સમુદ્ર તરફનો વિસ્તાર કહ્યો. તે જ ક્રમ પ્રમાણે ઐરવતક્ષેત્ર, હૈરણ્યવંતક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્રનો પણ બહારનો વિસ્તાર જાણવો તે આ પ્રમાણે–

ધાતકીખંડમાં ઐરવતક્ષેત્રનો બહારનો વિસ્તાર ૧૮૫૪૭–૧૫૫/૨૧૨ યોજન છે.
,, હૈરણ્યવંતક્ષેત્રનો ,, ,, ૭૪૧૯૦–૧૯૬/૨૧૨ ,, ,,
,, રમ્યક્ક્ષેત્રનો ,, ,, ૨૯૬૭૬૩–૧૪૮/૨૧૨ ,, ,,

૨૮. (૫૧૬)

હવે મહાવિદેહક્ષેત્રનો બહારનો વિસ્તાર કહે છે.

**इक्कारस लक्खाइं, सत्तासीया सहस्स चउपन्ना।**
**अट्ठट्ठं अंससयं, बाहिरओ विदेहविक्खंभो ॥२९॥(५१७)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—एकादशलक्षाः सप्ताशीतिः सहस्राणि चतुःपञ्चाशत् (अधिकानि)।
अष्टषष्टं अंशशतं बहिर्विदेहस्य विष्कम्भः ॥२९॥

**અર્થ**—મહાવિદેહનો બહારનો વિસ્તાર અગીઆર લાખ, સત્યાશી હજાર ચોપન યોજન અને એકસો અડસઠ અંશ છે.

**વિવેચન**—ધાતકીખંડમાં મહાવિદેહક્ષેત્રનો બહારનો વિસ્તાર એટલે કાલોદધિ-સમુદ્ર તરફનો વિસ્તાર ૧૧૮૭૦૫૪–૧૬૮/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

અહીં બાહ્ય ધ્રુવરાશિને ૬૪થી ગુણી ૨૧૨થી ભાગવાથી બહારનો વિસ્તાર આવે.

```
                      | | | | | |
                 ૨૧૨) ૨૫૧૬૫૫૬૧૬ (૧૧૮૭૦૫૪ યો.
                      ૨૧૨
  ૩૯૩૨૧૧૯             ----
      ×૬૪             ૦૩૯૬
 ----------            ૨૧૨
 ૧૫૭૨૮૪૭૬             ----
 ૨૩૫૯૨૭૧૪×             ૧૮૪૫
 ----------            ૧૬૯૬
 ૨૫૧૬૫૫૬૧૬             ----
                        ૧૪૯૫
                        ૧૪૮૪
                        -----
                         ૦૧૧૬૧
                          ૧૦૬૦
                          -----
                           ૧૦૧૬
                            ૮૪૮
                           -----
                            ૧૬૮
```

મહાવિદેહક્ષેત્રનો બહારનો વિસ્તાર ૧૧૮૭૦૫૪–૧૬૮/૨૧૨ યોજન છે.

૨૯. (૫૧૭)

હવે ભરતક્ષેત્ર સિવાયના બીજા ક્ષેત્રોનો વિસ્તાર લાવવા માટેની બીજી રીત કહે છે.

**चउगुणिय भरहवासो, हेमवए तं चउगुणियं तइए।**
**हरिवासं चउगुणियं, महाविदेहस्स विक्खंभो॥३०॥(५१८)**

છાયા—चतुर्गुणितो भरतव्यासो हैमवते तत् चतुर्गुणितं तृतीये।
हरिवर्षं चतुर्गुणितं महाविदेहस्य विष्कम्भः ॥३०॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—ભરતક્ષેત્રના વિસ્તારને ચારથી ગુણતા હેમવંતક્ષેત્રનો વિસ્તાર, તેને ચારથી ગુણતા ત્રીજા હરિવર્ષક્ષેત્રનો વિસ્તાર, તેને ચારથી ગુણતા મહાવિદેહક્ષેત્રનો વિસ્તાર થાય છે.

**વિવેચન**—ધાતકીખંડમાં ભરતક્ષેત્રનો મુખનો વિસ્તાર, મધ્યનો વિસ્તાર અને બહારનો વિસ્તાર જે છે તેને ચારથી ગુણતા ક્રમસર હેમવંતક્ષેત્રનો મુખનો વિસ્તાર, મધ્યનો વિસ્તાર અને બહારનો વિસ્તાર આવે છે. તેને એટલે હેમવંતક્ષેત્રના મુખ, મધ્ય અને બાહ્ય વિસ્તારને ચારથી ગુણતા, ત્રીજા હરિવર્ષક્ષેત્રનો ક્રમસર મુખનો વિસ્તાર, મધ્યનો વિસ્તાર અને બહારનો વિસ્તાર થાય છે. તેમજ હરિવર્ષક્ષેત્રના મુખ, મધ્ય અને બાહ્યવિસ્તારને ચારથી ગુણતા મહાવિદેહ ક્ષેત્રનો ક્રમસર મુખનો વિસ્તાર, મધ્યનો વિસ્તાર અને બહારનો વિસ્તાર થાય છે.

ભરતક્ષેત્રના મુખ, મધ્ય અને બાહ્ય વિસ્તારને ૪ થી ગુણતાં હેમવંતક્ષેત્રનો મુખ મધ્ય અને બાહ્ય વિસ્તાર આ પ્રમાણે આવે.

| | મુખવિસ્તાર | મધ્યવિસ્તાર | બાહ્યવિસ્તાર |
|---|---|---|---|
| ભરતક્ષેત્રનો | ૬૬૧૪–૧૨૯/૨૧૨ | ૧૨૫૮૧–૩૬/૨૧૨ | ૧૮૫૪૭–૧૫૫/૨૧૨ |
| | ×૪ | ×૪ | ×૪ |
| | ૨૬૪૫૬–૫૧૬ | | ૭૪૧૮૮–૬૨૦ |
| | + ૭— | | + ૭— |
| | ૨–૪૨૪ | | ૨–૪૨૪ |
| હેમવંતક્ષેત્રનો | ૨૬૪૫૮–૯૨/૨૧૨ | ૫૦૩૨૪–૧૪૪/૨૧૨ | ૭૪૧૯૦–૧૯૬/૨૧૨ |

હેમવંતક્ષેત્રના મુખ, મધ્ય અને બાહ્ય વિસ્તારને ૪ થી ગુણતા હરિવર્ષક્ષેત્રનો મુખ; મધ્ય અને બાહ્ય વિસ્તાર આવે તે આ પ્રમાણે–

| | મુખવિસ્તાર | મધ્યવિસ્તાર | બાહ્યવિસ્તાર |
|---|---|---|---|
| હેમવંતક્ષેત્રનો | ૨૬૪૫૮–૯૨/૨૧૨ | ૫૦૩૨૪–૧૪૪/૨૧૨ | ૭૪૧૯૦–૧૯૬/૨૧૨ |
| | ×૪ | ×૪ | ×૪ |
| | ૧૦૫૮૩૨–૩૬૮ | ૨૦૧૨૯૬–૫૭૬ | ૨૯૬૭૬૦–૭૮૪ |
| | + ૭— | + ૭— | + ૭— |
| | ૧–૨૧૨ | ૨–૪૨૨ | ૩–૬૩૬ |
| હરિવર્ષક્ષેત્રનો | ૧૦૫૮૩૩–૧૫૬/૨૧૨ | ૨૦૧૨૯૮–૧૫૨/૨૧૨ | ૨૯૬૭૬૩–૧૪૮/૨૧૨ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હરિવર્ષક્ષેત્રના મુખ, મધ્ય અને બાહ્યવિસ્તારને ૪ થી ગુણતાં મહાવિદેહક્ષેત્રનો મુખ, મધ્ય અને બાહ્ય વિસ્તાર આવે. તે આ પ્રમાણે–

| | મુખવિસ્તાર | મધ્યવિસ્તાર | બાહ્યવિસ્તાર |
|---|---|---|---|
| હરિવર્ષક્ષેત્રનો | ૧૦૫૮૩૩–૧૫૬/૨૧૨ | ૨૦૧૨૯૮–૧૫૨/૨૧૨ | ૨૯૬૭૬૩–૧૪૮/૨૧૨ |
| | ×૪ | ×૪ | ×૪ |
| | ૪૨૩૩૩૨–૪૬૪ | ૮૦૫૧૯૨–૬૦૮ | ૧૧૮૭૦૫૨–૫૯૨ |
| | + ૪—— | + ૪—— | + ૪—— |
| | ૨–૪૨૪ | ૨–૨૪૨ | ૨–૪૨૪ |
| મહાવિદેહનો | ૪૨૩૩૩૪–૨૦૦/૨૧૨ | ૮૦૫૧૯૪–૧૮૪/૨૧૨ | ૧૧૮૭૦૫૪–૧૬૮/૨૧૨ |

આ પ્રમાણે ઐરવતક્ષેત્ર, હિરણ્યવંતક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્રનું પણ જાણવું.

૩૦. (૫૧૮)

હવે ઐરવતક્ષેત્રના મુખ, મધ્ય અને બાહ્ય વિસ્તારની ભલામણ કરે છે.

**जह विक्खंभो दाहिण–दिसाए तह उत्तरेऽवि वास तिए।**
**जह पुव्वद्धे सत्तओ, तह अवरद्धेऽवि वासाइं ॥३१॥(५१९)**

છાયા—**यथा विष्कम्भो दक्षिणदिशि उत्तरस्यामपि वर्षत्रिके ।**
**यथा पूर्वार्धे सप्त तथाऽपरार्धेऽपि वर्षाणि ॥३१॥**

**અર્થ**—જે પ્રમાણે દક્ષિણ દિશામાં વિસ્તાર છે, તે પ્રમાણે ઉત્તરમાં પણ ત્રણ ક્ષેત્રોનો વિસ્તાર છે. જે પ્રમાણે પૂર્વાર્ધમાં સાત ક્ષેત્રો છે, તે પ્રમાણે પશ્ચિમાર્ધમાં પણ સાત ક્ષેત્રો છે.

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધમાં જે પ્રમાણે મેરુપર્વતથી દક્ષિણ દિશામાં ૧. ભરતક્ષેત્ર, ૨. હૈમવંતક્ષેત્ર, અને ૩. હરિવર્ષક્ષેત્રનો મુખ, મધ્ય અને બાહ્યનો વિસ્તાર છે. તે જ પ્રમાણે મેરુપર્વતથી ઉત્તરમાં પણ ત્રણ ક્ષેત્રો ૧. ઐરવતક્ષેત્ર, ૨. હૈરણ્યવંતક્ષેત્ર અને ૩. રમ્યક્ક્ષેત્રનો પણ મુખ, મધ્ય અને બાહ્યનો વિસ્તાર છે. કેમકે ભરતક્ષેત્રના જેટલું વિસ્તારવાળું ઐરવતક્ષેત્ર છે. હૈમવંતક્ષેત્રના જેટલું વિસ્તારવાળું હૈરણ્યવંક્ષેત્ર છે. અને હરિવર્ષક્ષેત્રના જેટલું વિસ્તારવાળું રમ્યક્ક્ષેત્ર છે. માટે તેનો પણ મુખ વિસ્તાર, મધ્ય વિસ્તાર અને બાહ્ય વિસ્તાર તેના જેટલો જ થાય છે. મધ્યભાગમાં મહાવિદેહક્ષેત્ર આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ ધાતકીખંડના પૂર્વાર્ધમાં સાત ક્ષેત્રો ભરતક્ષેત્ર, હૈમવંતક્ષેત્ર, હરિવર્ષક્ષેત્ર, મહાવિદેહક્ષેત્ર, રમ્યક્ક્ષેત્ર, હૈરણ્યવંતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રો છે. તે જ પ્રમાણે તેટલા જ વિસ્તારવાળા ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં પણ આ જ નામવાળા સાત ક્ષેત્રો રહેલાં છે. ૩૧. (૫૧૯).

હવે હિમવંત આદિ પર્વતોનો વિસ્તાર લાવવાની રીત કહે છે.

**बायाला अट्ठसया, सहस्स अट्ठत्तरी सयसहस्सं।**
**वासाहिहूणं खित्तं, धायइसंडम्मि दीवम्मि॥३२॥(५२०)**

છાયા—**द्विचत्वारिंशत् (अधिकानि) अष्टशतानि सहस्राणि अष्टसप्ततिः शतसहस्रम्।**
**वर्षविहीनं क्षेत्रं धातकीखण्डे द्वीपे ॥३२॥**

**અર્થ**—ધાતકીખંડ દ્વીપમાં ક્ષેત્રરહિત ક્ષેત્ર (પર્વતોનું ક્ષેત્ર) એકલાખ, અઠ્યોત્તેર હજાર આઠસો બેતાલીસ યોજન છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપમાં પર્વતોનું ક્ષેત્ર ૧૭૮૮૪૨ યોજનથી અધિક છે. આટલાક્ષેત્રનું પરિમાણ પહેલા ગાથા ૯ માં કહી ગયા છીએ તે આ પ્રમાણે—

| | | | | |
|---|---|---|---|---|
| લઘુહિમવંત પર્વત | ૨૧૦૫ | યોજન | ૫ | કલા |
| શિખરી પર્વત | ૨૧૦૫ | ,, | ૫ | ,, |
| મહાહિમવંત પર્વત | ૮૪૨૧ | ,, | ૧ | ,, |
| રુક્મિ પર્વત | ૮૪૨૧ | ,, | ૧ | ,, |
| નિષધ પર્વત | ૩૩૬૮૪ | ,, | ૪ | ,, |
| નિલવંત પર્વત | ૩૩૬૮૪ | ,, | ૪ | ,, |
| પૂર્વાર્ધના પર્વતો | ૮૮૪૨૧ | ,, | ૧ | ,, |
| પશ્ચિમાર્ધના ,, + | ૮૮૪૨૧ | ,, | ૧ | ,, |
| | ૧૭૬૮૪૨ | ,, | ૨ | ,, |
| બે ઇષુકાર | + ૨૦૦૦ | ,, | ૦ | ,, |
| | ૧૭૮૮૪૨ | ,, | ૨ | ,, |

ઉપરની બે કલા નહિ ગણતા ધાતકીખંડ દ્વીપમાં ક્ષેત્ર સિવાયનું માત્ર પર્વતોનું ક્ષેત્ર ૧૭૮૮૪૨ યોજન છે. ૩૨. (૫૨૦)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ધાતકીખંડના ૧૪ ક્ષેત્રોના વિસ્તારનો યંત્ર

| ક્ષેત્રનું નામ | ક્ષેત્રાંક | મુખવિસ્તાર યોજન–૨૧૨ ભાગ | મધ્યવિસ્તાર યોજન–૨૧૨ ભાગ | બાહ્યવિસ્તાર યોજન–૨૧૨ ભાગ | લંબાઈ યોજન |
|---|---|---|---|---|---|
| ૨ ભરત | ૧ | ૬૪૧૪–૧૨૯ | ૧૨૫૮૧–૩૬ | ૧૮૫૪૭–૧૫૫ | ૪૦૦૦૦૦ |
| ૨ ઐરવત | ૧ | " " | " " | " " | " |
| ૨ હિમવંત | ૪ | ૨૬૪૫૮–૯૨ | ૫૦૩૨૪–૧૪૪ | ૭૪૧૯૦–૧૯૬ | " |
| ૨ હિરણ્યવંત | ૪ | " " | " " | " " | " |
| ૨ હરિવર્ષ | ૧૬ | ૧૦૫૮૩૩–૧૫૬ | ૨૦૧૨૯૮–૧૫૨ | ૨૯૬૭૬૩–૧૪૮ | " |
| ૨ રમ્યક્ | ૧૬ | " " | " " | " " | " |
| ૨ મહાવિદેહ | ૬૪ | ૪૨૩૩૩૪–૨૦૦ | ૮૦૫૧૯૪–૧૮૪ | ૧૧૮૭૦૫૪–૧૬૮ | " |

આથી શું? તે કહે છે.

**एयं दुसहस्सूणं, इच्छासंगुणिय चउरसीभइयं।**
**वासो वासहराणं, जावंताविक्कचउसोला ॥३३॥(५२१)**

છાયા—एतद् द्विसहस्रोनं इच्छासंगुणितं चतुरशीत्या भाजितम्।
व्यासो वर्षधराणां यावत्तावदेक–चतुःषोडश ॥३३॥

**અર્થ**—આમાંથી બે હજાર ઓછા કરી ઇચ્છા મુજબ એક, ચાર, સોળથી ગુણવા અને પછી ચોર્યાસીથી ભાગવા. જે આવે તે પર્વતનો વિસ્તાર જાણવો.

**વિવેચન**—આ જે પર્વત સિવાયનું ક્ષેત્ર ૧૭૮૮૪૨ યોજન પ્રમાણ કહી ગયા તેમાંથી ૨૦૦૦ યોજન ઓછા કરી ઇચ્છા મુજબ પહેલા પર્વત માટે એકથી, બીજા પર્વત માટે ૪ થી અને ત્રીજા પર્વત માટે ૧૬ થી ગુણીને જે સંખ્યા આવે તેને ૮૪ થી ભાગવા. જે આવે તે ઇચ્છિત પર્વતનો વિસ્તાર જાણવો.

અહીં ૮૪ થી કેમ ભાગવા? તો જે રીતે ક્ષેત્રના ગુણાંક ૨૧૨ થી ભાગતા હતા તેમ અહીં પર્વતનો ગુણાંક (૧+૪+૧૬+૧૬+૪+૧=૪૨) ૪૨ પૂર્વધાતકીખંડના તેમ ૪૨ પશ્ચિમાર્ધ ધાતકીખંડના ૪૨+૪૨=૮૪ થવા માટે ૮૪ થી ભાગવાથી પર્વતનો વિસ્તાર આવે.

ક્ષુલ્લહિમવંત અને શિખરી પર્વતનો વિસ્તાર જાણવા ૧થી ગુણી ૮૪થી ભાગવા.
મહાહિમવંત અને રુક્મિ પર્વતનો ,, ,, ૪થી ,, ,, ,,
નિષધ અને નીલવંત પર્વતનો ,, ,, ૧૬થી ,, ,, ,,
જે આવે તે આ પર્વતનો વિસ્તાર જાણવો. ૩૩. (૫૨૧)

હવે હિમવંત પર્વતનો વિસ્તાર કહે છે.

**इगवीस सया पणहिय, बावीसं चउरसी य भागो य।**
**चुल्लहिमवंतवासो, धायइसंडम्मि दीवम्मि ॥३४॥(५२२)**

છાયા—एकविंशतिः शतानि पञ्चाधिकानि द्वाविंशतिश्च चतुरशीतिभागाश्च।
क्षुल्लहिमवंतव्यासो धातकीखण्डे द्वीपे ॥३४॥

**અર્થ**—ધાતકીખંડ દ્વીપમાં ક્ષુલ્લહિમવંત પર્વતનો વિસ્તાર એકવીસસો પાંચ અધિક અને બાવીસ ચોર્યાસી ભાગ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપમાં ક્ષુલ્લહિમવંત પર્વતનો વિસ્તાર ૨૧૦૫–૨૨/૮૪ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

૧૭૮૮૪૨ પર્વતોનો વિસ્તાર
— ૨૦૦૦ ઇષુકાર પર્વત

૧૭૬૮૪૨ ધ્રુવરાશિ. પર્વતના વિસ્તાર લાવવા માટેની.

૧૭૬૮૪૨ ને એક થી ગુણતા ૧૭૬૮૪૨ રહે. તેને ૮૪ થી ભાગતા.

```
८४)१७६ ८ ४ २(२१०५ યોજન
   १६८
   ००८८
     ८४
    ४४२
    ४२०
     २२
```

ક્ષુલ્લહિમવંત પર્વતનો વિસ્તાર* ૨૧૦૫–૨૨/૮૪ યોજન પ્રમાણ છે. ૩૪. (૫૨૨)

હવે મહાહિમવંત પર્વતનો વિસ્તાર કહે છે.

**इगवीसा चुलसीई, सया उ चत्तारि चेव अंसा उ।**
**वासोमहाहिमवए, धायइसंडम्मि दविम्मि ॥३५॥(५२३)**

**છાયા**—एकविंशति(अधिकानि)चतुरशीतिशतानि तु चत्वारश्चैव अंशास्तु ।
व्यासो महाहिमवति धातकीखण्डे द्वीपे ॥३५॥

**અર્થ**—ધાતકીખંડ દ્વીપમાં મહાહિમવંત પર્વતનો વિસ્તાર ચોર્યાસીસો એકવીસ યોજન અને ચાર ચોર્યાસી અંશ છે.

*લઘુહિમવંતનો વિસ્તાર ૨૧૦૫–૫/૧૯ યોજન કહી ગયા છીએ. જ્યારે અહીં તો ૨૧૦૫–૨૨/૮૪ યોજન આવ્યો. સૂક્ષ્મ ગણિતથી એ જોતાં પૂર્વના કરતા સહેજ અલ્પ છે. આમ થોડો ફેર પડવાનું કારણ એ છે કે પર્વત વિનાનું ક્ષેત્ર જે ૧૭૮૮૪૨ યોજન ગણ્યું છે, પણ તે બે કલા વધારે છે પણ ગણિતની સુગમતા માટે ઉપરની ૨/૧૯ યોજન ગણતા નથી. તેથી ઈષુકાર પર્વતના ૨૦૦૦ ઓછા કરી ધ્રુવાંક પણ ૧૭૬૮૪૨ યોજન ૨ કલાને બદલે ૧૭૬૮૪૨ ગણેલ છે. આથી આટલો થોડો ફેર આવે છે. તે જ રીતે બીજા પર્વતો વિષે જાણી લેવું.

મહાહિમવંત અને રુક્મિનો ૮૪૨૧–૪/૮૪ યોજન, નિષધ–નિલવંતના ૩૩૬૮૪–૧૬/૮૪ યોજન થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપમાં મહાહિમવંત પર્વતનો વિસ્તાર ૮૪૨૧–૪/૮૪ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

ધ્રુવરાશિ ૧૭૬૮૪૨ ને ૪ થી ગુણી ૮૪ થી ભાગવા.

```
  ૧૭૬૮૪૨          ૮૪)૭૦૭૩૬૮(૮૪૨૧ યોજન
×      ૪              ૬૭૨
---------             ----
  ૭૦૭૩૬૮               ૩૫૩
                       ૩૩૬
                       ----
                        ૧૭૬
                        ૧૬૮
                        ----
                          ૮૮
                          ૮૪
                          ---
                           ૪
```

મહાહિમવંત પર્વતનો વિસ્તાર ૮૪૨૧–૪/૮૪ યોજન પ્રમાણ છે. ૩૫. (૫૨૩)

હવે નિષધ પર્વતનો વિસ્તાર કહે છે.

**तित्तीसं च सहस्सा, उच्चेव सया हवंति चुलसीया।**
**सोलस चेव य अंसा, विक्खंभो होइ निसहस्स ॥३६॥(५२४)**

છાયા—त्रयस्त्रिंशत् च सहस्राणि षट् चैव शतानि भवन्ति चतुरशीति (अधिकानि)।
षोडश चैव च अंशा विष्कम्भो भवति निषधस्य ॥३६॥

**અર્થ**—નિષધપર્વતનો વિસ્તાર તેત્રીસહજાર છસો ચોર્યાસી યોજન અને સોળ અંશ થાય છે.

**વિવેચન**—ધાતકીખંડમાં નિષધ પર્વતનો વિસ્તાર ૩૩૬૮૪–૧૬/૮૪ યોજન પ્રમાણ થાય છે. તે આ પ્રમાણે–

ધ્રુવરાશિ ૧૭૬૮૪૨ ને ૧૬ થી ગુણીને ૮૪ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧૭૬૮૪૨<br>×૧૬<br>———<br>૨૮૨૯૪૭૨ | ૮૪) ૨૮૨૯૪૭૨ (૩૩૬૮૪ યોજન<br>૨૫૨<br>———<br>૩૦૯<br>૨૫૨<br>———<br>૫૭૪<br>૫૦૪<br>———<br>૭૦૭<br>૬૭૨<br>———<br>૩૫૨<br>૩૩૬<br>———<br>૧૬ |

નિષધ પર્વતનો વિસ્તાર ૩૩૬૮૪–૧૬/૮૪ યોજન પ્રમાણ છે. ૩૬. (૫૨૪)

હવે બાકીના પર્વતોના વિસ્તાર માટે ભલામણ કરે છે.

**जह विक्खंभो दाहिण–दिसाए तह उत्तरेऽवि तिण्ह गिरि ।**
**छप्पुव्वद्धे जह तह, अवरद्धे पव्वया छा उ ॥३७॥(५२५)**

**છાયા—यथा विष्कम्भो दक्षिणदिशि तथा उत्तरस्यामपि त्रयो गिरयः ।**
**षट् पूर्वार्धे यथा तथा अपरार्धे पर्वताःषट् तु ॥३७॥**

**અર્થ**—દક્ષિણ દિશામાં જેટલા વિસ્તારવાળા ત્રણ પર્વતો છે, તેટલા વિસ્તારવાળા ઉત્તર દિશામાં પણ ત્રણ પર્વતો છે. જે પ્રમાણે પૂર્વાર્ધમાં છ પર્વતો છે, તે પ્રમાણે પશ્ચિમાર્ધમાં છ પર્વતો છે.

**વિવેચન**—જે પ્રમાણે ધાતકીખંડના પૂર્વાર્ધમાં મેરુપર્વતથી દક્ષિણ દિશામાં લઘુહિમવંત પર્વત, મહાહિમવંત પર્વત અને નિષધપર્વતનો જે વિસ્તાર કહ્યો તે પ્રમાણે એટલે તેટલા જ વિસ્તારવાળા મેરુપર્વતથી ઉત્તર દિશામાં શિખરી પર્વત, રુક્મિ પર્વત અને નીલવંત પર્વતો છે એમ જાણવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી જેમ ધાતકીખંડના પૂર્વાર્ધમાં ૭ પર્વતો જે વિસ્તારવાળા છે, તેમ ધાતકી-ખંડના પશ્ચિમાર્ધમાં પણ છ પર્વતો તે પ્રમાણે વિસ્તારવાળા છે.

| દક્ષિણમા | ઉત્તરમાં | યોજન કલા |
|---|---|---|
| લઘુહિમવંત | શિખરી | ૨૧૦૫—૫ |
| મહાહિમવંત | રુકિમ | ૮૪૨૧—૧ |
| નિષધ | નીલવંત | ૩૩૬૮૪—૪ |

આ પ્રમાણે પશ્ચિમાર્ધમાં ૬ પર્વતો પણ આટલા વિસ્તારવાળા જાણવા.

૩૭. (૫૨૫)

હવે વર્ષધરોનો વિસ્તાર કહેવા પૂર્વક વર્ષધર, વક્ષસ્કાર પર્વતોનું સ્વરૂપ કહે છે.

**वासहरगिरी वक्खारपव्वया पुव्वपच्छिमद्धेसु।**
**जंबूद्दीवगदुगुणा, वित्थरओ उस्सए तुल्ला॥३८॥(५२६)**

છાયા—वर्षधरगिरयो वक्षस्कारपर्वताः पूर्वपश्चिमार्धेषु ।
जम्बूद्वीपगतद्विगुणा विस्तारत उच्छ्रये तुल्याः ॥३८॥

**અર્થ**—પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં જે વર્ષધર પર્વતો, વક્ષસ્કાર પર્વતો છે, તે વિસ્તારમાં જંબૂદ્વીપમાં રહેલા વર્ષધર અને વક્ષસ્કાર પર્વતોથી બમણા છે અને ઉંચાઈમાં સરખા છે.

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં જે ૬—૬ વર્ષધર પર્વતો, ચિત્ર આદિ ૧૬—૧૬ વક્ષકાર પર્વતો, વિદ્યુત્પ્રભ આદિ ૪—૪ ગજદંત પર્વતો છે. તે બધા જંબૂદ્વીપમાં રહેલા હિમવંત આદિ વર્ષધર પર્વતો, ચિત્ર આદિ વક્ષસ્કાર પર્વતો અને વિદ્યુત્પ્રભ આદિ ગજદંત પર્વતો જેટલા વિસ્તારવાળા છે તેનાથી દ્વિગુણા-બમણા વિસ્તારવાળા છે, જ્યારે ઉંચાઈમાં જંબૂદ્વીપના પર્વતોની ઉંચાઇ સરખા છે. તે આ પ્રમાણે—

લઘુહિમવંત અને શિખરી પર્વત ૨૧૦૫ યોજન ૫ કલા, મહાહિમવંત અને રુકિમ પર્વત ૮૪૨૧ યોજન ૧ કલા, નિષધ અને નિલવંત પર્વત ૩૩૬૮૪ યોજન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પર્વતોનો વિસ્તાર અને ઉંચાઇનો યંત્ર

| કુલ | નામ પર્વતો | જંબૂદ્વીપમાં વિસ્તાર યોજન–કલા | જંબૂદ્વીપમાં ઉંચાઈ યોજન | કુલ | ધાતકીખંડમાં વિસ્તાર યોજન–કલા | ધાતકીખંડમાં ઉંચાઈ યોજન |
|---|---|---|---|---|---|---|
| ૧ | લઘુહિમવંત | ૧૦૫૨–૧૨ | ૧૦૦ | ૨ | ૨૧૦૫– ૫ | ૧૦૦ |
| ૧ | શિખરી | ,, ,, | ,, | ૨ | ,, ,, | ,, |
| ૧ | મહાહિમવંત | ૪૨૧૦–૧૦ | ૨૦૦ | ૨ | ૮૪૨૧– ૧ | ૨૦૦ |
| ૧ | રુક્મિ | ,, ,, | ,, | ૨ | ,, ,, | ,, |
| ૧ | નિષધ | ૧૬૮૪૨– ૨ | ૪૦૦ | ૨ | ૩૩૬૮૪– ૪ | ૪૦૦ |
| ૧ | નિલવંત | ,, ,, | ,, | ૨ | ,, ,, | ,, |
| ૪ | યમક | ૧૦૦૦– ૦ | ૧૦૦૦ | ૮ | ૧૦૦૦– ૦ | ૧૦૦૦ |
| ૧૬ | વક્ષસ્કાર | ૫૦૦– ૦ | પર્વતથી નદી સુધી ૪૦૦ થી ૫૦૦ ભૂમિમાં ૧૦૦ થી ૧૨૫ | ૩૨ | ૧૦૦૦– ૦ | પર્વતથી નદી સુધી ૪૦૦ થી ૫૦૦ ભૂમિમાં ૧૦૦ થી ૧૨૫ |
| ૪ | ગજદંત | વર્ષધર પાસે ૫૦૦ યોજન ક્રમસર ઘટતા મેરુપર્વત પાસે અંગુલનો અસંખ્ય ભાગ | વર્ષધર પાસે ૪૦૦ યોજન ક્રમસર વધતા મેરુ પાસે ૫૦૦ યોજન | ૮ | વર્ષધર પાસે ૧૦૦૦ યોજન ક્રમસર ઘટતા મેરુ પર્વત પાસે અંગુલનો અસંખ્ય ભાગ | વર્ષધર પાસે ૪૦૦ યોજન ક્રમસર વધતા મેરુ પાસે ૫૦૦ યોજન |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪ કલા, વિદ્યુત્પ્રભ ગજદંત પર્વત ૧૦૦૦ યોજન. ચિત્ર આદિ ૧૬ વક્ષસ્કાર પર્વત ૧૦૦૦ યોજન વિસ્તારવાળા છે. જ્યારે ઉંચાઈમાં લઘુહિમવંત અને શિખરી પર્વત ૧૦૦ યોજન, મહાહિમવંત અને રુકિમ પર્વત ૨૦૦ યોજન, નિષધ અને નિલવંત પર્વત ૪૦૦ યોજન. વક્ષસ્કાર પર્વત પર્વત પાસે ૪૦૦ યોજન અને મેરુ પાસે ૫૦૦ યોજન તથા ગજદંત પર્વત મેરુ પાસે ૫૦૦ યોજન વર્ષધર પર્વત તરફ ૪૦૦ યોજન ઉંચા છે. ૩૮. (૫૨૬)

હવે દ્રહ આદિના પરિમાણની ભલામણ કરે છે.

## वासहरकुरुसु दहा, नईण कुंडाइ तेसु जे दीवा।
## उव्वेहुस्सयतुल्ला, विक्खंभायामओ दुगुणा॥३९॥(५२७)

છાયા—वर्षधरकुरुषु ह्रदा नदीनां कुण्डानि तेषु ये द्वीपाः ।
उद्वेधोच्छ्रयाभ्यां तुल्यानि विष्कम्भाऽऽयामाभ्यां द्विगुणानि ॥३९॥

**અર્થ**—વર્ષધર પર્વત ઉપર અને કુરુક્ષેત્રમાં જે દ્રહો છે તે તથા નદીઓના કુંડો, દ્વીપો વગેરે ઉંડાઇ અને ઉંચાઇમાં સરખા છે, જ્યારે વિસ્તાર અને લંબાઇમાં દ્વિગુણા છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપમાં પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં એટલે પૂર્વાર્ધ ધાતકીખંડમાં અને પશ્ચિમાર્ધ ધાતકીખંડમાં જે હિમવંત આદિ વર્ષધર પર્વતો ઉપર તથા દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રમાં પદ્માદિ દ્રહો, ગંગા–સિંધુ આદિ મહાનદીઓના કુંડો, તે કુંડમાં આવેલા ગંગાદ્વીપ આદિ દ્વીપો આ બધાની ઉંડાઈ અને ઉંચાઈ, જંબૂદ્વીપના દ્રહો, દ્વીપોની જેટલી ઉંચાઇ અને ઉંડાઇ છે. જ્યારે લંબાઈ અને પહોળાઇમાં દ્વિગુણા–બમણા છે. તે આ પ્રમાણે—

જંબૂદ્વીપની જેમ ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં આવેલા પદ્માદિ દ્રહોની, ગંગાપ્રપાત આદિ કુંડોની ઉંડાઇ ૧૦ યોજન છે.

ગંગાપ્રપાતાદિ કુંડમાં જે ગંગા આદિ દ્વીપો છે, તેની ઉંચાઇ પાણીમાં ૧૦ યોજન અને પાણીની બહાર બે ગાઉ પ્રમાણ છે.

જંબૂદ્વીપમાં પદ્મદ્રહ અને પુંડરિક દ્રહ છે, તે ૫૦૦ યોજન પહોળા અને ૧૦૦૦ યોજન લાંબા છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાધમાં અને પશ્ચિમાર્ધમાં જે બે પદ્મદ્રહ અને પુંડરિકદ્રહ છે તે ૧૦૦૦ યોજન પહોળા અને ૨૦૦૦ યોજન લાંબા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપમાં મહાપદ્મદ્રહ અને મહાપુંડરિકદ્રહ છે તે ૧૦૦૦ યોજન પહોળા અને ૨૦૦૦ યોજન લાંબા છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં જે બે મહાપદ્મદ્રહ અને બે મહાપુંડરિકદ્રહ છે તે ૨૦૦૦ યોજન પહોળા અને ૪૦૦૦ યોજન લાંબા છે.

જંબૂદ્વીપમાં તિગિચ્છિ દ્રહ અને કેસરી દ્રહ છે તે ૨૦૦૦ યોજન પહોળા અને ૪૦૦૦ યોજન લાંબા છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં જે બે તિગિચ્છિ દ્રહ અને બે કેસરી દ્રહ છે તે ૪૦૦૦ યોજન પહોળા અને ૮૦૦૦ યોજન લાંબા છે.

જંબૂદ્વીપમાં દેવકુરુ અને ઉત્તરકુરુમાં જે દ્રહો છે તે બધા ૫૦૦ યોજન પહોળા અને ૧૦૦૦ યોજન લાંબા છે, જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધના અને પશ્ચિમાર્ધના દેવકુરુમાં અને ઉત્તરકુરુમાં જે દ્રહો છે તે બધા ૧૦૦૦ યોજન પહોળા અને ૨૦૦૦ યોજન લાંબા છે.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ગંગા–સિંધુ નદીના બે ગંગા–સિંધુ કુંડો, શીતામહા નદીની ઉત્તર તરફની આઠ વિજયોમાં અને શીતોદા મહાનદીની દક્ષિણ તરફની આઠ વિજયોમાં ૩૨ ગંગા–સિંધુનદીના ૩૨ ગંગા–સિંધુ કુંડો તથા શીતા મહાનદીની દક્ષિણ તરફની આઠ વિજયોમાં અને શીતોદા મહાનદીની ઉત્તર તરફની આઠ વિજયોમાં રક્તા–રક્તવતી નદીઓના ૩૨ રક્તા–રક્તવતી કુંડો અને ઐરવત ક્ષેત્રની રક્તા–રક્તવતી નદીના બે રક્તા–રક્તવતી કુંડો કુલ ૬૮ કુંડો લંબાઈ–પહોળાઈ ગોળાકારે ૬૦ યોજન છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધના ૬૮ કુંડો અને પશ્ચિમાર્ધના ૬૮ કુંડો કુલ ૧૩૬ કુંડો લાંબા–પહોળા ગોળાકારે ૧૨૦ યોજન છે.

જંબૂદ્વીપના હેમવંતક્ષેત્રમાં રોહિતાંશા પ્રપાતકુંડ અને રોહિતા પ્રપાતકુંડ તથા હૈરણ્યવંતક્ષેત્રમાં સુવર્ણકુલા પ્રપાતકુંડ અને રુપ્યકુલા પ્રપાતકુંડ તથા વિજયોમાં રહેલી ગાહાવતી આદિ ૧૨ નદીના ૧૨ કુંડો, કુલ ૧૬ કુંડો ૧૨૦ યોજન લાંબા–પહોળા ગોળાકારે છે; જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં આવેલા ઉપર મુજબના ૩૨ કુંડો ૨૪૦ યોજન લાંબા–પહોળા ગોળાકારે છે.

જંબૂદ્વીપના હરિવર્ષક્ષેત્રમાં હરિકાંતા પ્રપાતકુંડ અને હરિસલિલા પ્રપાતકુંડ, તથા રમ્યકક્ષેત્રમાં નારીકાંતા પ્રપાતકુંડ અને નરકાંતા પ્રપાતકુંડ. આ ૪ કુંડો,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૨૪૦ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધના અને પશ્ચિમાર્ધના કુલ આ ૮ કુંડો ૪૮૦ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે.

જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં શીતા પ્રપાતકુંડ અને શીતોદા પ્રપાતકુંડ. આ બે કુંડ ૪૮૦ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાંના મહાવિદેહ ક્ષેત્રના ૨ શીતા પ્રપાતકુંડ અને ૨ શીતોદા પ્રપાતકુંડ, આ ૪ કુંડો ૯૬૦ લાંબા-પહોળા ગોળાકારે છે.

જંબૂદ્વીપમાં ગંગા પ્રપાતકુંડોના ૧૭ દ્વીપો, સિંધુ પ્રપાતકુંડોના ૧૭ દ્વીપો, રક્તા પ્રપાતકુંડોના ૧૭ દ્વીપો, રક્તાવતી પ્રપાતકુંડોના ૧૭ દ્વીપો કુલ ૬૮ દ્વીપો દરેક ૮ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધના આ ૬૮ કુંડોના દ્વીપો અને પશ્ચિમાર્ધના ૬૮ કુંડોના દ્વીપો કુલ ૧૩૬ દ્વીપો દરેક ૧૬ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે.

જંબૂદ્વીપમાં રોહિતાંશા પ્રપાતકુંડનો દ્વીપ, રોહિતા પ્રપાતકુંડનો દ્વીપ, સુવર્ણ-કુલા પ્રપાતકુંડનો દ્વીપ, રુપ્યકુલા પ્રપાતકુંડનો દ્વીપ તથા વિજયોમાં રહેલી ગાહા-વતી આદિ ૧૨ પ્રપાતકુંડના દ્વીપો. કુલ ૧૬ દ્વીપો, ૧૬ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં રહેલા આ નામના પ્રપાતકુંડના દ્વીપો ૧૬-૧૬ કુલ ૩૨ દ્વીપો ૩૨ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે.

જંબૂદ્વીપમાં હરિકાંતા પ્રપાતકુંડનો દ્વીપ, હરિસલિલા પ્રપાતકુંડનો દ્વીપ, નારી-કાંતા પ્રપાતકુંડનો દ્વીપ, નરકાંતા પ્રપાતકુંડનો દ્વીપ આ ૪ દ્વીપો દરેક ૩૨ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધના અને પશ્ચિમાર્ધના ૪-૪ કુલ ૮ દ્વીપો ૬૪ યોજન લાંબા--પહોળા ગોળાકારે છે.

જંબૂદ્વીપમાં શીતા પ્રપાતકુંડનો દ્વીપ તથા શીતોદા પ્રપાતકુંડનો દ્વીપ આ બે કુંડ ૬૪ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધના અને પશ્ચિમાર્ધના આ બે બે કુંડો ૧૨૮ યોજન લાંબા-પહોળા ગોળાકારે છે. ૩૯.(૨૫૭)

હવે નદીઓ આદિના પ્રમાણની ભલામણ કરે છે.

**सव्वाओ वि नईओ, विक्खंभोव्वेहदुगुणमाणाओ।**
**सीयासीओयाणं, वणाणि दुगुणाणि विक्खंभे॥४०॥(५२८)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—सर्वा अपि नद्यो विष्कम्भ-उद्वेधद्विगुणमानाः ।
शीताशीतोदयोर्वनानि द्विगुणानि विष्कम्भे ॥४०॥

**અર્થ**—બધી નદીઓ પહોળાઇ અને ઉંડાઇમાં દ્વિગુણ છે, શીતા અને શીતોદાના વનો વિસ્તારમાં દ્વિગુણા છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપમાં આવેલી સઘળી નદીઓ પહોળાઈમાં અને ઉંડાઇમાં જંબૂદ્વીપની નદીઓની પહોળાઇ અને ઉંડાઈ કરતાં ડબલ પ્રમાણમાં છે. તે આ પ્રમાણે—

જંબૂદ્વીપમાં ગંગા–સિંધુ–રક્તા–રક્તાવતી નામની કુલ ૬૮ નદીઓનો દરેકનો પ્રવાહ શરૂઆતમાં પહોળાઇ ૬ યોજન ૧ ગાઉની અને ઉંડાઇ ૦॥ ગાઉની છે. સમુદ્રમાં પ્રવેશ વખતે પહોળાઈ ૬૨ યોજન ૨ ગાઉની અને ઉંડાઇ એક યોજન ૧ ગાઉની છે. જ્યારે ધાતકીખંડની પૂર્વાર્ધની અને પશ્ચિમાર્ધની ૬૮–૬૮ કુલ ૧૩૬ નદીઓ. શરૂઆતમાં પહોળાઇ ૧૨ યોજન ૨ ગાઉ અને ઉંડાઈ ૧ ગાઉની છે અને સમુદ્રમાં પ્રવેશ વખતે પહોળાઈ ૧૨૫ યોજન અને ઉંડાઈ ૨ યોજન ૨ ગાઉ છે.

જંબૂદ્વીપમાં રોહિતાંશા–રોહિતા–સુવર્ણકૂલા–રુપ્યકૂલા અને ગાહાવતી આદિ ૧૨ અંતરનદી કુલ ૧૬ નદીઓની શરૂઆતમાં પહોળાઇ ૧૨ યોજન ૨ ગાઉ અને ઉંડાઈ ૧ ગાઉ છે. સમુદ્રમાં પ્રવેશ વખતે પહોળાઇ ૧૨૫ યોજન અને ઉંડાઈ ૨ યોજન ૨ ગાઉ છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધની આ ૧૬–૧૬ કુલ ૩૨ નદીઓની શરૂઆતમાં પહોળાઈ ૨૫ યોજન અને ઉંડાઇ ૨ ગાઉની છે. સમુદ્રમાં પ્રવેશ વખતે પહોળાઇ ૨૫૦ યોજન અને ઉંડાઈ ૫ યોજન છે.

જંબૂદ્વીપમાં હરિકાંતા–હરિસલિલા–નારીકાંતા–નરકાંતા આ ૪ નદીઓની શરૂઆતમાં પહોળાઇ ૨૫ યોજન અને ઉંડાઈ ૨ ગાઉની છે. સમુદ્રમાં પ્રવેશ વખતે પહોળાઇ ૨૫૦ યોજન અને ઉંડાઇ ૫ યોજન છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધની ૪–૪ કુલ ૮ નદીઓ શરૂઆતમાં પહોળાઇ ૫૦ યોજન ઉંડાઈ ૧ યોજન છે. સમુદ્રમાં પ્રવેશ વખતે પહોળાઇ ૫૦૦ યોજન અને ઉંડાઇ ૧૦ યોજન છે.

જંબૂદ્વીપમાં શીતા–શીતોદા નદીની શરૂઆતમાં પહોળાઈ ૫૦ યોજન અને ઉંડાઈ ૧ યોજન છે. સમુદ્રમાં પ્રવેશ વખતે પહોળાઈ ૫૦૦ યોજન અને ઉંડાઈ ૧૦ યોજન છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધની અને પશ્ચિમાર્ધની ૨–૨ કુલ ૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નદીઓની શરૂઆતમાં પહોળાઈ ૧૦૦ યોજન અને ઉંડાઈ ૨ યોજન છે, સમુદ્રમાં પ્રવેશ વખતે પહોળાઈ ૧૦૦૦ યોજન અને ઉંડાઇ ૨૦ યોજન છે.

શીતા મહાનદી અને શીતોદા મહાનદીના બન્ને કિનારે સમુદ્રપ્રવેશમાં જે વનો છે તેના વિસ્તારનો વિચાર કરીએ તો જંબૂદ્વીપની શીતા–શીતોદા નદીના બન્ને કિનારે રહેલા વનની અપેક્ષાએ દ્વિગુણા–બમણા છે. તે આ પ્રમાણે—

જંબૂદ્વીપમાં શીતા–શીતોદા મહાનદી સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યાં બન્ને કિનારા ઉપર જે વન છે તેનો વિસ્તાર નિષધ–નીલવંત પર્વત પાસે ૧/૧૯ યોજન છે અને નદી પાસે ૨૯૨૨ યોજન છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધની શીતા–શીતોદા નદીના કિનારે આવેલા વનો નિષધ–નીલવંત પર્વત પાસે ૨/૧૯ યોજન પ્રમાણ અને નદી પાસે ૫૮૪૪ યોજન પ્રમાણ વિસ્તારવાળા છે. ૪૦.(૫૨૮)

તથા

## कंचनगजमगसुरकुरु–नगा य वेयड्ढ दीहवट्टा य।
## विक्खंभोव्वेहसमु–स्सएण जह जंबूद्दीवि व्व॥४१॥(५२९)

છાયા—काञ्चनक-यमक-सुरकुरुनगाश्च वैताढ्या दीर्घवृत्ताश्च ।
विष्कम्भोद्वेधसमुच्छ्रयेन यथा जम्बूद्वीपे इव ॥४१॥

**અર્થ**—કંચનગિરિ, યમકગિરિ, દેવકુરુના પર્વતો, દીર્ઘવૈતાઢ્યો, વૃત્તવૈતાઢ્ય પર્વતોનો વિસ્તાર, ઉંડાઇ, ઉંચાઈ જે પ્રમાણે જંબૂદ્વીપમાં છે તે પ્રમાણે છે.

**વિવેચન**—દેવકુરુ અને ઉત્તરકુરુમાં દ્રહોના બન્ને કિનારે જે કંચનગિરિ પર્વતો, ઉત્તરકુરુમાં યમક–જમક પર્વતો, દેવકુરુમાં ચિત્ર–વિચિત્ર પર્વતો, ભરતાદિ ક્ષેત્રના ૩૪ દીર્ઘવૈતાઢ્ય પર્વતો, શબ્દાપાતી આદિ ૪ વૃત્તવૈતાઢ્ય પર્વતો. આ બધા પર્વતોનો જે પ્રમાણે વિસ્તાર, જમીનમાં અને ઉંચાઇમાં જંબૂદ્વીપમાં જેટલા યોજન પ્રમાણ છે તેટલા યોજન પ્રમાણ ધાતકીખંડમાં પણ પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં દરેક પર્વતો જમીનમાં, ઉંચાઇમાં અને વિસ્તારમાં જાણવા. તે આ પ્રમાણે—

જંબૂદ્વીપની જેમ ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં કાંચનગિરિ પર્વતો ૧૦૦ યોજન ઉંચા, ૧૦૦ યોજન મૂલમાં વિસ્તાર, ૭૫ યોજન મધ્ય ભાગે વિસ્તાર, ૫૦ યોજન ઉપર વિસ્તાર અને ૨૫ યોજન જમીનમાં છે. તથા મૂલમાં પરિધિ ૩૧૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોજન, મધ્યમાં પરિધિ ૨૩૭ યોજનથી અધિક અને ઉપરની પરિધિ ૧૫૮ યોજનથી અધિક છે.

આ કંચનગિરિ પર્વતોના અંતરમાં વિશેષતા આ પ્રમાણે છે. જંબૂદ્વીપના કંચનગિરિ પર્વતો જમીનની અંદર એકબીજાને સ્પર્શેલા છે. જ્યારે ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં રહેલા કંચનગિરિ પર્વતો જમીન ઉપર ૧૧૧–૧/૯ યોજનના અંતરે છે. કેમકે ધાતકીખંડમાં પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના દ્રહોની લંબાઇ ૨૦૦૦ યોજન છે અને પહોળાઈ ૧૦૦૦ યોજન છે. બે બાજુના ૧૦ કંચનગિરિનો વિસ્તાર ૧૦૦૦ યોજન છે. આથી ૨૦૦૦ યોજનમાં પર્વતોનો ૧૦૦૦ યોજન વિસ્તાર ઓછો કરીએ એટલે ૧૦૦૦ યોજન રહે. પર્વતો ૧૦ છે. તેના આંતરા નવ થાય તેથી ૯ થી ભાગવા.

```
   | | |
૯)૧૦૦૦(૧૧૧ યોજન
   ૯
  ---
   ૧૦
    ૯
  ---
    ૧૦
     ૯
  ---
     ૧
```

૧૧૧–૧/૯ યોજન દરેક કંચનગિરિ પર્વતનું અંતર જાણવું. એટલે એક કંચનગિરિથી બીજો કંચનગિરિ ૧૧૧–૧/૯ યોજન દૂર રહેલો છે.

જંબૂદ્વીપની જેમ ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં જે ઉત્તરકુરુમાં બે બે યમક પર્વતો, દેવકુરુમાં બે બે ચિત્ર અને વિચિત્ર કૂટ પર્વતો પણ ૧૦૦૦ યોજન ઉંચા, મૂલમાં ૧૦૦૦ યોજન વિસ્તાર, મધ્ય ભાગે ૭૫૦ યોજન વિસ્તાર અને ઉપર ૫૦૦ યોજન વિસ્તારવાળા છે, તથા પરિધિ મૂલમાં ૩૧૬૨ યોજનથી અધિક, મધ્ય ભાગે ૨૩૭૨ યોજનથી અધિક અને ઉપરના ભાગે ૧૫૮૧ યોજનથી અધિક છે.

પૂર્વાર્ધના અને પશ્ચિમાર્ધના ભરત-ઐરવતક્ષેત્ર અને વિજયોના મળી ૩૪–૩૪ દીર્ઘ-વૈતાઢ્ય પર્વતો જંબૂદ્વીપના વૈતાઢ્ય પર્વત સમાન એટલે ૨૫ યોજન ઉંચા, મૂલમાં ૫૦ યોજન પહોળા, ત્યારપછી ૧૦ યોજને ૩૦ યોજન પહોળા, ત્યાંથી ૧૦ યોજને ૧૦ યોજન પહોળા, ત્યાંથી ૫ યોજન ઉપર પણ પહોળાઇ ૧૦ યોજન છે. જમીનમાં ૬ યોજન ૧ ગાઉ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શબ્દાપાતી આદિ ૪ વૃત્તવૈતાઢ્ય પર્વતો પણ જંબૂદ્વીપના વૃત્તવૈતાઢ્ય સમાન છે. એટલે ૧૦૦૦ યોજન ઉંચા અને ૧૦૦૦ યોજન વિસ્તારવાળા, ગોળાકારે છે. પરિધિ ૩૧૬૨ યોજનથી અધિક છે અને જમીનમાં ૨૫૦ યોજન છે. ૪૧. (૫૨૯)

હવે કુરુક્ષેત્રના વિસ્તાર માટેની રીત કહે છે.

**चउणउइ सए मेरुं, विदेहमज्झा विसोहइत्ताणं।**
**सेसस्स य जं अद्धं, सो विक्खंभो कुरूणं तु॥४२॥(५३०)**

છાયા—चतुर्नवतिशतं मेरुं विदेहमध्यात् विशोध्य ।
शेषस्य च यदर्धं स विष्कम्भः कुरूणां तु ॥४२॥

**અર્થ**—વિદેહના મધ્યમાંથી મેરુના ચોરાણુસો બાદ કરીને જે બાકી રહે તેનું જે અડધુ તે કુરુનો વિસ્તાર જાણવો.

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં જે મેરુ પર્વત છે તે ૯૪૦૦ યોજન વિસ્તારવાળો છે. આ ૯૪૦૦ મહાવિદેહ ક્ષેત્રના મધ્યવિસ્તાર ૮૦૫૧૯૪–૧૮૪/૨૧૨ યોજનમાંથી ઓછા કરવા. જે બાકી રહે તેના અડધા કરવા. જે આવે તે દેવકુરુ કે ઉત્તરકુરુનો વિસ્તાર જાણવો.

| | |
|---|---|
| મહાવિદેહનો મધ્યવિસ્તાર | ૮૦૫૧૯૪–૧૮૪/૨૧૨ યોજન |
| મેરુનો વિસ્તાર | – ૯૪૦૦ ,, |
| | ૭૯૫૭૯૪–૧૮૪/૨૧૨ |

અડધા કરતા ૩૯૭૮૯૭–૯૨/૨૧૨ યોજન થાય,

દેવકુરુ અને ઉત્તર કુરૂક્ષેત્ર ૩૯૭૮૯૭–૯૨/૨૧૨ યોજન પ્રમાણ વિસ્તારવાળું છે. ૪૨. (૫૩૦)

આ જ વાત ગાથામાં કહે છે.

**सत्ताणवइ सहस्सा, सत्ताणउयाइ अट्ठ य सयाइं।**
**तिन्नेव य लक्खाइं, कुरूण भागा उ बाणउई॥४३॥(५३१)**

છાયા—सप्तनवतिः सहस्राणि सप्तनवति(अधिकानि) अष्ट च शतानि ।
त्रीण्यैव च लक्षाणि कुरूणां भागास्तु द्विनवति ॥४३॥



(અર્થ પેજ ૨૮૬ ઉપર)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ધાતકીખંડ દ્વીપના પર્વતોનું યંત્ર

| પર્વતનું નામ | પહોળાઈ યોજન–કલા | લંબાઈ યોજન | ઉંચાઈ યોજન | જમીનમાં યોજન | ઉપરના દ્રહ લંબાઈ યોજન | ઉપરના દ્રહ પહોળાઈ યોજન | દ્રહના મુખ્યકમલ પહોળાઈ યોજન | દ્રહના મુખ્યકમલ ઉંચાઈ યોજન | કર્ણિકા વિસ્તાર યોજન | કર્ણિકા ઉંચાઈ યોજન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ લઘુહિમવંત | ૨૧૦૫–૫ | ૪ લાખ | ૧૦૦ | ૨૫ | ૨૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૧ | ૧ | ૦॥ |
| ૨ શિખરી | ,, ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨ મહાહિમવંત | ૮૪૨૧–૧ | ,, | ૨૦૦ | ૫૦ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૪ | ૨ | ૨ | ૧ |
| ૨ રુકિમ | ,, ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨ નિષધ | ૩૩૬૮૪–૪ | ,, | ૪૦૦ | ૧૦૦ | ૮૦૦૦ | ૪૦૦૦ | ૮ | ૪ | ૪ | ૨ |
| ૨ નિલવંત | ,, ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨ ઈષુકાર | ૧૦૦૦–૦ | ,, | ૫૦૦ | ૧૨૫ | — | — | — | — | — | — |
| ૪ ચિત્ર–વિચિત્ર | ,, ,, | ગોળાકાર ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૫૦ | ઉપર પ્રાસાદ | — | — | — | — | — |
| ૪ યમક | ,, ,, | ,, | ,, | ,, | ,, | — | — | — | — | — |
| ૩૨ વક્ષસ્કાર | ,, ,, | વિજય જેટલી | પર્વત પાસે ૪૦૦ નદી પાસે ૫૦૦ | ૧૦૦ ૧૨૫ | કૂટો | | | | | |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પૂર્વાર્ધમાં દેવકુરુ–પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ | વર્ષધર પાસે ૧૦૦૦ યોજન મેરુ પાસે અ ગુલનો અસંખ્ય ભાગ | ૩૫૬૨૨૭ | વર્ષધર પાસે ૪૦૦ યોજન મેરુ પાસે ૫૦૦ યોજન | વર્ષધર પાસે ૧૦૦ યોજન મેરુ પાસે ૧૨૫ યોજન | મેરુ પાસે સિદ્ધાયતન અને બાકી કૂટો | | | | |
| ઉત્તરકુરુ–પશ્ચિમમાં ગંધમાદન | | ,, | | | | | | | |
| દેવકુરુ–પૂર્વમાં સોમનસ | | ૫૬૯૨૫૯ | | | | | | | |
| ઉત્તરકુરુ–પૂર્વમાં માલ્યવંત | | ,, | | | | | | | |
| પશ્ચિમાર્ધમાં દેવકુરુ–પૂર્વમાં સોમનસ | | ૩૫૬૨૨૭ | | | | | | | |
| ઉત્તરકુરુ–પૂર્વમાં માલ્યવંત | | ,, | | | | | | | |
| દેવકુરુ–પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ | | ૫૬૯૨૫૯ | | | | | | | |
| ઉત્તરકુરુ–પશ્ચિમમાં ગંધમાદન | | ,, | | | | | | | |
| ૬૮ દીર્ઘ વૈતાઢ્ય | ૫૦ | ક્ષેત્ર જેટલી | ૨૫ | ૬ા | કૂટો | | | | |
| ૮ વૃત્ત વૈતાઢ્ય | ૧૦૦૦ | ૧૦૦૦ ગોળ | ૧૦૦૦ | ૨૫૦ | પ્રાસાદ | | | | |

# ધાતકીખંડની ૧૮૦

| કુલ | ક્ષેત્ર | નામ | | | | જીવ્હા | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | વિસ્તાર યોજન | જાડાઈ યોજન | લંબાઈ યોજન |
| | | ગંગા— | સિંધુ— | રક્તા— | રક્તવતી | | | |
| ૧૨૮ | મહાવિદેહ | ૩૨ | ૩૨ | ૩૨ | ૩૨ | ૧૨॥ | ૦। | ૧ |
| ૪ | ભરત | ૨ | ૨ | — | — | ,, | ,, | ,, |
| ૪ | ઐરવત | — | — | ૨ | ૨ | ,, | ,, | ,, |
| ૨૪ | મહાવિદેહ | ૨૪ અંતરનદીઓ | | | | ૨૫ | ૦॥ | ૨ |
| ૪ | હિમવંત | રોહિતાંશા—રોહિતા | | | | ,, | ,, | ,, |
| ૪ | હિરણ્યવંત | સુવર્ણકૂલા—રૂપ્યકૂલા | | | | ,, | ,, | ,, |
| ૪ | હરિવર્ષ | હરિકાંતા—હરિસલિલા | | | | ૫૦ | ૧ | ૪ |
| ૪ | રમ્યક્ | નારિકંતા—નરકંતા | | | | ,, | ,, | ,, |
| ૪ | મહાવિદેહ | શીતા—શીતોદા | | | | ૧૦૦ | ૨ | ૮ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મહાનદીઓનું યંત્ર

| નદી મૂલમાં વિસ્તાર યોજન | નદી મૂલમાં ઉંડાઈ યોજન | નદી અંતે વિસ્તાર યોજન | નદી અંતે ઉંડાઈ યોજન | મધ્ય ગિરિથી દૂર યોજન | કુંડમાંથી નીકળતા વિસ્તાર યોજન | કુંડમાં દ્વીપનો વિસ્તાર યોજન | કુંડના દ્વારનો વિસ્તાર યોજન |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨॥ | ०। | ૧૨૫ | ૨॥ | ०॥ | ૧૨૦ | ૧૬ | ૧૨॥ |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૫ | ०॥ | ૨૫૦ | ૫ | ૧ | ૨૪૦ | ૩૨ | ૨૫ |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ૫૦ | ૧ | ૫૦૦ | ૧૦ | ૨ | ૪૮૦ | ૬૪ | ૫૦ |
| ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| ૧૦૦ | ૨ | ૧૦૦૦ | ૨૦ | ૪ | ૯૬૦ | ૧૨૮ | ૧૦૦ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—ત્રણ લાખ, સત્તાણું હજાર, આઠસો સત્તાણું અને બાણું ભાગ કુરુનો વિસ્તાર છે.

**વિવેચન**—ધાતકીખંડમાં પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં રહેલા, જે દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રો છે તેનો વિસ્તાર ૩૯૭૮૯૭–૯૨/૨૧૨ યોજન પ્રમાણ છે. ૪૩. (૫૩૧)

હવે નીલવંત વર્ષધર પર્વત, અને બે યમક પર્વતનું અંતર, યમક પર્વતથી પાંચ દ્રહોના પાંચ અંતર અને પાંચમા દ્રહથી (ગજદંત) વક્ષસ્કાર પર્વતનું એક અંતર, એમ કુલ સાતના અંતર લાવવા માટેની રીત કહે છે.

**हरया य दुसाहस्सा, जमगाण सहस्स सोहय कुरूओ।**
**सेसस्स सत्तभागं, अंतरमो जाण सव्वेसिं॥४४॥(५३२)**

છાયા—ह्रदाश्च द्विसहस्रा यमकयोः सहस्रं शोधय कुरूभ्यः ।
शेषस्य सप्तमभागं अन्तरं जानीहि सर्वेषाम् ॥४४॥

**અર્થ**—દ્રહોના બે બે હજાર અને યમક પર્વતના એક હજાર કુરુના વિસ્તારમાંથી બાદ કરી બાકી રહે તેનો સાતમો ભાગ બધાનું અંતર જાણો.

**વિવેચન**—કુરુક્ષેત્રમાં પાંચ દ્રહો છે તે દરેક દ્રહની લંબાઈ ૨૦૦૦ યોજન છે. યમક પર્વત ૧૦૦૦ યોજન વિસ્તારવાળો છે. બધા ભેગા કરતા પાંચ દ્રહના ૨૦૦૦×૨=૧૦૦૦૦, ૧૦૦૦૦+૧૦૦૦=૧૧૦૦૦ યોજન થયા. કુરૂક્ષેત્રનો વિસ્તાર ૩૯૭૮૯૭ યોજનમાંથી ૧૧૦૦૦ યોજન બાદ કરવા. જે બાકી રહે તેને ૭ થી ભાગવા. જે આવે તે દરેકનું અંતર જાણવું. ૪૪. (૫૩૨)

તે અંતર કહે છે.

**पणपन्न सहस्साइं, दो चेव सयाइं एगसयराइं।**
**दोसु वि कुरुसु एयं, हरयनगाणंतरं होइ॥४५॥(५३३)**

છાયા—पञ्चपञ्चाशत् सहस्राणि द्वे चैव शते एकसप्तति (अधिके) ।
द्वयोरपि कुरुषु एतद् ह्रदनगानामन्तरं भवति ॥४५॥

**અર્થ**—બન્નેય કુરુમાં દ્રહોનું તથા દ્રહો અને પર્વતોનું અંતર પંચાવન હજાર બસો ઈકોતેર યોજન પ્રમાણ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાંના દેવકુરુક્ષેત્ર અને ઉત્તર કુરુક્ષેત્રમાં રહેલા પાંચ-પાંચ દ્રહો અને પર્વતોનું પરસ્પર અંતર ૫૫૨૭૧ યોજન થાય છે. તે આ પ્રમાણે—

કુરુક્ષેત્રનો વિસ્તાર ૩૯૭૮૯૭ યોજન છે. તેમાંથી પાંચ દ્રહોના ૧૦૦૦૦ અને યમક પર્વતના ૧૦૦૦ કુલ ૧૧૦૦૦ બાદ કરી ૭ થી ભાગવા.

```
  ૩૯૭૮૯૭
— ૧૧૦૦૦
---------
  ૩૮૬૮૯૭
```

```
૭) ૩૮ ૬ ૮ ૯ ૭ (૫૫૨૭૧ યોજન
   ૩૫
   ----
    ૩૬
    ૩૫
   ----
     ૧૮
     ૧૪
     ----
      ૪૯
      ૪૯
     ----
      ૦૦૭
        ૭
     ----
        ૦
```

પર્વતો અને દ્રહોનું એક બીજાનું પરસ્પર અંતર ૫૫૨૭૧ યોજન જાણવું. એટલે નિષધ કે નીલવંત વર્ષધર પર્વતથી ૫૫૨૭૧ યોજને યમક પર્વત. યમક પર્વતથી ૫૫૨૭૧ યોજને પહેલો દ્રહ, ત્યાંથી ૫૫૨૭૧ યોજને બીજો દ્રહ, ત્યાંથી ૫૫૨૭૧ યોજને ત્રીજો દ્રહ, ત્યાંથી ૫૫૨૭૧ યોજને ચોથો દ્રહ, ત્યાંથી ૫૫૨૭૧ યોજને પાંચમો દ્રહ. પાંચમાદ્રહથી ૫૫૨૭૧ યોજન ગજદંત વક્ષસ્કાર પર્વત રહેલો છે, આમ એક બીજાથી એક બીજાનું પરસ્પર અંતર સરખુ છે. ૪૫. (૪૩૩)

હવે ભદ્રશાલ વનની લંબાઈ કહે છે.

**लक्खो सत्त सहस्सा, अउणासीई य अट्ठ य सयाइं।**
**वासो उ भद्दसाले, पुव्वेणमेव अवरेणं॥४६॥(५३४)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—लक्षा सप्तसहस्राणि एकोनाशीति(अधिकानि) च अष्टौ च शतानि ।
व्यासस्तु भद्रशाले पूर्वस्यां एवमेव अपरस्याम् ॥४६॥

**અર્થ**—ભદ્રશાલ વનનો વિસ્તાર એક લાખ સાત હજાર આઠસો અગણ્યાએંશી યોજન પૂર્વમાં છે તેમ પશ્ચિમમાં છે.

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં મેરુ પર્વતથી પૂર્વદિશામાં અને પશ્ચિમ દિશામાં ભદ્રશાલ વનનો વિસ્તાર ૧૦૭૮૭૯ યોજન પ્રમાણ છે. એજ પ્રમાણે એટલે ધાતકીખંડના પૂર્વાર્ધમાં છે તેમ પશ્ચિમાર્ધમાં પણ ભદ્રશાલનો વિસ્તાર ૧૦૭૮૭૯ યોજન છે. ઉત્તર-દક્ષિણ વિસ્તાર ૧૨૨૫-૭૯/૮૮ યોજન પ્રમાણ છે. જે આગળ કહેવાશે. ૪૬. (૫૩૪)

હવે કુરુક્ષેત્રની જીવા લાવવાની રીત કહે છે.

**आयामेणं दुगुणा, मंदरसहिया दुसेलविक्खंभं।**
**सोहित्ता जं सेसं, तं कुरुजीवं वियाणाहि॥४७॥(५३५)**

છાયા—आयामेन द्विगुणाद् मन्दरसहिताद् द्विशैलविष्कम्भम् ।
शोधयित्वा यत् शेषं तत् कुरुजीवां विजानीहि ॥४७॥

**અર્થ**—લંબાઈને બેગુણી કરી મેરુ સહિત કરવી અને તેમાંથી બે પર્વતનો વિસ્તાર બાદ કરવો. જે બાકી રહે તે કુરુની જીવા જાણવી.

**વિવેચન**—ધાતકીખંડમાં ભદ્રશાલ વનની લંબાઇને બેગુણી કરી. તેમાં મેરુ-પર્વતનો વિસ્તાર ઉમેરવો જે આવે તેમાંથી બે ગજદંત પર્વતનો વિસ્તાર બાદ કરવો. જે બાકી રહે તે દેવકુરુ-ઉત્તરકુરુની ક્ષેત્રની જીવા જાણવી. ૪૭. (૫૩૫)

કુરુની જીવાનું પ્રમાણ તથા ધનુપૃષ્ઠની રીત કહે છે.

**अट्ठवन्नसयं तेवीसं सहस्सा दो य लक्ख जीवा उ।**
**दोण्ह गिरीणायामो, संखित्तो तं धणुकुरूणं ॥४८॥(५३६)**

છાયા—अष्टपञ्चाशत्(अधिकं)शतं त्रयोविंशति सहस्राणि द्वे च लक्षे जीवा तु ।
द्वयोर्गिर्योरायाम: संक्षिप्तः तत् धनुः कुरूणाम् ॥४८॥

**અર્થ**—બે લાખ તેવીસ હજાર એકસો અઠ્ઠાવન યોજન જીવા છે. બે પર્વતની લંબાઇ ભેગી કરે તે કુરુક્ષેત્રનું ધનુપૃષ્ઠ છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં આવેલ દેવકુરુક્ષેત્ર અથવા ઉત્તરકુરુક્ષેત્રની જીવા ૨૨૩૧૫૮ યોજન છે. તે આ પ્રમાણે–

ભદ્રશાલ વનની લંબાઇ ૧૦૭૮૭૯ યોજન છે. તેને ડબલ કરતાં ૨૧૫૭૫૮ યોજન થાય. આમાં મેરુપર્વતના ૯૪૦૦ યોજન ઉમેરી બે ગજદંત પર્વતના ૨૦૦૦ યોજન બાદ કરતા જીવા આવે.

| | |
|---|---|
| ૨૧૫૭૫૮ | દ્વિગુણ ભદ્રશાલ વન |
| + ૯૪૦૦ | મેરુ પર્વતનો વિસ્તાર |
| ૨૨૫૧૫૮ | ભદ્રશાલ વનની લંબાઇ |
| બ— ૨૦૦૦ | બે ગજદંતનો વિસ્તાર |
| ૨૨૩૧૫૮ | યોજન કુરુક્ષેત્રની જીવા જાણવી. |

બે ગજદંત પર્વતની લંબાઇ ભેગી કરતાં જે આવે તે દેવકુરુ–ઉત્તરકુરુનું ધનુપૃષ્ઠ જાણવું. ૪૮. (૫૩૬)

હવે ગજદંત પર્વતની લંબાઇ કહે છે.

**लक्खाइ तिन्नि दीहा, विज्झुप्पभगंधमायणा दोऽवि।**
**छप्पन्नं च सहस्सा, दोन्नि सया सत्तवीसा य ॥४९॥(५३७)**
**अउणट्ठा दोन्नि सया, उणसयरि सहस्स पंच लक्खा य।**
**सोमनसमालवंता, दीहा रुंदा दस सयाइं ॥५०॥(५३८)**

છાયા—लक्षाणि त्रीणि दीर्घौ विद्युत्प्रभगन्धमादनौ द्वावपि ।
षट्पञ्चाशत् च सहस्राणि द्वे शते सप्तविंशतिश्च ॥४९॥
एकोनषष्टि (अधिके) द्वे शते एकोनसप्तति सहस्राणि पञ्चलक्षाश्च ।
सोमनसमाल्यवन्तौ दीर्घौ रुन्दा दशशतानि ॥५०॥

**અર્થ**—વિદ્યુત્પ્રભ અને ગંધમાદન ત્રણલાખ છપ્પનહજાર બસો સત્તાવીસ યોજન લાંબા છે અને સોમનસ અને માલ્યવંત પાંચ લાખ અગણ્યોસીત્તેર હજાર બસો ઓગણસાઠ યોજન લાંબા છે. વિસ્તારમાં (ચારે) એક હજાર યોજન છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધમાં દેવકુરુ ક્ષેત્રની પશ્ચિમ દિશામાં વિદ્યુત્પ્રભ નામનો ગજદંત પર્વત છે, અને ઉત્તર કુરુક્ષેત્રની પશ્ચિમ દિશામાં ગંધમાદન નામનો ગજદંત પર્વત છે. આ બન્ને પર્વતો દરેકની લંબાઇ ૩૫૬૨૨૭ યોજન છે, જ્યારે દેવકુરુ ક્ષેત્રની પૂર્વ દિશામાં સોમનસ નામનો ગજદંત પર્વત અને ઉત્તર કુરુક્ષેત્રની પૂર્વ દિશામાં માલ્યવંત નામનો ગજદંત પર્વત છે. આ બંને પર્વતો દરેકની લંબાઇ ૫૬૯૨૫૯ યોજન છે.

આ પ્રમાણે પૂર્વમેરુ પર્વતનું એટલે પૂર્વાર્ધ ધાતકીખંડના કુરુક્ષેત્રના ગજદંત પર્વતોનું જાણવું.

ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં તો દેવકુરુ ક્ષેત્રની પશ્ચિમ દિશામાં વિદ્યુતપ્રભ નામનો ગજદંત પર્વત અને ઉત્તર કુરુક્ષેત્રની પશ્ચિમ દિશામાં ગંધમાદન નામનો ગજદંત પર્વત છે આ બંને પર્વતો દરેકની લંબાઇ ૫૬૯૨૫૯ યોજન છે તથા દેવકુરુક્ષેત્રની પૂર્વ દિશામાં સોમનસ નામનો ગજદંત પર્વત અને ઉત્તરકુરુક્ષેત્રની પૂર્વ દિશામાં માલ્યવંત નામનો ગજદંત પર્વત છે. આ બન્ને પર્વતો દરેકની લંબાઇ ૩૫૬૨૨૭ યોજન જાણવી. કેમકે પૂર્વાર્ધમાં પશ્ચિમ તરફ ક્ષેત્ર સાંકડું છે અને પશ્ચિમાર્ધમાં પૂર્વ તરફ ક્ષેત્ર સાંકડું છે. માટે તે તરફ ગજદંત પર્વતોની લંબાઇ ઓછી છે.

આ બધા ૪–૪ ગજદંત પર્વતો દરેકનો વિસ્તાર વર્ષધર પર્વત પાસે ૧૦૦૦ યોજન પ્રમાણ અને મેરુ પાસે અંગુલનો અસંખ્ય ભાગ જેટલો છે.

૪૯–૫૦. (૫૩૭–૫૩૮)

હવે ધનુપૃષ્ઠનું માપ કહે છે.

**नव चेव सयसहस्सा, पणवीसं खलु भवे सहस्सा य।**
**चारिसया छलसीया, धणुपट्ठाइं कुरूणं तु॥५१॥(५३९)**

છાયા—नव चैव शतसहस्राणि पञ्चविंशतिः खलु भवेत् सहस्राणि च ।
चत्वारि शतानि षडशीति(अधिकानि) धनुःपृष्ठं कुरूणां तु ॥५१॥


**અર્થ**—કુરુક્ષેત્રોનું ધનુપૃષ્ઠ નવ લાખ, પચીસહજાર ચારસો છયાંસી યોજન થાય છે.

**વિવેચન**—કુરુક્ષેત્રોનું એટલે દેવકુરુક્ષેત્રનું તથા ઉત્તરકુરુક્ષેત્રનું દરેકનું ધનુપૃષ્ઠ ૯૨૫૪૮૬ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ॥ पूर्व धातकी महाविदेह अने गजदंत विपर्यय तथा वनमुख विपर्यय ॥ १ ॥

અહિં પૂર્વના બે ગજદંત અતિદીર્ઘ છે અને પશ્ચિમના બે ગજદંત ટુંકા છે. તેમજ પૂર્વનાં બે વનમુખ અને પશ્ચિમનાં બે વનમુખમાં પણ પ્રમાણનો વિપર્યય છે.





**સૂચના:**–આ ચિત્રમાં વનમુખનો વર્ણ લીલો, નિલવંત પર્વતનો વર્ણ લીલો અને નિષધ પર્વતનો વર્ણ લાલ સમજવો. તેમજ ગજદંત પર્વતના વર્ણ ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે વિચારવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ पश्चिम धातकी महाविदेह तथा तेमां गजदंत विपर्यय अने वनमुख विपर्यय ॥२ ॥




પૂર્વધાતકીના તથા પશ્ચિમધાતકીના ગજદંત અને
વનમુખોનો પરસ્પર સ્વવિપર્યય બે ચિત્રથી તપાસો.

**સૂચના:**-આ ચિત્રમાં વનમુખનો વર્ણ લીલો, નિલવંત પર્વતનો વર્ણ લીલો અને નિષધ પર્વતનો વર્ણ લાલ સમજવો તેમજ ગજદંત પર્વતના વર્ણ ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે વિચારવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગાથા ૪૮ના ઉત્તરાર્ધમાં કહી ગયા કે બે ગજદંતની લંબાઈ ભેગી કરીએ તે કુરુક્ષેત્રનું ધનુપૃષ્ઠ. એટલે

પૂર્વાર્ધમાં દેવકુરુક્ષેત્રમાં વિદ્યુત્પ્રભ ગજદંત પર્વતની લંબાઈ ૩૫૬૨૨૭ યોજન છે અને સોમનસ ગજદંત પર્વતની લંબાઈ ૫૬૯૨૫૯ યોજન છે. આ બન્ને ભેગા કરતા કુરુક્ષેત્રનું ધનુપૃષ્ઠ થાય.

૩૫૬૨૨૭ યોજન વિદ્યુત્પ્રભ પૂર્વાર્ધના દેવકુરુનો
૫૬૯૨૫૯ ,, સોમનસ ,, ,,
૯૨૫૪૮૬ ,, કુરુક્ષેત્રનું ધનુપૃષ્ઠ થાય છે.

આ પ્રમાણે પૂર્વાર્ધના ઉત્તર કુરુક્ષેત્રના ગંધમાદન ગજદંત પર્વતની લંબાઇ ૩૫૬૨૨૭ યોજન અને માલ્યવંત ગજદંત પર્વતની લંબાઇ ૫૬૯૨૫૯ યોજન ભેગા કરતાં ૯૨૫૪૮૬ યોજન કુરુક્ષેત્રનું ધનુપૃષ્ઠ.

આ પ્રમાણે ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં પણ—

દેવકુરુમાં સોમનસ ૩૫૬૨૨૭ યો. ઉત્તરકુરુમાં માલ્યવંત
,, વિદ્યુતપ્રભ ૫૬૯૨૫૯ યો. ,, ગંધમાદન
દેવકુરુનું ધનુપૃષ્ઠ ૯૨૫૪૮૬ યો. ઉત્તરકુરુનું ધનુપૃષ્ઠ

આ પ્રમાણે કુરુક્ષેત્રનું ધનુપૃષ્ઠ થાય છે. ૫૧. (૫૩૯)

હવે ભદ્રશાલ વનની પહોળાઈ તથા લંબાઇ માટેની રીત અને પહોળાઈ કહે છે.

**पुव्वेण मंदराण, जो आयामो उ भद्दसालवणे।**
**सो अडसीइ विभत्तो, विक्खंभो दाहिणुत्तरओ॥५२॥(५४०)**
**बार सया छव्वीसा, किंचूणा जम्मुईण वित्थारो।**
**अट्ठासीइगुणो पुण, एसो पुव्वावरो होइ॥५२॥(५४१)**

છાયા—पूर्वस्यां मन्दरयोः यः आयामस्तु भद्रशालवने ।
स अष्टाशीत्या विभक्तो दक्षिणोत्तरतः ।।५२।।
द्वादशशतानि षट्विंशति(अधिकानि) किंचिदुनानि याम्योदीच्ययोः ।
अष्टाशीत्या गुणितः पुनरेष पौर्वापरो भवति ।।५२।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—મેરુ પર્વતની પૂર્વમાં ભદ્રશાલ વનની જે લંબાઇ છે, તેને અઠયાસીથી ભાગતા દક્ષિણ–ઉત્તરનો વિસ્તાર બારસો છવ્વીસ યોજનમાં કંઇક ન્યૂન જાણવો. વળી આને અઠયાસીથી ગુણતા પૂર્વ–પશ્ચિમની લંબાઇ થાય.

**વિવેચન**—ધાતકીખંડના બન્ને મેરુની પૂર્વમાં અને પશ્ચિમ ભાગમાં જે ભદ્રશાલ વન રહેલું છે. તેની પૂર્વ દિશામાં તથા પશ્ચિમ દિશામાં જે લંબાઇ છે તેને ૮૮ થી ભાગતા ભદ્રશાલ વનનો દક્ષિણ–ઉત્તરનો વિસ્તાર આવે. ૧૨૨૬ યોજનમાં કંઇક ન્યૂન યોજન વિસ્તાર દક્ષિણ–ઉત્તર ભદ્રશાલ વનનો છે. તે આ પ્રમાણે—

ભદ્રશાલ વનનો પૂર્વ દિશામાં અથવા પશ્ચિમ દિશામાં વિસ્તાર ૧૦૭૮૭૯ યોજન છે. તેને ૮૮ થી ભાગતા.

```
   | | | |
૮૮)૧૦ ૭ ૮ ૭ ૯ (૧૨૨૫ યોજન
   ૮૮
   ---
    ૧૯૮
    ૧૭૬
    ----
    ૦૨૨૭
     ૧૭૬
    ----
      ૫૧૯
      ૪૪૦
     ----
       ૭૯
```

ભદ્રશાલ વનના દક્ષિણ ભાગમાં તથા ઉત્તર ભાગમા ૧૨૨૫–૭૯/૮૮ યોજન થાય.

૭૯ ભાગ હોવાથી ૧૨૨૬ યોજનમાં ૯/૮૮ ભાગ ન્યૂન યોજન ભદ્રશાલ વનનો દક્ષિણ તથા ઉત્તરનો પ્રત્યેકનો વિસ્તાર જાણવો.

આ વિસ્તારને ૮૮ થી ગુણતા પૂર્વ–પશ્ચિમનો વિસ્તાર થાય.

૧૨૨૫–૭૯/૮૮ યોજને ૮૮ થી ગુણવા.

```
  ૧૨૨૫ યોજન
   × ૮૮
  -------
   ૯૮૦૦
  ૯૮૦૦×
  -------
૧૦૭૮૦૦ યોજન
```

```
  ૧૦૭૮૦૦
+      ૭૯ યોજન
  -----------
  ૧૦૭૮૭૯ યોજન
```

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભદ્રશાલ વનનો પૂર્વ દિશામાં તથા પશ્ચિમ દિશામાં વિસ્તાર ૧૦૭૮૭૯ યોજન જાણવો. ૫૨-૫૩. (૫૪૦-૫૪૧)

હવે પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધના ઉત્તરકુરુમાંનું ધાતકીવૃક્ષનું સ્વરૂપ જણાવે છે.

**उत्तरकुराइ धायइ, होइ महाधायई य रुक्खा य।**
**तेसिं अहिवइ सुदंसण-पियदंसणनामया देवा ॥५४॥(५४२)**

છાયા—उत्तरकुरुषु धातकी भवति महाधातकी च वृक्षौ च ।
तेषामधिपती सुदर्शन-प्रियदर्शननाम्नौ देवौ ॥५४॥

**અર્થ**—ઉત્તરકુરુમાં ધાતકી અને મહાધાતકી વૃક્ષો છે. તેના અધિપતિ સુદર્શન અને પ્રિયદર્શન નામના દેવો છે.

**વિવેચન**—પૂર્વાર્ધ ધાતકીખંડના ઉત્તર કુરુક્ષેત્રમાં નીલવંત વર્ષધર પર્વતની પાસે ધાતકી નામનું વૃક્ષ છે અને તે વૃક્ષનો અધિપતિ સુદર્શન નામનો દેવ છે. જ્યારે પશ્ચિમાર્ધ ધાતકીખંડના ઉત્તર કુરુક્ષેત્રમાં નીલવંત વર્ષધર પર્વતની પાસે મહાધાતકી નામનું વૃક્ષ છે. અને તે વૃક્ષનો અધિપતિ પ્રિયદર્શન નામનો દેવ છે. ૫૪. (૫૪૨)

હવે ધાતકીવૃક્ષના સ્વરૂપની ભલામણ કરતાં કહે છે.

**जो भणिओ जंबूए, विही उ सो चेव होइ एएसिं।**
**देवकुराए संवलि-रुक्खा जह जंबूदीवम्मि ॥५५॥(५४३)**

છાયા—यो भणितो जम्ब्वा विधिः तु स चैव एतयोः ।
देवकुरुषु शाल्मलीवृक्षौ यथा जम्बूद्वीपे ॥५५॥

**અર્થ**—જે પ્રમાણે જંબૂદ્વીપમાં જંબૂવૃક્ષનું વર્ણન છે અને દેવકુરુમાં શાલ્મલી-વૃક્ષ છે. તે જ પ્રમાણે બે વૃક્ષો છે.

**વિવેચન**—જંબૂદ્વીપમાં જે પ્રમાણે જંબૂવૃક્ષનું સ્વરૂપ-પીઠ, વૃક્ષના વલયો વગેરે કહ્યા છે, તેજ પ્રમાણે અહીં ધાતકી વૃક્ષ તથા મહાધાતકી વૃક્ષનું સ્વરૂપ વગેરે જાણવું. તથા ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધના દેવકુરુ ક્ષેત્રમાં નિષધ વર્ષધર પર્વતની પાસે એક એક શાલ્મીલી વૃક્ષ આવેલા છે. એ બન્ને શાલ્મીલી વૃક્ષનું વર્ણન જંબૂદ્વીપના શાલ્મીલી વૃક્ષ પ્રમાણે જાણવું. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શીતા મહાનદીથી ઉત્તર કુરુક્ષેત્રના બે વિભાગ થયેલા છે. જમણી બાજુનો ભાગ પૂર્વાર્ધ કુરુક્ષેત્ર અને ડાબી બાજુનો ભાગ પશ્ચિમાર્ધ કુરુક્ષેત્ર કહેવાય છે. તેમાં પૂર્વાર્ધ ઉત્તર કુરુક્ષેત્રના મધ્ય ભાગમાં ધાતકીવૃક્ષ સંબંધી ધાતકીપીઠ ૫૦૦ યોજન ગોળાકારે છે. તેની મધ્ય ભાગમાં જાડાઇ ૧૨ યોજન છે અને પછી ક્રમસર ચારે બાજુ ઓછી થતી થતી છેડે બે ગાઉ જાડાઇ રહે છે.

પીઠને ફરતી સર્વ રત્નમય બે ગાઉ ઉંચી અને ૫૦૦ ધનુષ પહોળી પદ્મવર વેદિકા છે.

પીઠને ચારે દિશામાં એક એક બે ગાઉ ઉંચા અને એક એક ગાઉ પહોળા દરવાજા છે.

પીઠના મધ્ય ભાગમાં ૮ યોજન લાંબી–પહોળી ગોળાકાર ૪ યોજન ઉંચી મણિમય પીઠિકા છે. તેના મધ્ય ભાગમાં એક વિશાળ ધાતકીવૃક્ષ છે, અને આ વૃક્ષને ફરતી ૧૨ વેદિકા–વિશેષ પ્રકારના કિલ્લા છે.

આ ધાતકીવૃક્ષ ૮ યોજન વિસ્તારવાળું, ૮ યોજન ઉંચું, જમીનમાં બે ગાઉ, સ્કંધની ઉંચાઈ બે યોજન, વિસ્તાર બે ગાઉ, ઉર્ધ્વશાખા ૬ યોજન, ચાર દિશાની ૪ શાખા ૩॥ યોજન લાંબી છે. પૂર્વ દિશાની શાખા ઉપર દેવનું ભવન છે, તેમાં મનોહર શય્યા, બાકીની ત્રણ દિશાની શાખા ઉપર પ્રાસાદ છે. તેમાં મનોહર સિંહાસનો છે. જ્યારે મુખ્ય ઉર્ધ્વશાખા ઉપર શ્રી જિનભવન છે.

આ જિનભવન ૧ ગાઉ લાંબું, ૦॥ ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ ઉંચું છે. તેની અંદર ૧૦૦ સ્તંભ, ત્રણ દ્વાર, મણિપીઠિકા, દેવછંદક અને ૧૦૮ શ્રી જિન પ્રતિમાઓ રહેલી છે.

મુખ્ય વૃક્ષને ફરતી ૧૨ વેદિકા અને વૃક્ષોના ૬ વલયો છે.

પહેલા વલયમાં ૪ યોજન ઉંચા અને વિસ્તારવાળા ૧૦૮ ધાતકીવૃક્ષો. દરેક વૃક્ષને ફરતી ૬–૬ વેદિકા છે.

બીજા વલયમાં ૨ યોજન ઉંચા અને વિસ્તારવાળા, દિશા અને વિદિશામાં થઈને કુલ ૩૪૦૧૧ ધાતકીવૃક્ષો છે.

ત્રીજા વલયમાં એક યોજન ઉંચા અને વિસ્તારવાળા ૧૬૦૦૦ ધાતકીવૃક્ષો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોથા વલયમાં ૩૨ લાખ વૃક્ષો, પાંચમા વલયમાં ૪૦ લાખ વૃક્ષો, છઠ્ઠા વલયમાં ૪૮ લાખ વૃક્ષો. કુલ ૧૨૦૫૦૧૨૦ ધાતકીવૃક્ષો જાણવા.

આ વૃક્ષોનો સમુહ ૧૦૦ યોજનના વિસ્તારવાળા ત્રણ વનખંડથી વિંટાએલા છે. જે અભ્યંતર વનખંડ, મધ્ય વનખંડ અને બાહ્ય વનખંડ કહેવાય છે.

પહેલા વનખંડની ચારે દિશામાં ૫૦–૫૦ યોજને એક એક મોટું ભવન છે. તેના મધ્ય ભાગમાં મણિમય પીઠિકા અને તેના ઉપર શયન છે.

પહેલા વનખંડની ચારે વિદિશામાં ૫૦–૫૦ યોજને એક એક પુષ્કરિણી છે. તેના મધ્ય ભાગમાં એક એક શ્રેષ્ઠ પ્રાસાદ છે.

આ પ્રથમ વનખંડમાં પૂર્વ દિશામાં રહેલા ભવનની ઉત્તર તરફ ઈશાનખૂણામાંના શ્રેષ્ઠ પ્રાસાદની દક્ષિણ તરફ બરાબર મધ્ય ભાગમાં એક કૂટ આવેલો છે. તેને ફરતી એક પદ્મવર વેદિકા અને એક વનખંડ રહેલું છે. કૂટની ઉપર સિદ્ધાયતન છે.

આ પ્રમાણે ચારે દિશામાં યથાયોગ્ય સ્થાને એક એક કૂટ છે.

વિશેષ વર્ણન માપ વગેરે બૃહત્ ક્ષેત્ર સમાસ ભાગ ૧ ના પૃષ્ઠ ૩૬૬ (ગાથા ૨૭૯ થી) પૃષ્ઠ ૩૮૦ (ગાથા ૨૯૯) સુધીમાં આપેલું છે. ૫૫ (૫૪૩)

હવે બાકી રહેલ ભદ્રશાલ વનનું વર્ણન કરે છે.


**अडवन्नसयं पणुवीस, सहस्सा दो य लक्ख मेरुवणं।**
**मंदरवक्खारनईहिं, अट्ठहा होंति पविभत्तं॥५६॥(५४४)**

છાયા—अष्टपञ्चाशत्(अधिकं) शतं पञ्चविंशति सहस्राणि द्वे च लक्षे मेरुवनम् ।
मन्दरवक्षस्कारनदीभिरष्टधा भवति प्रविभक्तम् ॥५६॥

**અર્થ**—મેરુવન બે લાખ પચીસ હજાર એકસો અઠ્ઠાવન યોજનનું છે. અને મેરુપર્વત, વક્ષસ્કાર પર્વત અને નદીઓ વડે આઠ વિભાગમાં થાય છે.

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં મધ્ય ભાગમાં રહેલ મેરુવન–ભદ્રશાલ વનની લંબાઇ ૨૨૫૧૫૮ યોજન છે, જ્યારે દક્ષિણ તરફ અને ઉત્તર તરફ પહોળાઈ ૧૨૨૫–૭૯/૮૮ યોજન પ્રમાણ છે. બન્ને ભેગા કરતા—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




આ ડીઝાઇન જંબૂદ્વીપના ભદ્રશાલવન પ્રમાણે છે.

અહીં ધાતકીખંડના પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં એક બાજુનો ભાગ સાંકડો સમજવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨૨૫–૭૯ દક્ષિણ તરફની પહોળાઈ
૧૨૨૫–૭૯ ઉત્તર તરફની પહોળાઇ

૨૪૫૧–૭૦
૯૪૦૦–૦૦ મેરુનો વિસ્તાર

૧૧૮૫૧–૭૦ યોજન પ્રમાણ પહોળું.

આ પ્રમાણે ૧૧૮૫૧–૭૦/૮૮ યોજન પહોળું અને ૨૨૫૧૫૮ યોજન લાંબું ભદ્રશાલવન મેરુ પર્વત, વક્ષસ્કાર (ગજદંત) પર્વત અને નદીઓથી આઠ વિભાગમાં વહેંચાઇને રહેલ છે. તે આ પ્રમાણે—

પહેલો વિભાગ મેરુપર્વતથી પૂર્વ દિશા તરફનો
બીજો ,, ,, પશ્ચિમ ,, ,,
ત્રીજો ,, વિદ્યુત્પ્રભ અને સોમનસ ગજદંત પર્વતની વચ્ચેનો દક્ષિણમાં
ચોથો ,, ગંધમાદન અને માલ્યવંત ,, ,, ,, ઉત્તરમાં
પાંચમો ,, દક્ષિણ તરફના ત્રીજા વિભાગમાં શીતોદા મહાનદી ઉત્તર તરફ જતાં પૂર્વ–પશ્ચિમનો
છઠ્ઠો ,, ઉત્તર તરફના ચોથા વિભાગમાં શીતા મહાનદી દક્ષિણ તરફ જતાં પૂર્વ–પશ્ચિમનો
સાતમો ,, પશ્ચિમ તરફના બીજા વિભાગમાં શીતોદા મહાનદી પશ્ચિમ તરફ જતાં દક્ષિણ–ઉત્તરનો
આઠમો ,, પૂર્વ તરફના પહેલા વિભાગમાં શીતા મહાનદી પૂર્વ તરફ જતાં દક્ષિણ–ઉત્તરનો

આ પ્રમાણે ભદ્રશાલવન આઠ વિભાગમાં વહેંચાયેલું છે. ૫૬. (૫૪૪)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે મેરુનું સ્વરૂપ કહે છે.

**धायइसंडे मेरु, चुलसीइ सहस्स ऊसिया दोऽवि।**
**ओगाढा य सहस्सं, तं चिय सिहरम्मि विच्छिन्ना ॥५७॥**

**मूले पणनउय सया, चउणउय सया य होइ धरणियले।**
**विक्खंभो चत्तारि य, वणाइ जह जंबूदीवम्मि ॥५८॥(५४६)**

છાયા—धातकीखण्डे मेरुः चतुरशीतिः सहस्राणि उच्छ्रितौ द्वावपि ।
अवगाढौ च सहस्रं तदेव शिखरे विस्तीर्णौ ॥५७॥

मूले पञ्चनवतिशतानि चतुर्नवतिशतानि च भवति धरणितले ।
विष्कम्भश्चत्वारि च वनानि यथा जम्बूद्वीपे ॥५८॥

**અર્થ**—ધાતકીખંડમાં બન્ને પણ મેરુપર્વત ચોર્યાસી હજાર યોજન ઉંચા, જમીનમાં એક હજાર યોજન અને તેટલા જ શિખર ઉપર વિસ્તારવાળા છે. મૂલમાં પંચાણુસો યોજન, જમીન ઉપર ચોરાણુસો યોજન વિસ્તાર છે. તથા જંબૂદ્વીપની જેમ ચાર વનો છે.


**વિવેચન**—ધાતકીખંડમાં બે મેરુપર્વતો છે. એક પૂર્વાર્ધ ધાતકીખંડનાં મધ્યભાગમાં અને બીજો પશ્ચિમાર્ધ ધાતકીખંડના મધ્યભાગમાં આવેલ છે. આ બન્ને મેરુપર્વતોની દરેકની ઉંચાઇ ૮૪૦૦૦ યોજન, અને જમીનની અંદર ૧૦૦૦ યોજન છે.

જમીનની અંદર મૂલમાં વિસ્તાર ૯૫૦૦ યોજન, જમીન ઉપર વિસ્તાર ૯૪૦૦ યોજન અને શિખર ઉપર વિસ્તાર ૧૦૦૦ યોજન છે,

જંબૂદ્વીપના મેરુપર્વતને જેમ ચાર વનો છે તેમ અહીં બન્ને મેરુપર્વતને પણ ચાર–ચાર વનો છે. એક જમીન ઉપર ભદ્રશાલવન, બીજું પહેલી મેખલાએ નંદનવન, ત્રીજું બીજી મેખલાએ સૌમનસવન અને ચોથું શિખર ઉપર પાંડુકવન આવેલું છે.
૫૭–૫૮. (૫૪૫–૫૪૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ધાતકીખંડના મેરુપર્વતનો દેખાવ




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે મેરુપર્વતના શિખર ઉપરથી નીચે આવતા પહોળાઈ જાણવાની રીત કહે છે.

**जत्थिच्छसि विक्खंभं, मंदरसिहराहि उच्चइत्ताणं।**
**तं दसहिं भइय लद्धं, सहस्ससहियं तु विक्खंभं ॥५९॥(५४७)**

**છાયા**—यत्रेच्छसि विष्कम्भं मन्दरशिखरात् अवपत्य ।
तत् दशभिर्भक्ते लब्धं सहस्रसहितं तु विष्कम्भम् ॥५९॥

**અર્થ**—મેરુપર્વતના શિખર ઉપરથી નીચે ઉતરતા જે સ્થાને વિસ્તાર જાણવો હોય તેને દશથી ભાગતા જે આવે તેમાં એક હજાર ઉમેરવા. જે આવે તે ત્યાંનો વિસ્તાર.

**વિવેચન**—ધાતકીખંડના મેરુપર્વતના શિખરથી નીચે ઉતરતા જ્યાંનો વિસ્તાર જાણવાની ઈચ્છા હોય, ત્યાં એટલે જેટલા યોજન નીચે હોય તેને ૧૦ થી ભાગી, ૧૦૦૦ ઉમેરવા. જે આવે તે ત્યાંનો વિસ્તાર જાણવો.

દા. ત. શિખર ઉપરથી ૮૪૦૦૦ યોજને મેરુપર્વતનો કેટલો વિસ્તાર હોય તે જાણવો છે. તો ૮૪૦૦૦ ને ૧૦ થી ભાગવા.

```
     | | |
૧૦) ૮૪૦૦૦ (૮૪૦૦ યોજન
    ૮૦
    ---
    ૦૪૦
     ૪૦
    ---
     ૦૦૦૦
```

```
   ૮૪૦૦ આવ્યા
 + ૧૦૦૦
 ------
   ૯૪૦૦ યોજન
```

મેરુપર્વતના શિખરથી ૮૪૦૦૦ યોજન નીચે ૯૪૦૦ યોજન વિસ્તાર જાણવો.

આ રીત પ્રમાણે બીજા સ્થાનોનો વિસ્તાર જાણવો.

જો મૂલથી ઉપર જતાં વિસ્તાર જાણવાની ઇચ્છા હોય તો જેટલી ઉંચાઇએ જાણવો હોય તેટલી ઉંચાઇને ૧૦ થી ભાગીને મૂલ વિસ્તાર ૯૪૦૦ માંથી તેટલા બાદ કરવા. જે બાકી રહે તે ત્યાંનો વિસ્તાર જાણવો.

દા. ત. જમીનથી ૮૪૦૦૦ યોજને કેટલો વિસ્તાર હોય તે જાણવો છે. તો ૮૪૦૦૦ ને ૧૦ થી ભાગવા. જે આવે તે ૯૪૦૦ માંથી બાદ કરવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
| | | |
| | | |

```
       | | | |
૧૦) ૮૪૦૦૦(૮૪૦૦ યોજન
     ૮૦
     ---
     ૦૪૦
      ૪૦
     ---
      ૦૦૦૦
```

```
  ૯૪૦૦
 –૮૪૦૦
 -----
  ૧૦૦૦
```

૧૦૦૦ યોજન આવ્યા. એટલે ભૂતલથી ૮૪૦૦૦ યોજને મેરુપર્વતનો વિસ્તાર ૧૦૦૦ યોજન હોય.

વિસ્તાર માટેનું આ કરણ બે મેખલાની વિવક્ષા છોડીને * કર્ણગતિથી કરેલ જાણવું. ૫૯. (૫૪૭)

હવે નંદનવનનું સ્વરૂપ કહે છે.

**पंचेव जोयणसए, उड्ढं गंतूण पंचसयपिहुलं।**
**नंदणवणं सुमेरुं, परिक्खित्ता ठियं रम्मं॥६०॥(५४८)**

**છાયા—पञ्चैव योजनशतानि उर्ध्वं गत्वा पञ्चशतपृथुलम् ।**
**नन्दनवनं सुमेरुं परिक्षिप्य स्थितं रम्यम् ॥६०॥**

**અર્થ**—પાંચસો યોજન ઉપર જઇએ–જતાં પાંચસો યોજન પહોળું સુમેરુ પર્વતને વિંટાઈને મનોહર નંદનવન રહેલું છે.

**વિવેચન**—સમતલથી મેરુપર્વત ઉપર ૫૦૦ યોજન જઇએ ત્યાં મેરુપર્વતને ચારે બાજુ વિંટાઇને રહેલું, ૫૦૦ યોજન પહોળાઈવાળું, મનોહર નંદનવન આવેલું છે. મનોહર એટલે દેવોને પણ આનંદના હેતુ ભૂત અર્થાત્ આનંદ આપનારું છે. ૬૦. (૫૪૮)

હવે નંદનવનમાં મેરુનો બહારનો વિસ્તાર કહે છે.

**नव चेव सहस्साइं, अद्धुट्ठाइं च जोयणसयाइं।**
**बाहिरओ विक्खंभो, उ नंदणे होइ मेरूणं॥६१॥(५४९)**

* કર્ણગતિ એટલે મેરુપર્વતની સમભૂતલાએ દોરી મૂકી પાંડુકવને લગાડીએ ત્યારે દોરી અને મેરુની વચ્ચે નંદનવન અને સોમનસ વન પાસે એક સામટા ૫૦૦–૫૦૦ યોજનના ખાંચા પડે છે. ત્યાં જેટલી જગા ખાલી પડે તે આકાશને પણ મેરુપર્વતનું ક્ષેત્ર ગણવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—नव चैव सहस्राणि अर्धचतुर्थानि च योजनशतानि ।
बहिर्विष्कम्भस्तु नन्दने भवति मेर्वोः ॥६१॥

**અર્થ**—નંદનવનમાં બન્ને મેરુપર્વતોનો બહારનો વિસ્તાર નવ હજાર સાડાત્રણસો યોજન થાય છે.

**વિવેચન**—ધાતકીખંડના બન્ને મેરુનો-પૂર્વાર્ધના મેરુનો અને પશ્ચિમાર્ધના મેરુનો નંદનવનમાં બહારનો વિસ્તાર ૯૩૫૦ યોજન થાય છે. તે આ પ્રમાણે—

સમતલભૂમિથી ૫૦૦ યોજન ઉંચે નંદનવન છે. એટલે ૫૦૦ યોજન ઉંચે વિસ્તાર જાણવા માટે રીત પ્રમાણે ગણિત કરતાં ૫૦૦ ને ૧૦ થી ભાગીને જે રહે તે ૯૪૦૦ માંથી બાદ કરવા.

| | |
|---|---|
| ૧૦) ૫૦૦ (૫૦ | ૯૪૦૦ |
| ૫૦ | બા— ૫૦ |
| ૦૦૦ | ૯૩૫૦ યોજન |

નંદનવને મેરુનો બહારનો વિસ્તાર ૯૩૫૦ યોજન જાણવો. ૬૧. (૫૪૯)

હવે અંદરનો વિસ્તાર કહે છે.

## अट्ठेव सहस्साइं, अद्धुट्ठाइं च जोयणसयाइं।
## अब्भिंतर विक्खंभो, उ नंदणे होइ मेरूणं ॥६२॥(५५०)

છાયા—अष्टैव सहस्राणि अर्धचतुर्थानि च योजनशतानि ।
अभ्यंतरविष्कम्भस्तु नन्दने भवति मेर्वोः ॥६२॥

**અર્થ**—નંદનવનમાં બન્ને મેરુનો અભ્યંતર વિસ્તાર આઠ હજાર અને સાડાત્રણસો યોજન છે.

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધના મેરુપર્વત અને પશ્ચિમાર્ધના મેરુપર્વત ઉપરના નંદનવનમાં અભ્યંતર વિસ્તાર-અંદરનો વિસ્તાર ૮૩૫૦ યોજન છે. તે આ પ્રમાણે—

નંદનવનમાં ચારે તરફ ૫૦૦ યોજન વિસ્તાર છે એટલે એક બાજુના ૫૦૦ યોજન તેમ બીજી તરફના ૫૦૦ યોજન. કુલ ૧૦૦૦ યોજન થાય. આ ૧૦૦૦ યોજન બહારના વિસ્તારમાંથી ઓછા કરવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯૩૫૦ યોજન બહારનો વિસ્તાર
૰–૧૦૦૦ યોજન બન્ને બાજુનો નંદનવનનો વિસ્તાર

૮૩૫૦ યોજન

નંદનવનમાં મેરુપર્વતનો અંદરનો વિસ્તાર ૮૩૫૦ યોજન જાણવો. ૬૨.(૫૫૦)

હવે સૌમનસ વનનું સ્વરૂપ કહે છે

**तत्तो य सहस्साइं, उड्ढं गंतूण अद्धछप्पन्नं।**
**सोमणसं नाम वणं, पंचसए होइ विच्छिन्नं ॥६३॥(५५१)**

છાયા—ततश्च सहस्राणि ऊर्ध्वं गत्वा अर्धषट् पञ्चाशत् ।
सौमनसं नाम वनं पञ्चशतानि भवति विस्तीर्णम् ॥६३॥

**અર્થ**—ત્યાંથી સાડા પંચાવન હજાર યોજન ઉપર જતાં ત્યાં પાંચસો યોજનના વિસ્તારવાળું સૌમનસ નામનું વન છે.

**વિવેચન**—ત્યાંથી એટલે નંદનવનથી ૫૫૫૦૦ યોજન અને સમતલથી ૫૬૦૦૦ યોજન ઉપર જતાં ૫૦૦ યોજનના વિસ્તારવાળું સૌમનસ નામનું વન આવેલું છે. ૬૩. (૫૫૧)

હવે ત્યાં બહારનો વિસ્તાર કહે છે.

**तिन्नेव सहस्साइं, अट्ठेव सयाइं जोयणाणं तु।**
**सोमनसवणे बाहिं, विक्खंभो होइ मेरूणं ॥६४॥(५५२)**

છાયા—त्रीण्येव सहस्राणि अष्टैवशतानि योजनानां तु ।
सौमनसवने बहिर्विष्कम्भो भवति मेर्वोः ॥६४॥

**અર્થ**—બન્ને મેરુપર્વતનો સૌમનસવનમાં બાહ્યવિસ્તાર ત્રણ હજાર આઠસો યોજન થાય છે.

**વિવેચન**—ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના મેરુપર્વતનો સૌમનસવનમાં મેરુપર્વતનો બહારનો વિસ્તાર ૩૮૦૦ યોજન છે તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમતલથી ૫૬૦૦૦ યોજને સૌમનસવન આવેલું છે. આગળ કહેલી રીત પ્રમાણે ૧૦ થી ભાગી નીચેનો વિસ્તાર ૯૪૦૦ માંથી બાદ કરવા.

```
   | | | |
૧૦) ૫૬ ૦ ૦ ૦ (૫૬૦૦
    ૫૦
    ---
     ૬૦
     ૬૦
    ---
    ૦૦૦૦
```

```
   ૯૪૦૦ યોજન નીચેનો વિસ્તાર
 – ૫૬૦૦
   ----
   ૩૮૦૦ યોજન
```

સૌમનસ વનમાં મેરુપર્વતનો બહારનો વિસ્તાર ૩૮૦૦ યોજન જાણવો.

૬૪. (૫૫૨)

હવે અભ્યંતર વિસ્તાર કહે છે.

## दो चेव सहस्साइं, अट्ठेव सयाइं जोयणाणं तु।
## अंतो सोमनसवणे, विक्खंभो होइ मेरूणं ॥६५॥(५५३)

છાયા—द्वे चैव सहस्रे अष्टैव शतानि योजनानां तु ।
अन्तः सौमनसवने विष्कम्भो भवति मेर्वोः ॥६५॥

**અર્થ**—બન્ને મેરુનો સૌમનસવનમાં અભ્યંતર વિસ્તાર બે હજાર આઠસો યોજન થાય છે.

**વિવેચન**—ધાતકીખંડના બન્ને મેરુપર્વતનો સૌમનસ વનમાં અંદરનો વિસ્તાર ૨૮૦૦ યોજન થાય છે. તે આ પ્રમાણે—

સૌમનસ વનનો ચારે તરફનો વિસ્તાર ૫૦૦ યોજન છે. એટલે એક બાજુ ૫૦૦ યોજન અને બીજી બાજુના ૫૦૦ યોજન બંને બાજુના થઇને ૧૦૦૦ યોજન થયા. તે બહારના વિસ્તારમાંથી બાદ કરતા કહેલો વિસ્તાર મળી રહે.

```
   ૩૮૦૦ યોજન બહારનો વિસ્તાર
 – ૧૦૦૦ યોજન બન્ને બાજુના વનનો વિસ્તાર
   ----
   ૨૮૦૦ યોજન
```

સૌમનસ વનમાં મેરુપર્વતનો અંદરનો વિસ્તાર ૨૮૦૦ યોજન છે. ૬૫. (૫૫૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે પાંડુકવનનું સ્વરૂપ કહે છે.

## अट्ठावीस सहस्सा, सोमणसवणा उ उप्पइत्ताणं।
## चत्तारि सए रुंदं, चउणउए पंडगवणं तु॥६६॥(५५४)

છાયા—अष्टाविंशतिसहस्राणि सौमनसवनात् तूत्पत्य ।
चत्वारिंशतानि रुन्दं चतुर्नवति(अधिकानि) पण्डकवनं तु ॥६६॥

**અર્થ**—સૌમનસવનથી અઠ્ઠાવીસ હજાર યોજન ઉંચે ચારસો ચોરાણું યોજન વિસ્તારવાળુ પાંડુકવન છે.

**વિવેચન**—મેરુ પર્વતના સૌમનસ વનથી ૨૮૦૦૦ યોજન ઉપર જતાં ત્યાં ચારે તરફ ૪૯૪ યોજન વિસ્તારવાળું પાંડુકવન છે તે આ પ્રમાણે—

મેરુ પર્વતનો શિખર ઉપર ૧૦૦૦ યોજનનો વિસ્તાર છે. જે પહેલા કહેલ છે, તેના મધ્યભાગમાં ૧૨ યોજન વિસ્તારવાળી ચૂલિકા છે, તેથી ૧૦૦૦ યોજનમાંથી ૧૨ યોજન બાદ કરતાં.

૧૦૦૦
— ૧૨
---
૯૮૮ યોજન વલયાકારે બન્ને બાજુનો વિસ્તાર આવ્યો આના અડધા કરતા ૪૯૪ યોજન થાય. એટલે પાંડુકવનનો ચારે બાજુનો વિસ્તાર ૯૪૯૪ યોજન જાણવો. ૬૬. (૫૫૪)

હવે વિજય આદિનું સ્વરૂપ કહે છે.

## ईसिं अंतो अंता, विजया वक्खारपव्वया सलिला।
## धायइसंडे दीवे, दोसु वि अद्धेसु नायव्वा॥६७॥(५५५)

છાયા—ईशत् अन्तः अन्ता विजया वक्षस्कारपर्वताः सलिलाः ।
धातकीखण्डे द्वीपे द्वयोरपि अर्धयोः ज्ञातव्या ॥६७॥

**અર્થ**—ધાતકીખંડ દ્વીપમાં બન્ને ય અર્ધા ભાગમાં અંદરની તરફ કંઇક સાંકડી વિજયો, વક્ષસ્કાર પર્વતો અને નદીઓ જાણવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપના બન્ને અર્ધામાં એટલે પૂર્વાર્ધ ધાતકીખંડ અને પશ્ચિમાર્ધ ધાતકીખંડમાં કંઇક અંદર એટલે લવણ સમદ્ર તરફ ક્ષેત્ર સાંકડું છે, તેથી તેમાં કચ્છાદિ વિજયો, ચિત્રાદિ વક્ષસ્કાર પર્વતો, ગાહાવતી આદિ અંતર નદીઓ સાંકડી જાણવી. અર્થાત્ લંબાઈમાં ઓછી જાણવી. વિજયાદિ કાલોદધિ સમુદ્ર તરફ થોડા થોડા વિસ્તારમાં વધે છે. અર્થાત્ *લંબાઇમાં વધે છે. ૬૭. (૫૫૫)

હવે દરેક એક એક વિજયના વિસ્તાર માટેની રીત કહે છે.

**सीयासीओयवणा, एक्कारस सहस्स छ सय अडसीया।**
**वक्खारट्ठ सहस्सा, पन्नरस सया उ सलिलाओ ॥६८॥(५५६)**
**मेरू चउणउइसए, मेरुस्सुभओ वणस्सि संमाणं।**
**अडपन्ना सत्तसया, पन्नरस सहस्स दो लक्खा ॥६९॥(५५७)**

છાયા—शीताशीतोदावने एकादश सहस्राणि षट् शतानि अष्टाशीतानि ।
वक्षस्कारा अष्टसहस्राणि पञ्चदशशतानि तु सलिलाः ॥६८॥
मेरुश्चतुर्नवतिशतानि मेरोरूभयतो वनस्य परिमाणम् ।
अष्टपञ्चाशानि सप्तशतानि पञ्चदशसहस्राणि द्वे लक्षे ॥६९॥

**અર્થ**—શીતા અને શીતોદાનું વન અગીઆર હજાર છસો અઠયાસી યોજન, વક્ષસ્કારો આઠ હજાર યોજન, નદીઓ પંદરસો યોજન, મેરુ પર્વત ચોરાણુસો યોજન અને મેરુ પર્વતના બન્ને બાજુના વનનું પ્રમાણ બે લાખ પંદર હજાર સાતસો અઠ્ઠાવન યોજન છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં શીતા મહાનદી અને શીતોદા મહાનદીના વનનો વિસ્તાર ભેગો કરતાં ૧૧૬૮૮ યોજન થાય છે. તે આ પ્રમાણે—

* આગળ વિચારી ગયા છીએ કે પૂર્વ અને પશ્ચિમ ધાતકીખંડમાં ૭ ૭ વર્ષધર પર્વતોનો વિસ્તાર દરેક ઠેકાણે સરખો છે. જ્યારે ક્ષેત્રો લવણ સમુદ્ર તરફ સાંકડા અને કાલોદધિ સમુદ્ર તરફ ક્રમસર વધતા વધતા વિસ્તારવાળા છે. તે મુજબ મહાવિદેહ ક્ષેત્ર પણ લવણ સમુદ્ર તરફ ઓછા વિસ્તારવાળું અને કાલોદધિ સમુદ્ર તરફ વધતા વિસ્તારવાળું છે, તે વિસ્તારમાંથી મહાનદીની પહોળાઈ બાદ કરી બે ભાગ કરતા, એક બાજુ વક્ષસ્કાર પર્વત તથા અંતર નદીઓની લંબાઈ આવે છે. એટલે લવણ સમુદ્ર તરફની વિજયો, વક્ષસ્કાર પર્વતો અને નદીઓ ઓછી લંબાઇવાળી અને કાલોદધિ તરફની વિજયો, પર્વતો અને નદીઓ વધારે લંબાઈવાળી થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શીતા મહાનદીના સમુદ્ર પ્રવેશ પાસેના વનનો વિસ્તાર ૫૮૪૪ યોજન છે. તેમ શીતોદા મહાનદીના સમુદ્ર પ્રવેશ પાસેના વનનો વિસ્તાર પણ ૫૮૪૪ યોજન છે. બન્ને વનનો વિસ્તાર ભેગો કરતાં ૧૧૬૮૮ યોજન થાય છે.

આઠ વક્ષસ્કાર પર્વતોનો વિસ્તાર ૮૦૦૦ યોજન છે, તે આ પ્રમાણે—

શીતા મહાનદી અને શીતોદા મહાનદીના દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં આઠ વક્ષસ્કાર પર્વતો છે. દરેક પર્વતની પહોળાઇ ૧૦૦૦ યોજન છે. એટલે આઠ વક્ષસ્કાર પર્વતની પહોળાઈ ૮૦૦૦ યોજન છે.

ગાહાવતી આદિ છ અંતર નદીઓનો વિસ્તાર ૧૫૦૦ યોજન છે. તે આ પ્રમાણે—

શીતા મહાનદી અને શીતોદા મહાનદીના દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં ૬ અંતરનદીઓ છે. દરેક નદીની પહોળાઈ ૨૫૦ યોજન છે. એટલે ૬ નદીઓનો વિસ્તાર ૧૫૦૦ યોજન છે.

મેરુ પર્વતનો વિસ્તાર ૯૪૦૦ યોજન છે.

મેરુ પર્વતની બન્ને બાજુના વનનો વિસ્તાર ભેગો કરતા ૨૧૫૭૫૮ યોજન પ્રમાણ છે. ૬૮–૬૯. (૫૫૬–૫૫૭)

આ બધો વિસ્તાર ભેગો કરતા જે થાય તે કહે છે.

**छायाला तिन्नि सया, छायाल सहस्स दोन्नि लक्खा य।**
**वणनगनइमेरुवणाण, वित्थारो मेलिओ एसो ॥७०॥(५५८)**

છાયા—षट्चत्वारिंशानि त्रीणिशतानि षट्चत्वारिंशत् सहस्राणि द्वे लक्षे च।
वननगनदीमेरुवनानां विस्तारो मीलित एषः ॥७०॥

**અર્થ**—વન, પર્વત, નદી, મેરુ અને વનનો વિસ્તાર ભેગો કરતાં બે લાખ છેંતાલીસ હજાર ત્રણસો છેંતાલીસ યોજન છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં શીતા મહાનદીના દક્ષિણ વિભાગમાં અથવા ઉત્તર વિભાગમાં શીતામહાનદી કે શીતોદા મહાનદીનું વન, ચિત્રાદિ વક્ષસ્કાર પર્વતો, ગાહાવતી-આદિ અંતર નદીઓ, મેરુ પર્વત અને મેરુ પર્વતની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બન્ને બાજુનું ભદ્રશાલ વન. આ બધાનો વિસ્તાર ભેગો કરતાં ૨૪૬૩૪૬ યોજન થાય છે. તે આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| શીતા—શીતોદાનું વન | ૧૧૬૮૮ | યોજન |
| ૮ વક્ષસ્કાર પર્વતો | ૮૦૦૦ | ,, |
| ૬ અંતર નદીઓ | ૧૫૦૦ | ,, |
| મેરુ પર્વત | ૯૪૦૦ | ,, |
| બન્ને બાજુનું ભદ્રશાલ વન | ૨૧૫૭૫૮ | ,, |
| | ૨૪૬૩૪૬ | યોજન |

ઉપર મુજબ બધાનો વિસ્તાર ૨૪૬૩૪૬ યોજન થાય છે. ૭૦. (૫૫૮)

આથી શું ? તે કહે છે.

**दविस्स य विक्खंभा, एवं सोहेउ जं भवे सेसं।**
**सोलसविहत्तलद्धं, विजयाणं होइ विक्खंभो॥७१॥(५५९)**

છાયા—द्वीपस्य च विष्कम्भादेवं शोधयित्वा यद् भवेच्छेषम् ।
षोडशविभक्तलब्धं विजयानां भवति विष्कम्भः ॥७१॥

**અર્થ**—દ્વીપના વિસ્તારમાંથી આ પ્રમાણે બાદ કરીને જે શેષ વધે તેને સોળથી ભાગતા જે આવે વિજયોનો વિસ્તાર થાય.

**વિવેચન**—ઉપર કહી ગયા તે વન, પર્વત, નદી, મેરુ, વનનો વિસ્તાર ધાતકી-ખંડ દ્વીપના વિસ્તાર ચાર લાખમાંથી બાદ કરતાં જે શેષ વધે તેને ૧૬થી ભાગવા. જે આવે તે વિજયોનો વિસ્તાર જાણવો. ૭૧. (૫૫૯)

આ વિસ્તાર કહે છે.

**एगं च सयसहस्सं, तेवन्नं जोयणाण य सहस्सा।**
**छच्च सया चउपन्ना, विसुद्धसेसं हवइ एयं॥७२॥(५६०)**
**नव चेव सहस्साइं, छच्चेव सया तिउत्तरा होंति।**
**सोलस भागा छच्चिय, विजयाणं होइ विक्खंभो॥७३॥(५६१)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—एकं च शतसहस्रं त्रिपञ्चाशत् योजनानां च सहस्राणि ।
षट्शतानि चतुःपञ्चाशानि विशुद्धशेषं भवति एतद् ॥७२॥
नव चैव सहस्राणि षट् चैव शतानि त्र्युत्तराणि भवन्ति ।
षोडशभागाः षट् चैव विजयानां भवति विष्कम्भः ॥७३॥

**અર્થ**—બાદ કરતા આ પ્રમાણે એક લાખ ત્રેપન હજાર છસો ચોપન યોજન રહે, તેને સોળથી ભાગતા નવ હજાર છસો ત્રણ યોજન અને છ સોળીયા ભાગ વિજયનો વિસ્તાર થાય.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપના ૪ લાખ યોજન વિસ્તારમાંથી વન, પર્વત, નદી, મેરુ અને ભદ્રશાલ વનના ૨૪૬૩૪૬ યોજન વિસ્તાર બાદ કરતાં જે બાકી રહે તેને ૧૬ થી ભાગતા વિજયનો વિસ્તાર આવે.

```
  ૪૦૦૦૦૦ યોજન દ્વીપનો  વિસ્તાર
બ–૨૪૬૩૪૬  ,,  વન આદિનો ,,
  ------
  ૧૫૩૬૫૪
```

```
       | | | |
૧૬) ૧૫૩૬૫૪ (૯૬૦૩ યોજન
    ૧૪૪
    ----
    ૦૦૯૬
      ૯૬
      ----
      ૦૦૫૪
        ૪૮
        --
         ૬
```

દરેક વિજય ૯૬૦૩–૬/૧૬ યોજન પ્રમાણ વિસ્તારવાળી છે. અર્થાત્ પહોળી છે. ૭૨–૭૩. (૫૬૦–૫૬૧)

હવે વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર જણાવે છે.

**छस्सय चउपन्नहिया, तेवन्न सहस्स सयसहस्सं च।**
**विजयखित्तपमाणे, वणनइमेरूवणं छूढं ॥७४॥(५६२)**
**बिनवइ सहस्स लक्ख-त्तियं च जायं तु दीवओ सोहे।**
**सेसट्ठहिए भागे, वक्खारगिरीण विक्खंभो ॥७५॥(५६३)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—षट्शतानि चतुःपञ्चाशदधिकानि त्रिपञ्चाशत् सहस्राणि शतसहस्रं च ।
विजयक्षेत्रप्रमाणे वननदीमेरुवनं क्षिप्तम् ॥७४॥
द्विनवतिसहस्राणि लक्षत्रीकं च जातं तु द्वीपात् शोधयेत् ।
शेषस्याष्टभिहृते भागे वक्षस्कारगिरीणां विष्कम्भः ॥७५॥

**અર્થ**—વિજયોના ક્ષેત્ર પ્રમાણમાં વન, નદી, મેરુવનનું પ્રમાણ નાખતાં ત્રણ લાખ બાણું હજાર થાય. તે દ્વીપના વિસ્તારમાંથી બાદ કરી, બાકી રહે તેને આઠથી ભાગતા વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર થાય.

**વિવેચન**—શીતા મહાનદી તથા શીતોદા મહાનદીના દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં ૧૬–૧૬ વિજયો છે. આ વિજયોનો પૂર્વ–પશ્ચિમ વિસ્તાર (પહોળાઇ) ૧૫૩૬૫૪ યોજન છે. તેમાં વનનો, નદીઓનો, મેરુનો અને મેરુવનનો વિસ્તાર ભેગો કરતાં ૩૯૨૦૦૦ થાય છે. તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| ૧૬ વિજયોનો | વિસ્તાર | ૧૫૩૬૫૪ | યોજન |
| શીતા–શીતોદા વનનો | ,, | ૧૧૬૮૮ | ,, |
| ૬ નદીઓનો | ,, | ૧૫૦૦ | ,, |
| મેરુનો | ,, | ૯૪૦૦ | ,, |
| ભદ્રશાલવન પૂર્વ-પશ્ચિમ | ,, | ૨૧૫૭૫૮ | ,, |
| | | ૩૯૨૦૦૦ | યોજન થયા. |

આ ૩૯૨૦૦૦ યોજન ધાતકીખંડ દ્વીપના ૪ લાખ યોજનમાંથી બાદ કરી ૮ થી ભાગતા વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર આવે.

| | |
|---|---|
| ૪૦૦૦૦૦ યોજન દ્વીપનો વિસ્તાર<br>બ—૩૯૨૦૦૦ યોજન વન આદિનો ,,<br>૦૦૮૦૦૦ યોજન | ૮) ૮૦૦૦ (૧૦૦૦ યોજન<br>૮૦<br>૦૦૦૦ |

દરેક વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર ૧૦૦૦ યોજન જાણવો.

૭૪–૭૫. (૫૬૨–૫૬૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે અંતર નદીઓનો વિસ્તાર જણાવે છે.

**पंच सया लक्खतियं, अडनउइ सहस्स दीवओ सोहे।**
**सेसस्स य छब्भागे, विक्खंभो अंतरनईणं ॥७६॥(५६४)**

છાયા—पञ्चशतानि लक्षत्रिकं अष्टनवति सहस्राणि द्वीपात् शोधयेत् ।
शेषस्य च षड्भागे विष्कम्भोऽन्तरनदीनाम् ॥७६॥

**અર્થ**—ત્રણ લાખ અઠ્ઠાણું હજાર પાંચસો યોજન દ્વીપના વિસ્તારમાંથી ઓછા કરવા, બાકી રહે તેને છથી ભાગતા અંતરનદીનો વિસ્તાર આવે.

**વિવેચન**—શીતા મહાનદી–શીતોદા મહાનદીના દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં ૧૬ વિજયોનો વિસ્તાર ૧૫૩૬૫૪ યોજન છે, તેમાં વનનો, વક્ષસ્કારનો, મેરુનો અને મેરુવનનો વિસ્તાર ભેગો કરતાં ૩૯૮૫૦૦ યોજન થાય. તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| ૧૬ વિજયોનો | વિસ્તાર | ૧૫૩૬૫૪ | યોજન |
| ૨ વનનો | ,, | ૧૧૬૮૮ | ,, |
| ૮ વક્ષસ્કારનો | ,, | ૮૦૦૦ | ,, |
| મેરુનો | ,, | ૯૪૦૦ | ,, |
| ભદ્રશાલવન પૂર્વ–પશ્ચિમ | ,, | ૨૧૫૭૫૮ | ,, |
| | | ૩૯૮૫૦૦ | યોજન |

આ ૩૯૮૫૦૦ યોજન ધાતકીખંડ દ્વીપના ૪ લાખ યોજનમાંથી બાદ કરી ૬ થી ભાગતા અંતરનદીનો વિસ્તાર આવે. શીતા–શીતોદા નદીના દક્ષિણ ભાગમાં અથવા ઉત્તર ભાગમાં ૬–૬ નદીઓ છે માટે ૬ થી ભાગવા.

૪૦૦૦૦૦
–૩૯૮૫૦૦ વનઆદિનો વિસ્તાર
૧૫૦૦ યોજન

૬) ૧૫૦૦ (૨૫૦ યોજન
૧૨
૩૦
૩૦
૦૦

દરેક અંતર નદીનો વિસ્તાર ૨૫૦ યોજન જાણવો. ૭૬. (૫૬૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે શીતા શીતોદા નદીના બન્ને કિનારા ઉપર વનનો વિસ્તાર કહે છે.

**बारसहिय तिन्नि सया, अडसीइ सहस्स तिन्नि लक्खा य।**
**दीवाओ सोहेउं, सेसद्धं वणमुहाणं तु॥७७॥(५६५)**

છાયા—द्वादशाधिकानि त्रीणिशतानि अष्टाशीतिसहस्राणि त्रीणि लक्षाणि च ।
द्वीपात् शोधयित्वा शेषार्धं वनमुखानां तु ।७७॥

**અર્થ**—ત્રણ લાખ અઠયાસી હજાર ત્રણસો બાર યોજન દ્વીપમાંથી બાદ કરીને બાકી રહે તેનું અડધું વનમુખોનો વિસ્તાર છે.

**વિવેચન**—શીતા મહાનદી–શીતોદા મહાનદીના દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં ૧૬ વિજયોનો વિસ્તાર ૧૫૩૬૫૪ યોજન છે. આમાં વક્ષસ્કાર, નદી, મેરુ અને મેરુ વનનો વિસ્તાર ભેગો કરતા ૩૮૮૩૧૨ યોજન થાય. તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| ૧૬ વિજયોનો | વિસ્તાર | ૧૫૩૬૫૪ | યોજન |
| ૮ વક્ષસ્કારનો | ,, | ૮૦૦૦ | ,, |
| ૬ નદીઓનો | ,, | ૧૫૦૦ | ,, |
| મેરુ પર્વતનો | ,, | ૯૪૦૦ | ,, |
| મેરુ વનનો | ,, | ૨૧૫૭૫૮ | ,, |
| | | ૩૮૮૩૧૨ | યોજન |

આ ૩૮૮૩૧૨ યોજન ધાતકીખંડ દ્વીપના ૪ લાખ યોજનમાથી બાદ કરતા ૧૧૬૮૮ યોજન રહે. તેના અડધા કરતા ૫૮૪૪ યોજન વનમુખનો વિસ્તાર.

શીતા–શીતોદા મહાનદીના બન્ને બાજુના વનનો દરેકનો વિસ્તાર ૫૮૪૪ યોજન પ્રમાણ છે. ૭૭ (૫૬૫)

હવે મેરુનો વિસ્તાર અને પૂર્વ–પશ્ચિમ ભદ્રશાલ વનની લંબાઈ ભેગી કરતાં જે થાય તે પ્રમાણ લાવવા કહે છે.

**बायाला अट्ठ सया, चउसयरि सहस्स सयसहस्सं च।**
**धायइविक्खंभाओ, सोहेउं मंदरवणं तु॥७८॥(५६६)**

છાયા—द्विचत्वारिंशानि अष्टशतानि चतुःसप्ततिः सहस्राणि शतसहस्रं च ।
धातकीविष्कम्भाच्छोधयित्वा मन्दरवनं तु ॥७८॥

**અર્થ**—એક લાખ ચુમ્મોતેર હજાર આઠસો બેતાલીસ યોજન ધાતકીખંડના વિસ્તારમાંથી બાદ કરતાં મેરુ અને વન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—વિજયો, વનમુખ, વક્ષસ્કાર પર્વત, નદીઓનો વિસ્તાર ભેગો કરી ધાતકીખંડ દ્વીપના ૪ લાખ યોજનમાંથી બાદ કરતા ૨૨૫૧૫૮ યોજન મેરુ અને ભદ્રશાલ વનનો વિસ્તાર આવે. તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| ૧૬ વિજયોનો | વિસ્તાર | ૧૫૩૬૫૪ | યોજન |
| ૨ વનમુખનો | ,, | ૧૧૬૮૮ | ,, |
| ૮ વક્ષસ્કારનો | ,, | ૮૦૦૦ | ,, |
| ૬ નદીઓનો | ,, | ૧૫૦૦ | ,, |
| | | ૧૭૪૮૪૨ | યોજન |

આટલા યોજન ધાતકીખંડ દ્વીપના વિસ્તારમાંથી બાદ કરવા.

૪૦૦૦૦૦ દ્વીપનો વિસ્તાર
બ—૧૭૪૮૪૨ વિજયાદિનો ,,
૨૨૫૧૫૮ યોજન

મેરુ પર્વત સહિત પૂર્વ-પશ્ચિમ ભદ્રશાલ વનનો વિસ્તાર ૨૨૫૧૫૮ યોજન પ્રમાણ જાણવો. તેમાંથી મેરુપર્વતનો ૯૪૦૦ યોજન પરિમાણ બાદ કરતાં ૨૧૫૭૫૮ યોજન વિસ્તાર પૂર્વ અને પશ્ચિમમાં ભદ્રશાલ વનનો થાય. તેનું અડધું કરતાં પૂર્વ અથવા પશ્ચિમ તરફનો ૧૦૭૮૭૯ યોજન વિસ્તાર ભદ્રશાલ વનનો થાય. ૭૮.(૫૬૬)

હવે ધાતકીખંડમાં ચંદ્ર આદિની સંખ્યા કહે છે.

**चउवीसं ससिरविणो, नक्खत्तसया य तिन्नि छत्तीसा।**
**एगं च गहसहस्सं, छप्पन्नं धायईसंडे ॥७९॥(५६७)**
**अट्ठेव सयसहस्सा, तिन्नि सहस्सा य सत्त य सयाओ।**
**धायइसंडे दीवे, तारागणकोडिकोडीणं ॥८०॥(५६८)**

છાયા—चतुर्विंशतिः शशीरवयो नक्षत्रशतानि च त्रीणि षट्त्रिंशानि ।
एकं च ग्रहसहस्रं षट्पञ्चाशं धातकीखण्डे ॥७९॥
अष्टैव शतसहस्राणि त्रीणि सहस्राणि च सप्त च शतानि ।
धातकीखण्डे द्वीपे तारागणकोटिकोटीनाम् ॥८०॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—ધાતકીખંડમાં ચંદ્ર અને સૂર્ય ભેગા ચોવીસ, નક્ષત્રો ત્રણસો છત્રીસ, ગ્રહો એકહજાર ને છપ્પન અને આઠલાખ ત્રણહજાર સાતસો કોડાકોડી તારાઓનો સમુહ છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપમાં ચંદ્ર અને સૂર્ય મળીને ૨૪ થાય છે. એટલે ધાતકીખંડમાં ૧૨ ચંદ્રો અને ૧૨ સૂર્યો છે તથા ૩૩૬ નક્ષત્રો છે. તે આ પ્રમાણે—

એક એક ચંદ્રના પરિવારમાં ૨૮–૨૮ નક્ષત્રો હોય છે. તેથી ૧૨ ચંદ્રના ગણતા ૧૨×૨૮=૩૩૬ નક્ષત્રો જાણવા.

ધાતકીખંડમાં ૧૦૫૬ ગ્રહો છે. તે આ પ્રમાણે–એક એક ચંદ્રના પરિવારમાં ૮૮–૮૮ ગ્રહો હોય છે. તેથી ૧૨ ચંદ્રના ગણતા ૧૨×૮૮=૧૦૫૬ ગ્રહો જાણવા.

ધાતકીખંડમાં ૮૦૩૭૦૦ કોડાકોડી તારાઓનો સમુહ છે. તે આ પ્રમાણે— એક એક ચંદ્રના પરિવારમાં ૬૬૯૭૫ કોડાકોડી તારા હોય છે. તેથી ૧૨ ચંદ્રોના ગણતા ૧૨×૬૬૯૭૫=૮૦૩૭૦૦ કોડાકોડી એટલે ૮૦૩૭ ઉપર સોળ મીંડા. (૮૦૩૭૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦) તારાઓનો સમુહ જાણવો. ૭૯–૮૦.(૫૬૭–૬૮)

હવે ધાતકીખંડ અધિકારનો ઉપસંહાર કહે છે.

**धायइसंडे दीवा, खित्तसमासस्स तइय अहिगारो।**
**गाहापरिमाणेणं, नायव्वो एगसीइओ ॥८१॥(५६९)**

છાયા—**धातकीखण्डो द्वीपः क्षेत्रसमासस्य तृतीयोऽधिकारः ।**
**गाथापरिमाणेन ज्ञातव्य एकाशीतिकः ॥८१॥**

**અર્થ**—ક્ષેત્રસમાસના ત્રીજા અધિકાર ધાતકીખંડ દ્વીપની એક્યાસી ગાથા જાણવી.

**વિવેચન**—ક્ષેત્રસમાસ નામના ગ્રંથમાં ધાતકીખંડ દ્વીપ એ નામનો ત્રીજો અધિકાર ૮૧ ગાથા પ્રમાણ જાણવો. ૮૧. (૫૭૦)

**ઇતિ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિરચિત શ્રીમલયગિરિ મહારાજની ટીકાનુસાર શ્રી બૃહતક્ષેત્ર સમાસ મહાગ્રંથના ધાતકીખંડ દ્વીપ નામના ત્રીજા અધિકારનું ગુજરાતી વિવેચન.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# બૃહત્‌ક્ષેત્ર સમાસ

## ચોથો

## કાલોદધિસમુદ્ર અધિકાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

# ४ કાલોદધિ સમુદ્ર અધિકાર

ધાતકીખંડ દ્વીપનું સ્વરૂપ જણાવ્યું. હવે તેના પછીના કાલોદધિ સમુદ્રનું વર્ણન કહે છે.

**अट्ठेव सयसहस्सा, कालोए चक्कवालओ रुंदो।**
**जोयणसहस्समेगं, ओगाहेणं मुणेयव्वो ॥१॥(५७०)**

છાયા—अष्टैव शतसहस्राणि कालोदश्चक्रवालतो रुन्दः ।
योजनसहस्रमेकं अवगाहेन ज्ञातव्यः ॥१॥

**અર્થ**—કાલોદધિ સમુદ્ર ચક્રવાલ પહોળાઈએ આઠ લાખ યોજન અને એક હજાર યોજન ઉંડાઇવાળો જાણવો.

**વિવેચન—कालं** એટલે કૃષ્ણ—કાળુ. અડદના ઢગલા સરખું જેમાં **उदः** એટલે પાણી છે, તે કાલોદ. '**उदकस्य उदः**' (સિદ્ધહેમ–૩–૨–૧૦૪) સૂત્રથી ઉદકનું ઉદ થયેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથવા—કાલોદધિ સમુદ્રના બે અધિપતિ દેવ છે. એકનું નામ કાલ અને બીજાનું નામ મહાકાલ છે. એટલે કાલ અને મહાકાલ સંબંધી પાણી જેમાં છે તે કાલોદ. અહીં પણ ઉદક શબ્દનું ઉદ કરેલ છે. જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે—

**‘ से केणट्ठेणं भंते एवं वुच्चइ कालोदे समुद्दे कालोद इति । गोयमा ? कालोदस्स णं समुद्दस्स उदगे आसले मासले पेसले काले पगईए उदगरसे कालमहाकाला य एत्थ दुवे देवा जाव पलिओवमठिईया परिवसंति, से एएणट्ठेणं गोयमा ! कालोए एवं वुच्चइ कालोए समुद्दे ’ इति ।**

‘ હે ભગવન્ ! કાલોદ સમુદ્ર કાલોદ કેમ કહેવાય છે ? હે ગૌતમ ! કાલોદ–સમુદ્રનું પાણી સ્વાભાવિક આસલ–આસ્વાદનીય, માસલ–પુષ્ટ ભારે, પેસલ–મનોહર, શ્યામ અને સ્વાભાવિક પાણીના સ્વાદવાળું હોવાથી તથા કાલ અને મહાકાલ નામના બે દેવો યાવત્ એક પલ્યોપમના આયુષ્યવાળા વસે છે. આ કારણથી કાલોદ સમુદ્ર કાલોદ કહેવાય છે. ’

આ કાલોદધિ સમુદ્રનો ચારે તરફ વિસ્તાર ૮ લાખ યોજન પ્રમાણ છે, અને ઉંડાઈ બધે એકસરખી ૧૦૦૦ યોજન પ્રમાણ છે, એટલે ધાતકીખંડ દ્વીપના છેલ્લા કિનારાથી પ્રારંભીને પુષ્કરાર્ધ દ્વીપના કિનારા સુધી સર્વ સ્થાને એક સરખી ૧૦૦૦ યોજન ઉંડાઇ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ‘ જેમ લવણસમુદ્રમાં ઉંડાઇ ક્રમસર બન્ને બાજુથી ૪૫૦૦૦–૪૫૦૦૦ યોજન સુધી વધતી જાય છે. ૪૫૦૦૦ યોજન પછી ૧૦૦૦૦ યોજન સુધીમાં ઉંડાઇ એકસરખી ૧૦૦૦ યોજન છે. જ્યારે અહીં કાલોદધિ સમુદ્રમાં કિનારાથી માંડી સામા કિનારા સુધી એટલે ધાતકીખંડના છેડાથી પુષ્કરવર દ્વીપના કિનારા સુધી ૮ લાખ યોજન સુધી બધે એક સરખી ૧૦૦૦ યોજન ઉંડાઈ છે.

વળી લવણ સમુદ્રમાં પાતાલ કલશો, ભરતી ઓટ છે તે આમાં નથી. તેમજ લવણ સમુદ્રની જેમ શિખા નહિ હોવાથી વેલંધર–અનુવેલંધર દેવોના આવાસ પર્વતો પણ નથી. લવણ સમુદ્રમાં પાતાલ કલશગત પવનના યોગે મોટાં મોટાં મોઝા ઉછળે છે તેમ અહીં પાણીમાં મોઝા ઉછળતા નથી પણ પાણી બધે સ્થિર છે.

લવણ સમુદ્રનું પાણી ખારું અને અપેય છે; જ્યારે આ કાલોદધિ સમુદ્રનું પાણી વરસાદના પાણી જેવા સ્વાદવાળું અને પીવા યોગ્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાલોદધિ સમુદ્રમાં પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એમ બે વિભાગો છે.

**પ્રશ્ન**—અહીં સમુદ્રમાં બે વિભાગ શાથી? તથા લવણ સમુદ્રનો અધિપતિ એક જ સુસ્થિત દેવ છે. તો આ સમુદ્રના અધિપતિ બે દેવો કેમ?

**ઉત્તર**—કાલોદધિ સમુદ્રમાં બે વિભાગ હોવા જેવું કંઇ ખાસ કારણ દેખાતુ નથી, પણ ધાતકીખંડ દ્વીપથી માંડી સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંતના દરેક દ્વીપ–સમુદ્રોના બે બે અધિપતિ દેવો છે. વળી પુષ્કરવર દ્વીપ પછીના દ્વીપોમાં વર્ષધર પર્વતો તથા ક્ષેત્રો ન હોવા છતાં બે બે અધિપતિ દેવો કહ્યા છે. તેથી ક્ષેત્રાદિ વિશિષ્ટ ભેદને લીધે અધિપતિ બે બે દેવો હોય એવું નથી. ક્ષેત્રાદિ વિભાગ હોય કે ન હોય તો પણ જંબૂદ્વીપ અને લવણ સમુદ્ર સિવાયના સર્વ દ્વીપ–સમુદ્રોના બે બે અધિપતિ દેવો જગતસ્વભાવે જ છે. ૧. (૫૭૦)

હવે પરિધિ કહે છે.

## इगनउइ सयसहस्सा, हवंति तह सत्तरी सहस्सा य।
## छच्च सया पंचहिया, कालोयहिपरिरओ एसो ॥२॥(५७१)

**છાયા**—एकनवतिशतसहस्राणि भवन्ति तथा सप्ततिसहस्राणि च ।
षट् च शतानि पञ्चाधिकानि कालोदधिपरिरय एषः ॥२॥

**અર્થ**—એકાણું લાખ, સીત્તોરહજાર છસો પાંચ આ પ્રમાણે કાલોદધિ સમુદ્રની પરિધિ છે.

**વિવેચન**—કાલોદધિ સમુદ્રની પરિધિ ૯૧૭૦૬૦૫ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

કાલોદધિ સમુદ્રનો વિસ્તાર એક તરફ ૮ લાખ યોજન છે તેમ બીજી તરફ પણ ૮ લાખ યોજન છે. બન્ને તરફના થઇ ૧૬ લાખ યોજન થયા.

ધાતકીખંડ દ્વીપના એક તરફના ૪ લાખ યોજન તેમ બીજી તરફના ૪ લાખ યોજન. બન્ને તરફના થઈ ૮ લાખ યોજન, તેમ લવણ સમુદ્રના એક તરફના ૨ લાખ યોજન તેમ બીજી તરફના ૨ લાખ યોજન બન્ને મળીને ૪ લાખ યોજન અને જંબૂદ્વીપના એક લાખ યોજન. બધા મળીને ૨૯ લાખ યોજન થાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧૬૦૦૦૦૦ | યોજન કાલોદધિ સમુદ્રના |
| ૮૦૦૦૦૦ | ,, ધાતકીખંડ દ્વીપના |
| ૪૦૦૦૦૦ | ,, લવણ સમુદ્રના |
| ૧૦૦૦૦૦ | ,, જંબૂદ્વીપના |
| કુલ ૨૯૦૦૦૦૦ | ,, |

પરિધિ લાવવા માટે આનો વર્ગ કરી, તે પછી તેના દસગુણા કરી વર્ગમૂળ કાઢવું.

```
     ૨૯૦૦૦૦૦
   × ૨૯૦૦૦૦૦
 -------------
 ૮૪૧૦૦૦૦૦૦૦૦૦૦
        × ૧૦
 -------------
 ૮૪૧૦૦૦૦૦૦૦૦૦૦૦ આ સંખ્યાનું વર્ગમૂલ કાઢતાં.
```

```
૯              )૮૪૧૦૦ ૦૦૦૦૦ ૦૦૦(૯૧૭૦૬૦૫ યોજન
૯               ૮૧
----           -----
૧૮૧             ૦૩૧૦
  ૧              ૧૮૧
-----          -----
૧૮૨૭             ૧૨૯૦૦
   ૭             ૧૨૭૮૯
-----          ---------
૧૮૩૪૦            ૦૦૧૧૧૦૦૦૦
    ૦              ૧૧૦૦૪૩૬
------         -----------
૧૮૩૪૦૬            ૦૦૦૯૫૬૪૦૦૦૦
     ૬                ૯૧૭૦૬૦૨૫
-------              ----------
૧૮૩૪૧૨૦               ૦૩૯૩૩૯૭૫ શેષ
      ૦
--------
૧૮૩૪૧૨૦૫
       ૫
--------
૧૮૩૪૧૨૧૦ છેદરાશી
```

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાલોદધિ સમુદ્રની પરિધિ ૯૧૭૦૬૦૫ યોજનથી અધિક થાય છે.

કાલોદધિ સમુદ્રને પણ જંબૂદ્વીપની જેમ વિજયાદિ ચાર દ્વારો છે. તે આ પ્રમાણે-

| | | | | |
|---|---|---|---|---|
| પૂર્વ | દિશામાં | વિજય | નામનું | દ્વાર |
| દક્ષિણ | ,, | વૈજયંત | ,, | ,, |
| પશ્ચિમ | ,, | જયંત | ,, | ,, |
| ઉત્તર | ,, | અપરાજિત | ,, | ,, |

દરેક દ્વાર ૪ યોજન પહોળા તથા એક ગાઉની બારશાખવાળા છે. એટલે આખું દ્વાર બારશાખ સહિત ૪॥ યોજન પ્રમાણ છે. ૨. (૫૭૧)

હવે આ દ્વારોનું પરસ્પર અંતર કહે છે.

**छायाला छच्च सया, बाणउइ सहस्स लक्ख बावीसं।**
**कोसा य तिन्नि दारं-तरं तु कालोयहिस्स भवे॥३॥(५७२)**

છાયા—षट् चत्वारिंशानि षट् च शतानि द्विनवतिः सहस्राणि लक्षा द्वाविंशति ।
कोशाश्च त्रयो द्वारान्तरं तु कालोदधेर्भवेत् ॥३॥

**અર્થ**—કાલોદધિ સમુદ્રના દ્વારથી દ્વારનું અંતર બાવીસ લાખ બાણું હજાર છસો છેંતાલીસ યોજન અને ત્રણ ગાઉ થાય છે.

**વિવેચન**—કાલોદધિ સમુદ્રને વિજયાદિ ચાર દ્વારો છે, તેનું પરસ્પર અંતર ૨૨૯૨૬૪૬ યોજન અને ૩ ગાઉ પ્રમાણ છે. તે આ પ્રમાણે—

કાલોદધિ સમુદ્રની પરિધિ ૯૧૭૦૬૦૫ યોજન છે. તેમાંથી ચાર દ્વારની પહોળાઇ ૧૮ યોજન બાદ કરી ૪ થી ભાગતા દ્વારનું અંતર આવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
૯૧૭૦૬૦૫
−     ૧૮
૯૧૭૦૫૮૭

૪) ૯૧૭૦૫૮૭(૨૨૯૨૬૪૬ યોજન
   ૮
   ૧૧
    ૮
    ૩૭
    ૩૬
     ૧૦
      ૮
      ૨૫
      ૨૪
       ૧૮
       ૧૬
        ૨૭
        ૨૪
         ૩ યો.

  ૩ યોજન
 ×૪
 ૧૨ ગાઉ

૪) ૧૨ (૩ ગાઉ
   ૧૨
   ૦૦
```

કાલોદધિ સમુદ્રના એક દ્વારથી બીજા દ્વારનું અંતર ૨૨૯૨૬૪૬ યોજન ૩ ગાઉ પ્રમાણ છે. ૩ (૫૭૨)

હવે ચંદ્ર સૂર્ય દ્વીપનું સ્વરૂપ કહે છે.

## जोयणसहस्स बारस, धायइवरपुव्वपच्छिमंताओ। गंतूण कालोए, धायइसंडाण ससिरविणं॥४॥(५७३)

છાયા—योजनसहस्राणि द्वादश धातकीखण्डपूर्वपश्चिमान्तात् ।
गत्वा कालोदे धातकीखण्डानां शशिरवीणाम् ॥४॥

**અર્થ**—ધાતકીખંડથી પૂર્વ–પશ્ચિમ કાલોદધિ સમુદ્રમાં બાર હજાર યોજન જતાં ધાતકીખંડના ચંદ્ર–સૂર્યોના (દ્વીપો) છે.

**વિવેચન**—ધાતકીખંડ દ્વીપની વેદિકાથી પૂર્વ દિશામાં તથા પશ્ચિમ દિશામાં કાલોદધિ સમુદ્રની અંદર ૧૨૦૦૦ યોજન જઇએ ત્યાં ધાતકીખંડ દ્વીપ સંબંધી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદ્ર-સૂર્યોના દ્વીપો આવેલા છે. એટલે ધાતકીખંડ દ્વીપની વેદિકાથી પૂર્વ દિશામાં કાલોદધિ સમુદ્રની અંદર ૧૨૦૦૦ યોજને ધાતકીખંડ સંબંધી ૧૨ *ચંદ્રોના ૧૨ ચંદ્ર દ્વીપો આવેલા છે તથા ધાતકીખંડની વેદિકાથી પશ્ચિમ દિશામા કાલોદધિસમુદ્રની અંદર ૧૨૦૦૦ યોજને ધાતકીખંડ સંબધી ૧૨ સૂર્યોના ૧૨ સૂર્યદ્વીપો આવેલા છે. ૪. (૫૭૩)

# जोयणसहस्स बारस, पुक्खरवरपुव्वपच्छिमंताओ।
# गंतूणं कालोए, कालोयाणं ससिरवीणं॥५॥(५७४)

છાયા—योजनसहस्राणि द्वादश पुष्करवरपूर्वपश्चिमान्तात् ।
गत्वा कालोदे कालोदानां शशिरवीणाम् ।।५।।

**અર્થ**—પુષ્કરવર દ્વીપના પૂર્વ અને પશ્ચિમ છેડાથી કાલોદધિ સમુદ્રમાં બાર હજાર યોજન જઇએ ત્યાં કાલોદધિ સમુદ્રના ચંદ્રો અને સૂર્યોના (દ્વીપો) છે.

**વિવેચન**—પુષ્કરવર દ્વીપના અભ્યંતર પૂર્વ-પશ્ચિમ છેડાથી કાલોદધિ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન જઇએ ત્યાં કાલોદધિ સમુદ્રના ચંદ્ર-સૂર્યોના દ્વીપો આવેલા છે. તે આ પ્રમાણે સમજવા. પુષ્કરવર દ્વીપથી અંદર પૂર્વ દિશામાં કાલોદધિ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન જઈએ (આવીએ) ત્યાં કાલોદધિ સમુદ્ર સંબંધી ૪૨ ચંદ્રોના ૪૨ ચંદ્ર દ્વીપો છે, તે પ્રમાણે પુષ્કરવર દ્વીપથી અંદર પશ્ચિમ દિશામાં કાલોદધિ સમુદ્રમાં ૧૨૦૦૦ યોજન જઇએ (આવીએ) ત્યાં કાલોદધિ સમુદ્ર સંબંધી ૪૨ સૂર્યોના ૪૨ સૂર્ય દ્વીપો આવેલા છે.

* ધાતકીખંડમાં ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્યો છે. આમાંના ૬ ચંદ્રના ૬ ચંદ્રદ્વીપો અને ૬ સૂર્યના ૬ સૂર્યદ્વીપો લવણસમુદ્રમાં આવેલા છે. એમ લવણસમુદ્રના વર્ણન વખતે ગાથા ૫૩ માં કહી ગયા છે. એટલે અહીં બાકીના ૬ ચંદ્રના ૬ ચંદ્રદ્વીપો અને ૬ સૂર્યના ૬ સૂર્યદ્વીપો કહેવા જોઇએ પણ ૧૨ ચંદ્રદ્વીપો અને ૧૨ સૂર્યદ્વીપો થઇ ૨૪ ચંદ્ર-સૂર્યદ્વીપો કેમ કહ્યા છે તે સમજાતું નથી. જોકે અહીં મૂલ ગાથામાં દ્વીપોની સંખ્યા કહી નથી, પણ ટીકાકારે કહી છે. જીવાભિગમ સૂત્રમાં ધાતકીખંડના ચંદ્ર-સૂર્યના દ્વીપો કાલોદધિ સમુદ્રમાં કહ્યા છે, લવણસમુદ્રમાં કહ્યા નથી. તત્ત્વ કેવળી ગમ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાલોદધિ સમુદ્રમાં ૧૨+૧૨+૪૨+૪૨+૨=કુલ ૧૧૦ દ્વીપો કહ્યા છે. તેમાં *બે અધિપતિ દેવના બે દ્વીપો ઉપર એક એક ભવન છે. બાકીના ૧૦૮ દ્વીપો ઉપર એક એક સુંદર પ્રાસાદ છે. આ ૧૧૦ દ્વીપોના અધિપતિ દેવોમાં ૨૪ ચંદ્ર સૂર્યની રાજધાનીઓ અસંખ્ય દ્વીપ સમુદ્ર પછીના બીજા ધાતકીખંડમાં આવેલી છે, જ્યારે કાલોદધિ સમુદ્રના ૮૪ ચંદ્ર સૂર્યની રાજધાનીઓ તથા કાલ–મહાકાલ દેવની રાજધાની પણ અસંખ્ય દ્વીપ–સમુદ્ર પછીના કાલોદધિ સમુદ્રમાં અંદર ૧૨૦૦૦ યોજને દૂર આવેલી છે. સર્વ રાજધાની પોતપોતાની દિશાને અનુસારે જાણવી.

કાલોદધિ સમુદ્રના ૪૨–૪૨ ચંદ્ર–સૂર્યના ૪૨–૪૨ દ્વીપો કાલોદધિ સમુદ્રમાં આવેલા છે. તેમ આગળ–આગળના સર્વ દ્વીપ–સમુદ્રોના ચંદ્ર–સૂર્યોના દ્વીપો પોત–પોતાના નામવાળા આગળ–આગળના સમુદ્રમાં કહ્યા છે. ૫. (૫૭૪)

હવે દ્વીપનું પ્રમાણ કહે છે.

## भणिया दीवा रम्मा, गोयमदीवसरिसा पमाणेणं।
## नवरं सव्वत्थसमा, दो कोसुच्चा जलंताओ ॥६॥(५७५)

છાયા—**भणिता द्वीपा रम्या गौतमद्वीपसदृशाः प्रमाणेन ।**
**नवरं सर्वत्रसमा द्वौ क्रोशावुच्चा जलान्तात् ॥६॥**

**અર્થ**—મનોહર દ્વીપો પ્રમાણથી ગૌતમદ્વીપ સરખા કહેલા છે. ફરક માત્ર બધે એક સરખા પાણીથી બે ગાઉ ઉંચા છે.

**વિવેચન**—ધાતકીખંડ સંબંધી ચંદ્ર–સૂર્યના ૨૪ દ્વીપો તથા કાલોદધિ સમુદ્ર સંબંધી ૪૨ ચંદ્રદ્વીપો, ૪૨ સૂર્યદ્વીપો ગૌતમદ્વીપ સરખા એટલે ૧૨૦૦૦ યોજન લાંબા-પહોળા ગોળાકારે વિસ્તારવાળા, મનોહર, વિચિત્ર પ્રકારના મણિરત્નોથી જડેલા અત્યંત રમણીય છે. આ પ્રમાણે શ્રી જિનેશ્વર ભગવંતો અને શ્રી ગણધર ભગવંતોએ કહેલ છે.

---

* ક્ષેત્રસમાસ લઘુવૃત્તિમાં '**તત્ર કાલોદે સુસ્થિતલવણાધિપતિસમૌ કાલમહાકાલાખ્યૌ સુરૌ પૂર્વાપરદિશૌ ગૌતમદ્વીપસદૃશદ્વીપયોરધિવસતઃ ।**' લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત અધિપતિદેવના સરખા કાલ અને મહાકાલ નામના અધિપતિદેવો કાલોદધિસમુદ્રમાં પૂર્વ અને પશ્ચિમમાં ગૌતમદ્વીપ સરખા બે દ્વીપ ઉપર વસે છે. (જીવાભિગમ સૂત્ર, ક્ષેત્રલોક પ્રકાશ અને આ બૃહત્ ક્ષેત્રસમાસમાં અધિપતિદેવના દ્વીપની વાત જણાવી નથી. બાલાવબોધ ( શ્રી ઉદયસાગર રચિત ) અઢી દ્વીપના નકશાના વર્ણનમાં ગૌતમદ્વીપ સરખા બે દ્વીપો કહ્યાં છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લવણ સમુદ્રમાં આવેલા ગૌતમ આદિ દ્વીપો પાણીમાં ઉંચા-નીચા છે, જ્યારે કાલોદધિ સમુદ્રમાં આવેલા ચંદ્ર–દ્વીપો આદિ પાણીમાં એકસરખા છે. કેમકે પાણીની ઉંડાઈ બધે એકસરખી હોવાથી બધા એકસરખા પાણીથી બે ગાઉ ઉંચા છે. એટલે બધા દ્વીપો પાણીની બહાર બે ગાઉ જેટલા દેખાય છે અને પાણીની અંદર ૧૦૦૦ યોજન જેટલા છે. ૬. (૫૭૫)

હવે કાલોદધિ સમુદ્રનું પાણી અને સમુદ્રના અધિપતિના નામ જણાવે છે.

## पयईए उदगरसं, कालोए उदग मासरासिनिभं।
## कालमहाकालौ वि य, दो देवा अहिवई तस्स॥७॥(५७६)

છાયા—प्रकृत्या उदकरसं कालोदे उदकं माषराशिनिभम् ।
कालमहाकालौ अपि च द्वौ देवौ अधिपती तस्य ॥७॥

**અર્થ**—કાલોદધિનું પાણી સ્વભાવથી પાણીના સ્વાદ જેવું અને અડદના ઢગલા સરખું કાળું છે.

તેના અધિપતિ કાલ અને મહાકાલ બે દેવો છે.

**વિવેચન**—કાલોદધિ સમુદ્રનું પાણી અદડના ઢગલા સરખું અત્યંત શ્યામ–કાળું છે. તથા સ્વભાવથી વરસાદના પાણીનો જેવો સ્વાદ હોય તેવા સ્વાદવાળું છે. વળી લવણસમુદ્રની જેમ પાણી ક્ષોભ પામતું નથી. કેમકે લવણસમુદ્રમાં પાતાલકલશો છે. તેમાં રહેલ વાયુના કારણે લવણસમુદ્રનું પાણી ક્ષોભ પામે છે. જ્યારે કાલોદધિ સમુદ્રમાં પાતાલકલશો નહિ હોવાથી કાલોદધિ સમુદ્રનું પાણી ક્ષોભ પામતું નથી. કહ્યું છે કે—

**'लवणे णं भंते ऊसिउदए पच्छुउदए खुभियजले अखुभियजले? गोयमा ! लवणे समुद्दे ऊसिउदए नो पच्छुउदए खुभियजले नो अखुभियजले। जहा णं भंते लवणसमुद्दे ऊसिउदए नो पच्छुउदए खुभियजले नो अखुभियजले। तहा णं बाहिरगाऽवि समुद्दा किं ऊसिउदया पच्छुउदया खुभियजला अखुभियजला पुण्णा पुण्णपमाणा वोसट्टमाणा समभाए घडित्ता ते चिट्ठंति।'**

હે ભગવંત ! લવણસમુદ્રનું ખારું પાણી છે ? પુષ્ટ–ભારે પાણી છે ? ક્ષોભવાળું કે અક્ષોભવાળું પાણી છે ? હે ગૌતમ ! લવણસમુદ્રનું પાણી ખારું છે, પણ ભારે પાણી નથી, ક્ષોભવાળું છે પણ ક્ષોભ વિનાનું પાણી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ભગવંત ! જેમ લવણસમુદ્રનું ખારું પાણી છે, પણ ભારે પાણી નથી, ક્ષોભવાળું પાણી છે પણ ક્ષોભ વિનાનું પાણી નથી, તેમ બહારના બીજા બધા સમુદ્રો પણ શું ખારા પાણીવાળા, ભારે પાણી વિનાના, ક્ષોભવાળા પાણીવાળા કે ક્ષોભ વિનાના પાણીવાળા છે ? હે ગૌતમ ! બહારના બધા સમુદ્રોના પાણી ખારા નથી પણ ભારે પાણી છે. ક્ષોભવાળા પાણી નથી પણ ક્ષોભ વિનાના પાણી છે. તે બધા પૂર્ણ-પૂર્ણ પ્રમાણવાળા એક સરખા રહેલા છે. અર્થાત્ ભરતી-ઓટ વગરના છે.

કાલોદધિ સમુદ્રના અધિપતિ બે દેવો છે. એકનું નામ કાલદેવ છે અને બીજાનું નામ મહાકાલદેવ છે. અર્થાત પૂર્વાર્ધ કાલોદધિ સમુદ્રનો અધિપતિ કાલ નામનો દેવ છે અને પશ્ચિમાર્ધ કાલોદધિ સમુદ્રનો અધિપતિ મહાકાલ નામનો દેવ છે. ૭. (૫૭૬)

હવે ચંદ્ર આદિની સંખ્યા કહે છે.

**बायालीसं चंदा, बायालीसं च दिणयरा दित्ता।**
**कालोयहिम्मि एए, चरंति संबद्धलेसागा॥८॥(५७७)**

છાયા—द्विचत्वारिंचन्द्रा द्विचत्वारिंशच्च दिनकरा दीप्ताः ।
कालोदधौ एते चरन्ति संबद्धलेश्याकाः ॥८॥

**અર્થ**—આ બેતાલીસ ચંદ્રો અને તેજસ્વી બેતાલીસ સૂર્યો કાલોદધિ સમુદ્રમાં સંબદ્ધલેશ્યા-એક લાઇનમાં ફરે છે.

**વિવેચન**—કાલોદધિ સમુદ્રમાં ૪૨ ચંદ્રો છે તે સૌમ્યલેશ્યાવાળા હોવાથી શાંત-ઠંડા છે, તથા ૪૨ સૂર્યો છે તે દીપ્તલેશ્યાવાળા હોવાથી તેજસ્વી—ઉગ્ર છે. આ બધા ચંદ્રો અને સૂર્યો સંબદ્ધલેશ્યાવાળા ફરે છે. એટલે જંબૂદ્રીપમાં રહેલા ચંદ્ર અને સૂર્યની એક એક લાઇનમાં સમશ્રેણીમાં રહેતા રહેતા ગતિ કરે છે.

આથી જ જ્યારે જંબૂદ્રીપમાં મેરુપર્વતના દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં દિવસ હોય તથા પૂર્વ ભાગમાં અને પશ્ચિમ ભાગમાં રાત્રી હોય ત્યારે કાલોદધિ સમુદ્રમાં પણ મેરુપર્વતના દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં દિવસ હોય છે, તથા પૂર્વ ભાગમાં અને પશ્ચિમ ભાગમાં રાત્રી હોય છે.

અને જ્યારે જંબૂદ્રીપમાં મેરુ પર્વતના પૂર્વ ભાગમાં અને પશ્ચિમ ભાગમાં દિવસ હોય છે તથા દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં રાત્રી હોય ત્યારે કાલોદધિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમુદ્રમાં પણ પૂર્વ ભાગમાં અને પશ્ચિમ ભાગમાં દિવસ તથા દક્ષિણ ભાગમાં અને ઉત્તર ભાગમાં રાત્રી હોય છે. ૮. (૫૭૭)

હવે નક્ષત્ર અને ગ્રહોની સંખ્યા કહે છે.

**नक्खत्ताण सहस्सं, सयं च छावत्तरं मुणेयव्वं।**
**छच्च सया छन्नउया, गहाण तिन्नेव य सहस्सा॥९॥(५७८)**

છાયા—नक्षत्राणां सहस्रं शतं च षट्सप्ततं ज्ञातव्यम् ।
षट् च शतानि षण्णवतानि ग्रहाणां त्रीण्यैव च सहस्राणि ॥९॥

**અર્થ**—એક હજાર એકસો છોંતેર નક્ષત્રો અને ત્રણ હજાર છસો છન્નું ગ્રહો જાણવા.

**વિવેચન**—કાલોદધિ સમુદ્રમાં ૧૧૭૬ નક્ષત્રો અને ૩૬૯૬ ગ્રહો છે. કેમકે એક એક ચંદ્રને ૨૮ નક્ષત્રો અને ૮૮ ગ્રહો છે. અહીં ૪૨ ચંદ્રો હોવાથી તેને ૨૮ અને ૮૮ થી ગુણવાથી ઉપરની સંખ્યા આવે. તે આ પ્રમાણે—

| | |
|---|---|
| ૪૨<br>×૨૮<br>૧૧૭૬ નક્ષત્રો | ૪૨<br>×૮૮<br>૩૩૬<br>૩૩૬×<br>૩૬૯૬ ગ્રહો |

કાલોદધિ સમુદ્રમાં કુલ ૧૧૭૬ નક્ષત્રો અને ૩૬૯૬ ગ્રહો છે. ૯. (૫૭૮)

હવે તારાની સંખ્યા કહે છે.

**अट्ठावीसं कालो-यहिम्मि बार सयसहस्साइं।**
**नवय सया पन्नासा, तारागणकोडिकोडीणं॥१०॥(५७९)**

છાયા—अष्टाविंशतिः कालोदधौ द्वादशानि शतसहस्राणि ।
नव च शतानि पञ्चाशानि तारागणकोटिकोटीनाम् ॥१०॥

**અર્થ**—કાલોદધિ સમુદ્રમાં અઠ્ઠાવીસલાખ બારહજાર નવસોપચાસ કોડા-કોડી તારાનો સમુહ છે.

**વિવેચન**—કાલોદધિ સમુદ્રમાં ૨૮૧૨૯૫૦ કોડાકોડી એટલે ૨૮૧૨૯૫ ઉપર ૧૫ શૂન્ય. ૨૮૧૨૯૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ તારાનો સમુહ છે. તે આ પ્રમાણે—

એક ચંદ્રના પરિવારમાં ૬૬૯૭૫ કોડાકોડી તારા છે. તેથી કાલોદધિ સમુદ્રમાં ૪૨ ચંદ્રો છે એટલે

```
  ૬૬૯૭૫
    ×૪૨
 ૧૩૩૯૫૦
૨૬૭૯૦૦×
૨૮૧૨૯૫૦ કોડાકોડી
```

કાલોદધિ સમુદ્રમાં ૨૮૧૨૯૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ તારાઓ જાણવા.

૧૦. (૫૭૯)

હવે ઉપસંહાર કરતાં કહે છે.

**कालोयही समत्तो, खित्तसमासे चउत्थ अहिगारो।**
**गाहापरिमाणेणं, एक्कारस होंति गाहाओ॥११॥(५८०)**

છાયા—कालोदधिः समाप्तः क्षेत्रसमासे चतुर्थोऽधिकारः ।
गाथापरिमाणेन एकादश भवन्ति गाथाः ॥११॥

**અર્થ**—ક્ષેત્રસમાસમાં કાલોદધિ નામનો ચોથો અધિકાર સમાપ્ત થયો. ગાથા પરિમાણથી અગીઆર ગાથાઓ થાય છે.

**વિવેચન**—આ ક્ષેત્રસમાસ નામના પ્રકરણ ગ્રંથમાં કાલોદધિ નામનો ચોથો અધિકાર સમાપ્ત થયો. તેની ગાથાનો વિચાર કરતાં ૧૧ ગાથા પ્રમાણ થાય છે.

૧૧. (૫૮૦)

**ઇતિ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિરચિત શ્રીમલયગિરિ મહારાજની ટીકાનુસાર શ્રી બૃહતક્ષેત્ર સમાસ મહાગ્રંથના કાલોદધિસમુદ્ર નામના ચોથા અધિકારનું ગુજરાતી વિવેચન.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# બૃહત્ક્ષેત્ર સમાસ

## પાંચમો

## પુષ્કરવરદ્વીપાર્ધ અધિકાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

# ५ પુષ્કરવર દ્વીપાર્ધ અધિકાર

આ પ્રમાણે કાલોદધિ સમુદ્રનું સ્વરૂપ જણાવ્યું. હવે તે પછી રહેલા પુષ્કરવર દ્વીપનું સ્વરૂપ કહે છે.

**पुक्खरवरदीवेणं, वलयागिइसंठिएण कालोओ।**
**परिवेढिउं समंता, सोलस लक्खा य पिहुलो सो॥१॥(५८१)**

છાયા—पुष्करवरद्वीपेन वलयाकृतिसंस्थितेन कालोदः ।
परिवेष्टितः समन्तात् षोडश लक्षाश्च पृथुलः सः ॥१॥

**અર્થ**—વલયાકાર સંસ્થાનવાળા પુષ્કરવર દ્વીપથી કાલોદધિ ચારે તરફથી વિંટાએલો છે. તે (પુષ્કરવર દ્વીપ) સોળ લાખ યોજન પહોળો છે.

**વિવેચન**—હવે પુષ્કરવર દ્વીપનું વર્ણન કરવામાં આવે છે. પુષ્કર એટલે પદ્મ–કમલ, આગળ કહેવામાં આવશે તેવા શ્રેષ્ઠ પુષ્કરવર હોવાથી આ પુષ્કરવર દ્વીપ કહેવાય છે. તે વલયાકાર સંસ્થાનવાળો, સોળલાખ યોજન વિસ્તારવાળો અને કાલોદધિ સમુદ્રને ચારે બાજુ વિંટાઇને રહેલો છે. ૧. (૫૮૧)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે પુષ્કરવર દ્વીપના મધ્ય ભાગમાં જે માનુષોત્તર પર્વત રહેલો છે તેનું સ્વરૂપ કહે છે.

**एयस्स मज्झयारे, नामेणं माणुसोत्तरो सेलो।**
**जगई व जंबूदीवं, वेढेत्तु ठिओ मणुयलोयं॥२॥(५८२)**

છાયા—एतस्य मध्यकारे नाम्ना मानुषोत्तरः शैलः ।
जगतीव जम्बूद्वीपं वेष्टयित्वा स्थितो मनुष्यलोकम् ॥२॥

**અર્થ**—આના મધ્ય ભાગમાં માનુષોત્તર નામનો પર્વત જંબૂદ્વીપને જગતીની જેમ મનુષ્યલોકને વિંટળાઇને રહેલો છે.

**વિવેચન**—આના મધ્ય ભાગમાં એટલે પુષ્કરવર દ્વીપના મધ્યભાગમાં માનુષોત્તર નામનો પર્વત આવેલો છે. તે મનુષ્યલોકની સીમા કરનાર છે. અર્થાત્ ત્યાં સુધીનો ભાગ મનુષ્યલોક કહેવાય છે.

જંબૂદ્વીપને જેમ જગતી વિંટાઇને રહેલી છે, તેમ માનુષોત્તર પર્વત મનુષ્યલોકને વિંટાઇને રહેલો છે.

મનુષ્યક્ષેત્રની સીમા કરવામાં ઉત્તર–તત્પર હોવાથી માનુષોત્તર કહેવાય છે.
૨. (૫૮૨)

હવે તેની ઉંચાઈનું પરિમાણ કહે છે.

**सत्तरस जोयणसए, इगवीसे सो समुसिओ रम्मो।**
**तीसे चत्तारि सए, कोसं च अहो समोगाढो॥३॥(५८३)**

છાયા—सप्तदश योजनशतानि एकविंशानि सः समुच्छ्रितो रम्यः ।
त्रिंशानि चत्वारि शतानि क्रोशं चाऽधः समवगाढः ॥३॥

**અર્થ**—તે સત્તરસો એકવીસ યોજન ઉંચો મનોહર અને જમીનમાં ચારસો ત્રીસ યોજન એક ગાઉ રહેલો છે.

**વિવેચન**—આ માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન ઉંચો અત્યંત મનોહર છે. અને જમીનની અંદર ૪૩૦ યોજન એક ગાઉ છે. ૩. (૫૮૩)

તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मूले दस बावीसे, रुंदो मज्झम्मि सत्त तेवीसे।
उवरिं चत्तारि सए, चउवीसे होइ विच्छिन्नो॥४॥५८४॥

છાયા—मूले दश द्वाविंशति रुन्दो मध्ये सप्त त्रयोविंशति ।
उपरि चत्त्वारि शतानि चतुर्विंशानि भवति विस्तीर्णः ॥४॥

**અર્થ**—મૂલમાં દશબાવીસ (૧૦૨૨) પહોળો, મધ્ય ભાગમાં સાતસો ત્રેવીસ અને ઉપર ચારસો ચોવીસ યોજન વિસ્તારવાળો છે.

**વિવેચન**—માનુષોત્તર પર્વત જમીન ઉપર ૧૦૨૨ યોજન વિસ્તારવાળો, મધ્ય ભાગમાં ૭૨૩ યોજન અને ઉપરના ભાગે ૪૨૪ યોજન વિસ્તારવાળો છે.

ઉપરના તલભાગથી નીચે આવતા વિસ્તાર જાણવા માટેની રીત પહેલા કહી ગયા છીએ (લવણ સમુદ્ર અધિકાર ગાથા ૨૫–૨૬ પેજ નંબર ૧૭૩)

ઉપરથી નીચે જેટલા યોજને વિસ્તાર જાણવાની ઇચ્છા હોય તેને ૫૯૮ થી ગુણવા, પછી ૧૭૨૧ થી ભાગવા જે આવે તેમાં ૪૨૪ ઉમેરવા.

દા. ત. શિખરથી ૮૬૦ યોજન ૨ ગાઉ નીચે આવતા કેટલો વિસ્તાર થાય? ૮૬૦ યોજન બે ગાઉના અડધા યોજન ૧૭૨૧ થયા. તેને ૫૯૮થી ગુણીને ૧૭૨૧થી ભાગવા. ૧૭૨૧×૫૯૮=૧૦૨૯૧૫૮ અડધા યો. થયા. આનો જવાબ યોજનમાં લાવવા માટે છેદરાશીને ડબલ કરી એટલે ૩૪૪૨થી ભાગવા. ૧૦૨૯૧૫૮÷૩૪૪૨=૨૯૯ યો. આવ્યા. આમાં ૪૨૪ ઉમેરતા ૨૯૯+૪૨૪=૭૨૩ યોજન થયા. એટલે શિખરથી ૮૬૦ યોજન ૨ ગાઉ નીચે આવતા માનુષોત્તર પર્વતનો વિસ્તાર ૭૨૩ યોજન જાણવો. આ પ્રમાણે બધે ગણિત કરવું. ૪. (૫૮૪)

હવે માનુષોત્તર પર્વતની અભ્યંતર પરિધિનું પરિમાણ કહે છે.

एगा जोयणकोडी, लक्खा बायाल तीस य सहस्सा।
दो य सय अउणपन्ना, अब्भिंतरपरिरओ तस्स॥५॥(५८५)

છાયા—एका योजनकोटिर्लक्षा द्विचत्त्वारिंशत् त्रिंशच्च सहस्राणि ।
द्वे शते एकोनपञ्चाशदधिके अभ्यन्तरपरिरयस्तस्य ॥५॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—તેની અભ્યંતર પરિધિ એક ક્રોડ બેતાલીસ લાખ ત્રીસ હજાર બસો ઓગણપચાસ યોજન છે.

**વિવેચન**—માનુષોત્તર પર્વતની અભ્યંતર પરિધિ ૧૪૨૩૦૨૪૯ યોજનથી અધિક છે. તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| પુષ્કરવરદ્વીપ | એક બાજુ | ૮ | લાખ યોજન વિસ્તારવાળો |
| ,, | બીજી બાજુ | ૮ | ,, ,, ,, |
| કાલોદધિસમુદ્ર | એક બાજુ | ૮ | ,, ,, ,, |
| ,, | બીજી બાજુ | ૮ | ,, ,, ,, |
| ધાતકીખંડદ્વીપ | એક બાજુ | ૪ | ,, ,, ,, |
| ,, | બીજી બાજુ | ૪ | ,, ,, ,, |
| લવણસમુદ્ર | એક બાજુ | ૨ | ,, ,, ,, |
| ,, | બીજી બાજુ | ૨ | ,, ,, ,, |
| જંબૂદ્વીપ | એક બાજુ | ૧ | ,, ,, ,, |

કુલ ૪૫ લાખ યોજન વિસ્તાર થયો.

આનો વર્ગ કરતા

```
       ૪૫૦૦૦૦૦
      ×૪૫૦૦૦૦૦
  ----------------
  ૨૨૫૦૦૦૦૦૦૦૦૦૦
 ૧૮૦×
  ----------------
 ૨૦૨૫૦૦૦૦૦૦૦૦૦૦
             ×૧૦
  ----------------
 ૨૦૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦
```

આનું વર્ગમૂળ કાઢતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૧ | )૨૦૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦(૧૪૨૩૦૨૪૯ યોજન | |
| ૧ | ૧ | |
| ૨૪ | ૧૦૨ | |
| ૪ | ૯૬ | |
| ૨૮૨ | ૦૦૬૫૦ | |
| ૨ | ૫૬૪ | |
| ૨૮૪૩ | ૦૮૬૦૦ | |
| ૩ | ૮૫૨૯ | |
| ૨૮૪૬૦ | ૦૦૭૧૦૦૦૦ | |
| ૦ | ૫૬૯૨૦૪ | |
| ૨૮૪૬૦૨ | ૧૪૦૭૯૬૦૦ | માનુષોત્તર પર્વતની |
| ૨ | ૧૧૩૮૪૧૭૬ | અભ્યંતર પરિધિ |
| ૨૮૪૬૦૪૪ | ૦૨૬૯૫૪૨૪૦૦ | ૧૪૨૩૦૨૪૯ યોજનથી |
| ૪ | ૨૫૬૧૪૪૪૦૧ | અધિક જાણવી. |
| ૨૮૪૬૦૪૮૯ | ૧૩૩૯૭૯૯૯ | પ. (૫૮૫) |
| ૯ | | |
| ૨૮૪૬૦૪૯૮ | | |

હવે માનુષોત્તર પર્વતની બહારની પરિધિ કહે છે.

**एगा जोयणकोडी, छत्तीस सहस्स लक्ख बायाला।**
**तेरसहिय सत्त सया, बाहिरपरिही गिरिवरस्स ॥६॥(५८६)**

છાયા—एका योजनकोटि षट्त्रिंशत् सहस्राणि लक्षाः द्विचत्वारिंशत् ।
त्रयोदशाधिकानि सप्तशतानि बहिः परिधिर्गिरिवरस्य ॥६॥

**અર્થ**—એક ક્રોડ બેતાલીસ લાખ છત્રીસ હજાર સાતસો તેર યોજન પર્વતની બહારની પરિધિ છે.

**વિવેચન**—માનુષોત્તર પર્વતની બહારની પરિધિ ૧૪૨૩૬૭૧૩ યોજન છે. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનુષોત્તર પર્વતનો જમીન ઉપર એક બાજુનો વિસ્તાર ૧૦૨૨ યોજન છે તેમ બીજી બાજુનો વિસ્તાર પણ ૧૦૨૨ યોજન છે. બન્ને બાજુનો વિસ્તાર ભેગો કરતા ૨૦૪૪ યોજન થાય પરિધિ કાઢવા માટે ૪૫ લાખમાં ૨૦૪૪ ઉમેરીને ગણિત કરવાનું.

૪૫૦૦૦૦૦
+૨૦૪૪
૪૫૦૨૦૪૪ આનો વર્ગ કરતા

૨૦૨૬૮૪૦૦૧૭૭૯૩૬ આને ૧૦થી ગુણતા

૨૦૨૬૮૪૦૦૧૭૭૯૩૬૦ આનું વર્ગમૂળ કાઢતા

| | |
|---|---|
| ૧ | ) ૨૦૨૬૮૪૦૦૧૭૭૯૩૬૦ ( ૧૪૨૩૬૭૧૩ યોજન |
| ૧ | ૧ |
| ૨૪ | ૧૦૨ |
| ૪ | ૯૬ |
| ૨૮૨ | ૦૦૬૬૮ |
| ૨ | ૫૬૪ |
| ૨૮૪૩ | ૧૦૪૪૦ |
| ૩ | ૮૫૨૯ |
| ૨૮૪૬૬ | ૧૯૧૧૦૧ |
| ૬ | ૧૭૦૭૯૬ |
| ૨૮૪૭૨૭ | ૨૦૩૦૫૭૭ |
| ૭ | ૧૯૯૩૦૮૯ |
| ૨૮૪૭૩૪૧ | ૦૦૩૭૪૮૮૯૩ |
| ૧ | ૨૮૪૭૩૪૧ |
| ૨૮૪૭૩૪૨૩ | ૦૯૦૧૫૫૨૬૦ |
| ૩ | ૮૫૪૨૦૨૬૯ |
| ૨૮૪૭૩૪૨૬ | ૦૪૭૩૪૯૯૧ |

માનુષોત્તર પર્વતની બહારની પરિધિ ૧૪૨૩૬૭૧૩ યોજનથી અધિક છે. ૬. (૫૮૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે માનુષોત્તર પર્વતનું સ્વરૂપ કહે છે.


## जंबूनयामओ सो, रम्मो अद्धजवसंठिओ भणिओ। सीहनिसाई जेणं, दुहा कओ पुक्खरद्दीवो ॥७॥(५८७)

છાયા—जाम्बूनदमयः स रम्योऽर्धयवसंस्थितो भणितः ।
सिंहनिषादी येन द्विधा कृतः पुष्करद्वीपः ॥७॥

**અર્થ**—તે જાંબૂનદમય મનોહર અર્ધા યવ સરખો સિંહનિષાદી છે. તેનાથી પુષ્કરવર દ્વીપના બે વિભાગ કરાયા છે.

**વિવેચન**—માનુષોત્તર પર્વતથી પુષ્કરવર દ્વીપના બે વિભાગ થયેલા છે. એક અભ્યંતર પુષ્કરવર દ્વીપાર્ધ અને બીજો બાહ્ય પુષ્કરવર દ્વીપાર્ધ.

આ માનુષોત્તર પર્વત જાંબૂનદમય-સુવર્ણમય, વિચિત્ર પ્રકારના મણિરત્નોથી યુક્ત, પુષ્કરિણી, લતાગૃહો, મંડપો વગેરેથી વ્યાપ્ત હોવાથી અત્યંત રમણીય, અર્ધા યવના આકારવાળો, સિંહનિષાદી આકારવાળો એટલે સિંહ જ્યારે આરામ કરવા આગળના બે પગ ઉંચા ઉભા રાખીને અને પાછળના બે પગ વાળીને કુલા તળે દાબીને સંકોચીને બેસે, તે વખતે પાછળનો ભાગ નીચો અને અનુક્રમે આગળ મોંના સ્થાને અતિ ઉંચો દેખાય છે. તેવી રીતે આ પર્વત પણ બહારની બાજુથી મૂળથી જ ઘટતા ઘટતા વિસ્તારવાળો થતો અભ્યંતર ભાગે ઉભી ભીંત સરખો જ ઉંચો રહી શિખરના ભાગે ૪૨૪ યોજન માત્ર રહે છે. નીચેના ભાગે ૧૦૨૨ યોજન છે. જેથી ૧૦૨૨ માંથી ૪૨૪ ઓછા કરીએ તો ૫૯૮ યોજનનો ઘટાડો તો કેવળ બહારની બાજુમાં જ થયો. જ્યારે અભ્યંતર બાજુમાં (કાલોદધિ સમુદ્ર તરફ) કંઈ પણ વિસ્તાર ન ઘટવાથી ઉભી ભીંત સરખો એકસરખો ૧૭૨૧ યોજન ઉંચો છે.







Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથવા આ પર્વતના આકાર માટે શાસ્ત્રમાં બીજું દૃષ્ટાંત પણ કહેલ છે. પુષ્કરવર દ્વીપના અત્યંત મધ્ય ભાગે વલયાકારે સર્વ બાજુ ફરતો એક પર્વત એવો કલ્પીએ કે જે મૂલમાં ૨૦૪૪ યોજન વિસ્તારવાળો અને શિખર ઉપર ૮૪૮ યોજન

## પર્વતનો આકાર સમજવા માટે બીજો પ્રકાર





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ॥ मानुषोत्तर पर्वत अने ते उपर ४ चैत्य तथा १६ देवकूट ॥

પર્વતની ઉંચાઇ ૧૭૨૧ યોજન.
મૂળ પહોળાઈ ૧૦૨૨ યોજન.
શિખર પહોળાઇ ૪૨૪ યોજન.

આકાર સિંહનિષાદી. ( જંબૂદ્વીપ તરફ ઉભી ભીત સરખો અને બહાર ઉપરથી ગોતીર્થવત )




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિસ્તારવાળો હોય. આવો પર્વત કલ્પીને તે પર્વતના અતિમધ્ય ભાગથી બે વિભાગ કરી અંદરના વિભાગને ઉઠાવી લઇ ગમે તે સ્થાને કાઢી નાખીએ, જેથી બાહ્ય અર્ધ વિભાગ જેવો આકાર બાકી રહ્યો. તેવા આકારવાળો આ માનુષોત્તર પર્વત છે.

જંબૂદ્વીપની દિશા તરફ સર્વ રીતે અર્થાત્ ભીંતની જેમ ઉંચો છે અને પાછળના ભાગે તો છેક ઉપરના ભાગથી પ્રદેશ હાનીએ ઓછો ઓછો થતો જાય છે. આવા પ્રકારવાળો માનુષોત્તર પર્વત છે. એમ શ્રી તીર્થંકર ભગવંતો અને શ્રી ગણધર ભગવંતોએ કહેલ છે.

આ માનુષોત્તર પર્વત બાહ્યપુષ્કરાર્ધ દ્વીપમાં આવેલો છે. ૭. (૫૮૭)

હવે અભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપનો વિસ્તાર અને ઇષુકાર પર્વતનું સ્વરૂપ કહે છે.

**अट्ठेव सय सहस्सा, अब्भिंतरपुक्खरस्स विक्खंभो।**
**उत्तरदाहिणदीहा, उसुयारा तस्स मज्झम्मि ॥८॥(५८८)**
**धायइसंडयतुल्ला, कालोययमाणुसोत्तरे पुट्ठा।**
**तेहि दुहा निद्दिस्सइ, पुव्वद्धं पच्छिमद्धं च॥९॥(५८९)**

છાયા—अष्टैव शतसहस्राणि अभ्यन्तरपुष्करस्य विष्कम्भः ।
उत्तरदक्षिणदीर्घौ इषुकारौ तस्य मध्ये ॥८॥
धातकीखण्डतुल्यौ कालोदकमानुषोत्तरौ स्पृष्टौ ।
ताभ्यां द्वीधा निर्दिष्यते पूर्वार्धं पश्चिमार्धं च ॥९॥

**અર્થ**—અભ્યંતર પુષ્કરાર્ધનો વિસ્તાર આઠ લાખ યોજન છે. તેના મધ્યભાગમાં ઉત્તર—દક્ષિણ લાંબા બે ઇષુકાર પર્વતો છે. તે ધાતકીખંડના સરખા તથા કાલોદધિ સમદ્ર અને માનુષોત્તર પર્વતને સ્પર્શેલા છે. તેનાથી પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ કહેવાય છે.

**વિવેચન**—અભ્યંતર પુષ્કરદ્વીપાર્ધનો ચક્રવાલ વિસ્તાર ૮ લાખ યોજન છે. આ અભ્યંતર પુષ્કરદ્વીપાર્ધના મધ્યભાગમાં દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં એક-એક એમ બે ઇષુકાર પર્વતો આવેલા છે. તે બન્ને પર્વતો ધાતકીખંડના ઇષુકાર પર્વત સમાન છે. એટલે ૧૦૦૦ યોજન વિસ્તારવાળા, ૫૦૦ યોજન ઉંચા અને તેનો એક છેડો કાલોદધિસમુદ્રને અને બીજો છેડો માનુષોત્તર પર્વતને સ્પર્શેલો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાયા—उद्वेधो वैताढ्यानां योजनानि तु षट् सक्रोशानि ।
पञ्चविंशतिरुद्विद्धा द्वे चैव शते विस्तीर्णाः ॥१२॥

**અર્થ**—વૈતાઢ્ય પર્વતો છ યોજન એક ગાઉ ઉંડા, પચીસ યોજન ઉંચા અને બસો યોજન વિસ્તારવાળા છે.

**વિવેચન**—પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં વૈતાઢ્ય પર્વતો–બે ભરતક્ષેત્રમાં ૨, બે ઐરવતક્ષેત્રમાં ૨ અને બે મહાવિદેહક્ષેત્રમાં ૬૪. કુલ ૬૮ વૈતાઢ્ય પર્વતો જમીનમાં ઉંડા ૬ યોજન એક ગાઉ, ઉંચાઈમાં ૨૫ યોજન અને વિસ્તારમાં *૨૦૦ યોજન પ્રમાણ છે. ૧૨. (૫૯૨)

હવે ભરતાદિક્ષેત્રોનો મુખ–મધ્ય અને બહારનો વિસ્તાર લાવવાની રીત કહે છે.

## धायइसंडइदुगुणा, वासहरा होंति पुक्खरद्धम्मि।
## उसुयारा साहस्सा, ते मिलिया होंतिमं खित्तं॥१३॥(५९३)

છાયા—धातकीखण्डगद्विगुणा वर्षधरा भवन्ति पुष्करार्धे ।
इषुकारौ सहस्रौ ते मिलिता भवन्तीदं क्षेत्रम् ॥१३॥

**અર્થ**—પુષ્કરાર્ધમાં વર્ષધર પર્વતો ધાતકીખંડથી દ્વિગુણા–બમણા હોય છે. અને બે ઇષુકાર હજાર યોજનના છે. તેઓનું કુલ ક્ષેત્ર આ પ્રમાણે થાય છે.

**વિવેચન**—ધાતકીખંડમાં રહેલા હિમવંત આદિ પર્વતોનો જે વિસ્તાર છે તેનાથી બેગુણા વિસ્તારવાળા પુષ્કરાર્ધ દ્વીપમાં હિમવંત આદિ પર્વતો છે. બે ઈષુકાર પર્વતો એક એક હજાર યોજન વિસ્તારવાળા છે. આ બધા વર્ષધર પર્વતો અને બે ઇષુકારપર્વતોનો વિસ્તાર બુદ્ધિથી ભેગો કરીએ તો આ પ્રમાણે ક્ષેત્ર થાય છે. ૧૩. (૫૯૩)

* ધાતકીખંડ દ્વીપમાં બે ભરત બે ઐરવત અને બે મહાવિદેહના કુલ ૬૮ વૈતાઢ્ય પર્વતની પહોળાઈ ૫૦ યોજન કહી છે, અર્થાત્ જંબૂદ્વીપના વૈતાઢ્ય પર્વતોની પહોળાઈ જેટલી જ કહી છે. ડબલ થતી નથી. વળી આ પુષ્કરાર્ધના વર્ણનમાં આગળ ગાથા ૩૯માં તથા તેની ટીકામાં પણ આ વાત સ્પષ્ટ કરી છે કે 'ઇષુકાર પર્વત, યમકગિરિ, ચિત્ર–વિચિત્ર પર્વતો, વૃત્તવૈતાઢ્ય પર્વતો અને બે મેખલાવાળા દીર્ઘવૈતાઢ્ય પર્વતો (૨ ભરતના, ૨ ઐરવતના અને ૬૪ મહાવિદેહના કુલ ૬૮) દરેક દ્વીપમાં એટલે કે જંબુદ્વીપમાં, ધાતકીખંડ દ્વીપમાં અને પુષ્કરાર્ધ દ્વીપમાં તુલ્ય વિસ્તારવાળા હોય છે.' આ હિસાબે દીર્ઘવૈતાઢ્ય પર્વતોનો વિસ્તાર ૫૦ યોજન હોય, પરંતુ અહીં આ ગાથામાં બસો યોજન કેમ કહ્યા છે ? તે સમજાતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે જ અને તેથી શું? તે કહે છે.

**पणपन्नं च सहस्सा, छच्चेव सया हवंति चुलसीया।**
**तिन्नेव सयसहस्सा, वासविहीणं तु जं खित्तं॥१४॥(५९४)**
**एयं पुण सोहिज्जा, कालोयहिपरिरया उ सेसमिणं।**
**चउदस सहस्स नवसय, इगवीसइ लक्ख अडसीई॥१५॥(५९५**

છાયા—पञ्चपञ्चाशत् च सहस्राणि षट् चैव शतानि भवन्ति चतुरशीतानि ।
त्रीण्यैव शतसहस्राणि वर्षविहीनं तु यत् क्षेत्रम् ॥१४॥
एतत् पुनः शोधयेत् कालोदधिपरिरयात् तु शेषमिदम् ।
चतुर्दश सहस्राणि नवशतानि एकविंशानि लक्षा अष्टाशीतिः ॥१५॥

**અર્થ**—ત્રણ લાખ પંચાવન હજાર છસો ચોર્યાસી થાય છે. આ *વર્ષક્ષેત્રથી રહિત જે ક્ષેત્ર છે તે કાલોદધિની પરિધિમાંથી બાદ કરવું. શેષ—બાકી અઠયાસી લાખ ચૌદ હજાર નવસો એકવીસ યોજન છે.

**વિવેચન**—ભરતાદિ વર્ષ રહિત ક્ષેત્ર ૩૫૫૬૮૪ યોજન થાય છે. તે આ પ્રમાણે—ધાતકીખંડ દ્વીપથી અહીંના વર્ષધર પર્વતો બમણા છે. એટલે—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪૨૧૦ | યોજન | ૧૦ | કલા | પૂર્વાર્ધ | હિમવંત | પર્વત |
| ૪૨૧૦ | ,, | ૧૦ | ,, | ,, | શિખરી | ,, |
| ૧૬૮૪૨ | ,, | ૨ | ,, | ,, | મહાહિમવંત | ,, |
| ૧૬૮૪૨ | ,, | ૨ | ,, | ,, | રુક્મિ | ,, |
| ૬૭૩૬૮ | ,, | ૮ | ,, | ,, | નિષધ | ,, |
| ૬૭૩૬૮ | ,, | ૮ | ,, | ,, | નીલવંત | ,, |

૧૭૬૮૪૨ યોજન ૨ કલા પૂર્વાર્ધ પુષ્કરાર્ધ પર્વતનો વિસ્તાર.

* વાસક્ષેત્રથી રહિત એટલે ભરતાદિ ક્ષેત્રોથી રહિત ૩૫૫૬૮૪ યોજન ક્ષેત્રપ્રમાણ છે. અર્થાત્ અહીં જે પર્વતોનો વિસ્તાર આ ૩૫૫૬૮૪ યોજન બતાવ્યો છે. તે કાલોદધિ સમુદ્ર (પુષ્કરાર્ધ દ્વીપની અભ્યંતર)ની પરિધિમાં ક્ષેત્રોનો વિસ્તાર બાદ કરતા પણ આવે. કેમકે પર્વતો અને ક્ષેત્રો એ જ વસ્તુઓ પુષ્કરાર્ધ દ્વીપમાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ૧૭૬૮૪૨ યોજન ૨ કલા પશ્ચિમાર્ધ પુષ્કરાર્ધ દ્વીપના પર્વતોનો વિસ્તાર છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૭૬૮૪૨ | યોજન | ૨ | કલા | પૂર્વાર્ધના | પર્વતોનો | વિસ્તાર |
| ૧૭૬૮૪૨ | ,, | ૨ | કલા | પશ્ચિમાર્ધના | ,, | ,, |
| ૨૦૦૦ | ,, | ૦ | કલા | બે ઇષુકાર | ,, | ,, |

૩૫૫૬૮૪ યોજન ૪ કલા. આટલા યોજન પ્રમાણ ક્ષેત્ર પર્વતોએ રોકેલું છે. આ સિવાય બાકી રહેલ ક્ષેત્ર કાઢવા માટે કાલોદધિ સમુદ્રની પરિધિમાંથી ઓછા કરવા.

૯૧૭૦૬૦૫ યોજન કાલોદધિ સમુદ્રની પરિધિ.
— ૩૫૫૬૮૪ ,, ઉપરની ૪ કલા ગણતરીમાં ગણી નથી.

૮૮૧૪૯૨૧ યોજન ભરતાદિ ક્ષેત્રના અભ્યંતર વિસ્તાર માટેની ધ્રુવરાશી થાય છે. ૧૪–૧૫. (૫૯૪–૫૯૫)

આથી શું તે કહે છે.

**वासहरविरहियं खलु, जं खित्तं पुक्खरद्धदीवम्मि।**
**जावंतावेहि गुणं, भय दोहिं सएहिं बारेहिं ॥१६॥(५९६)**

**છાયા—वर्षधरविरहितं खलु यत् क्षेत्रं पुष्करार्धद्वीपे ।**
**यावत्तावद्भिर्गुणितं भज द्वाभ्यां शताभ्यां द्वादशाधिकाभ्याम् ॥१६॥**

**અર્થ**—પુષ્કરવરાર્ધ દ્વીપમાં વર્ષધર પર્વતોથી રહિત જે ક્ષેત્ર છે તેને તે તે ક્ષેત્રના ખાંડવાથી ગુણીને બસો બારથી ભાગવા.

**વિવેચન**—પુષ્કવર દ્વીપાર્ધમાં હિમવંત આદિ પર્વતો અને ઈષુકાર પર્વત સિવાયનું જે ક્ષેત્ર ૮૮૧૪૯૨૧ યોજન છે તેને જે જે ખાંડવાની સંજ્ઞા કહી છે તેનાથી ગુણી *૨૧૨થી ભાગવા. એટલે

| | | | | |
|---|---|---|---|---|
| ભરત અને ઐરવતક્ષેત્રના | અભ્યંતરક્ષેત્ર | માટે | ૧થી ગુણી | ૨૧૨થી ભાગવા |
| હૈમવંત અને હૈરણ્યવંતક્ષેત્રના | ,, | ,, | ૪થી ગુણી | ,, ,, |
| હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રના | ,, | ,, | ૧૬થી ગુણી | ,, ,, |

જે આવે તે ભરતાદિ ક્ષેત્રનો અભ્યંતર વિસ્તાર જાણવો. ૧૬. (૫૯૬)

* ૨૧૨ની સમજ પૃષ્ઠ ૨૪૯ ઉપર આપી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે ભરતક્ષેત્રનો અભ્યંતર વિસ્તાર કહે છે.

**ईयालीस सहस्सा, पंचेव सया हवंति गुणसीया।**
**तेवत्तरमंससयं, मुहविक्खंभो भरहवासे ॥१७॥(५९७)**

છાયા—एकचत्त्वारिंशत् सहस्राणि पञ्चैव शतानि भवन्ति एकोनाशीतानि ।
त्रिसप्तति(अधिकं) अंशशतं मुखविष्कम्भो भरतवर्षे ॥१७॥

**અર્થ**—ભરતક્ષેત્રમાં મુખનો વિસ્તાર એકતાલીસ હજાર પાંચસો અગણ્યાએંશી અને એકસો તોંતેર અંશ છે.

**વિવેચન**—પુષ્કરાર્ધ દ્વીપમાં ભરતક્ષેત્રનો મુખવિસ્તાર એટલે અભ્યંતર વિષ્કંભ–કાલોદધિસમુદ્ર તરફનો વિસ્તાર ૪૧૫૭૯-૧૭૩/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે–

વર્ષધર રહિત ક્ષેત્રમાં અભ્યંતર ધ્રુવરાશી ૮૮૧૪૯૨૧ યોજન છે. ભરતક્ષેત્રનું માપ લાવવા ૧થી ગુણીને ૨૧૨થી ભાગવાના છે.

૮૮૧૪૯૨૧ને એકથી ગુણતા ૮૮૧૪૯૨૧ રહે. હવે ૨૧૨થી ભાગતા.

```
      | | | | |
૨૧૨) ૮૮૧ ૪ ૯ ૨ ૧(૪૧૫૭૯ યોજન
     ૮૪૮
     ----
     ૦૩૩૪
      ૨૧૨
      ----
      ૧૨૨૯
      ૧૦૬૦
      ----
       ૧૬૯૨
       ૧૪૮૪
       ----
       ૦૨૦૮૧
        ૧૯૦૮
        ----
        ૦૧૭૩
```

ભરતક્ષેત્રનો કાલોદધિસમુદ્ર તરફનો વિસ્તાર ૪૧૫૭૯–૧૭૩/૨૧૨ યોજન છે.

૧૭. (૫૯૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે હેમવંતક્ષેત્રનો મુખ વિસ્તાર કહે છે.

**उणवीसा तिन्नि सया, छावट्ठि सहस्स सयसहस्सं च।**
**अंसा वि य छप्पन्नं, मुहविक्खंभो उ हेमवए ॥१८॥(५९८)**

છાયા—एकोनविंशानि त्रीणिशतानि षट्षष्टिसहस्राणि शतसहस्रं च ।
अंशाऽपि च षट्पञ्चाशत् मुखविष्कम्भस्तु हैमवते ॥१८॥

**અર્થ**—હેમવંતક્ષેત્રનો મુખ વિસ્તાર એકલાખ છાંસઠહજાર ત્રણસો ઓગણીસ યોજન અને છપ્પન અંશો છે.

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપમાં હેમવંતક્ષેત્રનો મુખ વિસ્તાર—કાલોદધિ સમુદ્ર તરફનો વિસ્તાર ૧૬૬૩૧૯–૫૬/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

અભ્યંતર ધ્રુવરાશી ૮૮૧૪૯૨૧ ને ૪ થી ગુણી ૨૧૨ થી ભાગવા.

```
  ૮૮૧૪૯૨૧
  ×      ૪
  ---------
  ૩૫૨૫૯૬૮૪
```

```
        | | | | | |
૨૧૨)૩૫૨૫૯૬૮૪(૧૬૬૩૧૯ યોજન
     ૨૧૨
     ----
     ૧૪૦૫
     ૧૨૭૨
     ----
      ૧૩૩૯
      ૧૨૭૨
      ----
       ૬૭૬
       ૬૩૬
       ----
       ૪૦૮
       ૨૧૨
       ----
       ૧૯૬૪
       ૧૯૦૮
       ----
         ૫૬
```

હેમવંતક્ષેત્રનો અભ્યંતર *વિસ્તાર ૧૬૬૩૧૯–૫૬/૨૧૨ યોજન છે. ૧૮.(૫૯૮)

* ભરતક્ષેત્રના વિસ્તારને ૪થી ગુણતા પણ હેમવંતક્ષેત્રનો વિસ્તાર આવે એ જ રીતે હેમવંત ક્ષેત્રના વિસ્તારને ૪થી ગુણતા હરિવર્ષક્ષેત્રનો વિસ્તાર આવે અને હરિવર્ષક્ષેત્રના વિસ્તારને ૪થી ગુણતા મહાવિદેહક્ષેત્રનો વિસ્તાર આવે. અથવા ભરતક્ષેત્રના વિસ્તારને ક્રમશઃ ૪, ૧૬, ૬૪થી ગુણતા ક્રમશઃ હેમવંત, હરિવર્ષ અને મહાવિદેહક્ષેત્રનો વિસ્તાર આવે. જેમ અભ્યંતર વિસ્તાર માટે આ રીત છે. તેમ મધ્ય અને બાહ્ય વિસ્તાર માટે પણ આ રીત લાગુ પડી શકે છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે હરિવર્ષક્ષેત્રનો મુખ વિસ્તાર કહે છે.

**सत्तत्तर दोन्नि सया, छावट्ठि सहस्स सयसहस्सं च।**
**अंसा वि य छप्पन्नं, मुहविक्खंभो उ हरिवासे॥१९॥(५९९)**

છાયા—सप्तसप्तते द्वे शते पञ्चषष्टिः सहस्राणि षट् च लक्षाश्च ।
द्वादश चैव चांऽशा मुखविष्कम्भस्तु हरिवर्षे ॥१९॥

**અર્થ**—હરિવર્ષક્ષેત્રનો મુખ વિસ્તાર છલાખ પાંસઠહજાર બસો સીતોત્તેર યોજન અને બાર અંશો છે.

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપમાં હરિવર્ષક્ષેત્રનો અભ્યંતર–કાલોદધિસમુદ્ર તરફનો વિસ્તાર ૬૬૫૨૭૭–૧૨/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

અભ્યંતર ધ્રુવરાશી ૮૮૧૪૯૨૧ ને ૧૬ થી ગુણી ૨૧૨ થી ભાગવા.

```
 ૮૮૧૪૯૨૧
     ×૧૬
---------
૧૪૧૦૩૮૭૩૬

૨૧૨) ૧૪૧૦૩૮૭૩૬(૬૬૫૨૭૭ યોજન
     ૧૨૭૨
     ----
      ૧૩૮૩
      ૧૨૭૨
      ----
      ०૧૧૧૮
       ૧૦૬૦
       ----
       ०૫૮૭
        ૪૨૪
       ----
        ૧૬૩૩
        ૧૪૮૪
        ----
         ૧૪૯૬
         ૧૪૮૪
         ----
         ००૧૨
```

હરિવર્ષ ક્ષેત્રનો અભ્યંતર વિસ્તાર ૬૬૫૨૭૭–૧૨/૨૧૨ યોજન છે.

ભરતક્ષેત્ર, હેમવંતક્ષેત્ર, હરિવર્ષક્ષેત્રનો અભ્યંતર વિસ્તાર જે પ્રમાણે કહ્યો, તેજ પ્રમાણે તે ક્રમ મુજબ ઐરવતક્ષેત્ર, હૈરણ્યવંતક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્રનો અભ્યંતર–મુખ વિસ્તાર જાણવો. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐરવતક્ષેત્રનો મુખવિસ્તાર ૪૧૫૭૯–૧૭૩/૨૧૨ યોજન પ્રમાણ
હૈરણ્યવંતક્ષેત્રનો „ ૧૬૬૩૧૯– ૫૭/૨૧૨ યોજન પ્રમાણ
રમ્યક્ક્ષેત્રનો „ ૬૬૫૨૭૭– ૧૨/૨૧૨ યોજન પ્રમાણ ૧૯.(૫૯૯)

હવે મહાવિદેહક્ષેત્રનો મુખવિસ્તાર કહે છે.

**अट्ठुत्तरसयमेगं, एगट्ठि सहस्स लक्ख छव्वीसं।**
**अडयालीसं अंशा, मुहविक्खंभो विदेहस्स ॥२०॥(६००)**

છાયા—**अष्टोत्तरशतमेकं एकषष्टिः सहस्राणि लक्षाः षड्विंशतिः ।**
**अष्टचत्वारिंशत् अंशाः मुखविस्तारो विदेहस्य ॥२०॥**

**અર્થ**—મહાવિદેહનો મુખવિસ્તાર છવ્વીસ લાખ એકસઠ હજાર એકસો આઠ યોજન અડતાલીસ અંશો છે.

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપમાં મહાવિદેહક્ષેત્રનો મુખ–અભ્યંતર વિસ્તાર ૨૬૬૧૧૦૮–૪૮/૨૧૨ યોજન છે. તે આ પ્રમાણે—

અભ્યંતર ધ્રુવરાશી ૮૮૧૪૯૨૧ ને ૬૪ થી ગુણી ૨૧૨ થી ભાગવાથી અભ્યંતર વિસ્તાર આવે.

```
  ૮૮૧૪૯૨૧
      ×૬૪
 ─────────
 ૩૫૨૫૯૬૮૪
૫૨૮૮૯૫૨૬×
 ─────────
૫૬૪૧૫૪૯૪૪

२१२)५६४१५४९४४(२६६११०८ યોજન
    ૪૨૪
    ────
    ૧૪૦૧
    ૧૨૭૨
    ────
     ૧૨૯૫
     ૧૨૭૨
     ─────
     ૦૦૨૩૪
        ૨૧૨
       ────
       ૦૨૨૯
        ૨૧૨
       ────
       ૦૧૭૪૪
        ૧૬૯૬
       ─────
        ૦૦૪૮
```

મહાવિદેહ ક્ષેત્રનો અભ્યંતર વિસ્તાર ૨૬૬૧૧૦૮–૪૮/૨૧૨ યોજન પ્રમાણ જાણવો. ૨૦. (૬૦૦)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે ભરતાદિ ક્ષેત્રમાં મધ્યવિસ્તાર લાવવા માટે બીજી ધ્રુવરાશી કહે છે.

**तं चेव य सोहिज्जा, पुक्खर अद्धद्ध परिरया सेसं।**
**जावंतावेहि गुणे, मज्झे खित्ताण विक्खंभो ॥२१॥(६०१)**

છાયા—तत् चैव च शोधयेत् पुष्करार्धार्ध परिरयात् शेषम् ।
यावत्तावद्भिर्गुणिते मध्ये क्षेत्राणां विष्कम्भः ॥२१॥

**અર્થ**—પુષ્કરવરાર્ધની અર્ધપરિધિમાંથી તે જ (વર્ષવિહીન) ક્ષેત્ર બાદ કરીને તે તે ક્ષેત્રના ખાંડવાથી ગુણીને (૨૧૨ થી ભાગવાથી) ક્ષેત્રોનો મધ્યભાગમાં વિસ્તાર.

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપના ક્ષેત્રોનો મધ્ય વિસ્તાર જાણવા માટે પુષ્કરાર્ધાર્ધ અર્થાત્ પુષ્કવરાર્ધ દ્વીપના મધ્ય ભાગની પરિધિમાંથી તે જ એટલે પર્વતોનો જે ૩૫૫૬૮૪ યોજન વિસ્તાર છે તે બાદ કરવા અને પછી તે તે સંજ્ઞા એટલે ૧–૪–૧૬–૬૪ થી ગુણીને ૨૧૨ થી ભાગવાથી તે તે ક્ષેત્રોનો મધ્ય ભાગનો વિસ્તાર આવે. ૨૧. (૬૦૧)

તેમાં પુષ્કરવર દ્વીપાર્ધના અડધા ભાગની પરિધિનું માપ કહે છે.

**सत्तावीसा चउरो, सया उ सत्तरस सयसहस्सा य।**
**एगा य होइ कोडी, पुक्खरअद्धद्धपरिहीओ ॥२२॥(६०२)**

છાયા—सप्तविंशानि चत्वारिशतानि च सप्तदश शतसहस्राणि च ।
एका च भवति कोटी पुष्करार्धार्धपरिधिः ॥२२॥

**અર્થ**—પુષ્કરવરાર્ધની અર્ધ પરિધિ એકક્રોડ સત્તરલાખ ચારસો સત્તાવીસ યોજન છે.

**વિવેચન**—પુષ્કરવર દ્વીપાર્ધના અર્ધા ભાગની પરિધિ ૧૧૭૪૨૭ યોજન છે. તે આ પ્રમાણે—

૯૧૭૦૬૦૫ યોજન કાલોદધિ સમુદ્રની પરિધિ
+૧૪૨૩૦૨૪૯ યોજન પુષ્કરવર દ્વીપાર્ધની પરિધિ
―――――
૨૩૪૦૦૮૫૪ યોજન. આનું અડધું કરતાં મધ્ય ભાગની પરિધિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧૭૦૦૪૨૭ યોજન પુષ્કરવરાર્ધના મધ્ય ભાગની પરિધિ. આમાંથી વર્ષધર પર્વતોના વિસ્તાર બાદ કરવા. જે આવે તે મધ્ય ધ્રુવરાશી.

૧૧૭૦૦૪૨૭ યોજન મધ્ય પરિધિ
— ૩૫૫૬૮૪ „ પર્વતોનું ક્ષેત્ર

૧૧૩૪૪૭૪૩ મધ્યભાગની ધ્રુવરાશી.

ક્ષેત્રોને મધ્ય વિસ્તાર લાવવા માટે આ ધ્રુવરાશીથી ગુણવા. ૨૨. (૬૦૨)

આ સંખ્યા ગાથામાં જણાવે છે.

## कोडी तेरस लक्खा, चोयाल सहस्स सत्त तेयाला।
## पुक्खरवरस्स मज्झे, धुवरासी एस नायव्वो॥२३॥(६०३)

છાયા—कोटिस्त्रयोदशलक्षाश्चतुश्चत्त्वारिंशत् सहस्राणि सप्त(शतानि)त्रिचत्त्वारिंशानि ।
पुष्करवरस्य मध्ये ध्रुवराशिः एष ज्ञातव्यः ॥२३॥

**અર્થ**—પુષ્કરવર દ્વીપાર્ધની મધ્ય ભાગમાં ધ્રુવરાશી આ પ્રમાણે એકક્રોડ તેર-લાખ ચુમ્માલીસ હજાર સાતસો તેંતાલીસ જાણવી.

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપના ક્ષેત્રોની મધ્ય ધ્રુવરાશી આ પ્રમાણે ૧૧૩૪૪૭૪૩ જાણવી. એટલે ભરતાદિ ક્ષેત્રોના મધ્ય ભાગનો વિસ્તાર જાણવા આ મધ્ય ધ્રુવરાશીને ૧–૪–૧૬–૬૪ થી ગુણાકાર કરી ૨૧૨ થી ભાગવાથી તે તે ક્ષેત્રોનો મધ્ય વિસ્તાર આવે. ૨૩. (૬૦૩)

હવે ભરતક્ષેત્રનો મધ્ય વિસ્તાર કહે છે.

## तेवन्नं च सहस्सा, पंच सया बारसुत्तरा होंति।
## नवणउयं अंससयं, मज्झे भरहस्स विक्खंभो॥२४॥(६०४)

છાયા—त्रिपञ्चाशत् च सहस्राणि पञ्चशतानि द्वादशोत्तराणि भवन्ति ।
नवनवतं अंशशतं मध्ये भरतस्य विष्कम्भः ॥२४॥

**અર્થ**—ભરતક્ષેત્રનો મધ્યવિસ્તાર ત્રેપનહજાર પાંચસો બાર અને એકસો નવાણું અંશ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—પુષ્કરવરાર્ધદ્વીપમાં ભરતક્ષેત્રનો મધ્યભાગે વિસ્તાર ૫૩૫૧૨–૧૯૯/૨૧ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

મધ્ય ધ્રુવરાશી ૧૧૩૪૪૭૪૩ છે. તેને એકથી ગુણી ૨૧૨ થી ભાગવાથી મધ્ય વિસ્તાર આવે. એકથી ગુણવાથી તે ને તે રહે.

```
          | | | | |
૨૧૨) ૧૧૩૪ ૪ ૭ ૪ ૩(૫૩૫૧૨ યોજન
     ૧૦૬૦
     -----
     ૦૦૭૪૪
       ૬૩૬
     ------
       ૧૦૮૭
       ૧૦૬૦
       -----
       ૦૦૨૭૪
          ૨૧૨
       ------
         ૦૬૨૩
          ૪૨૪
         -----
         ૦૧૯૯ અંશ
```

ભરતક્ષેત્રનો મધ્ય વિસ્તાર ૫૩૫૧૨–૧૯૯/૨૧૨ યોજન થાય છે. ૨૪. (૬૦૪)

હવે હેમવંતક્ષેત્રનો મધ્ય વિસ્તાર કહે છે.

**एगावन्ना चउदस, सहस्स दो चेव सयसहस्सा य।**
**सट्ठिं अंसाण सयं, हेमवए मज्झविक्खंभो ॥२५॥(६०५)**

છાયા—एकपञ्चाशानि चतुर्दश सहस्राणि द्वे चैव शतसहस्रे च ।
षष्टि(अधिकं) अंशानां शतं हेमवते मध्यविष्कम्भः ॥२५॥

**અર્થ**—હેમવંતક્ષેત્રનો મધ્ય વિસ્તાર બેલાખ ચૌદ હજાર એકાવન યોજન અને એકસો સાઇઠ અંશો છે.

**વિવેચન**—પુષ્કરવરાર્ધના હેમવંતક્ષેત્રનો મધ્ય વિસ્તાર ૨૧૪૦૫૧–૧૬૦/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

૧૧૩૪૪૭૪૩ મધ્ય ધ્રુવરાશીને ૪ થી ગુણીને ૨૧૨ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
 ૧૧૩૪૪૭૪૩
       ×૪
 ---------
૪૫૩૭૮૯૭૨

        ૨૧૨) ૪૫૩૭૮૯૭૨(૨૧૪૦૫૧ યોજન
             ૮૨૪
             ----
             ૦૨૯૬
              ૨૧૨
             ----
             ૦૮૫૮
              ૮૪૮
             ----
              ૧૦૯૭
              ૧૦૬૦
             -----
              ૦૦૩૭૨
                ૨૧૨
               ----
                ૧૬૦
```

હેમવંતક્ષેત્રનો મધ્ય વિસ્તાર ૨૧૪૦૫૧-૧૬૦/૨૧૨ યોજન છે. ૨૫. (૬૦૫)

હવે હરિવર્ષક્ષેત્રનો મધ્ય વિસ્તાર કહે છે.

**सत्ताहिया दोन्नि सया, छप्पन्न सहस्स अट्ठ लक्खा य।**
**चत्तारि चेव अंसा, हरिवासे मज्झविक्खंभो ॥२६॥(६०६)**

છાયા—सप्ताधिके द्वे शते षट्पञ्चाशत् सहस्राणि अष्टलक्षाश्च ।
चत्वारश्चैव अंशा हरिवर्षे मध्यविष्कम्भः ॥२६॥

**અર્થ**—હરિવર્ષ ક્ષેત્રનો મધ્ય વિસ્તાર આઠ લાખ, છપ્પન હજાર, બસો સાત યોજન અને ૨ અંશો છે.

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપના હરિવર્ષક્ષેત્રનો મધ્યવિસ્તાર ૮૫૬૨૦૭-૪/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

૧૧૩૪૪૭૪૩ મધ્ય ધ્રુવરાશીને ૧૬ થી ગુણી ૨૧૨ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
                      ૨૧૨) ૧૮૧૫૧૫૮૮૮(૮૫૬૨૦૭ યોજન
                           ૧૬૯૬
                           ૦૧૧૯૧
                            ૧૦૬૦
 ૧૧૩૪૪૭૪૩                   ૧૩૧૫
      ×૧૬                   ૧૨૭૨
 ૧૮૧૫૧૫૮૮૮                  ૦૦૪૩૮
                              ૪૨૪
                             ૧૪૮૮
                             ૧૪૮૪
                             ૦૦૦૪
```

હરિવર્ષક્ષેત્રનો મધ્ય વિસ્તાર ૮૫૬૨૦૭–૪/૨૧૨ યોજન છે.

અહીં ભરતક્ષેત્ર, હૈમવંતક્ષેત્ર અને હરિવર્ષક્ષેત્રનો મધ્ય વિસ્તાર કહ્યો તે પ્રમાણે ક્રમ પૂર્વક ઐરવતક્ષેત્ર, હૈરણ્યવંતક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્રનો મધ્ય વિસ્તાર જાણવો. તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| ઐરવતક્ષેત્રનો | મધ્યવિસ્તાર | ૫૩૫૧૨–૧૯૯/૨૧૨ યોજન | |
| હૈરણ્વંતક્ષેત્રા | ,, | ૨૧૪૦૫૧–૧૬૦/૨૧૨ યોજન | |
| રમ્યક્ક્ષેત્રનો | ,, | ૮૫૬૨૦૭– ૪/૨૧૨ યોજન | ૨૬. (૬૦૬) |

હવે મહાવિદેહક્ષેત્રનો મધ્ય વિસ્તાર કહે છે.

**अडवीसा अट्ठ सया, चउवीसा सहस्स लक्ख चउतीसं।**
**सोलस चेव य अंसा, मज्झविदेहस्स विक्खंभो॥२७॥(६०७)**

છાયા—अष्टविंशानि अष्टशतानि चतुर्विंशतिः सहस्राणि लक्षाः चतुस्त्रिंशत् ।
षोडश चैव च अंशा मध्यविदेहस्य विष्कम्भः ॥२७॥

**અર્થ**—મહાવિદેહક્ષેત્રના મધ્ય ભાગનો વિસ્તાર ચોત્રીસ લાખ ચોવીસ હજાર આઠસો અઠ્ઠાવીસ યોજન અને સોળ અંશો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—પુષ્કરવરાર્ધમાં મહાવિદેહ ક્ષેત્રના મધ્યભાગનો વિસ્તાર ૩૪૨૪૮૨૮—૧૬/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

મધ્ય ધ્રુવરાશી ૧૧૩૪૪૭૪૩ ને ૬૪ થી ગુણીને ૨૧૨ થી ભાગવા.

```
                      | | | ! | | |
                 ૨૧૨) ૭૨૬ ૦ ૬ ૩ ૫ ૫ ૨(૩૪૨૪૮૨૮ યોજન
                      ૬૩૬
    ૧૧૩૪૪૭૪૩          ----
         ×૬૪          ૦૯૦૦
   ---------           ૮૪૮
   ૪૫૩૭૮૯૭૨           ----
 ૬૮૦૬૮૪૫૮×             ૦૫૨૬
 ----------             ૪૨૪
 ૭૨૬૦૬૩૫૫૨             ----
                       ૧૦૨૩
                        ૮૪૮
                       ----
                       ૧૭૫૫
                       ૧૬૯૬
                       ----
                         ૫૯૫
                         ૪૨૪
                        ----
                        ૧૭૧૨
                        ૧૬૯૬
                        ----
                        ૦૦૧૬
```

મહાવિદેહ ક્ષેત્રના મધ્યભાગનો વિસ્તાર ૩૪૨૪૮૨૮—૧૬/૨૧૨ યોજન છે.

હવે ભરતાદિ ક્ષેત્રોને વિષે બહારનો વિસ્તાર જાણવા માટેની બીજી ધ્રુવરાશીની રીત કહે છે.

**तं चेव य सोहिज्जा माणुसखित्तस्स परिरया सेसं।**
**जावंतावेहि गुणं, बाहिरखेत्तस्स विक्खंभो॥२८॥(६०८)**

છાયા—तत् चैव च शोधयेत् मानुषक्षेत्रस्य परिरयात् शेषम् ।
यावत्तावद्भिर्गुणितं बहिः क्षेत्रस्य विष्कम्भः ॥२८॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—મનુષ્યક્ષેત્રની પરિધિમાંથી તે જ (વર્ષવિહીન) બાદ કરીને જે તેથી ગુણીને (૨૧૨ થી ભાગતા) બહારનો વિસ્તાર આવે.

**વિવેચન**—જે આગળ કહી ગયા તે વર્ષધર પર્વતો અને ઇષુકાર પર્વતનો ૩૫૫૬૮૪ યોજન વિસ્તાર મનુષ્યક્ષેત્રની પરિધિમાંથી બાદ કરતા જે આવે તે બહારની ધ્રુવરાશી થાય. આ બહારની ધ્રુવરાશીને ૧-૪-૧૬-૬૪ થી ગુણી ૨૧૨ થી ભાગતા તે તે ક્ષેત્રનો બહારનો વિસ્તાર આવે.

૧૪૨૩૦૨૪૯ યોજન મનુષ્ય ક્ષેત્રની પરિધિ (પહેલા કહેલી છે)
બા— ૩૫૫૬૮૪ યોજન પર્વતોનું ક્ષેત્ર
૧૩૮૭૪૫૬૫ બહારની ધ્રુવરાશી. ૨૮. (૬૦૮)

આ સંખ્યા ગાથામાં કહે છે.

**अट्ठत्तीसं लक्खा, कोडी चउहत्तरी सहस्सा य।**
**पंच सया पन्नट्ठा, विसुद्धसेसं हवइ एवं॥२९॥(६०९)**

છાયા—अष्टत्रिंशल्लक्षाः कोटी चतुसप्ततिः सहस्राणि च ।
पञ्चशतानि पञ्चषष्टानि विशुद्धशेषं भवत्येतद् ॥२९॥

**અર્થ**—બાદ કરતા આ પ્રમાણે એકક્રોડ આડત્રીસલાખ ચુમ્મોતેર હજાર પાંચસો પાંસઠ થાય છે.

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપમાં ભરતાદિ ક્ષેત્રનો બાહ્ય વિસ્તાર જાણવા માટેની ત્રીજી ધ્રુવરાશી ૧૩૮૭૪૫૬૫ છે. તેને ૧-૪-૧૬-૬૪ થી ગુણાકાર કરીને ૨૧૨થી ભાગવાથી ભરતાદિ ક્ષેત્રનો વિસ્તાર આવે. ૨૯. (૬૦૯)

હવે ભરત ક્ષેત્રનો બહારનો વિસ્તાર કહે છે.

**पन्नट्ठि सहस्साइं, चत्तारि सया हवंति छायाला।**
**तेरस चेव य अंसा, बाहिरओ भरहविक्खंभो॥३०॥(६१०)**

છાયા—पञ्चषष्टिः सहस्राणि चत्वारि शतानि भवन्ति षट् चत्वारिंशत् ।
त्रयोदश चैव च अंशा बहिर्भरतविष्कम्भः ॥३०॥

**અર્થ**—ભરતક્ષેત્રનો બહારનો વિસ્તાર પાંસઠ હજાર ચારસો છેંતાલીસ યોજન અને તેર અંશો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપમાં ભરત ક્ષેત્રનો બહારનો વિસ્તાર ૬૫૪૪૬–૧૩/૨૧૨ યોજન થાય છે. તે આ પ્રમાણે—

૧૩૮૭૪૫૬૫ને એકથી ગુણીને ૨૧૨ થી ભાગવાથી ૧૩૮૭૪૫૬૫ને એકથી ગુણતા તેજ રહે.

```
        | | | | |
૨૧૨) ૧૩૮ ૭ ૪ ૫ ૬ ૫(૬૫૪૪૬  યોજન
     ૧૨૭૨
     -----
     ૦૧૧૫૪
      ૧૦૬૦
     -----
       ૦૯૪૫
        ૮૪૮
       -----
        ૯૭૬
        ૮૪૮
       -----
        ૧૨૮૫
        ૧૨૭૨
       -----
          ૧૩
```

ભરતક્ષેત્રનો બહારનો વિસ્તાર ૬૫૪૪૬–૧૩/૨૧૨ યોજન છે. ૩૦. (૬૧૦)

હવે હેમવંત ક્ષેત્રનો બહારનો વિસ્તાર કહે છે.

**चुलसीया सत्त सया, एगट्ठि सहस्स दोन्नि लक्खा य।**
**अंसा वि य बावन्नं, हेमवए बाहिविक्खंभो ३१॥(६११)**

છાયા—चतुरशीतानि सप्त शतानि एकषष्टिः सहस्राणि द्वे लक्षे च ।
अंशा अपि च द्विपञ्चाशत् हेमवते बहिर्विष्कम्भः ॥३१॥

**અર્થ**—હેમવંત ક્ષેત્રનો બહારનો વિસ્તાર બે લાખ એકસઠ હજાર સાતસો ચોર્યાસી યોજન અને બાવન અંશો છે.

**વિવેચન**—પુષ્કરવરાર્ધ દ્વીપમાં હેમવંત ક્ષેત્રનો બહારનો વિસ્તાર ૨૬૧૭૮૪–૫૨/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

બાહ્ય ધ્રુવરાશીને ૧૩૮૭૪૫૬૫ ને ૪ થી ગુણીને ૨૧૨ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
                          | | | | | |
૧૩૮૭૪૫૬૫      ૨૧૨) ૫૫ ૪ ૯ ૮ ૨ ૬ ૦(૨૬૧૭૮૪ યોજન
      × ૪          ૪૨૪
─────────          ───
૫૫૪૯૮૨૬૦           ૧૩૦૯
                   ૧૨૭૨
                   ────
                   ૦૩૭૮
                    ૨૧૨
                   ────
                    ૧૬૬૨
                    ૧૪૮૪
                    ────
                     ૧૭૮૬
                     ૧૬૯૬
                    ─────
                       ૯૦૦
                       ૮૪૮
                       ───
                       ૦૫૨
```

હેમવંત ક્ષેત્રનો બહારનો વિસ્તાર ૨૬૧૭૮૪–૫૨/૨૧૨ યોજન છે. ૩૧.(૬૧૧)

હવે હરિવર્ષ ક્ષેત્રનો બહારનો વિસ્તાર કહે છે.

## सयमेगं छत्तीसं, सीयाल सहस्स दस य लक्खाइं।
## अट्ठहिया दोन्नि सया, भागा हरिवासविक्खंभो॥३२॥ (६१२)

**છાયા—शतमेकं षट्त्रिंशं सप्तचत्वारिंशत् सहस्राणि दश च लक्षाः ।**
**अष्टाधिके द्वे शते भागा हरिवर्षविष्कम्भः ॥३२॥**

**અર્થ**—હરિવર્ષ ક્ષેત્રનો (બાહ્ય) વિસ્તાર દશ લાખ સુડતાલીસ હજાર એકસો છત્રીસ યોજન અને બસો આઠ અંશો છે.

**વિવેચન**—પુષ્કરવરાર્ધદ્વીપમાં હરિવર્ષ ક્ષેત્રનો બહારનો વિસ્તાર ૧૦૪૭૧૩૬–૨૦૮/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

બાહ્ય ધ્રુવરાશી ૧૩૮૭૪૫૬૫ ને ૧૬થી ગુણી ૨૧૨થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

```
૨૧૨)૨૨૧૯૯૩૦૪૦(૧૦૪૭૧૩૬ યોજન
    ૨૧૨
    ---
    ૯૯૯
    ૮૪૮
    ----
    ૧૫૧૩
    ૧૪૮૪
    ----
      ૨૯૦
      ૨૧૨
      ---
       ૭૮૪
       ૬૩૬
      ----
      ૧૪૮૦
      ૧૨૭૨
      ----
       ૨૦૮

  ૧૩૮૭૪૫૬૫
  ×      ૧૬
  ---------
 ૨૨૧૯૯૩૦૪૦
```

હરિવર્ષ ક્ષેત્રનો બહારનો વિસ્તાર ૧૦૪૭૧૩૬–૨૦૮/૨૧૨ યોજન છે. આ જે ભરતક્ષેત્ર, હેમવંતક્ષેત્ર, હરિવર્ષક્ષેત્રનો જે બહારનો વિસ્તાર તે જ પ્રમાણે ક્રમસર ઐરવત ક્ષેત્ર, હૈરણ્યવંત ક્ષેત્ર, રમ્યક્ ક્ષેત્રનો પણ બહારનો વિસ્તાર જાણવો. તે આ પ્રમાણે—

ઐરવત ક્ષેત્રનો બહારનો વિસ્તાર ૬૫૪૪૬–૩૧/૨૧૨ યોજન છે.
હૈરણ્યવંત ,, ,, ,, ૨૬૧૭૮૪–૫૨/૨૧૨ યોજન છે.
રમ્યક્ ,, ,, ,, ૧૦૪૭૧૩૬–૨૦૮/૨૧૨ યોજન છે. ૩૨ (૬૧૨)

હવે મહાવિદેહ ક્ષેત્રનો બહારનો વિસ્તાર કહે છે.

**सीयाला पंच सया, अडसीइ सहस्स लक्ख ईयाला।**
**छन्नउयं अंससयं, विदेहविक्खंभबाहिरओ ॥३३॥(६१३)**

છાયા—सप्तचत्वारिंशानि पञ्चशतानि अष्टाशीतिः सहस्राणि लक्षाः एकचत्वारिंशत् ।
षण्णवत्यधिकं अंशशतं विदेहविष्कम्भो बहिः ॥३३॥

અર્થ—મહાવિદેહનો બહારનો વિસ્તાર એકતાલીસ લાખ, અઠયાસી હજાર, પાંચસો સુડતાલીસ યોજન અને છન્નું અંશ છે.

**વિવેચન**—પુષ્કવરાર્ધ દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રનો બહારનો વિસ્તાર ૪૧૮૮૫૪૭–૧૯૬/૨૧૨ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

બાહ્ય ધ્રુવરાશી ૧૩૮૭૪૫૬૫ ને ૬૪ થી ગુણી ૨૧૨ થી ભાગવા.

```
   ૧૩૮૭૪૫૬૫        ૨૧૨) ૮૮૭૯૭૨૧૬૦ (૪૧૮૮૫૪૭ યોજન
       ×૬૪              ૮૪૮
   ---------            ---
   ૫૫૪૯૮૨૬૦              ૩૯૯
  ૮૩૨૪૭૩૯૦×              ૨૧૨
  ---------              ----
  ૮૮૭૯૭૨૧૬૦              ૧૮૭૭
                         ૧૬૯૬
                         ----
                          ૧૮૧૨
                          ૧૬૯૬
                          ----
                           ૧૧૬૧
                           ૧૦૬૦
                           ----
                            ૧૦૧૬
                             ૮૪૮
                            ----
                             ૧૬૮૦
                             ૧૪૮૪
                             ----
                              ૧૯૬
```

મહાવિદેહ ક્ષેત્રનો બહારનો વિસ્તાર ૪૧૮૮૫૪૭–૧૯૬/૨૧૨ યોજન છે.

૩૩. (૬૧૩)

## ધ્રુવાંક ઉપરથી પુષ્કરાર્ધની ૩ પરિધિ

| પુષ્કરાર્ધની | ધ્રુવાંક | ક્ષેપ્યઅંક | ઉમેરતાં આવેલ પરિધિ |
|---|---|---|---|
| આદિ | ૮૮૧૪૯૨૧ | ૩૫૫૬૮૪ | ૯૧૭૦૬૦૫ યોજન |
| મધ્ય | ૧૧૩૪૪૭૪૩ | ,, | ૧૧૭૦૦૪૨૭ ,, |
| અંત્ય | ૧૩૮૭૪૫૬૫ | ,, | ૧૪૨૩૦૨૪૯ ,, |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પુષ્કરવરાર્ધના ૧૪ ક્ષેત્રોના વિસ્તારનું યંત્ર

| ક્ષેત્રનું નામ | ક્ષેત્રાંક | મુખ વિસ્તાર યોજન– ૨૧૨ ભાગ | મધ્ય વિસ્તાર યોજન– ૨૧૨ ભાગ | બાહ્ય વિસ્તાર યોજન– ૨૧૨ ભાગ | લંબાઈ યોજન |
|---|---|---|---|---|---|
| ૨ ભરત | ૧ | ૪૧૫૭૯–૧૭૩ | ૫૩૫૧૨–૧૯૯ | ૬૫૪૪૬–૧૩ | ૮૦૦૦૦૦ |
| ૨ ઐરવત | ૧ | ,, ,, | ,, ,, | ,, ,, | ,, |
| ૨ હિમવંત | ૪ | ૧૬૬૩૧૯–૫૬ | ૨૧૪૦૫૧–૧૬૦ | ૨૬૧૭૮૪–૫૨ | ,, |
| ૨ હિરણ્યવંત | ૪ | ,, ,, | ,, ,, | ,, ,, | ,, |
| ૨ હરિવર્ષ | ૧૬ | ૬૬૫૨૭૭–૧૨ | ૮૫૬૨૦૭–૪ | ૧૦૪૭૧૩૬–૨૦૮ | ,, |
| ૨ રમ્યક્ | ૧૬ | ,, ,, | ,, ,, | ,, ,, | ,, |
| ૨ મહાવિદેહ | ૬૪ | ૨૬૬૧૧૦૮–૪૮ | ૩૪૨૪૮૨૮–૧૬ | ૪૧૮૮૫૪૭–૧૯૬ | ,, |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે હિમવંત આદિ પર્વતનો વિસ્તાર લાવવા માટે કહે છે.

**वासविहूणं खित्तं, दुसहस्सूणं तु पुक्खरद्धम्मि।**
**जावंतावेहि गुणं, चुलसीइहियम्मि गिरिवासो ॥३४॥(६१४)**

છાયા—**वर्षविहीनं क्षेत्रं द्विसहस्रोनं च च पुष्करार्धे ।**
**यावत्तावद्भिर्गुणितं चतुरशीतिहृते गिरिव्यासः ।३४।।**

**અર્થ**—પુષ્કરવરાર્ધમાં વર્ષ-ક્ષેત્રરહિત વિસ્તારમાંથી બે હજાર ઓછા કરેલ ક્ષેત્રને તે તે (પર્વતના ખાંડવામાં) થી ગુણીને ચોર્યાસીથી ભાગતા પર્વતોનો વિસ્તાર.

**વિવેચન**—પુષ્કરવર દ્વીપાર્ધમાં જે ક્ષેત્ર છે તેમાંથી વર્ષ—ક્ષેત્રથી ભરતાદિ ક્ષેત્રથી રહિત વિસ્તાર ૩૫૫૬૮૪ માંથી ઈષુકાર પર્વતના ૨૦૦૦ યોજન ઓછા કરવા. પછી તે તે પર્વતના ખાંડવાથી એટલે ૧—૪—૧૬ થી ગુણાકાર કરીને ૮૪ થી ભાગવા જે આવે તે તે પર્વતનો વિસ્તાર જાણવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અહીં હિમવંત | પર્વતના | વિસ્તાર | માટે | ૧ થી | ગુણવા. |
| મહાહિમવંત | ,, | ,, | ,, | ૪ થી | ,, |
| નિષધ | ,, | ,, | ,, | ૧૬ થી | ,, |
| નિલવંત | ,, | ,, | ,, | ૧૬ થી | ,, |
| રુક્મિ | ,, | ,, | ,, | ૪ થી | ,, |
| શિખરી | ,, | ,, | ,, | ૧ થી | ,, |

પછી *૮૪ થી ભાગતા પર્વતનો વિસ્તાર આવે. ૩૪. (૬૧૪)

* અહીં ભાજકની સંખ્યા ૮૪ની ઉત્પત્તી આ પ્રમાણે છે.

ઈષુકાર રહિત જે પર્વતનું ક્ષેત્ર ૩૫૩૬૮૪ યોજન એ ધ્રુવાંક છે. આટલા યોજનમાં જ બારે પર્વતો આવેલા છે. તેમાં ૬ પર્વતો પૂર્વાર્ધમાં અને ૬ પર્વતો પશ્ચિમાર્ધમાં છે આમાં હિમવંત પર્વત તથા શિખરી પર્વત સરખા વિસ્તારવાળા છે તેથી મહાહિમવંત પર્વત અને રુક્મિ પર્વત ચાર ગુણા વિસ્તારવાળા છે અને તેથી નિષધ પર્વત અને નિલવંત પર્વત વળી ચાર ગુણા વિસ્તારવાળા છે. તેથી હિમવંત પર્વતના વિસ્તારથી કુલ વિસ્તાર ૧+૪+૧૬+૧૬+૪+૧=૪૨ પૂર્વાર્ધમાં. તે મુજબ ૪૨ પશ્ચિમાર્ધમાં કુલ ૪૨+૪૨=૮૪ થયા. આથી ભાજક સંખ્યા ૮૪ થાય. અને હિમવંત—શિખરી પર્વતને ૧થી મહાહિમવંત અને રુક્મિ પર્વતને ૪થી અને નિષધ—નિલવંત પર્વતને ૧૬થી ગુણાંક બનાવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમાં પ્રથમ હિમવંત અને મહાહિમવંત પર્વતનો વિસ્તાર કહે છે.

**दसहिय बायाल सया, चोयाल कला य चुल्लहिमवंते।**
**बीए कलट्ठ सोलस, सहस्स बायाल अट्ठ सया॥३५॥(६१५)**

છાયા—दशाधिकानि द्विचत्वारिंशत् शतानि चतुःचत्वारिंशत् कलाश्च क्षुल्लहिमवति ।
द्वितीये कलाऽष्टौ षोडश सहस्राणि द्विचत्वारिंशानि अष्टशतानि ॥३५॥

**અર્થ**—ક્ષુલ્લહિમવંતનો વિસ્તાર બેતાલીસસો દશ અધિક ચુમ્માલીસ કલા છે, બીજાનો વિસ્તાર સોળહજાર આઠસો બેંતાલીસ અને આઠ કલા છે.

**વિવેચન**—પુષ્કરવરદ્વીપાર્ધમાં ક્ષુલ્લહિમવંત પર્વતનો વિસ્તાર ૪૨૧૦ યોજન અને ૪૪ કલા એટલે ૪૪/૮૮ યોજન અધિક છે. તે આ પ્રમાણે—

ક્ષેત્રરહિત વિસ્તાર ૩૫૫૬૮૪ યોજનમાંથી, બે ઈષુકારના ૨૦૦૦ યોજન બાદ કરતાં.

૩૫૫૬૮૪ યોજન ક્ષેત્રરહિત વિસ્તાર
બા— ૨૦૦૦ યોજન બે ઇષુકાર પર્વતો
———
૩૫૩૬૮૪ ધ્રુવાંક ને એકથી ગુણવાના છે. એકથી ગુણતા તે જ રહે. તેને ૮૪ થી ભાગતા પર્વતનો વિસ્તાર આવે.

```
       | | | |
૮૪) ૩૫ ૩ ૬ ૮ ૪ (૪૨૧૦ યોજન
    ૩૩૬
    ———
     ૧૭૬
     ૧૬૮
    ———
       ૮૮
       ૮૪
    ———
       ૪૪
```

ક્ષુલ્લહિમવંત પર્વતનો વિસ્તાર
૪૨૧૦–૪૪/૮૮ યોજન પ્રમાણ છે.

બીજો પર્વત મહાહિમવંત છે. તેનો વિસ્તાર ૧૬૮૪૨–૮/૮૪ યોજન પ્રમાણ તે આ પ્રમાણે—



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૫૩૬૮૪ ધ્રુવાંકને ૪ થી ગુણીને ૮૪ થી ભાગવા.

```
  ૩૫૩૬૮૪          ૮૪) ૧૪૧૪૭૩૬ (૧૬૮૪૨ યોજન
 ×     ૪               ૮૪
 ─────────             ───
 ૧૪૧૪૭૩૬               ૫૭૪
                       ૫૦૪
                       ───
                        ૭૦૭
                        ૬૭૨
                        ───
                         ૩૫૩
                         ૩૩૬
                         ───
                          ૧૭૬
                          ૧૬૮
                          ───
                            ૮
```

મહાહિમવંત પર્વતનો વિસ્તાર ૧૬૮૪૨–૮/૮૪ યોજન પ્રમાણ છે.

૩૫. (૬૧૫)

હવે નિષધ પર્વતનો વિસ્તાર કહે છે.

**सत्तट्ठि सहस्साइं, तिन्नेव सया हवंति अडट्ठा।**
**बत्तीस कला निसहे, विक्खंभो पुक्खरद्धम्मि॥३६॥(६१६)**

છાયા—सप्तषष्टिः सहस्राणि त्रीण्यैवशतानि भवन्ति अष्टषष्टानि ।
द्वात्रिंशत् कला निषधे विष्कम्भः पुष्करार्धे ॥३६॥

**અર્થ**—પુષ્કરાર્ધમાં નિષધનો વિસ્તાર સડસઠહજાર ત્રણસો અડસઠ યોજન બત્રીસ કલા છે.

**વિવેચન**—પુષ્કરવર દ્વીપાર્ધમાં નિષધ પર્વતનો વિસ્તાર ૬૭૩૬૮–૩૨/૮૪ યોજન પ્રમાણ છે. તે આ પ્રમાણે—

૩૫૩૬૮૪ ધ્રુવરાશીને ૧૬ થી ગુણીને ૮૪ થી ભાગવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૫૩૬૮૪
× ૧૬
૫૬૫૮૯૪૪

૮૪) ૫૬ ૫ ૮ ૯ ૪ ૪ (૬૭૩૬૮ યોજન
૫૦૪
૬૧૮
૫૮૮
૩૦૯
૨૫૨
૫૭૪
૫૦૪
૭૦૪
૬૭૨
૩૨

નિષધ પર્વતનો વિસ્તાર ૬૭૩૬૮-૩૨/૮૪ યોજન પ્રમાણ છે.

જેમ હિમવંત પર્વત, મહાહિમવંત પર્વત અને નિષધ પર્વતનો વિસ્તાર કહ્યો તે ક્રમ પ્રમાણે શિખરી પર્વત, રુક્મિ પર્વત અને નીલવંત પર્વતનો વિસ્તાર જાણવો. તે આ પ્રમાણે—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શિખરી | પર્વતનો | વિસ્તાર | ૪૨૧૦-૪૪/૮૪ | યોજન | પ્રમાણ | છે. |
| રુક્મિ | ,, | ,, | ૧૬૮૪૨- ૮/૮૪ | ,, | ,, | ,, |
| નીલવંત | ,, | ,, | ૬૭૩૬૮-૩૨/૮૪ | ,, | ,, | ,, |

૩૬. (૬૧૬)

હવે બીજી રીતે પુષ્કરવર દ્વીપાર્ધમાં હિમવંત આદિ પર્વતોનો વિસ્તાર જાણવા માટેનો ઉપાય કહે છે.

**अहवा धायइदीवे, जो विक्खंभो उ होइ उ नगाणं।**
**सो दुगुणो नायव्वा, पुक्खरद्धे नगाणं तु ॥३७॥(६१७)**


છાયા—अथवा धातकीद्वीपे यो विष्कम्भस्तु भवति तु नगानाम् ।
स द्विगुणो ज्ञातव्यः पुष्करार्धे नगानां तु ॥३७॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ**—અથવા ધાતકીખંડમાં પર્વતોનો જે વિસ્તાર છે તેનાથી બેગુણો વિસ્તાર પુષ્કરાર્ધમાં પર્વતોનો જાણવો.

**વિવેચન**—ઉપર જણાવી ગયા તે સિવાય બીજી રીતે પુષ્કરવરાર્ધ દ્વીપના પર્વતોનો વિસ્તાર જાણવા માટે જણાવે છે કે ધાતકીખંડ દ્વીપમાં જે હિમવંત આદિ વર્ષધર પર્વતો છે અને તેનો જે વિસ્તાર છે, તે વિસ્તારથી બમણા વિસ્તારવાળા હિમવંત આદિ વર્ષધર પર્વતો પુષ્કરવરાર્ધ દ્વીપના જાણવા. તે આ પ્રમાણે—

## ધાતકીખંડ તથા પુષ્કરવરાર્ધમાંના ૧૪ ક્ષેત્રો અને ૧૪ પર્વતો



| પર્વત | ધાતકીખંડના | પુષ્કરવરાર્ધના |
|---|---|---|
| હિમવંત-શિખરી | ૨૧૦૫-૨૨/૮૪ યોજન | ૪૨૧૦-૪૪/૮૪ યોજન |
| મહાહિમવંત-રુક્મિ | ૮૪૨૧- ૪/૮૪ " | ૧૬૮૪૨-૮/૮૪ " |
| નિષધ-નિલવંત | ૩૩૬૮૪-૧૬/૮૪ " | ૬૭૩૬૮-૩૨/૮૪ " |

ઉપર મુજબ વિસ્તાર જાણવો. ૩૭. (૬૧૭)

હવે વર્ષધર વક્ષસ્કાર આદિના વિસ્તાર અને ઉંચાઈ કહે છે.

**वासहरा वक्खारा, दहनइकुंडा वणा य सीयाए।**
**दीवे दीवे दुगुणा, वित्थरओ उस्सए तुल्ला ॥३८॥(६१८)**

છાયા—**वर्षधरा वक्षस्कारा ह्रदनदीकुण्डानि वनानि च शीतायाः ।**
**द्वीपे द्वीपे द्विगुणानि विस्तारत उच्छ्रये तुल्यानि ॥३८॥**

**અર્થ**—વર્ષધરો, વક્ષસ્કારો, દ્રહો, નદીઓ, કુંડો, શીતાના વનો, દ્વીપે દ્વીપે દ્વિગુણ વિસ્તારવાળા છે અને ઉંચાઇમાં સરખા છે.

**વિવેચન**—હિમવંત આદિ વર્ષધર પર્વતો, ચિત્રાદિ વક્ષસ્કાર પર્વતો, વિજયોની અંદરના પર્વતો, વિદ્યુત્પ્રભ આદિ ગજદંત પર્વતો, પદ્મદ્રહાદિ દ્રહો, ગંગા આદિ મહાનદીઓ, ગંગાપ્રપાત આદિ કુંડો, શીતા મહાનદી અને શીતોદા મહાનદી પાસેના વનો આ બધાનો વિસ્તાર પૂર્વ પૂર્વ દ્વીપના વિસ્તાર કરતા પછી પછીના દ્વીપમાં બેગુણ વિસ્તાર જાણવો. અર્થાત્ જંબૂદ્વીપમાં પર્વતો આદિનો જે વિસ્તાર છે તેનાથી દ્વિગુણ વિસ્તારવાળા ધાતકીખંડ દ્વીપના પર્વતો આદિનો વિસ્તાર જાણવો. ધાતકીખંડ દ્વીપમાં પર્વતો આદિનો જે વિસ્તાર છે તેનાથી બેગુણ વિસ્તારવાળા પુષ્કરવર દ્વીપાર્ધના પર્વતો આદિનો વિસ્તાર જાણવો. જ્યારે ઉંચાઇમાં બધે સરખા છે, અર્થાત્ જંબૂદ્વીપમાં જે ઉંચાઇ અને ઉંડાઈ છે તેટલી ઉંડાઈ અને ઉંચાઇ ધાતકીખંડમાં અને પુષ્કરવર દ્વીપાર્ધમાં જાણવી. તે આ પ્રમાણે—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વર્ષધર પર્વતો

| | | | | |
|---|---|---|---|---|
| જંબૂદ્વીપમા | હિમવંત અને શિખરી પર્વતોનો વિસ્તાર | ૧૦૫૨ | યોજન | ૧૨ કલા |
| પૂર્વ ધાતકીખંડમાં | ,, ,, ,, ,, | ૨૧૦૫ | ,, | ૫ ,, |
